# ગુરુ ગૌતમસ્વામી



શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ · અમદાવાદ ·

લેખક: રતિલાલ દીપચંદ દેસાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુ ગૌતમસ્વામી

(ચરિત્રકથા)

: લેખક :

રતિલાલ દીપચંદ દેસાઈ

: પ્રકાશક :

શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ

અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક :
**શ્રી લાલભાઈ મણિલાલ શાહ**
શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ,
નવા વિકાસગૃહ, ઓપેરા સોસાયટી પાસે,
પોસ્ટ આનંદનગર, **અમદાવાદ–૭.**

*

જાન્યુઆરી, ૧૯૭૫
મહાવીર નિર્વાણ સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧, પોષ

*

પહેલી આવૃત્તિ
સર્વ હક્ક લેખકને સ્વાધીન
કિંમત : રૂા. ૮–૫૦ પૈ.

*

પુસ્તકના મુદ્રક :
**શ્રી નરેન્દ્ર જે. સોની**
**હિલુ પ્રિન્ટરી**
૨૬, સત્યમ્ સોસાયટી,
રંગીલા ગેટની પાછળ,
શાહપુર, **અમદાવાદ–૧.**

*

છબીઓ, આવરણ તથા
આગળનાં પાનાંના મુદ્રક :
દીપક લાલભાઈની કાં.
૨૦, સુપ્રભાત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
બારડોલપુરા, **અમદાવાદ–૧૬.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## ગુરુ ગૌતમસ્વામી

*

કલ્પસૂત્રની પંદરમી સદીનીકાગળનીહસ્તલિખિત પ્રતમાંનું ચિત્ર.
લા. દ. ભા. સં. વિદ્યામંદિરમાંના પૂ. પુણ્યવિજયજી મહારાજના સંગ્રહની પ્રત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર. ૧

પ્રભુ વચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણી વાર;
ચઉદહ પૂરવમાં રચે, લોકાલોક વિચાર. ૨

ભગવતી સૂત્રે ધુર નમી, બંભી લિપિ જયકાર;
લોક-લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર. ૩

વીર પ્રભુ સુખિયા થયા, દિવાલી દિન સાર;
અંતર્મુહરત તતક્ષણે, સુખિયો સહુ સંસાર. ૪

કેવલજ્ઞાન લહે યદા, શ્રી ગૌતમ ગણધાર;
સુર-નર હરખ ધરી તદા, કરે મહોત્સવ ઉદાર. ૫

સુર-નર પરષદા આગલે, ભાખે શ્રી શ્રુતનાણ;
નાણ થકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચઉ ઠાણ. ૬

તે શ્રુતજ્ઞાનને પૂજીએ, દીપ ધૂપ મનોહાર;
વીર આગમ અવિચલ રહો, વરસ એકવીસ હજાર. ૭

ગુરુ ગૌતમ અષ્ટક કહી, આણી હર્ષ ઉલ્લાસ;
ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ. ૮

(આઠમી કડી આ પ્રમાણે પણ મળે છે—)

શાસન શ્રી પ્રભુ વીરનું, સમજે જે સુવિચાર;
ચિદાનંદ સુખ શાશ્વતા, પામે તે નિરધાર. ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

**સ્વ. પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય, આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ !**

આપના પવિત્ર સાંનિધ્યમાં બેસવાનો જે સમય મળ્યો તે જીવનનો એક અણમોલ અવસર બની ગયો;

આ સમય દરમ્યાન આપની નિર્દંભ અને નિર્મળ સાધનાનાં અને પારગામી તથા જીવનસ્પર્શી વિદ્વત્તાનાં જે દર્શન થયાં તે સદાસ્મરણીય અને માર્ગદર્શક બની રહ્યાં છે;

આપની સરળતા, નમ્રતા, સહૃદયતા, નિખાલસતા, કરુણાપરાયણતા, સ્વસ્થતા, નિરભિમાન વૃત્તિ, શાંત અને પરગજુ પ્રકૃતિ, ગુણગ્રાહક દૃષ્ટિ, ઉદારતા, અપ્રમત્તતા અને સમતાનું સ્મરણ આજે પણ મૂકપણે ધર્મભાવનાનું પ્રેરક બની રહે એવું છે;

અને

પ્રસન્નતાથી શોભતો આપનો વૈરાગ્ય તો અતિવિરલ અને ગુરુ ગૌતમસ્વામીની પુણ્યસ્મૃતિ જગાડે એવો છે.

આપના ઉપકારોનું કેટકેટલું સ્મરણ કરીએ !

**આપના ઉપકારોની યત્કિંચિત્ સ્મૃતિરૂપે આ પુસ્તક આપને સમર્પણ કરીને કૃતાર્થ થાઉં છું.**

—**ચરણરજ રતિલાલ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પરમપૂજ્યપાદ, આગમપ્રભાકર, મુનિવર્ય
શ્રી પુણ્યવિજયજી મહારાજ
(વિ. સં. ૧૯૫૨-૨૦૨૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી ગૌતમસ્વામીની નિર્વાણભૂમિ
શ્રી ગુણાયાજીતીર્થમાંનું ભગવાન મહાવીરનું જળમંદિર



શ્રી સમ્મેતશિખર મહાતીર્થ ઉપરની
શ્રી ગૌતમસ્વામીની ટૂકની દેરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પાટણના ભેંસાત પાડાના શ્રી ગૌતમસ્વામીના મંદિરમાંની
શ્રી ગૌતમસ્વામીની વિ.સં. ૧૪૩૩ની પાષાણપ્રતિમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અમદાવાદ, દોશીવાડાનીપોળના શ્રી ભાભા પાર્શ્વનાથના
જિનમંદિરમાંની વિ.સં. ૧૬૬૭ની
શ્રી ગૌતમસ્વામીની ધાતુપ્રતિમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી ગૌતમસ્વામીની વિ.સં. ૧૬૬૭ની ધાતુપ્રતિમાની
પાછળનો શિલાલેખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી રાજગૃહી દાદાવાડીમાંની
શ્રી ગૌતમસ્વામીની પાષાણપ્રતિમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવનનો લહાવો

અમૃત તો સંસારમાં કોણે દીઠું છે કે કોણે ચાખ્યું છે?

અને છતાં અમૃતનો મહિમા કેટકેટલો ગાવામાં આવ્યો છે! અને કાળા માથાના માનવીને એનું કેટલું બધું આકર્ષણ હોય છે!

અમૃતના રસનું પાન કરીને અમર બનવાનું અને મૃત્યુના મહાભયથી સદાને માટે બચી જવાનું મન કોને ન હોય?

પણ અમૃત એ નરી કલ્પના છે અને અમૃતની ભાવના એ નક્કર સત્ય છે.

એ ભાવના માનવીને મર્ત્યમાંથી અમર્ત્ય બનવાનો એટલે કે મૃત્યુને તરી જવાનો કીમિયો શીખવે છે. આ ભાવનાનું વ્યવહારુ રૂપ એટલે આત્મલક્ષી જીવનસાધના.

આવી જીવનસાધના એ જ માનવજીવનનો સાચો મહિમા છે. અને આવી સાધના દ્વારા આત્માની ખોજ એ જ માનવભવને ચરિતાર્થ કરવાનો રાજમાર્ગ છે. આત્મામાં છુપાયેલા અમૃતતત્ત્વનો આ માર્ગે જ સાક્ષાત્કાર થઈ શકે છે. આ સાક્ષાત્કાર એટલે સંસારનાં તથા કર્મનાં બંધનોથી અને કષાયોથી સર્વથા મુક્તિ; એ જ મોક્ષ.

તેથી જ જીવનસાધક સંતો એ દુઃખી દુનિયાનો વિસામો અને સુખી સંસારનું વિવેકભર્યું નિયંત્રણ ગણાય છે. દુઃખ-દીનતામાં ભાંગી ન પડવું, સુખ-સાહ્યબીમાં છકી ન જવું અને મનને નિર્મળ કરવા સદા પ્રયત્નશીલ રહેવું—જીવનને જીવી જાણવાની આ કળા અને આંતરિક શક્તિ સંતોના સમાગમથી જ હાંસલ થઈ શકે છે. એટલા માટે જ સંતસમાગમનો મહિમા અને પ્રભાવ અપાર લેખવામાં આવ્યો છે.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુ ગૌતમસ્વામી આવા જ એક મહાન આત્મસાધક સંત, ધર્મપુરુષ અને સંઘનાયક હતા. અને એમના પારસમણિ જેવા સંપર્કથી અનેક પામર અને પાપી જીવોનો પણ ઉદ્ધાર થયો હતો.

ગૌતમસ્વામીનું સ્મરણ કરીએ છીએ અને ગુણગરિમાથી ઓપતા, યશનામી અને સ્ફટિક સમા ઉજ્જ્વળ વ્યક્તિત્વનાં આહ્લાદકારી અને પાવનકારી દર્શન થાય છે.

પ્રભુ મહાવીરના ચરણે સમર્પિત થયેલું એમનું જીવન હતું.

પ્રભુ ઉપરની એમની શ્રદ્ધા અને ભક્તિ અનન્ય હતી.

એમની નમ્રતા, સરળતા અને ગુણપ્રીતિ દાખલારૂપ બની રહે એવી હતી.

સર્વનું મંગલ ચાહવા અને કરવાની વિશ્વકલ્યાણની ભાવનાની ભાગીરથી એમના રોમ રોમમાં વહેતી હતી.

વાત્સલ્ય અને વિશ્વમૈત્રીના તેઓ અવતાર હતા.

મહાન જ્ઞાની હોવા છતાં જ્ઞાનનું ગુમાન, પ્રભુના પ્રથમ ગણધર હોવા છતાં મોટાપણાનું અભિમાન અને અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં પોતાના પ્રભાવનો અહંકાર એમને સ્પર્શી સુધ્ધાં ન શકતાં.

એમના નામે સર્વ સંકટો દૂર થતાં, સહુનું મંગળ થતું અને કંઈ કંઈ ચમત્કારો સર્જાતા; એમની આવી ખ્યાતિ હોવા છતાં નામનાની કામનાથી તેઓ, જળકમળની જેમ, સર્વથા અલિપ્ત હતા.

તેઓ અનંત ઋદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓના સ્વામી હોવા છતાં એનું એમને મન ન કંઈ વિશેષ મૂલ્ય હતું કે ન કોઈ ગૌરવ. સંસારીઓને મન જેનો ભારે મહિમા હોય છે, એવા પ્રસંગે પણ સર્વથા અનાસક્ત અને મોહમુક્ત રહેવાની લબ્ધિના આંતરિક બળ, તેજ અને પરાક્રમનું વરદાન એમને સાવ સહજપણે મળ્યું હતું.

ભવ્ય અને ભદ્ર એમની પ્રકૃતિ હતી; કષાયો, કલેશો, કર્મો અને દોષોને દૂર કરવાની એમની પ્રવૃત્તિ હતી; અને નીતરેલા નીર જેવી નિર્મળ અને ઉપકારક એમની વૃત્તિ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ મોક્ષમાર્ગના યાત્રિક હતા; મોક્ષની પ્રાપ્તિ સાથે પોતાની જીવનયાત્રા કે સંસારયાત્રા પૂરી કરીને અમરપણાના અધિકારી બન્યા હતા; અને જન્મ, જરા અને મરણના ભયને પાર કરી ગયા હતા. જીવન અને અમૃત અહીં જ એકરૂપ બની જાય છે, અને અંતે અમૃતનું તત્ત્વ જ કાયમ રહે છે.

*

આવા ભવ્ય, મહાન અને મંગલકારી ધર્મપુરુષની ચરિત્રકથા લખવાની મને તક મળી તેથી ખૂબ આનંદ થાય છે. અને, જોગાનુજોગ, ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણકલ્યાણકની વ્યાપક ઉજવણી દેશભરમાં થઈ રહી છે એવા પવિત્ર, અપૂર્વ અને ઐતિહાસિક સમયે આ પુસ્તક પ્રગટ થાય છે, એથી વિશેષ આનંદ થાય એ સ્વાભાવિક છે.

આ પુસ્તકના લખાણને અંતે મેં આ પ્રમાણે નોંધ કરી હતી : "લખાણ પૂરું કર્યું વિ. સં. ૨૦૨૮, આસો સુદિ ૫, ગુરુવાર, તા. ૧૨–૧૦–૧૯૭૨ના રોજ સાંજના સવા પાંચ વાગે, અમદાવાદ." આ નોંધ ઉપરથી જોઈ શકાય છે કે આ પુસ્તક લખાયાને સવાબે વર્ષ જેટલો લાંબો સમય થઈ ગયો. વળી, આ પુસ્તક જલદી છપાઈને બહાર પડે એ માટે પ્રયત્ન પણ ઠીક ઠીક કર્યો. છતાં પુસ્તકનું છાપકામ, ધારણા પ્રમાણે, તરત હાથ ધરી ન શકાયું અને, એક યા બીજા કારણે, એમાં મોડું થતું જ ગયું. તેથી, એમ લાગે છે કે, આ પુસ્તક માટે ભવિતવ્યતાનો કોઈ શુભ સંકેત જ એવો હતો કે એ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના પચીસસોમા નિર્વાણકલ્યાણકની શાનદાર ઉજવણીના યાદગાર વર્ષમાં જ પ્રગટ થાય. મારા માટે આ ભવિતવ્યતાનો યોગ ઉપકારક બની ગયો. આ ઉજવણીમાં આ પુસ્તકરૂપે મારું અતિનમ્ર અર્ઘ્ય આપવાનો મને મંગલ સુઅવસર મળ્યો. જે થાય તે સારા માટે.

લબ્ધિના ભંડાર અને મંગલ વિભૂતિ તરીકે જૈન સંઘમાં ગૌતમસ્વામીનો ઘણો જ મહિમા છે અને નિત્ય પ્રાતઃસ્મરણીય ધર્મપુરુષ તરીકે સૌ એમનું સ્મરણ અને ધ્યાન કરે છે. આપણાં જુદાં જુદાં આગમસૂત્રોમાં તેમ જ આગમસૂત્રો સિવાયના જૈન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથોમાં પણ, ભલે છૂટાછવાયા, એમના અનેક જીવન-પ્રસંગો સચવાઈ રહ્યા છે. વળી, એમની સ્તુતિ-પ્રશસ્તિ અને પુણ્યસ્મૃતિ નિમિત્તે છેક પ્રાચીન સમયથી તે અત્યારના સમય સુધી, શાસ્ત્રીય ભાષામાં તેમ જ લોકભાષામાં, નાની-મોટી સંખ્યાબંધ કાવ્યકૃતિઓ રચાતી રહી છે. અને પ્રાચીન સમયમાં સંખ્યાબંધ પૂર્વાચાર્યો અને પ્રભાવક પુરુષોનાં ચરિત્રો પણ રચાયાં છે. આમ છતાં, જૈન સાહિત્યનો વિપુલ ભંડાર, ગૌતમસ્વામી સમા શ્રેષ્ઠ ધર્મપ્રભાવક મહાપુરુષની સળંગ ચરિત્ર-કથાથી વંચિત રહ્યો, એ કંઈક નવાઈ ઉપજાવે એવી વાત છે. જાણે બધા કથાકારો અને ચરિત્રકારો, સૌને માટે સદાસ્મરણીય અને સર્વમંગલકારી આ મહાન વિભૂતિ-ની ધર્મકથા રચીને પોતાની સરસ્વતીને વિશેષ ધન્ય બનાવવાનું વીસરી ગયા હોય એમ જ લાગે છે. આમ કેમ થયું હશે ભલા?

આ પ્રશ્નનો સમજમાં ઊતરે એવો ખુલાસો મળવો મુશ્કેલ છે. સંભવ છે, સાવ સહજપણે આવું બની જવા પામ્યું હોય, અથવા તો ભગવાન મહાવીર પછીની શ્રમણ-પરંપરાના આદિ પુરુષ પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી લેખાતા હોવાથી તો આમ બનવા નહીં પામ્યું હોય? પણ, તો તો પછી, શ્રી સુધર્માસ્વામીની સળંગ કથા પણ આપણે ત્યાં ક્યાં રચાઈ છે?

આ હકીકતનો થોડોક ખુલાસો કદાચ આ રીતે થઈ શકે: "નામ તેનો નાશ" એવી વૈરાગ્યપ્રેરક ભાવનાનું સંયમ-તપ-ત્યાગ-પ્રધાન ધર્મસંસ્કૃતિમાં વિશેષ સ્થાન હોવાથી, સાચા આત્મસાધક આત્માનો પ્રયત્ન હંમેશાં નામના અને કીર્તિની કામના કે આસક્તિ-થી અળગા રહીને એ માટે બને તેટલી વધુ ઉદાસીનતા કેળવવાનો જ હોય છે. આવા ઉદાસીનતાના ઉપાસક સાધકને પોતાના જીવનની વિગતો સાચવવાનું કામ આળપંપાળ જેવું લાગે અને એમના સાથીઓને પણ એ માટે વિશેષ ઉત્સાહ ન જાગે એ સ્વાભાવિક છે. અલબત્ત, કોઈ કથાકાર, ચરિત્રકાર કે ઇતિહાસકાર પોતાની શ્રદ્ધાભક્તિના આધારરૂપ, લોકકલ્યાણકારી અને પૂજ્ય વ્યક્તિનો જીવનપરિચય લખી શકાય એવી સામગ્રીનો અભાવ જુએ ત્યારે એને દુઃખ થયા વિના નથી રહેતું. અને જ્યારે પણ એ આવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામગ્રી મેળવી શકે છે ત્યારે એનું ચિત્ત રાજી રાજી થઈ જાય છે. પણ સાચાં આત્મસાધક સંતો અને સતીઓ કંઈ ઇતિહાસકાર માટે નહીં પણ પોતાના અને દુનિયાના ભલા માટે જીવન જીવે છે અને સાધના કરે છે. અનાસક્તિથી શોભતી આવી સાધના એ સાધુતા અને શ્રમણજીવનની સાધનાની શોભા છે—ભલે પછી એના લીધે ચરિત્રકથા લખવામાં ઉપયોગી થાય એવી સામગ્રી સચવાઈ રહે કે ઉપેક્ષિત બને. હજારો જીવોને આશ્રય આપતા વિશાળ વડલાના મૂળિયાના રૂપને કોણ જાણી શકે છે? એવું જ સાચા સંતોનું સમજવું.

એ ગમે તેમ હોય, પણ આપણે ત્યાં ગૌતમસ્વામીના ભવ્ય અને અનેરા જીવન-પ્રસંગોને આલેખતી સળંગ કથાનો અભાવ છે એ હકીકત છે.

## બે જીવનચરિત્રો

કંઈક આવકારદાયક જોગાનુજોગ કહો કે ભવિતવ્યતાનો યોગ કહો, છેલ્લાં ચાર-પાંચ વર્ષ દરમ્યાન ગૌતમસ્વામીનાં બે જીવન-ચરિત્રો પ્રગટ થયાં છે. પહેલું ચરિત્ર "**इन्द्रभूति गौतम : एक अनुशीलन**" એ નામનું સ્થાનકમાર્ગી સંઘના સંત શ્રી ગણેશ મુનિ શાસ્ત્રીએ હિન્દી ભાષામાં લખ્યું છે અને તે, ઈ.સ. ૧૯૭૦માં, સન્મતિ જ્ઞાનપીઠ, આગરા–૨, એ સંસ્થા તરફથી પ્રગટ થયું છે. ૧૭૬ પાનાંના એ પુસ્તકની કિંમત ચાર રૂપિયા છે.

## આ પુસ્તક

અને આવું બીજું પુસ્તક તે મેં લખેલું આ "**ગુરુ ગૌતમસ્વામી**". આપણા આગમ-સાહિત્યમાંથી તેમ જ અન્ય જૈન ગ્રંથોમાંથી ગૌતમસ્વામી સંબંધી જે કંઈ ઓછી-વધુ માહિતી મળી શકે એમ હતી, તે મેળવીને તેને એક સળંગ ચરિત્રકથારૂપે સંકલિત કરવાનો મેં નમ્ર અને યથાશક્ય પ્રયત્ન કર્યો છે. આ સંકલનમાં બધા જ જીવનપ્રસંગોનો સમાવેશ થઈ જાય એ માટે બનતું ધ્યાન રાખવા છતાં કદાચ કોઈક પ્રસંગ રહી જવા પણ પામ્યો હોય. વળી, બધા પ્રસંગોની ગોઠવણી કાલાનુક્રમે જ થઈ છે, એમ કહેવું પણ મુશ્કેલ છે. કેટલાક પ્રસંગો ક્યારે બન્યા હશે, એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમય જ જાણી શકાયો નથી, તો કેટલાક પ્રસંગોની ગોઠવણીમાં, બહુ ઝીણવટથી જોતાં, કદાચ કાલક્રમની દૃષ્ટિએ કંઈક આઘાપાછાપણું થઈ ગયું હોય એવું પણ બને. આમ છતાં જે કંઈ લખ્યું છે તે કોઈ પણ પ્રાચીન કે અર્વાચીન આધાર મેળવીને જ લખ્યું છે. આ ચરિત્રકથાનું આલેખન કરવામાં દરેક પ્રસંગ આધારયુક્ત હોય એ માટે મેં ઇતિહાસકાર કે ચરિત્રકારના જેવી શક્ય ઝીણવટ તથા ચીવટ રાખવાનો પ્રયત્ન કર્યો છે; અને કોઈ પણ પ્રમાણયુક્ત પ્રસંગના રસમય નિરૂપણ અને વર્ણનમાં મેં કથાકારના જેવી છૂટ પણ લીધી છે. આ બધા પ્રયત્નનું પરિણામ તે **"ગુરુ ગૌતમસ્વામી"** નામે આ પુસ્તક. એટલે આ પુસ્તકને ઇતિહાસ કે ચરિત્ર લેખવાને બદલે એક ભાવાત્મક ચરિત્રકથા કહેવું વધારે ઠીક લાગે છે. આ પુસ્તક કેટલું વાચનક્ષમ, રસદાયક તથા ગુણ-અવગુણવાળું બન્યું છે, એનો ન્યાય તો સહૃદય વાચકો જ આપી શકે. લેખકનું કામ તો પોતાની આવડતને બની શકે તેટલા સારા અને પૂરા રૂપમાં રજૂ કરવાના નિષ્ઠાભર્યા પ્રયત્નમાં જ પૂરું થાય છે.

વાચક મૂળ ચરિત્રકથા સળંગ રૂપે વાંચી શકે એટલા માટે મૂળ લખાણની સાથે, તે તે સ્થાને, પાદનોંધોના માત્ર અંકો જ આપ્યા છે, અને બધી પાદનોંધો મૂળ પુસ્તકને અંતે, બને તેટલા વિસ્તારથી આપી છે.

પુસ્તકના પહેલા પરિશિષ્ટમાં ગૌતમસ્વામીની ભક્તિ અને સ્તુતિ નિમિત્તે, સમયે સમયે, રચાયેલ સંખ્યાબંધ કૃતિઓમાંથી ૪૯ છપાયેલી અને ૨૬ નહીં છપાયેલી મળીને કુલ ૭૫ કૃતિઓની યાદી આપી છે. આ યાદી અધૂરી છે એનો મને ખ્યાલ છે. આ ઉપરાંત અનેક મુદ્રિત અને અમુદ્રિત કૃતિઓ મળી આવવી જોઈએ. પણ મારાથી બની શકી તેટલી કૃતિઓની યાદી આપીને મેં સંતોષ માન્યો છે. વળી, આ યાદીમાં દિગંબર જૈન સંઘમાં રચાયેલ કૃતિઓનો, મારી પોતાની મર્યાદાને કારણે, હું સમાવેશ નથી કરી શક્યો એ મારે કબૂલ કરવું જોઈએ. મને લાગે છે કે આપણા સંઘમાં ગૌતમસ્વામીના સ્તવન, કીર્તન, સ્મરણ નિમિત્તે, જુદી જુદી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષાઓમાં અને જુદા જુદા સમયમાં, જે કંઈ કૃતિઓ રચાઈ હોય તે બધી મુદ્રિત તેમ જ હસ્તલિખિત કૃતિઓને એક ખાસ સંગ્રહરૂપે કોઈ સંસ્થા પ્રગટ કરે તો તે એક ઉપયોગી પ્રકાશન બની જાય. બની શકે તો આ સંગ્રહના એક વિભાગ કે પરિશિષ્ટમાં દિગંબર જૈન સંઘમાં રચાયેલી કૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવે.

આ પુસ્તકના બીજા પરિશિષ્ટમાં મેં દિગંબર જૈન સંઘની માન્યતા મુજબનું ગૌતમસ્વામીનું ચરિત્ર આપવાનો પ્રયાસ કર્યો છે. સંભવ છે, મેં આપેલી માહિતી પૂરેપૂરી ન હોય. પણ અહીં આ અંગે મારે એટલું જ જણાવવાનું છે કે, મેં આ સામગ્રી મેળવવા બનતો બધો પ્રયાસ કર્યો છે અને જે માહિતી મળી તે રજૂ કરીને સંતોષ માન્યો છે. આ વિષયના અભ્યાસી વિદ્વાનોની જાણમાં આ સંબંધી જે કંઈ વિશેષ માહિતી હોય કે હવે પછી એમના જાણવામાં આવે તે મને લખી જણાવવાની કૃપા કરે.

ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને કહેલ પાંચમા આરાનું વર્ણન "શ્રી ભગવતી સૂત્ર"માં સચવાયું છે. અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે રચેલ "શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર"માં પાંચમા અને છઠ્ઠા એમ બન્ને આરાનું વર્ણન આપવામાં આવ્યું છે. આ રીતે પાંચમા અને છઠ્ઠા આરાના ભગવાને ગૌતમસ્વામીને કહેલ ભાવોનું સારરૂપ વર્ણન આ પુસ્તકમાં, ત્રીજા પરિશિષ્ટરૂપે, આપવાનો મને વિચાર આવ્યો હતો. પણ, એ બાબત ઠીક ઠીક પ્રચલિત હોવાથી અને જેઓને એ જાણવાની ઇચ્છા હોય તેઓ સરળતાથી જાણી શકે એવી સામગ્રી પણ સુલભ હોવાથી, છેવટે મેં એ વિચાર જતો કર્યો છે. આ વર્ણન કાળબળને લીધે થતી માનવસમાજની પડતીનું ચિત્ર રજૂ કરે છે તે સુવિદિત છે.

આ પુસ્તકમાં વાર્તાલાપના પ્રસંગે, કેટલુંક લખાણ અવતરણ ચિહ્નો (" ")માં આપ્યું છે, તે ચાલુ કથાવાર્તાની પદ્ધતિ પ્રમાણે આપ્યું છે એમ સમજવું; એટલે એ બધું લખાણ આધાર-યુક્ત, મૂળ અને જે તે પાત્રના મુખમાંથી જ નીકળેલું છે એવું માની લેવાની જરૂર નથી. કથા કે પ્રસંગનો ભાવ વધુ સારી રીતે વ્યક્ત થઈ શકે એ માટે આવી સંવાદની શૈલીનો ઘણે ઠેકાણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રય લેવામાં આવ્યો છે. અલબત્ત, આમ કરવામાં કોઈ કોઈ સ્થાને મૂળ ઉદ્ગારો આપવાનો પણ લાભ મળ્યો છે ખરો.

## આભાર

મને આ પુસ્તક લખવાનો અવસર મળ્યો એનો બધો યશ મારા મિત્ર અને જાણીતા સમાજહિતચિંતક, વિચારક અને લેખક ભાઈ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા અને એમના સગા, ભાવનગરનિવાસી ટી. સી. બ્રધર્સવાળા શ્રીયુત ચીમનલાલ ચુનીલાલ પરીખને ઘટે છે. શ્રી ચીમનભાઈનું કુટુંબ શ્રી ગૌતમસ્વામી તરફ ઘણી આસ્થા અને ભક્તિ ધરાવે છે. આથી શ્રી ચીમનભાઈને ક્યારેક ગૌતમસ્વામીનું ચરિત્ર લખાવવાની ભાવના થઈ. એમણે પોતાનો આ વિચાર શ્રી મનસુખભાઈને જણાવ્યો. શ્રી મનસુખભાઈએ એ કામ મને સોંપ્યું, એટલું જ નહીં, મારી બીજી બીજી અનેક પ્રવૃત્તિઓને કારણે એમાં મોડું થાય તો તે નિભાવી લેવાની પણ તૈયારી બતાવી. આ કામની જવાબદારી મેં લીધી એ વાતને ૭ વર્ષ કરતાંય વધુ વખત થયો, એ ઉપરથી પણ સમજી શકાય છે કે એમણે આ માટે કેટલી બધી ધીરજ રાખી છે. એમણે આ કામ મને સોંપ્યું ન હોત તો, અનેક જંજાળોથી ભરેલી જિંદગીના કારણે, આ પુસ્તક લખવાનો લાભ મને ન મળત. આ માટે હું શ્રી મનસુખભાઈનો અને શ્રી ચીમનભાઈનો અંતઃકરણથી ખૂબ ખૂબ આભાર માનું છું અને એમને ધન્યવાદ આપું છું.

પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા તો મારા મિત્ર અને અમારા ઘરના સુખદુઃખના સદાના સાથી છે. જૈન આગમો અને ભારતીય દર્શનોના અધિકારી વિદ્વાન શ્રી દલસુખભાઈ આવા પુસ્તક માટેની માહિતીનો ભંડાર છે. એટલે મેં, એમની સગવડ-અગવડની જરાય ચિંતા સેવ્યા વગર, આ કામમાં એમનો છૂટથી ઉપયોગ કર્યો છે. પરમપૂજ્ય પંડિતવર્ય શ્રી બેચરદાસભાઈ દોશી, પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક, ભાઈ શ્રી લક્ષ્મણભાઈ ભોજક, પં. શ્રી હરિશંકરભાઈ પંડ્યા, શ્રી રમણીકભાઈ શાહ, પં. શ્રી બાબુભાઈ અને ભાઈ શ્રી રૂપેન્દ્રકુમારજી—આ બધા વિદ્વાનોએ મને માગી સહાય પ્રેમથી આપી છે. સ્વર્ગસ્થ આગમપ્રભાકર પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમપૂજ્ય પંડિતવર્ય શ્રી સુખલાલજી અને લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનું વિદ્યાતીર્થ—એ ત્રણેના કારણે રચાયેલ એક ભાવનાત્મક કુટુંબના સભ્યો બનવાનું સદ્દભાગ્ય અમને બધાને સાંપડયું છે. તેથી જ આ બધાનો મને જોઈતા પૂરેપૂરો લાભ મળી શકયો છે. આ બધા મિત્રો અને વડીલોનો હું ખૂબ ઓશિંગણુ બન્યો છું. લા. દ. વિદ્યામંદિરનું વિશાળ પુસ્તકાલય પણ આ કામમાં મને ખૂબ સહાયક બન્યું છે. અને આ પુસ્તકમાં આપવામાં આવેલ શ્રી ગૌતમસ્વામીનું મુખ્ય ચિત્ર પણ આ વિદ્યા-મંદિરમાંના પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજના હસ્તલિખિત ગ્રંથ-સંગ્રહમાંથી જ પસંદ કર્યું છે.

આ પુસ્તકમાંનું "સ્કંદક પરિવ્રાજક: પાંચ ભવની લેણાદેણી" એ નામનું સોળમું પ્રકરણ, આ પ્રકરણની ચોથી પાદનોંધ (પૃ.૧૮૮) માં જણાવ્યા પ્રમાણે, ચાણસ્મા ગામના "શ્રી નિત્ય-વિનય-જીવન-મણિવિજયજી જૈન પુસ્તકાલય"ની નં. ૧૬૩ની પ્રતમાં આપેલી સંસ્કૃત કથાઓના આધારે લખવામાં આવ્યું છે. આ હસ્તપ્રત તથા આ કથાઓનો ગુજરાતી સાર મને પૂજ્ય મુનિરાજ શ્રી અભય-સાગરજી ગણિ પાસેથી મળ્યાં છે. વળી, સહૃદય વિચારક પૂજ્ય મુનિરાજ શ્રી કીર્તિચંદ્રવિજયજી મહારાજ તરફથી પણ મને જરૂરી માહિતી તથા ઉપયોગી સૂચનાઓ મળતી રહી છે. આ બન્ને મુનિવર્યોનો હું ઘણો ઉપકાર માનું છું.

આ પુસ્તકમાં ગૌતમસ્વામીની અષ્ટાપદયાત્રાનું મોટું રેખા-ચિત્ર આપી શકાયું છે. અને આ પુસ્તકના આવરણ(કવર)ને ઐરાવતના સુંદર અને ચેતનવંતા રેખાચિત્રથી સુશોભિત કરવામાં આવ્યું છે. આ બન્ને રેખાંકનો, સુરત શહેરના શ્રી ચિંતામણિના દેરાસરમાંની લાકડાની મનોહર કોતરણી ઉપરથી, બનારસ યુનિ-વર્સિટીના કળાના અધ્યાપક શ્રી વાસુદેવભાઈ સ્માર્તે દોરેલાં છે. આ માટે હું શ્રી વાસુદેવભાઈનો ખૂબ કૃતજ્ઞ છું.

શ્રી સમ્મેતશિખર તીર્થ ઉપરની શ્રી ગૌતમસ્વામીની ટૂકની, શ્રી ગૌતમસ્વામીની નિર્વાણભૂમિ શ્રી ગુણાયાજી તીર્થમાંના ભગવાન મહાવીરના જળમંદિરની અને રાજગૃહી તીર્થમાં આવેલ દાદાવાડીના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનમંદિરમાંની શ્રી ગૌતમસ્વામીની પાષાણની પ્રતિમાની—એમ ત્રણે છબીઓ કલકત્તાથી પ્રગટ થતા "જૈન જર્નલ"ના સંપાદક શ્રી ગણેશ લલવાણી મારફત શ્રી મહેન્દ્રકુમાર સીંઘી તરફથી મળેલ છે. પાટણના ભેંસાત પાડામાંના શ્રી ગૌતમસ્વામીના મંદિરમાંની શ્રી ગૌતમસ્વામીની પ્રતિમાની છબી પાટણનિવાસી શ્રી રમણલાલ મોતીચંદ શાહ તરફથી મળી છે. અમદાવાદમાં દોશીવાડાની પોળમાં આવેલ શ્રી ભાભા પાર્શ્વનાથના દેરાસરમાંની ગૌતમસ્વામીની ધાતુની પ્રતિમાની છબી શેઠ શ્રી શાંતિલાલ ચકાભાઈની અનુમતિથી લઈ શકાઈ છે. આ બધાનો હું આભાર માનું છું.

આ પુસ્તક લખવામાં અનેક પુસ્તકોનો મેં ઉપયોગ કર્યો છે. તેમાંય અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ હસ્તકની શ્રી પુંજાભાઈ જૈન ગ્રંથમાળા તરફથી પ્રકાશિત અને જાણીતા જ્ઞાનોપાસક અને પ્રાચીન ધર્મગ્રંથોના છાયાનુવાદ કે ભાવાનુવાદ કરવામાં સિદ્ધહસ્ત શ્રીયુત ગોપાલદાસ જીવાભાઈ પટેલે સંપાદિત કરેલ કેટલાંય પુસ્તકો મને આ કાર્યમાં ઘણાં સહાયક બન્યાં છે. આ બધાં પુસ્તકોના લેખકો, સંપાદકો અને પ્રકાશકોનો હું ખૂબ આભારી છું. (આ પુસ્તકમાં ઉપયોગમાં લીધેલ પુસ્તકોની યાદી અન્યત્ર આપી છે.)

આ પુસ્તકનું સુંદર છાપકામ દિલુ પ્રિન્ટરીએ કરી આપ્યું છે; અને આ પુસ્તકમાં આપવામાં આવેલ બધાં ચિત્રો તથા આવરણનું મુદ્રણ દીપક લાલભાઈની કંપનીએ કર્યું છે. આ બન્નેને ધન્યવાદ આપું છું.

આ પુસ્તક લખાયું તેનો યશ જેમ શ્રી મનસુખભાઈ મહેતા અને શ્રી ચીમનભાઈ પરીખને ઘટે છે, તેમ આ પુસ્તક આવા સુંદર અને આકર્ષક રૂપમાં છપાઈને પ્રકાશિત થાય છે તેનો બધો યશ અમદાવાદના શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ અને એના ધર્માનુરાગી અને ભાવનાશીલ ટ્રસ્ટી અને અમારા મિત્ર શ્રી લાલભાઈ મણિલાલ શાહને ઘટે છે. પુસ્તક લખાયા પછી પુસ્તક ક્યાં છપાય, કોણ છપાવે, કેવા રૂપરંગમાં બહાર પડે વગેરે બાબતો-ની ગડમથલમાં મહિનાઓ ઉપર મહિનાઓ વીતતા જતા હતા, અને કોઈ ચોક્કસ નિર્ણય થઈ શકતો નહોતો. અધૂરામાં પૂરું, કાગળના અસાધારણ ભાવવધારાએ પુસ્તકના પ્રકાશનનું કામ વધારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુશ્કેલ બનાવી દીધું હતું. આવી ખરી ભીડના વખતે આ ટ્રસ્ટે તથા શ્રી લાલભાઈએ આ પુસ્તકનું પ્રકાશન કરવાની લાગણીપૂર્વક માગણી કરી. પરિણામે આ પુસ્તક પ્રગટ થઈ શક્યું છે. આ માટે હું શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનો તથા શ્રી લાલભાઈનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

## અંતમાં

ભગવાન મહાવીરસ્વામી અને ગૌતમસ્વામી વચ્ચેના ધર્મસ્નેહ-ભર્યા સંબંધને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ અને એક વત્સલ, ન્યાયપ્રિય અને સમભાવી ગુરુ અને આજ્ઞાંકિત, સરળ, વિનમ્ર, સમર્પિત અને સતત જિજ્ઞાસુ શિષ્યની આદર્શ બેલડીનાં આહ્લાદ-કારી દર્શન થાય છે. ભગવાનનો ઉપદેશ અત્યાર સુધી સચવાઈ રહ્યો છે તે શ્રી ગૌતમસ્વામી અને અન્ય ગણધરોના પ્રતાપે જ; **"अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं"** એ શાસ્ત્ર-વાક્યનો આ જ ભાવ છે. જેવા રાજાના પ્રધાન, તેવા તીર્થંકરના ગણધર. વળી, ગુરુ ગૌતમસ્વામીની શાસનની સેવાઓના સ્મરણની સાથે સાથે બ્રાહ્મણવર્ણના સંખ્યાબંધ વિદ્વાનોએ શ્રમણધર્મના ત્યાગમાર્ગની દીક્ષા લઈને, સૈકે સૈકે, જૈન શાસનની જે અમૂલ્ય સેવા કરી છે એનું સ્મરણ થઈ આવે છે. આ સેવાનો ઉજ્જવળ ઇતિહાસ ક્યારેક વિસ્તારથી આલેખવા જેવો છે.

શ્રી ગૌતમસ્વામીનું જીવન એ એક સંઘનાયક અને ધર્મપુરુષનું આદર્શ જીવન છે. એટલે એનું આલેખન એક ધર્મગ્રંથના આલેખન-ની શુદ્ધિ અને ચીવટથી જ થવું ઘટે. આ માટે મેં બનતી તકેદારી રાખી છે. આમ છતાં આમાં કંઈ પણ ક્ષતિ રહી જવા પામી હોય તો એ માટે વિદ્વાનો મને ક્ષમા કરે અને મને એની જાણ કરવાની કૃપા કરે.

ગુરુ ગૌતમસ્વામીની સળંગ જીવનકથા લખવાનો મને અવસર મળ્યો એને હું જીવનનો એક બહુમૂલો લહાવો ગણું છું; અને એ માટે હું પરમાત્માનો ઉપકાર માનું છું.

૬, અમૂલ સોસાયટી; અમદાવાદ–૭.
વીર નિ.સં. ૨૫૦૧; વિ.સં. ૨૦૩૧;
માગસર વદિ ૮, તા. ૫-૧-૭૫, મંગળવાર.

**રતિલાલ દીપચંદ દેસાઈ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ પુસ્તકમાં ઉપયોગમાં લીધેલ ગ્રંથા

શ્રી ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શ્રી પૂંજાભાઈ જૈન ગ્રંથમાળાનાં પુસ્તકો—

૧. મહાવીરસ્વામીનો આચારધર્મ—(પહેલી આવૃત્તિ).

૨. મહાવીરસ્વામીનો સંયમધર્મ—(પહેલી આવૃત્તિ).

૩. શ્રી મહાવીર-કથા—(બીજી આવૃત્તિ).

૪. શ્રી ભગવતીસાર—(પહેલી આવૃત્તિ).

૫. પાપ, પુણ્ય અને સંયમ—(પહેલી આવૃત્તિ).
આ પાંચે ગ્રંથાના સંપાદક: શ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલ.

૬. ભગવાન મહાવીરના દશ ઉપાસકો—અનુવાદક: પંડિત શ્રી બેચરદાસ દોશી; (બીજી આવૃત્તિ).
છયેના પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૭. ઉત્તરાધ્યયન સૂત્ર—૧૮ અધ્યયન, મૂળ તથા અનુવાદ; અનુવાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા; (પહેલી આવૃત્તિ).

૮. ગણધરવાદ—લેખક: પં. શ્રી દલસુખભાઈ માલવણિયા (પહેલી આવૃત્તિ).
બન્નેના પ્રકાશક: ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૯. श्रीत्रिषष्टिशलाकापुरुषचरित्र—પર્વ ૧૦; મૂલ; કર્તા: કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય (પહેલી આવૃત્તિ).

૧૦. શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર—પર્વ ૧૦; અનુવાદ; (પહેલી આવૃત્તિ).
બન્નેના પ્રકાશક: શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર.

૧૧. श्रमण भगवान् महावीर—હિંદી; લેખક: પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કલ્યાણવિજયજી ગણિ; (પહેલી આવૃત્તિ).
પ્રકાશક: શ્રી ક. વિ. શાસ્ત્રસંગ્રહ સમિતિ, જાલોર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. ઉત્તરાધ્યયન સૂત્ર—અનુવાદ; અનુવાદક : મુનિ શ્રી સંતબાલજી; (બીજી આવૃત્તિ).
પ્રકાશક : મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ.

૧૩. મહાવીર-વાણી—મૂલ તથા ગુજરાતી અનુવાદ; સંપાદક : પંડિત શ્રી બેચરદાસ દોશી; (સાતમી આવૃત્તિ).
પ્રકાશક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, મુંબઈ.

૧૪. सूक्तित्रिवेणी—મૂલ તથા હિંદી અનુવાદ; સંપાદક : પૂ. ઉપાધ્યાય શ્રી અમરમુનિજી; (પહેલી આવૃત્તિ).

૧૫. इन्द्रभूति गौतम : एक अनुशीलन—હિંદી; લેખક : શ્રી ગણેશ મુનિ શાસ્ત્રી; (પહેલી આવૃત્તિ).
બન્નેના પ્રકાશક : શ્રી સન્મતિ જ્ઞાનપીઠ, આગરા–૨.

૧૬. उत्तरपुराण—મૂલ તથા હિંદી અનુવાદ; મૂલ સંસ્કૃતના કર્તા : શ્રી ગુણભદ્રાચાર્ય; અનુવાદક તથા સંપાદક : પં. શ્રી પન્નાલાલ જૈન; (પહેલી આવૃત્તિ). પ્રકાશક : ભારતીય જ્ઞાનપીઠ, કાશી.

૧૭. भगवान् महावीर—હિંદી; લેખક : બાબૂ કામતાપ્રસાદજી જૈન; (પહેલી આવૃત્તિ).

૧૮. श्रीगौतमचरित्र—મૂલ તથા હિંદી અનુવાદ; મૂલ સંસ્કૃતના કર્તા : મુનિ ધર્મચંદ્ર મંડલાચાર્ય; અનુવાદક : પં. શ્રી લાલારામ જૈન; (પહેલી આવૃત્તિ).
બન્નેના પ્રકાશક : શ્રી દિગંબર જૈન પુસ્તકાલયની વતી શ્રી મૂલચંદ કિશનદાસ કાપડિયા, સુરત.

આ ઉપરાંત શ્રી ભગવતી સૂત્ર, શ્રી ઔપપાતિક સૂત્ર, શ્રી રાજપ્રશ્નીય સૂત્ર, શ્રી આવશ્યક સૂત્ર ચૂર્ણિ, શ્રી આવશ્યક સૂત્ર હારિભદ્રિયવૃત્તિ, શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની શ્રી શાંત્યાચાર્યકૃત ટીકા અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની નેમિચંદ્રિયા ટીકાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમ


| નં. | પ્રકરણ | | પૃ.નં. |
|---|---|---|---|
| ૧. | આશાનો આધાર | | ૧ |
| ૨. | અમૃતની પરબ | | ૪ |
| ૩. | તે કાળે, તે સમયે | | ૯ |
| ૪. | ભગવાન મહાવીર | | ૧૩ |
| ૫. | પંડિત ઇંદ્રભૂતિ | | ૨૦ |
| ૬. | આઘાત | | ૨૩ |
| ૭. | સત્યનો જય | | ૨૮ |
| ૮. | સમર્પણ | | ૩૬ |
| ૯. | તીર્થપ્રવર્તન | | ૪૧ |
| ૧૦. | સ્નેહતંતુના તાણાવાણા | | ૪૩ |
| | (૧) મરીચિના શિષ્ય | ૪૩ | |
| | (૨) સિંહના ઉદ્ધારક | ૪૬ | |
| ૧૧. | સાધના | | ૫૧ |
| ૧૨. | લબ્ધિતણા ભંડાર | | ૫૪ |
| ૧૩. | મહાલબ્ધિનું વરદાન | | ૫૮ |
| ૧૪. | આદર્શ શિષ્ય, આદર્શ ગુરુ | | ૬૪ |
| ૧૫. | અજ્ઞાત સત્ય | | ૬૮ |
| ૧૬. | સ્કંદક પરિવ્રાજક : પાંચ ભવની લેણાદેણી | | ૭૧ |
| | (૧) મંગલ શેઠ અને સુધર્મા શ્રાવક | ૭૩ | |
| | (૨) મત્સ્ય અને સુધર્મા | ૭૫ | |
| | (૩) બન્ને મિત્રો દેવલોકમાં | ૭૬ | |
| | (૪) ત્રણ જીવો | ૭૮ | |
| | (૫) ત્રણે દેવલોકમાં અને ત્યાંથી મનુષ્યલોકમાં | ૮૦ | |
| ૧૭. | બે સંતોનું મિલન | | ૮૩ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | પ્રકરણ | | પૃ.નં. |
|---|---|---|---|
| ૧૮. | પૂર્વવૈરના પડછાયા | | ૯૩ |
| ૧૯. | ક્ષમાયાચના અને અંતરની વેદના | | ૯૮ |
| ૨૦. | વળી પાછી નિરાશા? | | ૧૦૧ |
| ૨૧. | ભગવાનનું આશ્વાસન | | ૧૦૭ |
| ૨૨. | સાચું મુનિપણું | | ૧૧૦ |
| ૨૩. | સત્ય પામ્યાનો આનંદ | | ૧૧૫ |
| ૨૪. | કેટલાક પ્રસંગો | | ૧૨૨ |
| | (૧) પુદ્ગલ પરિવ્રાજક | ૧૨૨ | |
| | (૨) ગૌતમ કરતાંય ચઢિયાતા | ૧૨૩ | |
| | (૩) ભગવાનના સંદેશવાહક | ૧૨૪ | |
| | (૪) શંકાનું સમાધાન | ૧૨૭ | |
| | (૫) પરિવ્રાજક અંબડ | ૧૨૮ | |
| | (૬) કાલોદાયી વગેરેનું સમાધાન | ૧૩૦ | |
| | (૭) હેતભરી શિખામણ અને મીઠો ઠપકો | ૧૩૨ | |
| | (૮) જ્યોતિષશાસ્ત્રની વાતો | ૧૩૪ | |
| | (૯) બાળ અતિમુક્તક | ૧૩૫ | |
| | (૧૦) ભગવાનના મોક્ષગામી શિષ્યો કેટલા? | ૧૩૬ | |
| | (૧૧) સૂર્યાભદેવનો પૂર્વભવ | ૧૩૭ | |
| | (૧૨) 'નાલંદા-અધ્યયન'ની રચના | ૧૩૭ | |
| ૨૫. | થોડાક સવાલ-જવાબ | | ૧૩૯ |
| | (૧) સંતોની સેવાનું ફળ | ૧૪૦ | |
| | (૨) જ્ઞાનનો મહિમા | ૧૪૧ | |
| | (૩) ધર્મનું જ્ઞાન કેવી રીતે થાય? | ૧૪૨ | |
| | (૪) શ્રાવકના મમત્વની મર્યાદા | ૧૪૩ | |
| | (૫) આરાધક અને વિરાધક | ૧૪૪ | |
| | (૬) ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા | ૧૪૫ | |
| | (૭) જીવોને કર્મરજ કેવી રીતે ચોંટે? | ૧૪૬ | |
| | (૮) જીવ ભારે તથા હલકો કેવી રીતે થાય? | ૧૪૬ | |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | પ્રકરણ | | પૃ.નં. |
|---|---|---|---|
| | (૯) કોણ સૂતેલા ભલા અને કોણ જાગતા ભલા? | ૧૪૭ | |
| | (૧૦) નાના અને મોટા શરીરવાળા જીવની સમાનતા | ૧૪૮ | |
| | (૧૧) જીવ શાશ્વત કે અશાશ્વત | ૧૪૯ | |
| | (૧૨) શ્રાવકની હિંસાની મર્યાદા | ૧૪૯ | |
| | (૧૩) લાંબું, ટૂંકું, શુભ, અશુભ આયુષ્ય | ૧૫૦ | |
| | (૧૪) જીવોની સંખ્યામાં ફેરફાર થતો નથી | ૧૫૧ | |
| | (૧૫) માંદાની માવજતનો મહિમા | ૧૫૨ | |
| ૨૬. | દેવશર્માને પ્રતિબોધ | | ૧૫૪ |
| ૨૭. | ભગવાનનું મોક્ષગમન | | ૧૫૬ |
| ૨૮. | ગૌતમની વેદના | | ૧૫૮ |
| ૨૯. | સફળ મનોરથ | | ૧૬૧ |
| ૩૦. | મહાનિર્વાણ | | ૧૬૫ |
| ૩૧. | મંગલમય વિભૂતિ | | ૧૬૭ |
| | પાદનોંધો | | ૧૭૬ |
| | પરિશિષ્ટ–૧ : શ્રી ગૌતમસ્વામી સંબંધી કેટલી કૃતિઓની યાદી | | ૨૦૩ |
| | છપાયેલી કૃતિઓ | ૨૦૩ | |
| | છપાયેલ પુસ્તકો | ૨૦૮ | |
| | નહીં છપાયેલી (હસ્તલિખિત) કૃતિઓ | ૨૦૯ | |
| | પરિશિષ્ટ–૨ : શ્રી દિગંબર જૈન સંઘની માન્યતા પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર | | ૨૧૧ |
| | "ઉત્તરપુરાણ" પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર | ૨૧૨ | |
| | "શ્રી ગૌતમચરિત્ર" પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર | ૨૧૭ | |
| | "ભગવાન મહાવીર" પુસ્તકમાંથી મળતી માહિતી | ૨૧૭ | |
| | છાપકામની ભૂલો | | ૨૧૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુ ગૌતમસ્વામી

卐

વીર વજીર, વડો અણગાર,
ચૌદ હજાર મુનિ શિરદાર;
જપતાં નામ હોય જયકાર,
જયો જયો ગૌતમ ગણધાર.

—મુનિ ચંદ્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન બલ તેજ ને સકલ સુખસંપદા,
ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનીમાં,
સુર નર જેહને શીશ નામે.

—સૌભાગ્યવિજયજી

卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧

# આશાનો આધાર

સૂર્યનો પ્રકાશ જગતને અજવાળે છે.

સંતોની સાધનાનો પ્રકાશ અંતરના અંધકારને દૂર કરે છે.

એમની સાધનાના પગલે પગલે પુણ્ય પાંગરે છે, કલ્યાણની ફૂલવેલ વિસ્તરે છે અને સત્ય, કરુણા અને વાત્સલ્યનાં અમીછાંટણાં નિરંતર થતાં રહે છે.

ફૂલડાં ખીલે છે; જગત એનાં રૂપ, રંગ અને સુગંધને માણે છે.

વૃક્ષો ફળે છે; દુનિયાને શીતળ છાયા અને મીઠાં-મધ ફળોનો લાભ મળે છે.

પણ એ ફૂલછોડ અને એ વૃક્ષો કેવી કેવી યાતનાઓમાંથી પસાર થાય છે, એ જાણવાની ખેવના કોણ કરે છે ભલા?

સંત પુરુષોની સાધના ફૂલ અને વૃક્ષોના જેવી જ સર્વ-સુખકારી હોય છે.

પણ એ સાધના કેટલી ઉત્કટ અને કેટલી કષ્ટદાયક હોય છે, એ તો કોઈક વિરલા જ જાણી શકે છે.

જીવનસાધનાના વ્રતને વરેલા સંતો તપ કરે, જપ કરે, ધ્યાન કરે, મૌન કરે, સ્વાધ્યાય કરે, કષ્ટોને મિત્ર સમાં ગણી ઉમળકાથી આવકારે અને કાયાની માયા વિસારીને દેહની આળપંપાળથી સદા અળગા રહે. દેહને દાપું આપવા તેઓ લૂખો, સૂકો, નીરસ આહાર કરે. અને આવી સાધના કરતાં કરતાં કાયા કાંટાની જેમ સુકાઈને જર્જરિત થઈ જાય તોપણ એની એમને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફિકર નહીં, કે એની સામે કોઈ ફરિયાદ નહીં. દેહનાં કષ્ટને જાણે તેઓ અંતરના અને આત્માના કલ્યાણમિત્રરૂપે કે આનંદરૂપે સામે ચાલીને આવકારે. અંતરની નિર્મળતા એ જ એમનું ધ્યેય. એ કાજે તેઓ પોતાનું જીવન અને સર્વસ્વ હોડમાં મૂકવા સદા તૈયાર જ હોય.

આવી આકરી હોય છે સંતોની સાધના. એ સાધનાનાં ફળ દીન-દુઃખિયાનો વિસામો અને નિરાધારનો આધાર બની રહે છે.

જગતમાં દુઃખ-દર્દ, શોક-સંતાપ અને દીનતા-હતાશાનો કંઈ પાર છે? સંતો એ બધાંયના નિવારણહાર બનીને નોધારાનો આધાર બની જાય છે. ડૂબતો જીવ તરણાનું શરણું શોધે એ જીવવાની આશાએ. આશાની આ ફૂલવેલ કરમાઈ જાય તો જીવતો માનવી મરેલા જેવો બની જાય.

આશા માનવીને અસહ્ય કષ્ટોની સામે ઝૂઝવાની તાકાત આપે છે. આશાપ્રેર્યો માનવી મરણની સામે જીવનને ટકાવી રાખવાની મથામણ કરી શકે છે. આશા અશરણનું શરણ અને અસહાયનો સહારો બનીને એને ભાંગી પડતો બચાવી લે છે.

આશા છે તો બધું છે.

આશા ગઈ તો બધું જ ગયું સમજવું.

એટલા માટે જ તો આશાને અમર કહી છે.

આવી આશા સુભગ, મંગળકારી અને સંજીવની સમી ઉપકારક બની જાય છે.

આશાનું એક બીજું રૂપ પણ છે. એ જેવું લોભામણું છે, એવું જ છેતરામણું.

એ બીજું રૂપ ધરાવતી આશાનો પ્રાણ છે : લોભ, લાલચ અને લોલુપતા. એ જેને વળગે છે એ માનવી દીન, રંક અને નિસ્તેજ બની જાય છે અને, અગ્નિના સ્પર્શથી જેમ બીજ નિઃસાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ જાય છે એમ, આવી ઠગારી આશાનો દાસ બનેલો માનવી પોતાનું બધું સત્ત્વ ગુમાવી બેસે છે.

સંતોએ આવી આશાને હમેશાં જાકારો આપ્યો છે; એનાથી મુક્તિ મેળવવી એ પણ એમની સાધનાનું એક ધ્યેય હોય છે. આવી આશા તો નિરાશા–હતાશા કરતાં પણ વધારે નુકસાન કરનારી અને લાચાર બનાવનારી છે.

સંતોની સાધના તો અમર આશાથી ભરેલી જીવંત સાધના હોય છે. તેથી જ એમને નિરાશા, હતાશા અને ગમગીની સ્પર્શી શકતી નથી. અને એમની સાધનામાંથી જન્મતી સિદ્ધિ સૌ કોઈની આશાનો આધાર બની રહે છે.

આવી જ આશાના મહાન આધારસ્તંભ હતા, અનંતલબ્ધિના સ્વામી ગુરુ ગૌતમસ્વામી. એમના નામનો કેટલો બધો મહિમા છે!

મરતાને જીવન મળે, દુખિયાનું દુઃખ દૂર થાય, રોગ-શોક -સંતાપ શાંત થઈ જાય, ભયમાત્ર નાસી જાય અને સર્વત્ર સુખ-શાંતિ અને આનંદ-મંગળ પ્રવર્તી રહે એવો છે એ ધર્મ-પુરુષનો અને એમના નામસ્મરણનો પ્રભાવ.

એ પ્રભાવ છે તેઓની નિર્મળ, નિઃસ્વાર્થ અને નિષ્કપટ જીવનસાધનાનો તથા પરગજુ પ્રકૃતિનો.

એમની એ સાધના આજે પણ કંઈક જીવો માટે આશ્વાસન, આશા અને આધારરૂપ બનીને એમનામાં બળ, બુદ્ધિ અને તેજ પ્રગટાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨

# અમૃતની પરબ

સંસારમાં સહુ સુખને ઝંખે છે; દુઃખ કોઈને જરાયે ગમતું નથી. અને છતાં જેને સર્વ વાતે સુખ હોય એવો કોઈ જીવ તો શોધતાં પણ ન મળે! અને જગતમાં દુઃખના તો જાણે ઠેર ઠેર ડુંગર ખડકાયા છે: જ્યાં જુઓ ત્યાં નર્યું દુઃખ, દુઃખ અને દુઃખ જ! ક્યારેક સંસાર સુખ-દુઃખની ફૂલગૂંથણી જેવો લાગે; ક્યારેક દુઃખના દાવાનળથી બળબળતો લાગે.

દુનિયામાં જીવન સહુને પ્યારું લાગે છે; મરણ સહુ કોઈને અકારું લાગે છે. છતાં અમરપટો કોઈને મળતો નથી અને મરણના પંજામાંથી કોઈ બચવા પામતું નથી. જન્મેલાનું મૃત્યુ, એ જ કુદરતનો અદલ ઇન્સાફ છે; એમાં ન કોઈ તરફ ભેદભાવ કે ન કોઈ તરફ પક્ષપાત—જાણે જન્મ-મરણના તાણાવાણાથી જ સંસારનો પટ વણાતો રહે છે.

કોઈ પ્રાણી આવે છે, કોઈ જાય છે; અને એ રીતે જગતની અખંડ ઘટમાળ ચાલ્યા જ કરે છે. પ્રાણીના જીવનનાં આદિ અને અંત ભલે હોય, સંસારની વણઝાર તો અનાદિ-અનંત છે: એને ન શરૂઆત છે, ન છેડો છે. એ તો પેલા ખળખળ વહેતા અખંડ ઝરણા જેવી વાત સંભળાવે છે* : "મારા કિનારે માનવી આવે કે જાય, હું તો સદાકાળ વહેતું જ રહેવાનું!"[1]

વળી, સંસારના રંગ પણ વાદળના રંગોની જેમ ચિત્રવિચિત્ર અને છેતરામણા હોય છે. ક્યારેક સંસાર સાકર જેવો મીઠો

---

* બધાં પ્રકરણોની પાદનોંધોના અંકો દરેક પ્રકરણમાં જે તે સ્થાને આપ્યા છે. અને બધી પાદનોંધો મૂળ પુસ્તકને અંતે, પ્રકરણવાર, અંકો પ્રમાણે, આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગે, ક્યારેક ઝેર જેવો કડવો. અને પળવારમાં તો એ સ્વાદ પણ હતો–ન હતો થઈ જાય! અને એ બધાની વચ્ચે સ્થિરપણે ટકી રહે છે, પ્રાણીની જિજીવિષા અને સુખી થવાની તૃષ્ણા.

સંસારીઓની આવી સહજ લાગણીને સમજાવતાં સત્યના શોધક ભગવાન તીર્થંકરે સાચું જ કહ્યું છે: "બધાં પ્રાણીઓને આયુષ્ય પ્રિય લાગે છે, સુખ ગમે છે, દુઃખ અકારું લાગે છે, વધ તરફ અણગમો હોય છે, જીવન પ્યારું લાગે છે, સૌ જીવવા ઇચ્છે છે; બધાયને જીવન તરફ અનુરાગ હોય છે."[૨]

ઇચ્છા તો સહુ કોઈની આવી જ હોય છે: સુખ-સાહ્યબીથી રહેવાની, લાંબું જીવવાની, નીરોગી રહેવાની, દુઃખથી બચવાની, નામના–કીર્તિ મેળવવાની, સંપત્તિના સ્વામી કહેવરાવવાની અને સત્તાના સિંહાસનને શોભાવવાની. આવી આવી ઝંખના કે કામના કોને નથી હોતી ભલા? કોઈને અમુક વસ્તુની કામના સતાવતી હોય છે, કોઈને બીજી ચીજોની ઝંખના ખેંચતી હોય છે, તો કોઈને વળી કોઈ અસાધારણ–અનોખી ચીજ તરફની આસક્તિ હેરાન કરતી હોય છે અને માનવી એને મેળવવા માટે રાત-દિવસ ચિંતા અને મથામણ કરતો જ રહે છે.

અને છતાં આવી કામના કોની, કેટલાની ફળે છે ભલા? આ બધું મેળવવા માટે માનવીની આટઆટલી દોડધામ છતાં, દુનિયામાં દુઃખ-દીનતા, શોક-સંતાપ અને રોગ-મરણના ભયના કેટલા બધા ઓછાયા ફેલાયેલા પડ્યા છે!

ત્યારે શું, આવા બધા ભયોને જીતવાના માનવીના મનોરથો અને પ્રયાસો સાવ એળે જવા જ સરજાયા હશે?

આનો જવાબ સંસારના રસિયા જીવોએ નહીં પણ સંસારસાગરને સામે તીરે પહોંચેલા આત્મસાધકોએ આપ્યો છે; અને એ જવાબ જેવો ઉત્સાહપ્રેરક છે તેવો જ માનવીના ઉજ્જવળ ભાવીની આશાને જન્માવે એવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ આત્મસાધક વીરોએ આત્મવિજયનો મહિમા સમજાવતાં કહ્યું કે "તું તારા પોતાના આત્મા સાથે જ યુદ્ધ કર, બહાર-બીજાઓની સાથે યુદ્ધ કરવાથી તને શું લાભ થવાનો છે? પોતાની જાતે પોતાના આત્મા ઉપર વિજય મેળવીને માનવી સુખને મેળવે છે."[3]

પોતાની જાત ઉપર, પોતાના આત્મા ઉપર, પોતાના કષાયો ઉપર, પોતાની ઇંદ્રિયો ઉપર અને પોતાની ભોગવાસના તથા મનની ચંચળતા ઉપર કાબૂ અને જય મેળવનારા જગતમાં સાચા વિજયી કહેવાય છે. અંતરમાં અને આત્માની ભીતરમાં વસતા આવા દોષો ઉપર જેમણે જય મેળવ્યો તે જિન કહેવાયા.

એ જિન-તીર્થંકરોએ દુઃખ, શોક, સંતાપનો સાગર તરી જવા માટે, અને મરણના રોમાંચકારી ભયને પાર પામવા માટે, તીર્થની સ્થાપના કરી. ભગવાન તીર્થંકરનું એ ધર્મતીર્થ સંસારમાં સુખ-શાંતિના અમૃતની સરવાણીઓ વહાવી રહ્યું. સંતો અને સાધકોએ ઠેર ઠેર એ અમૃતની પરબો બેસાડીને શાંતિની લહાણી કરવા માંડી.

એ અમૃત-સરવાણીઓ હતી સમતાની, અહિંસાની, સંયમની, તપની, સત્યની અને એવી કંઈ કંઈ આંતરિક શક્તિઓ અને સિદ્ધિઓની. આત્મશક્તિઓના વિકાસને સાધવામાં જાણે એ અજબ સંજીવનીની ગરજ સારે છે.

સમતા એ મોક્ષનું છેલ્લું પગથિયું છે. પૂર્ણ સમભાવ એ જ મોક્ષ. ભગવાન કહે છે: "આર્ય મહાપુરુષોએ સમભાવમાં ધર્મ કહ્યો છે."[4] અને "સમતા હોય તો જ સાચા શ્રમણ બની શકાય છે."[5]

સમતા અને અહિંસાની એકરૂપતા સમજાવતાં ભગવાને ઉદ્બોધ્યું છે કે "દુનિયામાં શત્રુ અને મિત્રનો ભેદભાવ ભૂલીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાય જીવો સાથે સમભાવ કેળવવો, એનું નામ જ અહિંસા. આવી અહિંસાને જીવનભર નભાવી જાણવી એ મુશ્કેલ કાર્ય છે."[૬]

અને આ છે અહિંસાનો મહિમા : "બધાંય ધર્મસ્થાનોમાં ભગવાન મહાવીરે અહિંસાને પહેલું સ્થાન આપ્યું છે. બધાં જીવો સાથે સંયમપૂર્વક વર્તન કરવું એમાં ભગવાને તેજસ્વી અહિંસાનાં દર્શન કર્યાં છે."[૭]

આવી અહિંસાનો સાક્ષાત્કાર કરવાનાં સાધનો છે સંયમ અને તપ. તેથી જ સંયમ, તપ અને એ દ્વારા સધાતી અહિંસાની શ્રેષ્ઠતા વર્ણવતાં કહેવામાં આવ્યું છે કે "અહિંસા, સંયમ અને તપમય ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે."[૮]

અને, અહિંસાની સાથે સાથે, સત્યનો પ્રભાવ દર્શાવતાં તીર્થંકર ભગવાન કહે છે: "હે માનવી, તું સત્યને જ સારી રીતે સમજી લે. જે બુદ્ધિશાળી પુરુષ સત્યની આજ્ઞામાં રહે છે, તે મૃત્યુને તરી જાય છે."[૯] "સત્ય તો ભગવાન છે."[૧૦] "સત્ય જ સંસારમાં સારભૂત છે."[૧૧]

આ બધાં અમૃતવચનો જાણે આત્માની અમરતાનું ગાન કરીને આત્મસાધનાની કેડીનું ભાન કરાવી જાય છે.

બાકી તો, દુનિયામાં અમૃત કોણે દીઠું છે? અને છતાં કલ્પનાની પાંખે ઊડનારા કવિઓએ એના ગુણ ગાવામાં ક્યાં કચાશ રાખી છે?

પણ આત્મસાધક ધર્મપુરુષોએ જીવનને અમૃતમય બનાવવાનો એટલે કે મૃત્યુના સીમાડાને વટાવી જવાનો ઉપાય જાતે અજમાવીને જગતને સમજાવ્યો; એ સમજૂતીની લહાણી કરવા ઠેરઠેર ધર્મના અમૃતની પરબો બેસારી; અને સહુ કોઈને માટે એનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. જે માનવી ચાહે તે એ અમૃતનું પાન કરી શકે છે. એવું રસપાન પોતાને ન કરવું હોય તોય માનવી એમ કરવાને મુક્ત છે; એ માટે ન કોઈને દુરાગ્રહ કે ન કોઈનો ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવી બળજબરી. બળજબરી યા દુરાગ્રહ દેખાય કે ધર્મભાવના ત્યાંથી દૂર જ થઈ જાય. આત્માને સ્વતંત્ર બનાવવાના ધ્યેયને વરેલી ધર્મભાવના બીજા ઉપર બળ અજમાવવા જાય કે તરત જ એનું હીર અને સ્વત્વ હણાઈ જાય છે. આટલા માટે તો સમતા–સમભાવ–સમત્વનો મહિમા ઠેરઠેર વર્ણવ્યો છે.[૧૨]

ધર્મના આ અમૃતનું પાન કરનારાં સંતો અને સતીઓ યુગે યુગે આવતાં જ રહે છે. અને કેટલાક આત્માઓ તો, એ અમૃતનું પાન કરવાની સાથે સાથે, પોતાની શ્રેષ્ઠ સાધનાના અમૃતનું દાન કરીને, એ પરબોને વધારે સમૃદ્ધ પણ બનાવતા જાય છે.

આવા જ એક મહાસંત, શ્રેષ્ઠ સાધક અને સિદ્ધ મહાપુરુષ હતા ગુરુ ગૌતમસ્વામી.

શ્રમણ ભગવાન મહાવીરના ધર્મતીર્થના અમૃતનું પાન કરીને તેઓ અજર-અમર બની ગયા; અને એ ધર્મતીર્થને પોતાની આત્મસાધનાના અમૃતનું દાન કરીને જગતના પરમ ઉપકારી બની ગયા.

દીન-દુઃખી જગત આજે પણ એ મહાપુરુષની લબ્ધિ, ઋદ્ધિ અને સિદ્ધિઓનું સ્મરણ કરીને એમનું શરણ શોધે છે. સૌ ભાવિક નરનારીઓ અમૃતના અધિકારી એ પ્રાતઃસ્મરણીય ધર્મપુરુષનું પુણ્યસ્મરણ કરીને એમની સ્તુતિ કરતાં કહે છે :

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, મનવાંછિત દાતાર.[૧૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩

# તે કાળે, તે સમયે

પચીસ સો-છવ્વીસ સો વર્ષ પહેલાંનો એ સમય.

ઇતિહાસની આરસીમાં એ યુગનું કંઈક સ્પષ્ટ, કંઈક અસ્પષ્ટ અને છતાં એકંદર સુરેખ પ્રતિબિંબ જોવા મળે છે. એ પ્રતિબિંબ જેવું આહ્‌લાદકારી છે, એવું જ વિષાદપ્રેરક પણ છે.

ભારતવર્ષ તો ધર્મોની જન્મભૂમિ લેખાય છે. કંઈક ધર્મો એની કુક્ષિએ જનમ્યા અને સંસ્કારિતાના પારણે ઝૂલીને એના ખોળામાં ઊછર્યા. આજેય એ ધર્મોના રાજમાર્ગો અને એની પુણ્ય કેડીઓ માનવીને આત્મશુદ્ધિનો રાહ બતાવીને એને પોતાના જીવનને અજવાળવાની પ્રેરણા આપે છે.

એ ધર્મોએ કેવા ઉદાત્ત વિચારોનો માનવસમાજને વારસો આપ્યો! વૈદિક–બ્રાહ્મણ ધર્મોએ કહ્યું: “ આખી દુનિયા એક કુટુંબ છે.”[૧] “ અહીં આખું વિશ્વ એક માળારૂપ બની જાય છે.”[૨]

જૈન શ્રમણસંસ્કૃતિએ વિશ્વમૈત્રીનો માર્ગ ચીંધતાં કહ્યું: “ દુનિયાના નાના-મોટા બધાય જીવો મારા મિત્ર છે; અને દુશ્મનાવટ તો મારે કોઈની પણ સાથે છે જ નહીં.”[૩] “ સવિ જીવ કરું શાસનરસી, ઈસી ભાવદયા મન ઉલ્લસી.”[૪]

અને શ્રમણસંસ્કૃતિની બીજી શાખા બૌદ્ધધર્મે જગતને સમજાવ્યું: “ જેવો હું છું, એવા જ બધા જીવો છે; અને જેવા બધા જીવો છે, એવો જ હું છું—આ રીતે બધા જીવોને પોતાના જેવા સમજીને ન પોતે કોઈનો વધ કરે કે ન બીજા પાસે વધ કરાવે.”[૫] “ બધા જીવો સુખી, ક્ષેમકુશળ અને સુખમય આત્માવાળા થાઓ.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉદાર વિચારોને આચારમાં ઉતારીને પોતાના જીવનને ઉચ્ચાશયી બનાવવાનો પુરુષાર્થ કરનારાં સાધકો, સંતો અને સતીઓની એક અખંડ પરંપરા છેક જૂના સમયથી આપણે ત્યાં ચાલી આવે છે; અને ધર્મપરંપરાના સંદેશને વહેતો રાખવા પ્રયાસ કરતી રહે છે.

આવા કંઈક નાના-મોટા ધર્મો, પંથો અને ધર્મવાદો તે કાળે વિદ્યમાન હતા, અને માનવીને ઉપાસનાના માર્ગ તરફ દોરી જતા હતા. પણ, સાથે સાથે, આ બધા ધર્મપંથો એકબીજાને નીચા-હલકા સાબિત કરવા માટે હમેશાં જબરી સાઠમારી કરતા અને ક્યારેક તો મોટા સંઘર્ષમાં ઊતરતાં પણ અચકાતા નહીં —જાણે એવો એમનો વ્યવસાય કે સ્વભાવ જ બની ગયો ન હોય! અને એને લીધે, ઘણી વાર તો, વિશ્વમાં અને સમાજમાં ભ્રાતૃભાવ કે મિત્રભાવ વધારવાની ધર્મની પાયાની વાત જ વીસરાઈ જતી હતી! માનવીની પોતાની કમજોરીને કારણે ધર્મ જેવા સર્વકલ્યાણકારી ક્ષેત્રમાં પ્રવેશી ગયેલી આ એક બહુ મોટી કમજોરી છે—એવી મોટી કમજોરી કે એનું નિવારણ કરવાનો સફળ અને વ્યવહારુ ઉપાય શોધવાનું હજી પણ બાકી છે!

પણ આ કમજોરી કે ક્ષતિનેય ટપી જાય એવી વળી એક બીજી મોટી ક્ષતિએ ધર્મક્ષેત્ર ઉપર પોતાનો જબરો કબજો મેળવી લીધો હતો.

આ મહાન ક્ષતિ હતી પવિત્ર ધર્મને નામે ઠેર ઠેર ચાલતાં હિંસક યજ્ઞોની. જે ધર્મની પવિત્ર છાયામાં નાના-મોટા પ્રત્યેક જીવને સદાને માટે શરણ અને અભયદાન મળવું ઘટે, ખુદ એ ધર્મનાં વિધિવિધાનો અને નિયમોને સાચવવાને માટે નિર્દોષ, અબોલ પશુઓનું બલિદાન આપવામાં આવતું; અને એમનાં રુધિર અને માંસથી પોતાનાં ઇષ્ટ અને આરાધ્ય ગણાતાં દેવદેવીઓનું તર્પણ કરવામાં આવતું! અને, જાણે આટલું ઓછું હોય એમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ મૂંગાં નિરપરાધ પશુઓના રુધિર-માંસને ભક્તજનો પણ ઇષ્ટ દેવની પ્રસાદી તરીકે, ધર્મબુદ્ધિથી, વગર સંકોચે, આરોગતા ! અને કેવળ પશુઓ જ શા માટે, ક્યારેક તો ખુદ માનવી પોતે પણ આવા બલિદાનનો ભોગ બનતો. આખા વિશ્વને એક કુટુંબ માનવાનું ઉદ્બોધન કરનાર ધર્મના પાયામાં જ જાણે લૂણો લાગ્યો હતો ! પરિણામે ધર્મનું ખોખું ભલે જળવાઈ રહ્યું હોય, પણ એનું હાર્દ તો હરાઈ જ ગયું હતું.

પણ ધર્મના નામે, હિંસક યજ્ઞો નિમિત્તે, આચરાતી આ ક્રૂરતા એ પણ કંઈ અંતિમ ક્રૂરતા ન હતી; ધર્મના ચિત્ર-વિચિત્ર ખજાનામાં તો મોટા મોટા માનવસમૂહો પ્રત્યે, ઊંચનીચપણાના નકલી ભેદભાવને નામે, આચરાતી આના કરતાં પણ વધુ વ્યાપક અને ઠંડી ક્રૂરતા ભરી હતી.

આ ઠંડી ક્રૂરતા સચવાઈ રહી હતી સમાજના ઊજળા ગણાતા વર્ગો અને વર્ણાશ્રમવ્યવસ્થામાં ઊંચા ગણાતા વર્ણોના, હલકા–નીચા–શૂદ્ર ગણાતા જનસમૂહ પ્રત્યેના તથા સમગ્ર નારી-વર્ગ પ્રત્યેના હીનતાભર્યા વિચારો અને વર્તનમાં. સમગ્ર જન-સમાજના અર્ધા ભાગરૂપ નારી વર્ગ અને સમાજના મોટા ભાગ-રૂપ શૂદ્ર, દલિત-પતિત ગણાતો વર્ગ જાણે માણસ જ ન હોય, એ રીતે એના પ્રત્યેનો વ્યવહાર માણસાઈ વગરનો, નરી પશુતાથી ભરેલો હતો. આવી કારમી દયાહીનતાએ આવા વિશાળ માનવ-વર્ગ માટે જાણે ધરતી ઉપર જ નરક ખડું કરીને એમને પશુઓ કરતાં પણ વધારે ખરાબ જિંદગી જીવવાની ફરજ પાડી હતી !

આવા વિશાળ વર્ગને ધર્મમંદિરના દ્વારેથી જાકારો મળતો; શાસ્ત્રોની ધર્મવાણી સાંભળવાનો પણ એને અધિકાર ન હતો, એટલે પછી ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાની તો વાત જ ક્યાં કરવી ? ધર્મશાસ્ત્રોએ તો આ માટે છડેચોક પ્રતિબંધ જાહેર કરીને કહ્યું હતું કે "સ્ત્રીઓને અને શૂદ્રોને ભણવાનો અધિકાર નથી !"[૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણે વૈદ્યના બારણેથી રોગીને, નદીના તીરેથી મેલા કે તરસ્યા માનવીને કે અન્નક્ષેત્રના આંગણેથી ભૂખ્યાને જાકારો મળતો હતો! અને આવી સાવ બિનકુદરતી સ્થિતિને ખુદ ધર્મના નામે બરદાસ્ત કરી લેવામાં આવતી હતી, એટલું જ નહીં, એમાં ધર્મનું ગૌરવ લેખવામાં આવતું હતું!

યજ્ઞમાં હોમાતાં પશુઓનો તો વધ થતાં છુટકારો થઈ જતો; પણ આવા દીન-હીન-અસ્પૃશ્ય નર-નારીઓના દુઃખનો તો કોઈ છેડો જ દેખાતો ન હતો. સમાજના ઊંચા વર્ગની સેવા માટે જીવતા નરકમાં જીવવાનું અને ફરિયાદનો એક શબ્દ પણ ન ઉચ્ચારવાનું એના ભાગ્યમાં લખાયું હતું—જાણે મરણ જ એને માટે છુટકારાનું સાધન કે વિસામાનું સ્થાન બનવાનું હતું!

તે કાળે, તે સમયે, માનવસમાજનો મોટો ભાગ આવી ઠંડી ક્રૂરતાની ઘંટીમાં પિસાઈ રહ્યો હતો; અપાર, અસહ્ય વેદનાઓમાં પોતાનું જીવન વિતાવતો વિતાવતો પોતાના ઉદ્ધારકની રાહ જોતો હતો; અને એ માટે મૂંગી મૂંગી પ્રાર્થના કરતો હતો. પશુવર્ગના રક્ષણહારની પણ જાણે એ યુગ ઉત્સુકતાથી પ્રતીક્ષા કરતો હતો.

આવો સમ-વિષમ હતો પચીસ સો-છવ્વીસ સો વર્ષ પહેલાંનો એ સમય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪

# ભગવાન મહાવીર

પચીસ સો-છવ્વીસ સો વર્ષ પહેલાં પૂર્વ ભારતનો પ્રદેશ સુખી અને સંસ્કારી પ્રદેશ હતો. એ વખતે એ પ્રદેશમાં સમૃદ્ધિ પણ સારા પ્રમાણમાં હતી; અને ત્યાંની સંસ્કૃતિ પણ ગૌરવ ઉપજે એવી હતી; કારણ કે જુદા જુદા ધર્મપ્રરૂપકો તથા શાસ્ત્રસ્રષ્ટાઓએ લોકજીવનમાં ધર્મસંસ્કારોનું સિંચન સારા પ્રમાણમાં કર્યું હતું. તેમ જ ઘણાં ખરાં ધર્મશાસ્ત્રો પણ આ પ્રદેશમાં જ રચાયાં હતાં.

એ વખતે કેટલાક ભાગોમાં રાજા-મહારાજાઓનું એકછત્રી શાસન ચાલતું, તો કેટલાક ભાગોનો કારોબાર પ્રજાજનો સાથે મળીને ચલાવતા. પ્રજાસત્તાક જેવી આ રાજ્યપદ્ધતિને ગણુસત્તાક કે ગણુતંત્ર રાજ્યપદ્ધતિ કહેતા.

આવું જ એક શક્તિશાળી ગણુસત્તાક રાજ્ય હતું વૈશાલીનું. વૈશાલી જેમ એની રાજ્યવ્યવસ્થા માટે પંકાતું હતું, તેમ એની સમૃદ્ધિની, એના વૈભવની અને એની ભોગવિલાસની વિપુલ સામગ્રીની નામના પણ દૂર દૂર સુધી ગવાતી હતી; એની તો કંઈ કંઈ દંતકથાઓ પ્રચલિત બની હતી.

વૈશાલીના ગણુરાજ્યમાં લિચ્છવી કુળના ક્ષત્રિયોનું શાસન હતું; અને રાજ્યનો કારોબાર 'ગણુ' અથવા 'સંઘ'ના નિર્ણયો મુજબ ચાલતો હતો. ગણુનો દરેક સભ્ય 'રાજા' કહેવાતો. આ બધા સભ્યોમાં તેમ જ લિચ્છવી ક્ષત્રિયોમાં રાજા ચેટક સૌથી શક્તિશાળી અને મુખ્ય હતો. એની આજ્ઞા અને આમન્યા સહુ સ્વીકારતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાલી નગરીનો વિસ્તાર ઘણો હતો : સાચા અર્થમાં એ નગરી વિશાળ હતી. એ નગરીનાં અનેક પરાંઓ હતાં. એનું એક પરું દક્ષિણમાં હતું, તે બ્રાહ્મણકુંડપુર (ગ્રામ) નામે ઓળખાતું. એમાં મોટા ભાગની વસતી બ્રાહ્મણોની હતી. એમના નાયક હતા વિપ્રવર્ય ઋષભદત્ત. એમનાં પત્નીનું નામ હતું દેવાનંદા.

વૈશાલીની ઉત્તરે ક્ષત્રિયકુંડપુર (ગ્રામ) નામે પરું હતું. એમાં મુખ્યત્વે જ્ઞાતૃકુલના ક્ષત્રિઓની વસતી હતી, અને એમના વડા હતા રાજા સિદ્ધાર્થ. રાજા સિદ્ધાર્થનાં લગ્ન રાજા ચેટકની બહેન ત્રિશલાદેવી સાથે થયાં હતાં. તેઓ ભગવાન પાર્શ્વનાથની ધર્મપરંપરાના અનુયાયી હતા.

સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવીને બે પુત્રો અને એક પુત્રી હતાં. પુત્રીનું નામ સુદર્શના; મોટા પુત્રનું નામ નંદિવર્ધન અને નાના પુત્ર તે વર્ધમાન–મહાવીર. વર્ધમાનનો જન્મ વિક્રમ પૂર્વે ૫૪૨ વર્ષે, ચૈત્ર સુદિ તેરસના રોજ, થયો હતો. જન્મથી જ ભયવિજેતા વર્ધમાનકુમારને ભયંકર ભોરીંગ કે દૈત્ય-દાનવ જેવો દેહધારી પણ ડગાવી કે ડરાવી શક્યો ન હતો.

જન્મ-જન્માન્તરનો યોગસાધક આત્મા પોતાની અધૂરી યોગસાધનાને પરિપૂર્ણ કરવા જનમ્યો હોય, એવું ભવ્ય, દિવ્ય પ્રશાંત, નિર્ભય અને અપ્રમત્ત વર્ધમાન કુમારનું જીવન હતું. તપ, ત્યાગ સંયમ, વૈરાગ્ય અને તિતિક્ષાની ભાવના એમના રોમરોમમાં ધબકતી હતી. વિશ્વવત્સલતા, કરુણા અને સમતા એમના વ્યવહારમાંથી નીતરતી રહેતી હતી. રાજ્યસત્તાનો મોહ, ભોગવિલાસની કામના અને સંપત્તિની આસક્તિ એમને સ્પર્શી શકતાં ન હતાં. એમનાં માતા-પિતા ભગવાન પાર્શ્વનાથની ધર્મપરંપરાનાં અનુયાયી હતાં, એટલે શ્રમણધર્મના સંસ્કારો એમને પારણે ઝૂલતાં ઝૂલતાં જ મળ્યા હતા. ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ)ની વિભૂતિ એમને જન્મ સાથે જ મળી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને છતાં મહાવીરમાં ન જ્ઞાનનું ગુમાન હતું, ન ત્યાગ-વૈરાગ્યનો અહંકાર હતો. સંસ્કારીઓને સંસ્કારી બનાવે અને યોગસાધકોને માર્ગ બતાવે એવું ઉજ્જવળ, ઉદાર અને વિશાળ એમનું જીવન હતું.

માતા-પિતાની ભક્તિ, વડીલો અને ગુરુઓનો વિનય, નીડરતા, બંધુપ્રેમ વગેરે ગુણો દાખવીને રાજકુમાર વર્ધમાને સંસારીઓને સુખપૂર્વક જીવવાનો માર્ગ બતાવ્યો હતો. અને યોગમાર્ગની ઉત્કટ સાધના દ્વારા મહાયોગી બનીને તો તેઓ યોગીઓના પણ પ્રેરક અને પૂજ્ય બન્યા હતા.

એમનું અંતર તો નિરંતર ત્યાગમાર્ગનો સ્વીકાર કરવા ઝંખતું હતું, છતાં વર્ધમાને માતા-પિતા હયાત હોય ત્યાં સુધી દીક્ષા નહીં લેવાનો સંકલ્પ કર્યો હતો અને પોતાનાં માતાને સંતોષ આપવા, ઇચ્છા નહીં હોવા છતાં, લગ્ન પણ કર્યાં હતાં. વળી, ૨૮ વર્ષની ઉંમરે માતા-પિતાનો સ્વર્ગવાસ થતાં, દીક્ષા લેવાનો માર્ગ મોકળો થવા છતાં, મોટાભાઈ નંદિવર્ધનની ઇચ્છાથી, તેઓએ ઘરમાં બે વર્ષ વધુ રહેવાનું સ્વીકાર્યું હતું. આ ઉપરથી સમજી શકાય છે કે વર્ધમાન–મહાવીરનું અંતર કેટલું કુમળું હતું, અને બીજાઓની લાગણીઓની તેઓ કેવી કદર કરી શકતા હતા! બાકી તો, તેઓ ઘરમાં રહેવા છતાં, જળકમળ જેવું નિર્લેપ જીવન જીવીને, પોતાની આત્મસાધના કે યોગસાધનાના માર્ગે જ આગળ વધતા હતા—અંતરના યોગીએ જાણે ઘરવાસ અને વનવાસ વચ્ચેનો ભેદ મિટાવી દીધો હતો!

પણ પછી તો, વસંત આવતાં આંબો મોરે એમ, ઘર-સંસારનો ત્યાગ કરીને ત્યાગમાર્ગનો સ્વીકાર કરવાનો સમય પણ પાકી ગયો. ત્રીસ વર્ષની ઉંમરે, પોતાના ધન-વૈભવ-સર્વસ્વનું પોતાના હાથે દાન કરીને, માગશર વદ દશમના પુણ્ય દિવસે, વર્ધમાન–મહાવીરે દીક્ષા લીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓનો આત્મા સ્વયંસંબુદ્ધ હતો; એમને હવે ગુરુની જરૂર ન હતી. યુગ-યુગની યોગસાધનાનો આ પરિપાક હતો; અને જગતના જીવોના અને દીન-દુઃખી-ઉપેક્ષિત માનવજાતના ઉદ્ધારક—તીર્થંકર બનવાનો એમનો ભાગ્યયોગ હતો. પણ એ ભાગ્યયોગ પ્રગટે તે પહેલાં, લાંબા સમય સુધી, રોમાંચક અને પ્રાણાંતક જેવી અગણિત યાતનાઓની આકરી અગ્નિપરીક્ષામાંથી તેઓને પસાર થવાનું હતું.

મહાવીરસ્વામીએ દીક્ષા લીધી અને એમની આ અગ્નિપરીક્ષા શરૂ થઈ. પણ ઘર છોડ્યું તે ક્ષણથી જ તેઓએ કાયાની માયા તજી દીધી હતી અને તપ, ધ્યાન, મૌન, કષ્ટસહન અને એકાંતવાસને પોતાની સાધનાનાં સાધનો, પોતાના સહાયકો કે પોતાના સાચા સાથી બનાવ્યાં હતાં. એટલે આ અગ્નિપરીક્ષા એમના આત્મભાવને જરાય વિચલિત ન કરી શકી; ઊલટું, એ તો એમના આત્માને વધુ ને વધુ વિમળ બનાવવાનું નિમિત્ત બનતી રહી !

ભગવાનનો આ સાધનાકાળ સાડા બાર વર્ષ કરતાં થોડોક ઓછો હતો. આ બધો સમય તેઓ દેવ, દાનવ, માનવ, પશુ-પંખી અને કુદરતે આપેલાં અસહ્ય અને અપાર કષ્ટો—પરીષહોને તો અદીન ભાવે સહન કરતા જ રહ્યા; પણ, પોતાના આત્માને વિશેષ ઉજ્જવળ—વિશુદ્ધ બનાવવા માટે, જાણે આટલાં કષ્ટો ઓછાં હોય એમ, તેઓ સામે ચાલીને કષ્ટોને આવકારતા અને વધુ કષ્ટો આવી પડે એવા પ્રદેશમાં પણ વિચરતા રહ્યા ! અને છતાં મનથી હારી જવાનું કે તપ, ધ્યાન અને મૌનથી લેશ પણ વિચલિત થવાનું નામ નહીં ! ભગવાનની સાધના સદાકાળ મેરુના જેવી નિષ્પ્રકંપ રહી. આટલા સુદીર્ઘ સાધનાકાળમાં ભગવાને, રસવૃત્તિથી સદા દૂર રહીને, કેવળ શરીરને ભાડું આપવા માટે, માત્ર ૩૪૯ દિવસ જ રસ-કસ વગરનો આહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધો હતો*: આ હકીકત ઉપરથી પણ ભગવાન મહાવીરની સાધના કેટલી ઉત્કટ અને આત્મલક્ષી હતી એ સમજી શકાય છે. આ સાધનાનું એક એક સોપાન ભગવાનને પૂર્ણ આત્મસાક્ષાત્કાર અને પૂર્ણ સમભાવની વધુ ને વધુ નજીક દોરી જતું હતું.

કાજળઘેરી અંધારી રાતનો પણ છેવટે તો અંત આવે જ છે ને! ભગવાનની આવી આકરી સાધનાનો સમય પણ એક પુણ્ય ઘડીએ પૂરો થયો. અને, વિક્રમ પૂર્વે ૫૦૦-૪૯૯ વર્ષે, વૈશાખ સુદિ દશમના દિવસે, નમતા પહોરે, ઋજુવાલુકા નદીના કિનારે, ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ઇંદ્રિયો, કષાયો અને કર્મો ઉપર જય મેળવીને મહાવીરસ્વામી જિન, સર્વજ્ઞ, સર્વદર્શી, અર્હંત, પરમાત્મા અને તીર્થંકર બન્યા.

ભગવાન મહાવીરનો આત્મોદ્ધારનો આત્મયોગ (ધ્યાનયોગ અને જ્ઞાનયોગ) પૂરો થયો અને મહાકરુણાપ્રેરિત વિશ્વકલ્યાણનો કર્મયોગ શરૂ થયો.

આ કર્મયોગના, વિશ્વમૈત્રીના અને વિશ્વશાંતિના ભાવયજ્ઞના ભગવાનના પહેલા સાથી બન્યા ઇન્દ્રભૂતિ ગૌતમ અને એમની સાથેના દસ દિગ્ગજ વિદ્વાન બ્રાહ્મણો. ભગવાન મહાવીરના પગલે પગલે ત્યાગધર્મનો સ્વીકાર કરીને એ અગિયારે બ્રાહ્મણશ્રેષ્ઠો શ્રમણશ્રેષ્ઠો બની ગયા અને ભગવાન મહાવીરસ્વામીના તીર્થના મુખ્ય સ્તંભ બની ગયા. વૈશાખ સુદ અગિયારસનો એ ઐતિહાસિક દિવસ ધન્ય બની ગયો.

એ બડભાગી દિવસે શ્રમણ ભગવાન મહાવીરે ત્યાગમાર્ગના સાધક શ્રમણો અને શ્રમણીઓ તેમ જ સંસારમાં રહેવા છતાં ધર્મતીર્થની ઉપાસના કરવા ઇચ્છતાં શ્રાવકો અને શ્રાવિકાઓના બનેલા ચાર પ્રકારના સંઘરૂપ તીર્થની સ્થાપના કરીને માનવ-માત્રને માટે એનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. ભગવાનના ધર્મમંદિરના દ્વારે ન કોઈ ઊંચ હતો કે ન કોઈ નીચ હતો; ન પુરુષ વર્ગને ત્યાં કોઈ વિશેષ અધિકાર હતો કે ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારીવર્ગ ઉપર કોઈ પ્રતિબંધ હતો. ત્યાં તો આત્મસાધના માટે આવતા પ્રત્યેક માનવીને સમાન અધિકાર અને સમાન આવકાર મળતો. 'ગાય વાળે તે ગોવાળ'ની જેમ સારાં કાર્યો કરે તે શ્રેષ્ઠ લેખાતો; હીણાં કર્મો આચરનાર હીણો લેખાતો![3]

ભગવાન મહાવીરનું આ તીર્થપ્રવર્તન એ તો, ખરી રીતે, દલિત-પતિત-દીન-પાપી-અસ્પૃશ્ય લેખાતી ઉપેક્ષિત માનવજાતિની અને નારીજાતિની યાતનામુક્તિ અને મોક્ષપ્રાપ્તિ માટેનું અભિનવ પ્રસ્થાન હતું; માનવીની બંધન-મુક્તિના નવા યુગનું એ નવ-પ્રભાત હતું. અને આ નવપ્રસ્થાનનું પ્રેરક બળ હતું સમતાની સિદ્ધિમાંથી પ્રગટેલી અહિંસા અને મહાકરુણા. અહિંસાના અવતારી ધર્મપુરુષ, ધર્મના નામે કે બીજા કોઈ પણ બહાને, કોઈ પણ માનવી પ્રત્યે આચરાતા અન્યાય, અત્યાચાર કે અધર્મને તેમ જ માનવમાત્રના આત્મવિકાસના જન્મસિદ્ધ અધિકારની આડે મૂકવામાં આવતા અવરોધોને કેવી રીતે બરદાસ્ત કરી શકે? અથવા એની સામે થયા વગર કેવી રીતે રહી શકે? ભગવાન મહાવીરસ્વામીના તીર્થપ્રવર્તન અથવા ધર્મચક્રપ્રવર્તનનો હેતુ અને મહિમા આ જ હતો.

ભગવાને બુલંદ સાદે માનવીને ઉદ્બોધન કર્યું : "આત્મામાં જ પરમાત્મા છુપાયો છે."[4] અને "તમારા સારા-ખોટા ભવિષ્યના ઘડવૈયા તમે પોતે જ છો."[5] ભારે આશાપ્રેરક અને પુરુષાર્થપ્રેરક એ નાદ હતો. એ નાદે માનવીને દેવ-દેવીઓની ગુલામીમાંથી મુક્ત થવાની પ્રેરણા અને શક્તિ આપી.

ભગવાને અહિંસાના સગપણે ધર્મસંદેશ આપ્યો : "જગતના બધાય જીવો મારા મિત્રો છે, અને વેર-દ્વેષ મારે કોઈની સાથે નથી."[6] આ સંદેશામાં વિશ્વમૈત્રી અને વિશ્વશાંતિનું અમૃત છલકાતું હતું.

અને આવો ઉદાત્ત સંદેશ ગુંજતો કરીને ભગવાને, હિંસક યજ્ઞોની સામે માનવજાતને જાગ્રત કરીને, નિર્દોષ પશુઓને અભય-દાન અપાવ્યું અને આત્માને વળગેલા અનેક દોષો અને અવગુણોનો યજ્ઞ-હોમ કરવાની હાકલ કરી.[7] અને એમ કરીને અહિંસાના એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતારી પ્રભુએ વાઘ-બકરીને એક આરે પાણી પીતાં અને ઉંદર-બિલાડીને સાથે બેસતાં કર્યાં. એમની સમીપમાં પશુઓ પોતપોતાનાં જન્મજાત વેરભાવને પણ વીસરી જતાં.[૮]

ભગવાને ધર્મની લહાણી કરવા માટે અને અજ્ઞાન–અભણ જન સુધી ધર્મની વાત પહોંચતી કરવા માટે પોતાની ધર્મ-દેશના તે સમયે પ્રતિષ્ઠિત લેખાતી દેવભાષા (સંસ્કૃતભાષા)ના બદલે સામાન્ય જનસમૂહની ભાષામાં–લોકભાષામાં આપવાની શરૂઆત કરી. ભગવાનના ધર્મતીર્થમાં સામાન્ય જનસમૂહની જેમ સામાન્ય જનની ભાષાને પણ પ્રતિષ્ઠાભર્યું સ્થાન મળ્યું.

વળી, ધર્મો કે પંથોના નામે થતા વાદવિવાદ કે કલહો દ્વારા આચરાતી માનસિક હિંસા અને પોષાતી સત્યવિમુખતાથી માનવીને બચાવી લેવા માટે ભગવાને, દરેક વ્યક્તિની વાત સામી વ્યક્તિની પોતાની દૃષ્ટિથી પણ સમજવાનો પ્રયત્ન કરીને ગુણ-ગ્રાહક અને સત્યશોધક મનોવૃત્તિ કેળવવા માટે, અનેકાંતપદ્ધતિનું દિવ્ય રસાયણ સમજાવ્યું.

અને આ બધાનો આધાર અને આ બધાનું કેન્દ્ર માનવ અને એનું જીવન હોવાથી ભગવાને માનવની સર્વોપરિતા[૯] સ્વીકારીને નારીવર્ગ સહિત માનવમાત્રને પોતાના ધર્મતીર્થમાં આદરભર્યું સમાન સ્થાન આપ્યું; અને એ રીતે પોતાના અહિંસાપ્રધાન ધર્મશાસનનો ઉદ્યોત કર્યો.

સર્વજ્ઞ થયા પછી, પૂરાં ત્રીસ વર્ષ સુધી આવા સર્વ-મંગલકારી ધર્મતીર્થ દ્વારા, વિશ્વોપકાર કરી શ્રમણ ભગવાન મહાવીરસ્વામી, વિક્રમ પૂર્વે ૪૭૧–૪૭૦ વર્ષે, કારતક (ગુજરાતી આસો) વદિ અમાવાસ્યાની પાછલી રાતે, પાવાપુરી નગરીમાં મહાનિર્વાણ પામ્યા.

ઇતિહાસ કહે છે કે, શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની જેમ, ભગવાન તથાગત્ત બુદ્ધ પણ હિંસક યજ્ઞોના નિવારણને, માનવ-સમાજના ઉદ્ધારને અને લોકભાષાના આદરને પોતાના ધર્મચક્ર-પ્રવર્તનમાં આગળપડતું સ્થાન આપ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫

# પંડિત ઇંદ્રભૂતિ

બડભાગી મગધદેશ :
ધર્મો અને ધર્મતીર્થોની સ્થાપના ભૂમિ;
ધર્મનાયકોની અવતારભૂમિ;
ધર્મશાસ્ત્રોની રચનાભૂમિ.

ભગવાન મહાવીરના જન્મ અને નિર્વાણની ભૂમિ.

ધર્મો, ધર્મસ્થાપકો અને ધર્મશાસ્ત્રોના ત્રિવેણીસંગમે એ ધરતીના કણ કણને પાવન બનાવી ધર્મસંસ્કારિતાનો ઇતિહાસ સરજ્યો હતો. એ પુરાણપ્રસિદ્ધ મગધ દેશ એ જ અત્યારનો બિહાર પ્રદેશ.

મગધ દેશનું એક ગામ. ગોબર ગામ એનું નામ.[1] વિદ્યા અને વિદ્વાનોની ખાણ અને વૈદિક–બ્રાહ્મણ ધર્મનું ધામ. જાણે વેદ-વિદ્યાના પારંગતો અને યજ્ઞક્રિયાઓના કર્મકાંડી વિદ્વાનો એ ધરતીના કણમાંથી પાકે.

ત્યાં યજ્ઞકર્મ અને વેદ-વેદાંગના પારંગત એક વિપ્રવર રહે. વસુભૂતિ એમનું નામ. યજ્ઞકર્મ અને વિદ્યાદાન એ જ એમનો વ્યવસાય. એમનાં ધર્મભાર્યાનું નામ પૃથ્વી દેવી. ગૌતમ એમનું ગોત્ર.

પૃથ્વી માતાએ ત્રણ પુત્રરત્નોને જન્મ આપ્યો : ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ. ત્રણે સૂર્ય, ચન્દ્ર અને ઇન્દ્ર સમા તેજસ્વી, શાન્ત અને પ્રભાવશાળી. એકને જુઓ અને એકને ભૂલો એવી એ બંધુત્રિપુટી. વિદ્યા, ધર્મ અને શુચિતાનો જાણે પવિત્ર ત્રિવેણીસંગમ.

વિદ્યાધન એ જ કુટુંબની સંપત્તિ, વિદ્યાદાન એ જ કુટુંબનો વ્યવસાય અને યજ્ઞ–યાગના ધર્મને જાજરમાન રાખવો એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુટુંબનું જીવનવ્રત. વિપ્ર વાયુભૂતિના ત્રણે પુત્રો વેદવિદ્યા અને યજ્ઞકર્મના અભ્યાસી બનીને બધી વિદ્યાઓ અને સમસ્ત યજ્ઞ-ક્રિયાઓના વિશારદ બની ગયા. નાની ઉંમરે જ મગધના દિગ્ગજ વિદ્વાનોમાં એમની ગણના થવા લાગી અને બધા શાસ્ત્રાર્થો, બધી ધર્મક્રિયાઓ અને બધા યજ્ઞોમાં તેઓને આદરભર્યાં આમંત્રણો મળવા લાગ્યાં.

વડલો વડવાઈઓથી શોભે એમ ગુરુઓ સદાય શિષ્યોથી વીંટળાયેલા હોય. પંડિત ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ તો જાણે ચાલતાં-ફરતાં વિદ્યાપીઠ હતાં. મધમાખીઓ મધપુડાનો આશરો પામીને નિરાંતે રહે એમ, સેંકડો વિદ્યાર્થીઓ આ પંડિતશ્રેષ્ઠોના ચરણોમાં રહીને શાંતિથી વિદ્યાનું અધ્યયન કરતા અને બ્રહ્મચર્ય-આશ્રમની સાધના કરતા. પોતાના શિષ્યોને જીવનભર ચાલે એટલા સંસ્કારધન અને વિદ્યાધનનું ઉદારતાથી દાન કરવામાં આ ગુરુઓ જરાય કચાશ ન રાખતા. અને ગુરુજનોના વાત્સલ્યના અમૃતનું પાન કરીને શિષ્યો પણ ઉલ્લાસપૂર્વક વિદ્યાઅધ્યયન અને સંસ્કારઘડતરનો લાભ મેળવતા. જેવા આદર્શ હતા એ ગુરુઓ એવા જ આદર્શ હતા એ શિષ્યો.

પંડિત ઇન્દ્રભૂતિનો જન્મ શ્રમણ ભગવાન મહાવીર-વર્ધમાન પહેલાં આઠ વર્ષે, વિક્રમ સંવત પૂર્વે ૫૫૦માં, થયો હતો. ઇન્દ્રભૂતિ પછી ચાર વર્ષે અગ્નિભૂતિનો અને અગ્નિભૂતિ પછી ચાર વર્ષે, એટલે કે ભગવાન મહાવીરના જન્મના વર્ષમાં જ, વાયુભૂતિનો જન્મ થયો હતો.

પંડિત ઇન્દ્રભૂતિની કાયા વજ્ર જેવી મજબૂત હતી. તેઓનાં હાડકાં વજ્રઋષભનારાચ નામે સંઘયણ (સાંધા)વાળાં હતાં. એમની સાત હાથ ઊંચી પડછંદ કાયાનાં અંગ-પ્રત્યંગો પ્રમાણસર અને સોહામણાં હતાં. શાસ્ત્રમાં એમની મનમોહક આકૃતિને સમચતુરસ્ર સંસ્થાનરૂપે બિરદાવી છે. સમચતુરસ્ર સંસ્થાન એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેનું એકેએક અંગ પ્રમાણસર હોય એવો દેહ. એમનો વાન સોનલવર્ણી–સોનાની રેખા જેવો ઊજળો–અને તેજસ્વી હતો.[૨]

પણ પોતાની આવી સુંદર, સુદૃઢ, નીરોગી કાયાનું એ વિપ્રવરને ન ભાન હતું, ન અભિમાન. કાયા તો એમને મન જીવનસાધનાનું માત્ર એક સાધન જ હતી, એટલે કાયાની માયા એમને ક્યારેય સતાવી ન શકતી. અને એવી જ ઉત્કટ હતી તેઓની અકિંચનવૃત્તિ. ધનની લોલુપતા અને સંપત્તિની આશા-તૃષ્ણાથી તેઓ સદાય અલિપ્ત રહેતા.

હતા તો તેઓ ગૃહસ્થાશ્રમી, પણ સાધુવૃત્તિથી શોભતું, સાદાઈના શ્રેષ્ઠ આદર્શ સમું એમનું જીવન હતું. જીવનની જરૂરિયાતોને તો જાણે તેઓ પિછાનતા જ ન હતા. દેહને દાપું આપવાપૂરતું સાદું અન્ન અને તનને ઢાંકવા પૂરતાં ઓછાં અને સાદાં વસ્ત્ર મળ્યાં તથા વિદ્યાસાધના અને ધર્મસાધનાનો વધારેમાં વધારે અવસર મળ્યો એટલે જગ જીત્યા અને જીવનની ધન્યતા પામ્યા : આવો ઉન્નત આદર્શ હતો પંડિતપ્રવર ઇન્દ્રભૂતિનો. એ આદર્શને જીવન સાથે એકરૂપ બનાવવા તેઓ વિદ્યાતપસ્વી અને જીવનસાધક વીરના જેવું જીવન જીવવાનો સદા પુરુષાર્થ કરતા હતા.

આવા હતા—

—પૂર્વ દિશામાંથી તેજાયમાન સૂર્યનું બિંબ પ્રગટે એમ માતા પૃથ્વીની રત્નકુક્ષિમાંથી અવતાર પામેલ,

—આકાશમાંથી તેજલીસોટો દોરતો ધૂમકેતુ પ્રગટ થાય એમ પિતા વસુભૂતિનો સંસ્કારવારસો લઈને જન્મેલ,

અને

—ખાણમાંથી તેજસ્વી લાખેણો હીરો પ્રગટે એમ, નાના સરખા ગોબર ગામમાંથી અમૂલખ જીવનધન લઈને જન્મ પામેલ—

બ્રાહ્મણશ્રેષ્ઠ પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬

# આઘાત

વૈશાખ સુદિ દસમના દિવસે જૃંભિક ગામમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ્યું. ભગવાનની સાડાબાર વર્ષ જેટલી લાંબી અને આકરી આત્મસાધના તે દિવસે પરિપૂર્ણ થઈ; ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. એમનો આત્મા સર્વ દોષો, સર્વ કર્મો, સર્વ કષાયો અને સર્વ કલેશોથી મુક્ત બની પરમાત્મભાવ અનુભવી રહ્યો. ઘાતી[1] કર્મોની અનાદિની માયાજાળ તે દિવસે સંકેલાઈ ગઈ. ભગવાનનાં[2] અઘાતી કર્મ સંતપ્ત સંસારીઓ માટે ઉપકારક બની ગયાં. અઘાતી કર્મ રહ્યાં ત્યાં સુધી નિર્ગ્રંથ ભગવાન મહાવીર, સિદ્ધ પદથી દૂર રહી, અરિહંતપણે વિચરતા રહ્યા અને સંસારના જીવોને દુઃખ-શોક-સંતાપનાં કારણોને સમજાવીને એના મહાસાગરને તરવાનો ઉપાય દર્શાવતા રહ્યા. ભગવાનનું તીર્થંકરપદ જગતનું તારણહાર બની ગયું.

ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનો મહોત્સવ ઊજવવા સ્વર્ગનાં દેવદેવીઓ ધરતી ઉપર આવ્યાં. આનંદ-ઉલ્લાસથી એમણે એ મહોત્સવ ઊજવ્યો. દિવસ આથમતો હતો અને આભનાં અંધારાં ધરતી ઉપર વિસ્તરવા લાગ્યાં હતાં, પણ જૃંભિક ગામમાં તે દિવસે ચારે કોર ઉદ્યોત ઉદ્યોત પ્રસરી રહ્યો હતો.

દેવોએ પોતાના આચારનું પાલન કર્યું : દેવાધિદેવને માટે મનોહર સમવસરણની રચના કરી. એ સમવસરણમાં આવીને વાઘ-બકરી ભાઈ-બહેનની જેમ પાસે પાસે બેસે; ઉંદર-બિલાડી પોતાનાં જન્મનાં વેર વીસરી જાય છે; સાપ-નોળિયો ભાઈબંધ બની જાય. ત્યાં વેર ઝેર અને દ્વેષ-કલેશનું નામ નહીં. જન્મજન્માંતરનાં વેરઝેર ભુલાઈ જાય એવો અદ્ભુત એનો પ્રભાવ.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધો પ્રભાવ ભગવાન તીર્થંકરે સિદ્ધ કરેલ સમતા, અહીંસા, મહાકરુણા, અવૈરભાવ અને મૈત્રીભાવનો હતો. જ્યાં ભગવાન તીર્થંકર બિરાજતા હોય ત્યાં શાંતિ અને વાત્સલ્યના સમીર જ વાતા હોય.

ઋજુવાલુકા નદીને ઉત્તર કિનારે દેવોએ સમવસરણ રચ્યું. શ્રમણ ભગવાન મહાવીરે એમાં બિરાજીને ધર્મદેશના આપી. અજ્ઞાનનાં પડપોપડાંને ભેદી નાખે અને અંતરમાં અજવાળાં પાથરે એવી દિવ્ય એ દેશના હતી. દેવ-દેવીઓ ભગવાનની અમૃતવાણીને ભાવથી ઝીલી રહ્યાં; પણ ભોગવાસના અને વૈભવવિલાસના કીચડમાં સતત ડૂબેલાં રહેતાં દેવદેવીઓનાં અંતરને એ વાણી ન સ્પર્શી શકી, ન જગાડી શકી. પ્રભુવાણીનો દિવ્ય કૃપાપ્રસાદ મળવા છતાં, કોઈ દેવદેવીએ, નાના પ્રમાણમાં પણ, કોઈ વ્રત, નિયમ કે પચ્ચક્ખાણનો સ્વીકાર ન કર્યો ! તીર્થંકર જેવા તીર્થંકરની ધર્મ-દેશના એ દિવસે અફળ ગઈ. જગતે એક મોટું આશ્ચર્ય દીઠું. પણ જ્યાં દેવ-દેવીઓનું ભાગ્યવિધાન જ સદાકાળ અવ્રતી રહેવાનું હોય ત્યાં તેઓ ભગવાનનો આદેશ ન ઝીલી શકે એમાં એમનો પણ શો દોષ?[૪] જેવો નિયતિ–ભવિતવ્યતાનો નિયમ.

ભગવાન મહાવીરની પહેલી ધર્મદેશના અફળ ગઈ, એનું કારણ એ વખતે ત્યાં કાળા માથાનો એક પણ માનવી હાજર ન હતો એ હતું. સ્વર્ગલોક અને એમાં વસનારાં દેવ-દેવીઓ સંપત્તિ, સાહ્યબી અને ભોગસામગ્રીમાં ભલે ધરતીના માનવીથી ચડિયાતાં હોય, પણ આત્મતત્ત્વનું દર્શન કરીને એનો વિકાસ કરવાનું સામર્થ્ય તો એકમાત્ર માનવદેહધારીમાં જ પ્રગટે છે. સિંહણનું દૂધ તો સુવર્ણપાત્ર જ ઝીલી શકે, એવી આ વાત છે. એટલા માટે તો માનવદેહને સર્વ દેહોમાં શ્રેષ્ઠ લેખવામાં આવ્યો છે.[૫] પહેલી ધર્મસભા માનવી વગરની થઈ એટલે ભગવાને તીર્થનું પ્રવર્તન-સ્થાપન કરવાનું બાકી રાખ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિકાળજ્ઞાની ભગવાન તો આશા-નિરાશાથી પર હતા, અને સંસારના ભાવી ભાવને અને તીર્થપ્રવર્તનની પુણ્ય ઘડીને, હાથમાં રહેલા દડાની જેમ, સારી રીતે સમજી શકતા હતા.

ભગવાને જોયું કે બીજે જ દિવસે ધર્મતીર્થને અપૂર્વ લાભ થવાનો છે. અને ભગવાન રાતોરાત વિહાર કરી બીજે દિવસે અપાપા નગરીના મહાસેન વનમાં પધાર્યા.

એ જ કાળ, એ જ સમય અને એ જ સ્થાનની વાત છે.

અપાપા નગરીમાં સોમિલ નામે એક ધનાઢચ બ્રાહ્મણ રહે. એણે મોટો યજ્ઞ આદર્યો હતો; અને એ માટે મોટા મોટા નામાંકિત કર્મકાંડી અગિયાર બ્રાહ્મણ વિદ્વાનોને નોતર્યા હતા. એ અગિયારમાં પહેલા ત્રણ તો વસુભૂતિના ત્રણ પુત્રો ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ હતા. અગિયારે પંડિતો ક્રિયાકાંડ અને મંત્રાક્ષરોમાં એવા નિપૂણ ગણાતા કે એમના બોલાવ્યા દેવોને પણ હાજર થવું પડતું : આવી તો એમની ખ્યાતિ હતી.

અપાપા નગરીમાં આજે ચોમેર ધમાલ મચી ગઈ હતી. એક બાજુ હજારો લોકો વિપ્રદેવ સોમિલે આદરેલ યજ્ઞનાં દર્શને જઈ રહ્યા હતા, તો બીજી તરફ અસંખ્ય માનવીઓ ભગવાન મહાવીરની ધર્મપરિષદા તરફ જઈ રહ્યા હતા. યજ્ઞમાં હોમવા માટે ભેગાં કરેલાં નિર્દોષ પશુઓનો આર્તનાદ પણ હવાને જાણે ભારે બનાવતો હતો. આખી નગરી જાણે હિલોળે ચડી હતી.

આટલું ઓછું હોય એમ, જોતજોતામાં, નગરીનું આકાશ દેવવિમાનોથી છવાઈ ગયું. લોકોના કુતૂહલને કોઈ અવધિ ન રહી. લોકો તો ઉત્સુક બનીને આકાશની સામે મીટ માંડી જ રહ્યાં : કેવા કેવા દેવો, કેવાં કેવાં દિવ્ય વિમાનોમાં બેસીને, આવી રહ્યા હતા—જાણે કોઈ ચક્રવર્તીના સ્વાગત માટે રાજા-મહારાજાઓ અને પ્રધાનો-શ્રેષ્ઠીઓ ઉત્તમ વસ્ત્રો-આભૂષણો સજીને પોતાના આવાસોની બહાર આવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્વર્ગના વસનારા દેવો કોના સ્વાગત માટે ધરતી ઉપર ઊતર્યા હશે ભલા? — લોકો જાતજાતના તર્કો કરી રહ્યા.

કોઈ કે કહ્યું : જ્યાં આવડો મોટો યજ્ઞ થતો હોય અને જ્યાં યજ્ઞકર્મ માટે મંત્રોના જાણકાર મોટા મોટા પંડિત પુરુષો બિરાજ્યા હોય, ત્યાં દેવો હાજરાહજૂર થાય એમાં શી નવાઈ? આ બધા દેવો તો વિપ્રદેવ સોમિલના યજ્ઞમાં હાજરી આપવા આવી રહ્યા છે. ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે પંડિતો પણ દેવોના આગમનથી પળવાર ગર્વ અનુભવી રહ્યા : કેવો પ્રભાવશાળી છે અમારો આ યજ્ઞ!

પણ એમનો ગર્વ અને આનંદ વધુ વખત ટકી ન શક્યો. સૂર્યનો તાપ લાગતાં જ ઝાકળનાં બિંદુઓ ઊડી જાય એમ એમનો હર્ષ પળવારમાં જ વિલાઈ ગયો. જોતજોતામાં એ દેવવિમાનો યજ્ઞભૂમિના આંગણામાં ઊતરવાને બદલે નગરની બીજી દિશા તરફ વળી ગયાં!

યજ્ઞ કરાવનાર સોમિલદેવ અને યજ્ઞકર્મ કરનાર પંડિત ઇંદ્રભૂતિ વગેરે વિમાસી રહ્યા : આ શું? શું દેવો આ યજ્ઞથી રીઝવાને બદલે રિસાઈને અન્યત્ર ચાલ્યા ગયા?

અને તરત જ કોઈ જાણકારે ખુલાસો કર્યો : "નગરીની બીજી દિશામાં, મહાસેન વનમાં, આજે નિર્ગ્રંથ ભગવાન મહાવીર–વર્ધમાન પધાર્યા છે. એ શ્રમણશ્રેષ્ઠ ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી એટલે કે ત્રણે લોક અને ત્રણે કાળના જાણકાર છે, અને રમત-વાતમાં જન્મજન્માંતરના ભેદો કહી આપે છે. મહાસેન વનમાં અત્યારે એમની ધર્મસભા રચાઈ છે, અને આ બધા દેવો એ ધર્મસભામાં જઈ રહ્યા છે."

વાત સાંભળીને પંડિત ઇંદ્રભૂતિ વિચલિત બની ગયા. એમના હૃદયને મોટો આઘાત લાગ્યો. એમણે હુંકાર કર્યો : મારા જેવો સર્વ શાસ્ત્રનો જ્ઞાતા અને સર્વવિદ્યાવિશારદ મહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત બેઠો હોવા છતાં સર્વજ્ઞપણાનો ઢોંગ કરનાર આ વળી કોણ પાખંડી જાગ્યો છે, અને લોકોને ઠગે છે! એમને એમ પણ થયું કે અમારા જેવા વિદ્વાનો બેઠા હોય અને લોકોને સત્ય સમજાવીને આવી અધોગતિમાંથી એ ઉગારી ન શકે તો એ વિદ્યાનો ઉપયોગ જ શો રહ્યો? લોકકલ્યાણ એ તો અમારું જીવનવ્રત ગણાય; એ માટે પણ અમારે આવા ઠગારાઓ સામે લોકોને ચેતવવા જોઈએ. અને અમારા માટે તો આ કામ બાળક્રીડા જેવું સાવ સહેલું છે. હમણાં જ એના સર્વજ્ઞપણાનું ગુમાન ઉતારીને એના પાખંડને ઉઘાડો ન પાડું તો હું પંડિત કેવો!

ઇન્દ્રભૂતિનો દેખાવ તો હુંકાર–પડકારનો હતો, પણ એમનું અંતર કંઈક અધીરતા અને બેચેનીનો આઘાત અનુભવી રહ્યું: ક્યારે મહાવીર પાસે પહોંચું અને ક્યારે એમની સાથે વાદ કરીને એમને પરાજિત કરું!

અને યજ્ઞકર્મ એના ઠેકાણે રહ્યું અને પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમ, પોતાના પાંચસો શિષ્યો સાથે, શ્રમણ ભગવાન મહાવીરની ધર્મસભા તરફ ચાલી નીકળ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭

## સત્યનો જય

શ્રમણ મહાવીર સર્વજ્ઞ? ન ભૂતો, ન ભવિષ્યતિ! મારા જેઠા બીજો માનવી સર્વજ્ઞ હોય એ બને જ કેમ? —પંડિત ઇંદ્રભૂતિનું અંતર એક જ મ્યાનમાં બે તલવારની બેચેની અનુભવી રહ્યું.

પણ જાણે એમના ચિત્તે જ એમને અંદરથી સમાધાન આપ્યું: પાણીના પરપોટાને ફૂટતાં અને વાદળના છેતરામણા રંગોને ફિટાઈ જતાં કેટલી વાર! જરા મહાવીર મારો સામનો તો કરી જુએ! ન જોયો હોય મોટો સર્વજ્ઞ!

અને છતાં એ સમાધાન પંડિત ઇન્દ્રભૂતિની અકળામણને ઓછી ન કરી શક્યું. અજબ, અકળ, અકથ્ય હતી એ અકળામણ —જાણે કોઈ વિચિત્ર ભાવીના પડછાયા એ અકળામણમાં ડોકિયું કરી જતા હતા. અને હવે તો ઇન્દ્રભૂતિની અધીરાઈની હદ આવી ગઈ. એમને થયું, ક્યારે વાદ-વિવાદના સ્થાને પહોંચી જઉં અને ક્યારે મહાવીરનો પરાજય કરી મારી વિદ્યાનો જયજયકાર કરું! હવે તો એમને માટે એક એક પળનો વિલંબ આજે અસહ્ય બની રહ્યો હતો. આજે જાણે આ વિપ્રવરને પોતાની નામના, પ્રતિષ્ઠા અને વિદ્વત્તા હોડમાં મુકાઈ ગયેલી લાગી! ગૌરવ વગરની જિંદગી શા કામની?

પોતાનું કામ ઝડપથી પૂરું કરવાની અધીરાઈ ઇન્દ્રભૂતિને એવી તો સતાવી રહી કે મહાવીર પાસે પહોંચવાની ટૂંકી ધરતી એમને વધુ પડતી લાંબી ભાસવા લાગી અને પોતાની વેગીલી ગતિ ધીમી દેખાવા લાગી: કોઈ રીતે આ વિજયયાત્રાનો અંત આવે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પગની ગતિની સાથે ઇન્દ્રભૂતિના મનની ગતિ પણ જાણે વધી ગઈ હતી. જેના વિચારોને તેઓ દૂર રાખવા માગતા હતા, એ મહાવીર અને એમના સર્વજ્ઞપણાના વિચારો જ જાણે એમના મનનો કબજો લઈ બેઠા હતા ! એમને થયું, આ વળી નવો સર્વજ્ઞ કોણ ઊભો છે ? હું ક્યાં કોઈ પણ માનવીથી જ્ઞાનમાં ઓછો ઊતરું એવો છું ! ઇન્દ્રભૂતિની ઉત્સુકતા–ઉત્તેજના પળે પળે વધતી જતી હતી.

અને એ ઉત્સુકતાના અંતની મંગલ ઘડી પણ આવી પહોંચી : તેઓ ત્રિકાલજ્ઞાની ભગવાન મહાવીરની સમીપ પહોંચી ગયા. જોયું તો સમતાના અવતાર મહાયોગી મહાવીર સામે જ બિરાજ્યા છે. એમની ચોમેર શાંતિનું સામ્રાજ્ય પથરાઈ રહ્યું છે. વાતાવરણમાં અહિંસા, કરુણા અને વિશ્વવાત્સલ્યની ભાવના લહેરાઈ રહી છે. ભગવાનના અતિશયો જોઈને ઇંદ્રભૂતિ પળવાર અહોભાવ અનુભવી રહ્યા : કેવું પ્રશાંત રૂપ, કેવો આત્મવૈભવ અને કેવું દિવ્ય તેજ !

પણ તરત જ ઇંદ્રભૂતિ સાવધાન થઈ ગયા. એમને પોતાની જાત ઉપર જ સહેજ હસવું આવી ગયું : આવી ઇંદ્રજાળ જેવી માયાજાળથી હું અંજાઈ ગયો ! અને વળી પાછા એક હરીફના રૂપમાં તેઓ મહાવીરની સામે ખડા થઈ ગયા !

ઉત્સુકતાની છેલ્લી પળ ભારે ભારબોજવાળી હતી : આજે જિંદગીનો આ છેલ્લો દાવ છે : કાં જીત, કાં હાર ! પણ અરે, ઇંદ્રભૂતિ હારે એ બને જ નહીં ! હારે એ બીજા !

પણ મહાવીર પોતે તો ન કોઈના હરીફ છે, ન કોઈને પોતાના હરીફ માને છે; અને બીજાનો પરાભવ કરીને કોઈને દૂભવવો એ તો એમના ધર્મસિદ્ધાંતની વિરુદ્ધ છે. જ્યાં કીડીથી કુંજર સુધીના વિશ્વભરના નાના-મોટા બધા ય જીવોને પોતાના મિત્ર માનવામાં આવતા હોય, ત્યાં કોણ પોતાનો અને કોણ પરાયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે કોણ પોતાનો રાગી અને કોણ પોતાનો દ્વેષી? અથવા કોને પરાજય આપવો અને કોને વિજય અપાવવો? ગુણનો સ્વીકાર અને અવગુણને જાકારો એ જ ધર્મનો માર્ગ. અને ગુણ-અવગુણને માપવાનો એકમાત્ર ગજ તે સત્ય. સત્યનો પ્રદીપ જે માર્ગને અજવાળે એ જ ધર્મમાર્ગ. અને સત્યનો જય એ જ સાચો જય, એ જ ધર્મનો જય. એટલે ઇંદ્રભૂતિ ગૌતમની બેચેની કે અધીરાઈ મહાવીરને જરાય સ્પર્શી ન શકી. પણ વિશ્વના મનોભાવ જાણનાર ભગવાન ઇંદ્રભૂતિના મનોભાવ પામી ગયા હતા; અને ધર્મતીર્થની સ્થાપના કરીને, એ તીર્થને આવા સમર્થ, પવિત્ર અને સત્યનિષ્ઠ પંડિતોનો લાભ મળે, એટલા માટે તો ભગવાન જૃંભિક ગામથી રાતોરાત વિહાર કરીને અપાપા નગરીમાં પધાર્યા હતા. ભવિતવ્યતા પણ સાનુકૂળ હતી.

હવે તો ઇન્દ્રભૂતિ આવીને સામેસામ જ ખડા હતા.

ભગવાને વાત્સલ્યનીતરતી વાણીમાં ઇન્દ્રભૂતિ ગૌતમને ભાવથી આવકાર આપતાં કહ્યું, “ઇંદ્રભૂતિ ગૌતમ! પધારો! તમારું સ્વાગત હો!”[૧]

એ વાણીમાં ન જય-પરાજયની ભાવનાનો ટંકાર હતો કે ન તો પ્રતિસ્પર્ધીના પડકારની કઠોરતા હતી. એમાં તો શિરછત્ર સમા વડીલની વત્સલતાનું અમૃતપાન કરાવતી સરળતા, મધુરતા અને ઋજુતા ઊભરાતી હતી. શબ્દો તો બહુ જ ઓછા હતા, પણ સામાને પોતાનો બનાવી દે એવી કામણગારી ધર્મમમતા એમાંથી વરસતી હતી.

ક્ષણવાર ઇન્દ્રભૂતિ એ વાણીનો પ્રભાવ અનુભવી રહ્યા. ભગવાનના મુખે ઉચ્ચારાયેલું પોતાનું નામ સાંભળીને પળવાર તો એમને વિસ્મય થયું : આમણે તો મને મારા નામથી બોલાવીને આવકાર આપ્યો! ત્યારે શું, સાચે જ એ બધી વાતોના જાણનાર— સર્વજ્ઞ હશે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ બીજી જ પળે એમનો અહં વાળી પાછો બોલી ઊઠ્યો : ના, ના! હું બેઠા બીજો સર્વજ્ઞ કોણ હોઈ શકે ? મારા જેવા વિખ્યાત પંડિતનું નામ અને ગોત્ર કોણ નહીં જાણતું હોય ભલા ? મારા નામથી મને એમણે બોલાવ્યો એમાં શી નવાઈ? એમને ખરા જ્ઞાની તો હું ત્યારે જ માનું કે જ્યારે તેઓ મારા મનની શંકાને પામી જઈને, પોતાના જ્ઞાનના બળે, એનું સમાધાન કરી આપે.

જાણે આ મહાન પંડિત પુરુષના જીવનપલટાનો સમય પાકી ગયો હોય એમ ભગવાન મહાવીરે એ જ ક્ષણે કહ્યું :. "ઇન્દ્રભૂતિ ગૌતમ! જીવ છે કે નહીં, એ શંકા તમારા હૃદયને સતાવી રહી છે, ખરું ને ?"[૨]

ઇંદ્રભૂતિના અહંને છેલ્લી ઠેસ વાગી. એમના અંતરમાં આનંદની તેજરેખા ચમકી ઊઠી. એમને થયું, કેવી સાચી વાત કહી રહ્યા છે સામે બેઠેલા જ્ઞાની મહાપુરુષ ! ઇંદ્રભૂતિને સંસારમાં જીવ નામનું તત્ત્વ છે કે કેમ, એ શંકા વર્ષોથી સતાવતી હતી, અને આટઆટલાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ હોવા છતાં એમાંથી એ શંકાનું કોઈ સમાધાન મળતું ન હતું ! અને આવો મોટો પંડિત પોતાની શંકાનું નિરાકરણ મેળવવા બીજા પંડિત પાસે સામે ચાલીને જાય એ તો બને જ કેમ ? એમાં એની પંડિતાઈની શી શોભા? અને છતાં શંકાનો એ કીડો અંતરતમ અંતરના એકાદ ખૂણામાં માળો ઘાલીને પડ્યો રહેતો અને પંડિત ઇંદ્રભૂતિને સતાવ્યા કરતો. ન આપમેળે સહેવાય કે ન કોઈની આગળ કહેવાય, એવી વિચિત્ર વાત બની ગઈ હતી.

ભગવાન મહાવીરે, પોતાના નિર્મળ જ્ઞાનના બળે, આજે એ જ વાત કહી બતાવી હતી. અને ભગવાનની એ વાત સાંભળીને ઇંદ્રભૂતિ ગૌતમના મનનું ઢાંકણ ખૂલી ગયું, અને તેઓ એક પ્રકારની નિરાંત અનુભવી રહ્યા અને પોતે એક સર્વજ્ઞને શાસ્ત્રાર્થમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરાજિત કરીને પોતાની વિદ્યાની અને વિદ્વત્તાની સરસાઈ સ્થાપિત કરવા આવ્યા છે એ વાત પણ વીસરી ગયા.

ઇંદ્રભૂતિએ કહ્યું : "મહાવીર, ઘણાં ઘણાં શાસ્ત્રો જોયાં અને ઘણું ઘણું મનોમંથન કર્યું, પણ આત્મા નામનું સ્વતંત્ર અને શાશ્વત તત્ત્વ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતું હોય એમ હું નક્કી કરી શકતો નથી. આપનું કહેવું યથાર્થ છે : જીવના અસ્તિત્વ વિષે મારું મન શંકાશીલ છે."

ભગવાને લાગણીપૂર્વક કહ્યું : "મહાનુભાવ, જીવ નામનું તત્ત્વ છે અને એ સ્વતંત્ર અને શાશ્વત છે, એમાં લવલેશ શંકા કરવાની જરૂર નથી. અનેક રીતે એ પુરવાર થઈ શકે એમ છે. જો તમે ઊંડા ઊતરી વિચારો તો તમારું પોતાનું શાસ્ત્ર અને એનું તમારું પોતાનું જ્ઞાન જ તમને એનું અસ્તિત્વ સમજવામાં સહાયક બની શકે એમ છે."

ઇન્દ્રભૂતિ ભગવાનના કથનને ઉત્સુકતાપૂર્વક સાંભળી રહ્યા. આજે તેઓને કોઈ અવનવી વાત સાંભળવા મળી હતી.

જાણે કોઈ સ્વજનને સત્ય સમજાવતા હોય એમ ભગવાને આત્મીય ભાવે એમની શંકાનું નિરાકરણ કરતાં કહ્યું : "ગૌતમ ! એક શાસ્ત્રવાક્યનો અર્થ તમે એમ કરો છો કે 'વિજ્ઞાનઘન એટલે જ્ઞાન-વિજ્ઞાનમય લાગતું તત્ત્વ પાંચ ભૂતમાંથી પ્રગટે છે અને એ પાંચ ભૂતોના વિલીન થવાની સાથે નાશ પામે છે; અને પરલોક જેવું કશું નથી.' પણ મહાનુભાવ, તમે કરો છો એ તો એ શાસ્ત્ર-વાક્યનો શાબ્દિક અને બાહ્ય કે ઉપરછલ્લો અર્થ થયો; પણ જો તમે એ શબ્દોમાંથી ભાવાર્થ કે તાત્ત્વિક યા પારમાર્થિક અર્થ તારવવાનો–સમજવાનો પ્રયત્ન કરશો તો એ જ વાક્ય તમને આત્મતત્ત્વના અસ્તિત્ત્વની ખાતરી કરાવી આપશે."[3]

ઇન્દ્રભૂતિ વધુ ગંભીર બની ગયા. આજે આ કંઈક નવી જ વાત જાણવા-સાંભળવા મળતી હતી. એમણે બાળક સહજ સરળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાથી પૂછ્યું : "ભગવાન, એ વાકયનો તાત્ત્વિક અર્થ શો થાય ? મને એ સમજાવો."

ભગવાને કહ્યું : "એ વાકયનો તાત્ત્વિક અર્થ આ પ્રમાણે સમજવો : 'પળે પળે જ્ઞાનના પર્યાયો બદલાયા કરે છે; અને એ જ્ઞાનમય પર્યાયો પૃથ્વી, પાણી વગેરે પંચભૂતમાંથી જન્મે છે, એટલે કે પૃથ્વી આદિ પંચભૂત એ જ્ઞાનના વિષયો (જાણવા જેવા –જ્ઞેય પદાર્થો) છે, નહીં કે જ્ઞાનનું ઉપાદાન (પાયારૂપ મુખ્ય) કારણ. તેથી એ જ્ઞેય પદાર્થો દૂર થતાં એનો જ્ઞાનપર્યાય પણ નષ્ટ થઈ જાય છે, અને નવો જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે.' ગૌતમ ! આ વાકયનો આ જ ભાવ છે અને એ આત્માનો ઇનકાર કરવાને બદલે એના અસ્તિત્વનું સમર્થન કરે છે. આમાં આત્માનો નિષેધ કરવાની તો કોઈ વાત જ નથી. જ્ઞાનના પર્યાયો પળે પળે પલટાતા હોવા છતાં એ પલટાને ઝીલતો આત્મા એ તો એક શાશ્વત–અવિનાશી તત્ત્વ જ બની રહે."

પંડિત ઇન્દ્રભૂતિનું ચિત્ત સત્યની ઝાંખી થવાનો આહ્‌લાદ અનુભવી રહ્યું. ચાતક મેઘને ઝીલે એમ તેઓ ભગવાનની વાણીને અંતરમાં ઝીલી રહ્યા. હવે તો તેઓ મનના બધા પૂર્વગ્રહોને તજીને પોતાની જિજ્ઞાસાને તૃપ્ત કરવા તલસી રહ્યા.

એમણે ભગવાનને ભાવપૂર્વક પૂછ્યું : "પણ ભગવાન, દેહની સાથે જ આત્માનો વિનાશ થતો નથી અને મરણ પછી પણ આત્મા ટકી રહે છે, એની ખાતરી કેવી રીતે, કયા પ્રમાણથી કરી શકાય ?"

ભગવાને સૌમ્ય ભાવે વાતનો મર્મ સમજાવતાં કહ્યું : "પંડિત ઇન્દ્રભૂતિ ! જેમ 'મારો પુત્ર' એમ કહેતાં પિતા અને પુત્ર એમ બે જુદી જુદી વ્યક્તિઓનું અસ્તિત્વ પુરવાર થાય છે, તે જ રીતે 'મારું શરીર' એમ કહેતાં શરીર અને શરીરધારી એમ બે પદાર્થો સ્વયમેવ સિદ્ધ થઈ જાય છે. વળી, 'આ મેં કર્યું,' 'હું આ

3

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરું છું', 'આ મારું છે' વગેરે વાક્યપ્રયોગો પણ કોઈક અદૃશ્ય તત્ત્વનું દેહથી ભિન્નપણું જ સૂચવે છે. આ તત્ત્વ તે જ આત્મા. આમ આપણી સામેના પ્રત્યક્ષ પુરાવા આત્માના અસ્તિત્વની ખાતરી કરાવી જાય છે."

પંડિત ઇંદ્રભૂતિ વધુ એકાગ્ર બનીને સાંભળી રહ્યા.

ભગવાને કહ્યું : "વળી, ગુણો ગુણીને છોડીને નિરાધાર રહી ન શકતા હોવાને લીધે ગુણો ગુણીના અસ્તિત્વનું અનુમાન કરવામાં સુનિશ્ચિત પ્રમાણની ગરજ સારે છે. અને આત્મતત્ત્વમાં રહેલા ગુણોનો તો જીવન દરમ્યાન સૌને અનુભવ થાય જ છે. એટલે ગુણોના પ્રત્યક્ષ દર્શનને લીધે એના આધારરૂપ આત્માના અસ્તિત્વનું અનુમાન બહુ સહેલાઈથી થઈ શકે છે."

ઇંદ્રભૂતિએ ઉલ્લાસથી કહ્યું : "ભગવાન ! હવે શાશ્વત આત્મતત્ત્વના અસ્તિત્વના સમર્થનમાં થોડાંક આગમનાં પ્રમાણો પણ સમજાવો."

ભગવાને પોતાની સમન્વયસાધક વૃત્તિનો પરિચય આપતાં કહ્યું : "ગૌતમ ! બીજાં ધર્મશાસ્ત્રોની વાત તો દૂર રહી, ખુદ તમારાં પોતાનાં ધર્મશાસ્ત્રો જ આત્માના અસ્તિત્વનાં એટલે કે એના અમરપણાનાં દર્શન કરાવે છે. તમારાં શાસ્ત્રોમાં કહ્યું છે કે 'જેને સ્વર્ગ મેળવવાની કામના હોય એણે અગ્નિહોત્ર નામે યજ્ઞ કરવો;' 'શરીરધારીને પ્રિય તથા અપ્રિયનો વિયોગ હોતો નથી, અને શરીર વગરનાને પ્રિય કે અપ્રિય એટલે કે સુખ અને દુઃખ સ્પર્શી શકતાં નથી;' વળી કહ્યું છે કે 'જ્ઞાનમય, ભોગ ભોગવનાર, નિર્ગુણ અને કતૃત્વરહિત આત્માનું અસ્તિત્વ છે.'[૪] જો મરણની સાથે જ જીવન (એટલે કે આત્મતત્ત્વ) સમાપ્ત થઈ જતું હોય તો અગ્નિહોત્ર કરીને એના ફળરૂપ સ્વર્ગ કોણ ભોગવવાનું ? શરીરને પ્રિય-અપ્રિયનો સંયોગ અને અશરીરને એનો વિયોગ, એ પણ કોઈક વિશિષ્ટ તત્ત્વના અસ્તિત્વનું જ સૂચન કરે છે, જેને આત્મતત્ત્વ, જીવતત્ત્વ કે ચેતનતત્ત્વ એવું ગમે તે નામ આપી શકાય. અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજું વાક્ય તો આત્મતત્ત્વના અસ્તિત્વની જ સાક્ષી પૂરે છે. આવાં તો અનેક શાસ્ત્રવાક્યો અમર આત્મતત્ત્વને પુરવાર કરી શકે એમ છે."

ગૌતમના મનનો મોર નાચી ઊઠયો.

ભગવાને વાત પૂરી કરતાં કહ્યું : " પંડિત ઇન્દ્રભૂતિ! આ રીતે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણે પ્રમાણથી શાશ્વત આત્મતત્ત્વની સિદ્ધિ થઈ શકે છે. વળી, માનવીનો સ્વાનુભવ અને એનું પોતાની જાતનું અવલોકન તો આ બાબતમાં વધારે પ્રતીતિકર પુરાવારૂપ બની રહે છે. માટે અમર આત્મતત્ત્વના અસ્તિત્વ વિષેનો તમારો સંદેહ દૂર કરો અને એ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવા ઉદ્યત થાઓ!"

ગૌતમે કૃતજ્ઞતાનો ભાવ દર્શાવતાં કહ્યું : " ભગવાન, આપનું કહેવું યથાર્થ છે. આપ સાચા જ્ઞાની, મહાજ્ઞાની, સર્વજ્ઞ છો. આપની કૃપાથી મારો સંદેહ દૂર થયો. હું આપની વાણીને અભિનંદુ છું, અભિવંદુ છું."

આમાં ન કોઈનો જય હતો, ન કોઈનો પરાજય. આ બધો પ્રભાવ હતો ભગવાન મહાવીરની અનાગ્રહવૃત્તિ અને સત્યના એક એક અંશને શોધવા અને સ્વીકારવાની અનેકાન્તપદ્ધતિ અને નયવાદથી પરિપૂત થયેલ દૃષ્ટિનો અને પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમની ગુણગ્રાહક, સત્યગ્રાહક, સરળ વિદ્વત્તાનો.

આમાં અગર કોઈનો જય થયો હતો તો તે કેવળ સત્યનો જ જય થયો હતો; અને સર્વજ્ઞ ભગવાન મહાવીર અને પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમને મન એનો જ મહિમા હતો. કારણ કે ધર્મશાસ્ત્ર કહે છે કે—सच्चं खु भगवं ।[૫]

—સત્ય એ જ પરમેશ્વર છે.

અને આજે—

એ પરમેશ્વરનો જ જય થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

જ્ઞાનના ઉપાસક પંડિત ઇંદ્રભૂતિ ગૌતમ વધુ જ્ઞાન મેળવીને અપૂર્વ આહ્લાદ અનુભવી રહ્યા. તેમાંય આ તો આત્મા સંબંધી —પોતાની જાતના સ્વરૂપ સંબંધી—જ્ઞાન હતું, એટલે તો ગૌતમનું રોમ રોમ પુલકિત થઈ ગયું. પોતે સેવેલ જ્ઞાનના ગુમાન માટે એમનું અંતર કંઈક ભોંઠપ પણ અનુભવી રહ્યું.

આવું જ્ઞાન આપનાર ગુરુ કેવા જ્ઞાનના મહાસાગર, સમતાના સરોવર અને વાત્સલ્યભરી અહિંસાના વિશાળ વડલા સમા હતા! માગો તે આપવાની એમની શક્તિ હતી—જાણે કલ્પવૃક્ષ જ જોઈ લો!

આવું કલ્પવૃક્ષ પામ્યા પછી, એને તજીને બીજે જવાનું કોણ વિચારે ભલા? ઉત્તમ ભાગ્યયોગ અને ભવિતવ્યતાયોગ જાગી ઊઠ્યો હોય તો જ આવો અવસર મળે—ઇંદ્રભૂતિ ગૌતમ સદાને માટે સર્વજ્ઞ, સર્વદર્શી, સમભાવી ભગવાનના ચરણોમાં જ રહી જવાનું વિચારી રહ્યા.

એમણે કહ્યું: "ભગવાન, મારું જ્ઞાન કેટલું અલ્પ છે, એનું મને આજે બરાબર ભાન થઈ ગયું છે. અને એ મારા ઉપર આપનો મોટો ઉપકાર થયો. આપ જેવા મહાજ્ઞાનીના જ્ઞાનની ચકાસણી કરવાના મારા પ્રયત્ન માટે મને પોતાને જ હસવું આવે છે અને મનમાં પશ્ચાત્તાપ થાય છે કે અલ્પ જ્ઞાનના મોટા અભિમાનમાં હું આ શું કરી બેઠો! આપ તો સાચે જ, વિશ્વના બધા કાળના બધા ભાવોના જાણકાર છો, સર્વજ્ઞ છો! ભગવાન, મારે આપનું પ્રવચન સાંભળવું છે. કૃપા કરી મને એ સાંભળવાનો અને સમજવાનો લાભ આપો.[1]

ભગવાને ક્ષમાભાવ ધારણ કરી પ્રસન્નતાપૂર્વક કહ્યું: "ગૌતમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે બન્યું એ માટે તમારે શોચ કરવાની જરૂર નથી. જે બને તે સારા માટે એમ સમજીને આ અવસરનો સાર ગ્રહણ કરવો ઘટે. તમને મારા સર્વજ્ઞપણા અંગે શંકા થઈ ન હોત અને એ સર્વજ્ઞપણાની પરીક્ષા કરવા તમે અહીં આવ્યા ન હોત તો આ બધો પ્રસંગ બનવાનો જ ક્યાં હતો? આ બધામાં હું ભાવી શુભ યોગનું અને ધર્મશાસનના ઉદ્યોતનું દર્શન કરું છું; અને એમાં સચ્ચરિત્રશીલતા અને સરળતાથી શોભતા તમારા જ્ઞાનનો ઘણો ઘણો ઉપયોગ થવાનો છે. આપણે સાથે રહીને ધર્મતીર્થની પ્રભાવના કરવાની છે."[2]

ગૌતમ ભગવાનની ગુણાનુરાગિતા, ઉદારતા અને સર્વવત્સલતાને મનોમન પ્રશંસી રહ્યા: ધન્ય પ્રભુ! ધન્ય!

પછી પ્રભુએ ગૌતમને ધર્મપ્રવચન આપ્યું, અને આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો અહિંસા-સંયમ-તપમય સરળ અને સુગમ રાજમાર્ગ સમજાવ્યો.

ભક્તવત્સલ ભગવાનની વાણી ભક્તના અંતરમાં અજવાળાં પાથરી રહી. ગૌતમનું હૃદય જાણે મહાવીરમય બની ગયું.

પંડિત ગૌતમે વિનંતિ કરી: "ભગવાન! હવે સર્યું ઘરસંસારમાં પાછા ફરવાથી! હું તો આ ક્ષણથી જ આપને સમર્પિત થઈ ચૂક્યો છું. મને દીક્ષા આપીને સદાને માટે આપના ચરણોમાં રાખી લ્યો!"

ભગવાનનાં નેત્રો કરુણા અને વાત્સલ્યનો અભિષેક કરીને પોતાના આ પ્રથમ શિષ્યનો સ્વીકાર કરી રહ્યાં.

અને પોતાના ગુરુ પંડિત ઇંદ્રભૂતિ ગૌતમના પગલે પગલે પાંચ સો શિષ્યો પણ સદાને માટે પ્રભુને જ સમર્પિત થઈ ગયા.

*

ઇંદ્રભૂતિ વિજયી બનીને પાછા આવવાને બદલે ભગવાન પાસે રોકાઈ ગયા અને સોમિલ બ્રાહ્મણે શરૂ કરેલ યજ્ઞમાં વિઘ્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યું; પણ એ વિઘ્ન અનેક નિર્દોષ પશુઓને અભયદાન મળવારૂપે ફળ્યું, એ નિર્ગ્રંથ ભગવાન મહાવીરનો પ્રતાપ.

પણ જેમ જેમ સમય વીતતો જતો હતો તેમ તેમ ઇંદ્રભૂતિના નાના ભાઈ અગ્નિભૂતિની અધીરાઈ અને અકળામણ વધતી જતી હતી. એને ચિંતા થઈ આવી કે જરૂર એ માયાવી મહાવીરે પોતાની માયાજાળથી મારા ભલા-ભોળા મોટા ભાઈને ભોળવી લીધા હશે. પણ એ માયાજાળથી હું મારા મોટા ભાઈને છોડાવી લાવું તો જ ખરો!

અને હવે તો અગ્નિભૂતિની ધીરજનો અંત આવી ગયો અને પોતાના મોટા ભાઈ વિશેની ચિંતા પણ હદ વટાવી ગઈ. એમણે વિચાર્યું, હવે એક ક્ષણનો પણ વિલંબ કરવો નકામો છે. હું હમણાં જ એ કહેવાતા સર્વજ્ઞ પાસે પહોંચું છું અને મારી વિદ્યાના બળે એના સર્વજ્ઞપણાની માયા ઉઘાડી પાડી દઉં છું! અને તરત જ એ પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સાથે મહાવીર પાસે પહોંચી ગયા.

આ પંડિતને પણ 'કર્મ નામનું તત્ત્વ વિશ્વમાં છે કે નહીં' એ શંકા[3] ઘણા વખતથી સતાવતી હતી. પણ પંડિતાઈના મદમાં તેઓ એ કોઈને પૂછી શકતા ન હતા.

પણ અત્યારે તો અગ્નિભૂતિ જાણે મોટું પરાક્રમ કરી વિજય મેળવવા મહાવીર પાસે આવ્યા હતા, એટલે એમનું રૂપ કંઈ ઓર જ હતું.

પણ ભગવાન મહાવીર તો સર્વ ભાવોના જાણકાર અને વાત્સલ્યના અવતાર હતા. એમણે એવી જ મમતાથી અગ્નિભૂતિનું સ્વાગત કર્યું અને ભારે આત્મીય ભાવથી એમની શંકા કહી બતાવીને એનું હૃદયસ્પર્શી સમાધાન કરી આપ્યું.

મહાવીરને જીતવાની પ્રતિજ્ઞા કરીને નીકળેલ અગ્નિભૂતિ પણ મહાવીરથી જિતાઈને એમના બની જવામાં ધન્યતા અનુભવી રહ્યા. એમના પાંચસો શિષ્યો પણ દીક્ષિત થઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તો લોહચુંબક લોઢાને ખેંચે એમ, ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિને પ્રભુ પાસે રોકાઈ ગયેલા જાણીને, ત્રીજા ભાઈ વાયુભૂતિ અને બાકીના આઠ પંડિતો પણ ભગવાન મહાવીરને પરાજિત કરવાના વિચારથી એમની પાસે પહોંચ્યા અને અંતે એમના પ્રભાવથી પ્રભાવિત થઈને, અને તેઓ સાચા સર્વજ્ઞ છે એમ માનીને પોતપોતાની શંકાઓનું સમાધાન મેળવીને ભગવાન પાસે, પોતાના શિષ્યો સાથે, દીક્ષિત થઈ ગયા.[૪]

આ અગિયારે પંડિતોની શંકાઓના નિરાકરણમાં ભગવાન મહાવીરે જે જ્ઞાનગંભીર વાતો સમજાવી એમાં જીવને સંસારમાં રોકી રાખીને એમાં રખડાવનારાં કારણોનું અને સંસારનાં બંધનમાંથી મુક્ત થવાના ઉપાયોનું સ્પષ્ટ, સુરેખ અને પ્રતીતિકર નિરૂપણ થયેલું જોવા મળે છે. મતલબ કે એમાં બંધન અને મુક્તિમાં કારણો દર્શાવતાં નવે તત્ત્વોનું નિરૂપણ સમાઈ જાય છે. અને આ નિરૂપણથી પરલોક કે પૂર્વકર્મના અસ્તિત્વની વાત તો આપ મેળ જ સમજાઈ અને પુરવાર થઈ જાય છે.

આ શંકાઓનું નિરાકરણ આટલું સચોટ અને હૃદયસ્પર્શી તેમ જ માર્ગદર્શક બની શક્યું છે એનું કારણ એ નિરાકરણ ભગવાને કેવળ તર્ક અને બુદ્ધિના બળે આપવાના બદલે પોતાની વર્ષોની સાધનાને બળે પોતાને પ્રાપ્ત થયેલ અનુભૂતિના આધારે, હૃદયના ઉલ્લાસ અને સામર્થ્યથી આપ્યું હતું. તેથી જ આ વિદ્વાનો સાથેનો ભગવાન મહાવીરનો વાર્તાલાપ શુષ્ક તર્ક કે બુદ્ધિની પટાબાજી કે અથડામણરૂપ બનવાને બદલે હૃદય હૃદયનું સ્વાગત કરે એવો આત્મીયતાભર્યો અને હૃદયસ્પર્શી બની શક્યો હતો.

આ અગિયાર પંડિતો સાથેના ભગવાન મહાવીરના વાર્તાલાપને શાસ્ત્રકર્તાઓએ 'ગણધરવાદ'ના નામે ઓળખાવ્યો અને સાચવી રાખ્યો છે.

જૈન સંઘના ઇતિહાસમાં તેમ જ અભ્યુદયમાં અપૂર્વ કહી શકાય એવા આ પ્રસંગને ભલે 'વાદ' કહેવામાં આવ્યો હોય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ એ વાદ જય-પરાજયની દૂષિત ભાવનાથી પ્રેરાયેલ ન તો વિવાદ હતો કે ન તો વિખવાદ હતો. એમાં તો શબ્દે શબ્દે અને અક્ષરે અક્ષરે જિજ્ઞાસાનું એટલે કે સત્યને સમજવા—પામવાની તથા સમતાપૂર્વક અને વાત્સલ્યથી સમજાવવાની ઉત્કટ તાલાવેલીનું કલ્યાણમય અમૃતતત્ત્વ ઊભરાતું હતું.

તેથી જ એ વાદને અંતે કોઈ પણ જીવનું અંતર લેશ પણ દુભાયું ન હતું, એટલું જ નહીં, ૪૪૧૧ જેટલા પુણ્યાત્મા-ઓએ આનંદ અને ઉલ્લાસથી ભગવાન મહાવીરને ચરણે પોતાની જાતને સમર્પિત કરવામાં કૃતાર્થતા અનુભવી હતી.

આ પ્રભાવ હતો સમતા, અહિંસા અને અનેકાંતપદ્ધતિનો.

એણે ન કલ્પી શકાય એવો ચમત્કાર સર્જીને ધર્મક્ષેત્રને વિશેષ ઉદ્યોતમય બનાવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯

# તીર્થપ્રવર્તન

ભગવાન મહાવીરનું રાતોરાત અપાપાપુરીમાં આવવું, શતદળ કમળની જેમ, સફળ થયું.

એક જ દિવસમાં અગિયાર બ્રાહ્મણશ્રેષ્ઠ દિગ્ગજ પંડિતો શ્રમણધર્મની દીક્ષા લઈને ભગવાન મહાવીરના પ્રથમ શિષ્યો બન્યા; ભગવાને એમને પોતાના ગણધર પદે સ્થાપ્યા. એ બધા શ્રમણશ્રેષ્ઠો બનીને ભગવાનના ધર્મશાસનના સ્તંભો બનવાના હતા : આ કંઈ જેવો તેવો લાભ ન હતો.

અને એ અગિયાર મહાપંડિતોના ચુમ્માલીસ સો જેટલા શિષ્યો પણ દીક્ષિત બનીને ભગવાનના શ્રમણ સંઘને શરૂઆતમાં જ વિશાળ અને સમૃદ્ધ બનાવી રહ્યા.

ભગવાન મહાવીરે પોતે તો વસ્ત્રો અને પાત્રોનો સર્વથા ત્યાગ કર્યો હતો, પણ એમની સાધના એક અનાગ્રહી સત્યશોધકની સાધના હતી અને અહિંસા એના કેન્દ્રમાં હતી. અને અહિંસાના પાલન તથા પ્રવર્તનમાં દબાણ જેવા આગ્રહને કોઈ સ્થાન નથી હોતું. એટલે ભગવાને પોતાના તીર્થમાં અને સંઘમાં વસ્ત્ર-પાત્રનો ત્યાગ કરનાર તથા એને ધારણ કરનાર એમ બન્ને પ્રકારના સાધકોને સમાન સ્થાન અને આદર આપ્યાં હતાં. જેવી જેની શક્તિ અને રુચિ એવી સાધના કરીને આત્મદર્શનમાં આગળ વધવાની સૌને મોકળાશ હોવી ઘટે, એવી અહિંસાપ્રધાન ઉદાર એમની દૃષ્ટિ હતી; અને એ સમભાવના દૃઢ પાયા ઉપર રચાયેલી હતી. વસ્ત્ર-પાત્રના ત્યાગ અને સ્વીકાર એ ઉભય માર્ગનો આત્મસાધનામાં સમન્વય એ ભગવાન મહાવીરની વ્યાપક અને ગુણગ્રાહક અનેકાંતપદ્ધતિનું પરિણામ હતું. ભગવાન સાચે જ મહામના, સાગરદિલ ધર્મનાયક હતા. એમના ધર્મ અને સંઘમાં સૌકોઈને આવકાર મળતો અને જાકારો તો કોઈને થતો જ નહીં. 'ગાય વાળે તે ગોવાળ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ કહેવત મુજબ ગુણ અને સત્યનો સદા સ્વીકાર કરવાની આ નિર્મળ ધર્મદૃષ્ટિ હતી.

ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે સાધકો ભગવાનના સંઘમાં વસ્ત્ર-પાત્રધારી સાધકો–ભિક્ષુઓ–શ્રમણો હતા; પણ એમની સાધનાને બીજા કોઈ પણ સાધકની સાધના કરતાં જરાય ઊતરતી લેખવામાં નહોતી આવતી.[૧]

સમવસરણમાંથી શ્રોતાઓને ધર્મદેશનાના અમૃતનું પાન કરાવીને ભગવાને વિશાળ દેવસમુદાય, જનસમુદાય અને પશુ-પક્ષીઓના સમૂહની હાજરીમાં જંગમ તીર્થરૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને સાધુ, સાધ્વી. શ્રાવક અને શ્રાવિકાના ધર્મ-પાલનની મર્યાદા સમજાવીને ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું.

એ ધર્મતીર્થ દ્વારા શ્રમણ ભગવાન મહાવીરની આત્મસાધના અને આત્મસિદ્ધિની અમર અને સર્વમંગલકારી ધર્મસંપત્તિની લહાણી થવાની હતી. અને તેથી એ તીર્થ કંઈક પાપી, અધમ અને દીન-દુઃખી જનોનો ઉદ્ધાર કરનારું બનવાનું હતું. એના આરે કંઈક અબોલ અને નિર્દોષ પશુઓને યજ્ઞોમાંથી અભયદાન મળવાનું હતું. અને નારીવર્ગના ઉદ્ધારનાં બીજ પણ એ તીર્થ-પ્રવર્તનમાં રહેલાં હતાં. માનવમાત્રને માટે ભારે આશા અને ઉત્સાહનું પ્રેરક બનવાનું હતું એ તીર્થ—જાણે દુઃખના મહાસાગરને પાર કરવાનો સરળ–સુગમ નવો કિનારો જ રચાયો હતો.

ભગવાને સત્ તત્ત્વના પ્રાણરૂપ ઉત્પત્તિ, નાશ અને ધ્રૂવ-પણાની ત્રિપદીનો ગુરુમંત્ર ગણધરોને આપ્યો; ભગવાનની સૂત્ર-રૂપ વાણીનો વિસ્તાર કરવાનું તેમ જ એની સાચવણી કરવાનું કામ ગણધર મહારાજોએ સંભાળ્યું અને ભગવાનના ધર્મતીર્થની વ્યાપક પ્રભાવના શરૂ થઈ.

ભગવાનના સમસ્ત શ્રમણ સંઘના નાયક બન્યા હતા ગુરુ ગૌતમસ્વામી. દીક્ષા લીધી તે પળથી જ જીવનસાધના અને શાસન-પ્રભાવના એ જ એમનું જીવનકાર્ય બન્યું હતું. વૈશાખ સુદિ અગિયારશનો એ દિવસ ધન્ય અને યાદગાર બની ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦

# સ્નેહતંતુના તાણાવાણા

સોહામણું ફૂલ ખીલે છે, બધે સૌરભ પ્રસરાવે છે અને સૌને આહ્‌લાદ આપે છે.

એ કંઈ એમ ને એમ ખીલી નીકળતું નથી; ધરતીના પેટાળમાં બીજ રોપાય છે. એને ખાતર, પાણી અને કુશળ માળીની માવજતનો લાભ મળે છે. કાળ પાકે છે, અને ફૂલ અવતાર ધારણ કરે છે.

જેવું ફૂલ એવું જ જીવન.

જીવનનો વિકાસ કે જીવનનું પતન એ કંઈ અકસ્માત બની જતી ઘટના નથી. એનાં પણ અનેક કારણો હોય છે. અને કાળના પરિપાકનો પણ એમાં મોટો હિસ્સો હોય છે.

ગૌતમસ્વામી મહાવીરસ્વામીને સમર્પિત થયા અને મહાવીર-સ્વામીએ ગૌતમસ્વામીને પોતાના બનાવી લીધા, એ કેવળ એ બે વચ્ચેના વાર્તાલાપનું જ શુભ પરિણામ કોઈને લાગે, પણ ખરી રીતે એમની વચ્ચેના આ સ્નેહતંતુના છેડા કોઈ જુગ જુગ જૂના કાળ સુધી લંબાયેલા દેખાય છે.

કાળના એ અનંત મહાસાગરમાં જરાક ડૂબકી મારીએ.

## (૧)

## મરીચિના શિષ્ય

ભગવાન ઋષભદેવ.

સૌના માનીતા આદિનાથ. જીવનસંસ્કૃતિના પ્રથમ સ્થાપક.

આ અવસર્પિણી કાળના ભરત ક્ષેત્રના પ્રથમ નૃપતિ, પ્રથમ ત્યાગી–ભિક્ષુ અને પ્રથમ તીર્થંકર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગલિક યુગની આથમતી સંધ્યાએ યુગલિક માનવસમાજને એમણે ભારે સધિયારો આપ્યો અને એમની હતાશા, નિરાશા અને મુસીબતોને દૂર કરી. યુગપલટાનો એ સમય હતો. યુગલિકોનો અકર્મયુગ પૂરો થતો હતો અને કર્મયુગનો ઉદય થતો હતો. કલ્પવૃક્ષો રિસાવા લાગ્યાં હતાં. માનવીની ઇચ્છાને કલ્પવૃક્ષો તરત જ પૂરી કરતાં હતાં, એ સમય હવે વીતી ગયો હતો. વનવગડામાં આગે દેખા દેવા માંડી હતી. બીજી પણ નવી નવી મુસીબતો ઊભી થવા લાગી હતી. નવા યુગમાં કેમ કરી નિર્વાહ ચલાવવો અને કેમ કરી જીવવું એની મોટી વિટંબણા ઊભી થઈ હતી એ કાળના માનવીની સામે. નવી નીતિ-રીતિ અને જીવનપદ્ધતિ એ ઉદય પામતા નવા યુગની જરૂરિયાત હતી.

કુલકરોના શ્રેષ્ઠ નાભિરાજા અને મારુદેવીના પુત્ર ઋષભ-કુમારનું ભાગ્યવિધાન યુગપુરુષ બનવાનું હતું. યુગપલટાથી પરેશાન થયેલ માનવજાતને કુમાર વૃષભે જીવવાની કળા શીખવી; કલ્પવૃક્ષ કરતાં પણ ચઢિયાતી અને વધુ મૂલ્યવાન સિદ્ધિઓ ધરાવતા માનવદેહનો મહિમા સમજાવ્યો, અને માનવીનાં અંગ-પ્રત્યંગો અને બુદ્ધિનો સહકાર કેવું અદ્ભુત સર્જન કરી શકે છે, એ પ્રત્યક્ષ કરી બતાવ્યું. યુગલિક નર-નારીઓ ભારે નિરાંત, આશા અને ઉત્સાહ અનુભવી રહ્યાં.

કર્મયુગ એટલે અસિ, મસી અને કૃષિનો યુગ. કાં શૂરાતન, કાં વિદ્યા-કળા અને કાં ખેતી-હુન્નર-ઉદ્યોગ માટેની જાતમહેનત; એ હોય તો જ નભી અને જીવી શકાય એવો હતો એ નવો યુગ. અને સેવકભાવના તો એ દરેક કાર્યમાં માળાના મણકાના દોરાની જેમ પરોવાયેલી જ હોય. આ બધી નવી વ્યવસ્થાના શોધક, સ્થાપક અને રક્ષક તરીકે ઋષભદેવે રાજાપદની શરૂઆત કરી અને તેઓ એ યુગના પહેલા રાજા બન્યા.

પણ ત્યાગમાર્ગની યાત્રા વગર માનવી પોતાના દેહને સાર્થક ન કરી શકે. એટલે ઋષભદેવ રાજાપદનો ત્યાગ કરી અને રાજ્ય પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રોને સોંપી વિશ્વના પ્રથમ ત્યાગી–ભિક્ષુક બની ગયા; અને આત્મસાક્ષાત્કાર એ એમનું ધ્યેય બની ગયું.

એ ધ્યેયને સફળ કરીને તેઓએ માનવજાતને એના ઉદ્ધારનો માર્ગ દર્શાવ્યો અને સર્વમંગલકારી ધર્મતીર્થની સ્થાપના કરી. ભગવાન ઋષભદેવ એ યુગના પ્રથમ તીર્થંકર કહેવાયા. માનવજાતને માટે નવા યુગનો ઉદય થયો.

આવા જાજરમાન મહાપુરુષ હતા ભગવાન ઋષભદેવ.

તેઓ યુગદ્રષ્ટા પણ હતા અને યુગસ્રષ્ટા પણ હતા : ભાવીનાં એંધાણ તેઓ પારખી શકતા અને ભાવી કર્તવ્યનો માર્ગ પણ ચીંધી જાણતા.

એમના એક પુત્ર ભરત.

એ યુગના પ્રથમ ચક્રવર્તી.

એમનો પુત્ર મરીચિ.

પોતાના દાદાના ધર્મમાર્ગનો અનુરાગી બની એ ત્યાગી બન્યો.

ભગવાન ઋષભદેવે મરીચિનું ભવિષ્ય ભાખતાં ચક્રવર્તી ભરતને કહ્યું : " આ તારો પુત્ર મરીચિ ભવિષ્યમાં આ યુગનો પહેલો વાસુદેવ થશે, પછી આગળના જન્મમાં ચક્રવર્તી થશે અને અંતે આ યુગના મહાવીર નામે અંતિમ તીર્થંકર બનવાનું ગૌરવ પણ એને જ મળશે."

ચક્રવર્તી ભરત પાસેથી પોતાનું આવું ઉજ્જવળ ભાવી જાણીને મરીચિના હર્ષને કોઈ સીમા ન રહી. એને થયું : મારા દાદા પહેલા તીર્થંકર, મારા પિતા પહેલા ચક્રવર્તી અને હું બનવાનો પહેલો વાસુદેવ! અરે, આટલું જ શા માટે, મારા ભાગ્યમાં ચક્રવર્તીપણું અને આ કાળનું અંતિમ તીર્થંકરપણું પણ લખાયું છે! હું કેટલો ભાગ્યશાળી! મારું આખું કુટુંબ કેટલું બધું ગૌરવવંતું! આવું ભાગ્ય કોને મળે ભલા? મરીચિએ માનેલું આ ગૌરવ તો સાચું હતું, પણ એની પીઠે બેઠેલું અભિમાન ખોટું અને ખતરનાક હતું. અને અભિમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો મોટો કષાય ગણાય, એટલે એ કષાયનું માઠું ફળ ભોગવ્યા વિના કેમ ચાલે ? પણ એ વાત તો એક જુદી કથા છે.[1] એ જવા દઈએ.

એક વાર મરીચિ બીમાર પડ્યો. કોઈએ એની ચાકરી ન કરી એથી એને કંઈક ખેદ થયો. પણ પછી પોતાના મનનું સમાધાન કરી એણે નક્કી કર્યું કે જો આ માંદગીમાંથી બચી જાઉં તો કોઈને હું મારો શિષ્ય બનાવીશ.

મરીચિ સાજો થયો. એણે કોઈક કુળપુત્રની ધર્મભાવનાને જાગૃત કરી. એ મરીચિનો શિષ્ય બન્યો. એનું નામ કપિલ. કપિલને પોતાના ગુરુ ઉપર ખૂબ શ્રદ્ધા અને ભક્તિ. એમની એ દિન-રાત ખડે પગે સેવા કરતો. મરીચિને પણ પોતાના આ શિષ્ય ઉપર ખૂબ ભાવ. મરીચિ અને કપિલ જાણે એક જ કાયાની બે છાયા બની ગયા.

આ કપિલનો જીવ એ જ ગૌતમનો જીવ.[2]

'ભંતે' (ભગવાન !) અને 'ગોયમ' (ગૌતમ !) તરીકે આર્હત શાસનમાં અમર બની ગયેલ ભગવાન મહાવીર અને ગુરુ ગૌતમ વચ્ચેનો ધર્મસ્નેહનો તંતુ છેક પ્રથમ તીર્થપતિ ભગવાન ઋષભદેવના યુગ સુધી લંબાતો દેખાય છે.

પહેલા તીર્થંકર આદિનાથ અને છેલ્લા તીર્થંકર મહાવીર-સ્વામીના યુગને એક સૂત્રે—એક સ્નેહતંતુએ—બાંધી જાણ્યો ગુરુ ગૌતમસ્વામીએ મરીચિના શિષ્ય કપિલ મુનિ તરીકે.

## ( ૨ )
## સિંહના ઉદ્ધારક

તુંગગિરિની કંદરામાં એક કેસરીસિંહ રહે. ભારે જોરાવર અને ભારે ઘાતકી.

શંખપુરના પ્રદેશમાં એ સિંહની રંજાડથી હાહાકાર મચી ગયો. એના ભયના લીધે ખેતરો વેરાન થઈ ગયાં અને માનવી અને ઢોર-પશુઓના જીવ પણ બિનસલામત બની ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રદેશના રાજાનું નામ અશ્વગ્રીવ. એ પ્રતિવાસુદેવ હતો. એના નગરનું નામ રત્નપુર હતું. આ સિંહની રંજાડ દૂર કરવા પ્રજાએ પોતાના રાજા પાસે ધા નાખી.

અશ્વગ્રીવ રાજાએ બરાબર લાગ સાધ્યો, અને પોતાનું જૂનું વેર વાળવા પોતનપુરના રાજા રિપુપ્રતિશત્રુને આ સિંહનો ત્રાસ દૂર કરવા આદેશ આપ્યો. આ રિપુપ્રતિશત્રુ રાજા પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો ખંડિયો હતો, એટલે આ આદેશને માન્યા વગર એનો છૂટકો ન હતો.

રિપુપ્રતિશત્રુ રાજાના અચલ અને ત્રિપૃષ્ઠ નામના બે દીકરાઓએ ક્યારેક અશ્વગ્રીવના દૂતનું અપમાન કર્યું હતું અને, ભવિષ્યવેત્તાએ તો એમ પણ કહ્યું હતું કે, આ ત્રિપૃષ્ઠ તો વાસુદેવ છે, અને એ જ એનો કાળ બનવાનો છે!

અશ્વગ્રીવ આ રાજકુમારોનું કોઈ પણ રીતે કાસળ નીકળી જાય એની જ તક શોધતો હતો, અને એને એવો અવસર મળી ગયો.

રિપુપ્રતિશત્રુ રાજાને સિંહના ત્રાસથી પ્રજાનું રક્ષણ કરવાનું અશ્વગ્રીવ રાજાનું ફરમાન મળ્યું, એટલે એ એ માટે સજ્જ થતો હતો, એ જોઈને એના બે કુમારોએ કહ્યું : "પિતાજી, આવા નાના સરખા કામ માટે આપને જવાનું ન હોય. આ ક્યાં મોટું યુદ્ધ જીતવા જવાનું છે! આ તો અમારા માટે રમતવાત ગણાય. આપ જરાય ચિંતા ન કરશો."

અને અચલ અને ત્રિપૃષ્ઠ બન્ને રાજકુમારો શંખપુર પહોંચી ગયા.

શ્યામ વર્ણના ત્રિપૃષ્ઠ કુમારમાં તો જાણે શક્તિ અને સાહસિકતાનો અખૂટ ઝરો વહેતો હતો. એનો જીવ એ કેસરી-સિંહનો નિકાલ કરવા અધીર થઈ રહ્યો.

ત્રિપૃષ્ઠ વાસુદેવ તો સિંહ પોતાની જાતે એની ગુફામાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર નીકળે એટલી વાર પણ ન થોભ્યો; એ તો સામે ચાલીને સિંહની ગુફા સુધી પહોંચી ગયો, અને સિંહને પડકાર આપી રહ્યો. એનો પડકાર સાંભળીને વિકરાળ સિંહ વધુ વિકરાળ રૂપ ધારણ કરીને ત્રાડ પાડતો એની સામે દોડી આવ્યો.

દૂર દૂર સિંહને સતાવવા અને ખીજવવા લોકો ભેગા મળીને કોલાહલ કરી રહ્યા હતા. ગર્જના કરતા સિંહને સામે ધસી આવતો જોઈને લોકો થંભી ગયા. એમનો કોલાહલ શાંત થઈ ગયો. એમને થયું, આવા જોરાવર વનના રાજા આગળ આવા સુકુમાર રાજકુમારનું શું ગજું ? બાપડો હમણાં જ કાળનો કોળિયો બની જવાનો !

વાતાવરણ ચિંતાઘેરું બની ગયું.

પણ કુમાર ત્રિપૃષ્ઠ તો શક્તિ, નિર્ભયતા અને પરાક્રમનો અવતાર હતો. સિંહ સાથે ન્યાયનું યુદ્ધ લડીને એને મારી નાખવા ત્રિપૃષ્ઠ રથમાંથી નીચે ઊતરી ગયો અને પોતાનાં શસ્ત્ર-અસ્ત્રોનો ત્યાગ કરીને સિંહને ફરી પડકાર આપી રહ્યો.

વનરાજે આખા વનને ધ્રુજાવી મૂકે એવી ગર્જના કરી અને મોઢું ફાડીને ત્રિપૃષ્ઠ ઉપર ફાળ ભરી. સૌને થયું, હમણાં જ રાજકુમારનાં સોયે સો વર્ષ પૂરા થઈ જવાનાં !

પણ ત્રિપૃષ્ઠ કુમાર તો સિંહનો સામનો કરવા માટે તૈયાર જ ખડો હતો. એણે સિંહનાં બે જડબાં જ પોતાની બાહુઓથી પકડી લીધાં અને જોર કરીને, જૂના વસ્ત્રની જેમ, સિંહની કદાવર કાયાને ચીરી નાખી !

સિંહની કાયા તો ચિરાઈ ગઈ હતી, છતાં એમાંથી એનો આત્મા છૂટો થતો ન હતો—જાણે અંતરની કોઈ ઊંડી વેદના એના જીવને જકડી રાખી રહી હતી.

રાજકુમાર ત્રિપૃષ્ઠની સાથે એનો સારથિ હતો. એ ભલો-ભોળો માનવી હતો. એનું અંતર કરુણામય હતું. મરતા સિંહની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદના એના અંતરને સ્પર્શી ગઈ—જાણે કોઈ અજાણ્યો સ્નેહતંતુ બે જીવોના હૃદયને એકસૂત્રે બાંધી રહ્યો હતો.

હવે તો સિંહનો તરફડાટ જોઈ પણ ન શકાય એટલો અસહ્ય બની ગયો. ભલા સારથિનું અંતર જાગી ઊઠ્યું. સિંહની વેદનાને પામી ગયો હોય એમ એ સિંહની પાસે બેસી ગયો; અને, જાણે એના વેદનાભર્યા અંતર ઉપર અમીછાંટણાં કરતો હોય એમ, લાગણીપૂર્વક કહેવા લાગ્યો : "હે વનના રાજવી! 'કોઈક કાળા માથાના પામર માનવીને હાથે મારું આવું કમોત થયું, અને મારું જીવતર, બળ અને પરાક્રમ—બધું ધૂળમાં મળી ગયું, કંઈક આવો વિચાર તમારા ચિત્તને સતાવી રહ્યો છે અને તમારા જીવને ગતે થતાં રોકી રહ્યો છે, ખરું ને? પણ વનરાજ! તમે જાણો કે તમારો વધ કરનાર પણ કોઈ સામાન્ય માનવી નથી. તમે સિંહ છો તો એ પુરુષસિંહ છે; પુરુષોમાં સિંહ સમાન પરાક્રમી વીર નર છે. તમારું મૃત્યુ એવા સિંહપુરુષના હાથે થયું છે. સરખેસરખાના હાથે મૃત્યુ એ શોક કરવા જેવી ઘટના ન ગણાય. માટે તમારા ચિત્તને શાંત કરો અને આ ઘાયલ શરીરનો ત્યાગ કરી પરલોકના માર્ગે પ્રયાણ કરો!"[૩] અને પછી એ દયાળુ સારથિએ એ મરતા સિંહને પ્રભુનું નામ પણ સંભળાવ્યું.

સારથિની અમૃત[૪] વાણીનું પાન કરીને સિંહ સદાને માટે શાંત બની ગયો.

આ કરુણાપરાયણ સારથિ તે પેલા મુનિ કપિલનો જ જીવ; ભવિષ્યમાં એ જ ઇંદ્રભૂતિ ગૌતમ બનવાના હતા.

અને પરાક્રમી ત્રિપૃષ્ઠ એ જ કાળાંતરે તીર્થંકર મહાવીર તરીકે અવતરવાના હતા.

સમુદ્રનાં મોજાં જુદાં જુદાં લાકડાંઓને ભેગાં કરે છે અને જુદાં કરે છે, એ જ રીતે જુદા જુદા જીવોનો ભિન્ન ભિન્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારનો ભાગ્યયોગ અને ભવિતવ્યતાયોગ સંસારમાં એમને ભેગા અને જુદા કરતો જ રહે છે.

ભગવાન મહાવીરના ત્રીજા પૂર્વભવમાં મરીચિ અને કપિલ-મુનિરૂપે મળેલા ભગવાન મહાવીર અને ગુરુ ગૌતમના જીવો અઢારમે ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવ અને સારથિરૂપે ફરી મળ્યા, અને ફરી પાછા જુદા પડી ગયા, અને છતાં અંતરના સ્નેહનો દોર તો અખંડ જ રહ્યો.

છેલ્લા ભવમાં ભગવાને પોતે જ ગૌતમસ્વામીને આશ્વાસન આપતાં પોતાની અને એમની વચ્ચે ઘણા લાંબા વખતથી સ્નેહનો દોર પ્રવર્તતો હોવાનું કહ્યું હતું.[૫]

આ દોર જ ભગવાન મહાવીરસ્વામી અને ગુરુ ગૌતમસ્વામીને, કાયા અને છાયાની જેમ, એકરૂપ અને અભિન્ન બનાવી રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧

# સાધના

જન્મજન્માંતરના આવા યોગનો પરિપાક થયો અને તીર્થંકર ભગવાન મહાવીર અને ઇન્દ્રભૂતિ ગૌતમ અભિન્ન બની ગયા.

ઇન્દ્રભૂતિને માટે તો આ નવી દુનિયામાં જ પ્રવેશ હતો.

એ દુનિયા હતી તપની, ત્યાગની, વૈરાગ્યની, સંયમની અને અદીનભાવે, ખુમારી સાથે, કષ્ટ સહન કરવાની. અને એ બધાંનો હેતુ હતો આત્મસાધના, આત્મસાક્ષાત્કાર, પૂર્ણ આત્મશુદ્ધિ, સંપૂર્ણ બંધનમુક્તિ. મુમુક્ષુનો એકમાત્ર અભિલાષ અને પુરુષાર્થ મોક્ષ માટે જ હોય. ગૌતમસ્વામી સાચા મુમુક્ષુ હતા.

આ સાધનાની પૂર્વભૂમિકા તો ગણધર ગૌતમને સહજ રૂપે સિદ્ધ થયેલી હતી. શીલ અને પ્રજ્ઞાના સંસ્કારોનાં ઉત્તમ બીજોની ભેટ તો એમને જન્મ સાથે જ મળી હતી. અને એ બીજોને સદ્‌વિચાર, સદ્‌વાણી અને સદ્‌વર્તનની સમરૂપતાનાં ખાતર-પાણી સીંચીને ઉછેરવાનો ઉલ્લાસ પણ એમના રોમ-રોમમાં ધબકતો હતો. એમના જીવનપટનો તાણોવાણો સાદાઈ અને સંયમથી વણાયેલો હતો; અને વૈભાવ-વિલાસની વાસના કે કામના તો એમને સ્પર્શી પણ ન શકતી.

ભગવાન મહાવીરનું ધર્મતીર્થ પામીને એમનો એ ઉલ્લાસ અનેકગણો વધી ગયો. અને આળસ કે પ્રમાદમાં અથવા નકામી–નિરર્થક વાતો અને પ્રવૃત્તિઓમાં એક ક્ષણનો પણ દુરુપયોગ ન થઈ જાય એ માટે તેઓ સતત સાવધાન રહેતા.

મોક્ષમાર્ગના પુણ્યયાત્રિકના માર્ગને તેઓએ પોતાનો માર્ગ બનાવ્યો હતો. અને એ ધર્મયાત્રામાં આગળ વધવા તેઓ સતત ગતિશીલ રહેતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ગતિ હતી શાસ્ત્રના ઊંડા અધ્યયન અને અવગાહનની અને ઉત્કટ તપ, વ્રત,ધર્મનિયમો દ્વારા આત્માના દોષોનું સતત અવલોકન અને સંશોધન કરતાં રહેવાની. આત્માને ભારબોજવાળો બનાવતાં અને મલિન કરતાં કર્મો, કષાયો, કલેશો અને રાગ-દ્વેષનો જેટલો વહેલો અંત આવે તેટલો વહેલો આ ધર્મયાત્રાનો છેડો આવવાનો હતો, અને આત્માને સંપૂર્ણ મુક્તતાના નિજાનંદનો–સચ્ચિદાનંદભાવનો–અનુભવ મળવાનો હતો. પછી સાધનામાં શિથિલતાને કે ઉપેક્ષાને અવકાશ જ ક્યાંથી હોય ?

વળી, શિરછત્ર સમા શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું તેઓને સતત માર્ગદર્શન મળતું રહેતું હતું. હજારો કિરણોથી પ્રકાશી રહેલા સવિતાનારાયણનો નિરંતર યોગ મળ્યા પછી અંધકારથી ડરવાપણું કેવું ?

ગૌતમ તો જીવન-સાધનામાં એકદમ એકાગ્ર બની ગયા અને એ સાધનામાં પોતાને મળેલ ભગવાન મહાવીરના વિશાળ ધર્મસંઘનું નાયકપણું અને પ્રથમ ગણધરપણુંય જાણે વીસરી ગયા. પોતાના સ્થાનનું ગુમાન તો તેઓને સ્પર્શી સુધ્ધાં ન શક્યું. એ જવાબદારીમાં રજ માત્ર પણ ખામી ન આવે એ જ એમની ચિંતા રહેતી. અને ભગવાન મહાવીરની અખંડ ભક્તિ એ પણ એમની સાધનાનું એક અંગ હતું, કદાચ એ જ એમનું ધ્યેય હતું. ભગવાનની આજ્ઞા પામીને અને ધર્મવાણી સાંભળીને તેઓ પોતાની જાતને કૃતકૃત્ય બનેલી માનતા.

સાધુજીવનને શોભે એવા રસકસ વગરના લૂખા-સૂકા આહારથી તેઓ દેહને દાપું આપતા; અને વસ્ત્રો પણ અલ્પમૂલ્ય અને જીર્ણશીર્ણ વાપરતા.

પ્રસન્ન-મધુર એમનો વૈરાગ્ય હતો. અને એ સમભાવી સાધક કોઈ પણ જાતના ભેદભાવ વગર, ઊંચ કુળો, નીચ કુળો અને મધ્યમ કુળોમાં[1] નિર્દોષ ભિક્ષા માટે ફરતા. ગમે ત્યાંથી દોષ રહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર મેળવવો એ શ્રમણ જીવનનો આચાર હતો. એનું તેઓ સંકોચ વગર પાલન કરતા.

તેઓનું જીવન એક ઉત્કટ અને મહાન સાધક અને તપસ્વીનું જીવન હતું; એટલે એમની સાધનામાં નાના અને મોટા ગાળાના અનશનો–ઉપવાસોને પણ સ્થાન હતું. એટલા માટે તો તેઓને "ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહાતપસ્વી, ઉદાર, ઘોર, ઘોર ગુણવાળા, ઘોર બ્રહ્મચર્યામાં રહેવાના સ્વભાવવાળા અને શરીરના સંસ્કારોને ત્યજનારા"[૨] તરીકે બિરદાવવામાં અને સ્તવવામાં આવ્યા છે.

આવી ઉગ્ર અને અખંડ હતી ગુરુ ગૌતમસ્વામીની જ્ઞાન અને ચારિત્રની સાધના.

સમતા એ સાધનાના કેન્દ્રમાં હતી અને અહિંસા, સંયમ અને તપની સિદ્ધિને માટે એ સાધના સમર્પિત થઈ હતી.

ક્યારે મળે સંસારમુક્તિ–મોક્ષ, એ જ એકમાત્ર તેઓની ઝંખના હતી.

અને એ ઝંખના જ ગુરુ ગૌતમસ્વામીના આંતર આહ્લાદનો પાયો હતી.

ગુરુ ગૌતમ જ્યાં હોય ત્યાં આનંદ અને પ્રસન્નતાની મધુરતા પ્રસરી રહેતી.

જીવનસ્પર્શી સાધના અને ચારિત્રનો જ એ પ્રભાવ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૨

## લબ્ધિતણા ભંડાર

લાખના આંકડામાં દસ, વીસ, પચીસ, પચાસ હજારનો અંક આપમેળે જ સમાઈ જાય, એવું જ આત્મયોગીઓ માટે ઋદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓના ચમત્કારોનું સમજવું.[1]

આવા બધા ચમત્કારો બહારથી આવતા નથી, પણ અંદરથી જ પ્રગટ થાય છે; એક પ્રકારની એ પણ આંતરિક શક્તિઓ જ છે; અને યોગસાધનાને બળે જેમ જેમ ચિત્તને કે આત્માને વળગેલ દોષરૂપી અશુદ્ધિઓ–અશક્તિઓ દૂર થતી જાય છે, તેમ તેમ આવી શક્તિઓ આપમેળે જ પ્રગટ થતી જાય છે. તેજસ્વી દીપક ઉપરનું ઢાંકણુ દૂર થતાં જ એનો પ્રકાશ ચોમેર પ્રસરી રહે છે, એવી જ સહજપણે મળતી સફળતાની આ વાત છે.

પણ આમાં જે ફેર પડે છે તે સાધનાના હેતુનો. કેટલાક સાધકો એવા પણ હોય છે, જે માત્ર ચમત્કારો સર્જવાની શક્તિ મેળવવા પૂરતી જ સાધના કરે છે; એમને આવી થોડીક શક્તિ પ્રાપ્ત થાય એટલે, પોતાનું કામ પૂરું થયું માનીને, તેઓ આગળ વધતાં અટકી જાય છે, અને ધન-કીર્તિની આસક્તિથી પ્રેરાઈને, થોડી મૂડીએ મોટો વેપાર ખેડવાનો દેખાવ કરીને, દુનિયાને આંજવાનો પ્રયત્ન કરે છે; અને અંતે, છાણું-લાકડાં ખરીદવામાં બહુમૂલા રત્નને ખરચી નાખવાની જેમ, પોતાની સાધનાના સારને ગુમાવી દે છે અને જગતમાં દંભી કહેવાય છે: પોતેય ઠગાય છે અને દુનિયાનેય ઠગે છે.

સંસારમાં ભલે થોડાક પણ બીજા એવા સાધકો પણ હોય છે કે જેમને આત્મદર્શન સિવાય બીજા કશાની ખેવના હોતી નથી; અને એ માટે તેઓ દિનરાત આત્મસાધનામાં એટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગસાધનામાં નિરત હોય છે અને ચમત્કારો તરફની માયા-મમતાથી સદાય અલગ અને અલિપ્ત રહે છે. અને છતાં આવા આત્મસાધક યોગીઓ અને મહાયોગીઓને માટે બને છે એવું કે આવી ઋદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓ, જાણે પોતાની ગરજે અને પોતાની જાતને કૃતાર્થ કરવા, સામે ચાલીને, એમનું શરણું શોધતી આવે છે. અનાજ ઉગાડતાં ઘાસ-ચારો તો સહજપણે નીપજી આવે છે, એવું જ યોગસાધનામાં પ્રગટ થતી આવી ચમત્કારિક શક્તિઓનું બને છે. આત્મામાં છુપાયેલી બીજી શક્તિઓની જેમ ચમત્કારોની આ શક્તિઓ પણ પ્રગટે છે તો અંદરથી, છતાં આત્મયોગીને મન એનો કશો ગર્વ કે મહિમા હોતો નથી.

સાચા યોગીનું ધ્યાન તો નિરંતર કેવળ આત્મદર્શન ઉપર જ એકાગ્ર થયેલું હોય છે. ક્યારે મારો આત્મા પૂર્ણ શુદ્ધ થાય અને ક્યારે મને અનંતસુખમય મોક્ષની પ્રાપ્તિ થાય એવી જ એકમાત્ર એમની ઝંખના હોય છે.

ગૌતમસ્વામી આવા જ મુમુક્ષુ ધર્મપુરુષ હતા; અને પોતાની મુક્તિને માટે પૂર્ણ યોગથી સાધના કરવામાં લીન થઈ ગયા હતા. વળી, બાળકના જેવો સરળ એમનો સ્વભાવ હતો; સ્ફટિક રત્ન જેવું વિમળ અને સાવ ભદ્રિક એમનું અંતઃકરણ હતું; વિનમ્રતા અને વિવેકશીલતાની તેઓ મૂર્તિ હતા; અમૃત સમી મધુર અને કલ્યાણકારી તેઓની વાણી હતી—એ વાણી શું હતી, જાણે હૃદયસ્પર્શી લાગણીઓની સરવાણી હતી. તેઓ બોલતા અને જાણે ફૂલ વરસતાં અને સર્વત્ર સાધુતા અને સુજનતાની ફોરમ પ્રસરી રહેતી. અને એમનો વ્યવહાર–વર્તાવ પણ સર્વકલ્યાણકારી હતો. ખરી રીતે આવી ગુણવિભૂતિની પ્રાપ્તિ એ જ સાચી અને મોટામાં મોટી લબ્ધિ હતી, મોટો ચમત્કાર હતો, જેનાથી ગમે તેવો જીવ પણ એમને વશ થઈ જતો.

તો પછી આવા ગુણિયલ ધર્મપુરુષ અને આવા યોગસાધક આત્મામાં સંસારની સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રગટી નીકળે એમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શી નવાઈ ? ગૌતમસ્વામીની નામના ચોમેર લબ્ધિઓના ભંડાર તરીકે વિસ્તરી રહી.

કેવી કેવી એ લબ્ધિઓ હતી ? તેઓના હાથનો સ્પર્શ થતો અને જીવોનાં દુઃખ-દર્દ-દીનતા દૂર જઈ જતાં. એમના મળો દુર્ગંધ મારતા મળો ન હતા, પણ રોગોને દૂર કરનારા સુવાસિત ઔષધો હતા : યોગસાધનાને બળે એમની નાડીઓ અને ઇંદ્રિયો આવી નિર્મળ અને ઉપકારક બની ગઈ હતી. એક ઇંદ્રિયથી તેઓ બીજી ઇંદ્રિયનું કામ લઈ શકતા. ધરતી ઉપર ચાલતા હોય તેમ, સાવ સહેલાઈથી તેઓ આકાશમાં ગમન કરી શકતા. સામાના મનને જાણવું અને દૂર દૂરની ઘટનાઓ કે વસ્તુઓને જાણી લેવી એ એમને માટે રમતવાત હતી. સૂર્યનાં કિરણોને આધારે તેઓ દુર્ગમ પહાડ ઉપર જઈ શકતા અને પહાડને ઓળંગી શકતા. ઇશારામાત્રથી તેઓ ઝેરને દૂર કરી દેતા. અંતરના વેધક તેજને તેઓ બહાર વહાવી શકતા. એમના અંગૂઠામાં એવું અમૃત વસતું કે જે વસ્તુને એનો સ્પર્શ થતો એ અખૂટ બની જતી. આવી તો કંઈક કંઈક સિદ્ધિઓ અને લબ્ધિઓના સ્વામી બન્યા હતા ગુરુ ગૌતમ.[૨]

આવી સિદ્ધિઓ અને લબ્ધિઓમાંથી કોઈ ને કોઈ પ્રકારના ચમત્કારો તો બધાય યોગસાધકોમાં પ્રગટતા જ રહે છે; છતાં ગુરુ ગૌતમસ્વામીનો પુણ્યાનુયોગ કંઈક એવો વિશિષ્ટ હતો કે તેઓ લબ્ધિઓના ભંડારરૂપ બનીને દુઃખી-રોગી જીવોના મોટા આધાર, અશરણના શરણ અને દીનોના ઉદ્ધારક તરીકેની કીર્તિના અધિકારી બની ગયા.

એમની પૂજા, ભક્તિ અને સ્તુતિ તો ઠીક, માત્ર એમનું નામસ્મરણ પણ મંગલકારી લેખાય છે, સંકટોને દૂર કરે છે અને મનના મનોરથોને પૂરા કરે છે, એવો એમનો મહિમા સર્વત્ર ફેલાઈ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિવર લાવણ્યસમયજીએ ગુરુ ગૌતમસ્વામીનો મહિમા કેવા સુગમ, સુંદર શબ્દોમાં વર્ણવ્યો છે! એ કવિવાણીનું થોડુંક આચમન કરીએ—

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧
ગૌતમ નામે ગિરિવર ચડે, મન વાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨
જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢૂકડા;
ભૂત પ્રેત નવી મંડે પ્રાણ, તે ગૌતમનાં કરું વખાણ. ૩
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર.[3] ૪

આ રીતે તો અનેક કવિઓએ આ લબ્ધિના ભંડાર મહાપુરુષના ગુણગાન ગાઈ પોતાની સરસ્વતીને ધન્ય કરી છે.

અને—

પચીચસો-પચીસસો વર્ષ જેટલા લાંબા કાળના ઘસારા પણ અનંત લબ્ધિઓના એ સ્વામીના મહિમાને ઘસારો પહોંચાડી શક્યા નથી: એ છે એ યોગીપુરુષની લોકકલ્યાણની ઉત્કટ ભાવના અને પ્રવૃત્તિનો પ્રતાપ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

## મહાલબ્ધિનું વરદાન

માનવી કોઈ મહાનગરનો મહિમા સાંભળે; એના વૈભવ-વિલાસની વાતોથી આકર્ષિત બને; અને એ નગરે પહોંચવાના મનોરથોથી પ્રેરાઈને પ્રવાસ આદરે ત્યારે એનું મન તો એક જ ઝંખના કરતું હોય : ક્યારે આ પ્રવાસનો અંત આવે, ક્યારે મનના મનોરથ ફળે, અને ક્યારે એ મહાનગરમાં પહોંચી જવાની ધન્ય પળ આવે ?

પણ પ્રવાસ લાંબો હોય ત્યારે, સ્વાભાવિક રીતે જ, વચમાં નાનાં-મોટાં અનેક નગરો આવે. વળી, એ નગરોમાં પણ કેટલાક તો સુંદર–સોહામણાં અને સંપત્તિ અને સાહ્યબીની સામગ્રીથી એવાં ભર્યાં ભર્યાં હોય કે જોનારના મન ઉપર કામણ કરી જાય અને એને પોતાને આંગણે જ રોકી રાખે. મહાનગરનો યાત્રિક જો આ વચ્ચેનાં નગરોની મોહિનીમાં સપડાઈ જાય તો એનો પ્રવાસ ત્યાં જ અટકી જાય અને મહાનગર હમેશને માટે દૂર ને દૂર જ રહી જાય.

જેવું મહાનગરના યાત્રિકનું, એવું જ યોગમાર્ગના પુણ્યપ્રવાસીનું. એને પણ યોગની સાધના કરતાં કરતાં વચ્ચે વચ્ચે ઋદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓનું એવું મોહક આકર્ષણ મળે કે એને વધુ યોગસાધનાનો, સીધાં ચઢાણ જેવો મુશ્કેલ માર્ગ તજીને ચમત્કારોની સોહામણી, લોભામણી, અજબગજબ અને અવનવી દુનિયામાં જ વસી જવાનું મન થઈ આવે. દીન-દુઃખી દુનિયા તો હમેશાં ચમત્કારોની જ પૂજારી રહી છે. યોગસાધક માનવી એવે વખતે પોતાના મનને મનાવે છે—જાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે જ પોતાની જાતને ઠગે છે—આ ચમત્કારો દુઃખી જીવો ઉપર કેવા કેવા ઉપકાર કરે છે! એ દેખાવ તો દુનિયા ઉપર ઉપકાર કરવાનો કરે છે, પણ એને સતાવતી હોય છે દુનિયાની ધન-સંપત્તિની લાલચ અને નામના–કીર્તિની કામના. અને એ લાલચ અને કામના પૂરી કરવા એની યોગસાધના ત્યાં જ થંભી જાય છે અને એ મોક્ષમાર્ગનો પ્રવાસી મટીને સંસારનો નિવાસી બની જાય છે—જાણે હિમાલય તરફ જવા ઇચ્છતો મુસાફર કન્યાકુમારી તરફનો ઊંધો કે પીછેહઠનો પ્રવાસ શરૂ કરે છે! યોગસાધનાની શરૂઆતની સિદ્ધિઓના જંગલમાં જે અટવાઈ જાય છે એની છેવટે આવી જ અવદશા થાય છે.

કનક, કામિની અને કીર્તિ હંમેશાં સંસારનાં મોટાં આકર્ષણ રહ્યાં છે; અને ભલભલા આત્મસાધકો, યોગીઓ કે મહાયોગીઓ પણ એ લોભામણા, સુંવાળા, લપસણા માર્ગે પોતાની સાધનાને છેહ આપી બેસે છે. કોઈ કનકના એટલે કે સંગ્રહશીલતાના પંજામાં સપડાઈ જાય છે; તો કોઈ કામિનીના યાને સુખોપભોગ અને વિલાસની વાસનાની મોહક જાળમાં અટવાઈ જાય છે. અને કીર્તિ–નામના–પ્રતિષ્ઠાનું કામણ તો એટલું બધું કાતિલ હોય છે કે કનક અને કામિનીના મોહથી બચનારા સાધકોની સાધના પણ એની આગળ થંભી જાય છે. અને જે આ ત્રણેના મોહપાશમાંથી ઊગરી જાય છે, એનો બેડો પાર થઈ જાય છે. પણ આ કામ અતિ મુશ્કેલ, દુષ્કરમાં પણ દુષ્કર કહી શકાય એવું છે. અને એમાં સફળ થનારા બહુ જ વિરલા હોય છે. ઊંચે ચડવામાં મુશ્કેલી રહેલી છે, પણ ઊંચે ચડેલાને નીચે પડતાં કેટલી વાર? અજાગ્રત સાધકને માટે સિદ્ધિઓ અને ચમત્કારો કેવળ પતનનું જ કારણ બની જાય છે.

પણ ગુરુ ગૌતમસ્વામી તો પૂરા જાગ્રત આત્મા હતા. તેઓ આવાં બધાં, દેખાવે મીઠાં અને પરિણામે માઠાં, આકર્ષણોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભય બરાબર સમજતા હતા અને એમાં ફસાઈ ન જવાય એ માટે સતત સાવધાની રાખતા હતા. ગૃહસ્થ હતા ત્યારેય દુનિયાદારીનાં આકર્ષણો એમને ભાગ્યે જ સ્પર્શી શકતાં; અને હવે તો એમણે મોક્ષમાર્ગના યાત્રિકનો પવિત્ર અંચળો ધારણ કર્યો હતો, એટલે એવાં બધાં મોહક કારણો કે આકર્ષણો એમના માટે સાવ અકિંચિત્કર–બિનઅસરકારક બની ગયાં હતાં—જાણે પહાડને ભેદવા મથતાં મહાસાગરમાં ઉછાળા મારતાં મોટાં ભયંકર મોજાં પહાડને ચલિત કરવાને બદલે, એની સાથે અથડાઈને જ પાછા ફરી જતાં!

દેવાધિદેવ મહાવીર ઇન્દ્રભૂતિ ગૌતમના ગુરુ હતા. તેઓ પૂર્ણ વીતરાગ બન્યા હતા. એમનો ધર્મ વીતરાગનો ધર્મ હતો. રાગ-દ્વેષ, કષાયો, કર્મો અને ક્લેશો ઉપર વિજય મેળવવો એ એમના ધર્મનો હેતુ હતો. "જીતે તે જિન" એનો ભાવ આ જ હતો.

ગુરુ ગૌતમસ્વામી આવા મુમુક્ષુ ધર્મસંઘના નાયક હતા, અને વીતરાગ પ્રભુની એમને છત્રછાયા હતી, એટલે એમને યોગના માર્ગેથી ચલિત કરનારાં આવાં આવાં આકર્ષણો કેવી રીતે ચલિત કરી શકે? એમની આસપાસ તો આવી મોહક બાબતોની સામે રક્ષણ કરનારું ધર્મભાવનાનું અને આત્મભાવનું અખંડ કવચ જ જાણે રચાઈ ગયું હતું.

આ રીતે ગૌતમસ્વામી પોતે જ મોહ-માયા-મમતાથી મુક્ત, નિષ્કામ ધર્મસાધક બન્યા હતા. ઉપરાંત, ભગવાન મહાવીર સમા અપ્રમત્ત ધર્મનાયકની એમને સતત રખેવાળી હતી. અને વળી ભગવાન મહાવીરસ્વામીના જીવનનો એક પ્રસંગ પણ એમની સામે જ્યોતિની જેમ ઝળહળતો હતો, અને જાણે એમની સાધનાની પવિત્રતાનું જતન કરતો હતો—

વીર–વર્ધમાને દીક્ષા લીધા એક વર્ષ થયું હતું. શૂલપાણિ યક્ષના ઉપદ્રવોની સામે આત્મતેજ પ્રગટાવીને ભગવાને અસ્થિક ગ્રામમાં પહેલું ચોમાસું પૂરું કર્યું, અને તેઓ મોરાકસન્નિવેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામે આવ્યા. આ ગામમાં એક પાખંડીએ પોતાનો પ્રભાવ ખૂબ જમાવ્યો હતો. એનું નામ અચ્છંદક. અપુત્રિયાને પુત્ર આપે, નિર્ધનિયાને ધન આપે, રોગીના રોગ દૂર કરે, અપંગને સાજા કરે, આંધળાને દેખતા કરે—એવી એવી એની નામના હતી. એના ચમત્કારની વાતો સાંભળીને લોકો ટોળે વળતા અને એને ખૂબ ભેટો આપતા. એનો ધંધો ખૂબ ચાલતો. પણ એ મોટો પાખંડી—ઢોંગી હતો. દિવસે આવા ચમત્કારોના પ્રયોગો કરે અને રાતે ન કરવાનાં અધમમાં અધમ કામો આચરે !

ભગવાન મહાવીર તો ત્યારે પણ મોટા જ્ઞાની (ચાર જ્ઞાનના[1] ધારક) પુરુષ હતા. એટલે એમનાથી અચ્છંદકનું સાચું રૂપ અજાણ્યું કેમ રહે? કરુણાપરાયણ ભગવાનને થયું : આવા ઢોંગી—ધુતારાઓથી ઠગાતા લોકોને બચાવી લેવા જોઈએ. અને એનાં પાપ ઉઘાડાં પાડવાં જોઈએ. અને તેઓએ, યોગસાધનાને બળે પ્રાપ્ત થયેલી સિદ્ધિઓનો ઉપયોગ કરીને, લોકોને ચમત્કાર બતાવવા શરૂ કર્યા. અને આ ચમત્કારો તો સ્વાર્થ વગરના અને સાચા હતા. એટલે લોકો તો અચ્છંદકને ભૂલીને મહાવીરની પાસે ટોળે વળવા લાગ્યા. અચ્છંદકની બાપડાની દુકાન જાણે ભાંગી પડી !

એ ભગવાન પાસે પહોંચ્યો. એણે ભગવાનને આજીજી કરી : તમારી શક્તિ અપાર છે, અને તમારા માટે તો આખો દેશ ખુલ્લો છે. અહીં રહીને મને નુકસાન કરવાથી તમને શો લાભ થવાનો છે? ભગવાન તો કેવળ આત્મભાવના જ ઉપાસક પુરુષ હતા. એમણે નક્કી કર્યું : જ્યાં અપ્રીતિ થાય એવા સ્થાનનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા હજી થોડા માસ પહેલાં જ લીધી છે, એનું પાલન કરવું ઘટે; અને ચમત્કારોના આવા સુંવાળા માર્ગે અધઃપાતમાં પડતા આત્માને બચાવી લેવો ઘટે. એટલે ભગવાન એ ગામમાંથી તરત વિહાર કરી ગયા. લોકોપકારના મોહમાં આત્માનો અધઃપાત થાય તો તો છેવટે બીજાનું અને પોતાનું બન્નેનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમંગલ થયા વગર ન રહે. એટલા માટે તો ભગવાને ચેતવણી આપી છે કે જેને આત્મસાધના કરવી હોય એ કદાપિ મંત્ર-તંત્રના માર્ગે ન જાય.[૨]

તો પછી આવા વીતરાગ ભગવાનના જ સેવક ગૌતમસ્વામી ઋદ્ધિ-સિદ્ધિ-લબ્ધિઓના ચમત્કારોના મોહમાં પડીને પોતાના આત્મધર્મને કેવી રીતે વીસરી શકે?

એ યોગીપુરુષનું એકમાત્ર સાધ્ય હતું મુક્તિની પ્રાપ્તિ: ક્યારે હું પૂર્ણ વીતરાગ બનું અને ક્યારે મારાં સંસારનાં બંધનોનો અંત આવે એ જ એમની ઝંખના હતી; એટલે આવી ઉત્કટ યોગસાધનાના બદલામાં એમને મોક્ષમાર્ગથી દૂર ખેંચી જાય અથવા મોક્ષની પ્રાપ્તિ કરતાં ઓછું હોય એવું કશું જ ખપતું ન હતું. એટલે જે કોઈ વાત કે વિચાર એમને આ કાર્યમાં અવરોધરૂપ થતાં લાગે એને માટે એમના અંતરનાં દ્વાર સદાને માટે બિડાયેલાં જ રહેતાં. મરજીવાની જેમ જેણે લાખેણા મોતી માટે તપ આદર્યું હોય એને રંગરંગીલાં નકલી-ફટકિયાં મોતીથી સંતોષ કેવી રીતે થાય?

અને છતાં, ગુરુ ગૌતમસ્વામી જાણે કે ન જાણે, અને માને કે ન માને, એમની યોગસિદ્ધિને અને એમની લબ્ધિઓને દુઃખી દુનિયાએ પોતાનો આધાર માની લીધી હતી; એમના નામમાત્રથી નાના-મોટાં સંકટો દૂર થઈ જાય છે, એવી એમની ખ્યાતિ થઈ ગઈ હતી. અને એ ખ્યાતિ એમના જય જયકારરૂપે સર્વત્ર ગુંજવા લાગી હતી. આવી બધી ખ્યાતિ એમની યોગસાધનાના સહજ ફળરૂપ હતી.

આ બધું હતું છતાં એનું એમને લવલેશ પણ અભિમાન ન હતું. પોતાને નામે કોઈનું સંકટ દૂર થતું હોય કે કોઈનું ભલું થતું હોય તો એનો એમને આનંદ હતો; એમનો સ્વભાવ જ એવો પ્રસન્ન અને પરગજુ હતો. પણ કીર્તિની આસક્તિ એમને ક્યારેય સતાવી ન શકતી.

વિશાળ ધર્મસંઘના નાયક હોવા છતાં ગુરુ ગૌતમસ્વામી અભિમાન–અહંભાવથી સાવ અલિપ્ત હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આટઆટલી લબ્ધિઓના ભંડાર હોવા છતાં વાહવાહની કામના કે મોટાપણાનું ગુમાન એમને લોભાવી શક્યાં ન હતાં.

અને જ્ઞાનના મહેરામણ હોવા છતાં એનો ગર્વ—અહંકાર એમણે ક્યારેય અનુભવ્યો ન હતો.

સારા-ખોટા બધા પ્રસંગોએ, જળકમળની જેમ, અલિપ્ત અને સ્વસ્થ રહેવાની એમની શક્તિ હતી. આવી આવી તો કંઈક મહાલબ્ધિઓનું ગૌતમસ્વામીને વરદાન મળ્યું હતું. એ મહાલબ્ધિ-ઓનું મૂલ્ય અમૂલ્ય હતું.

યોગસાધનાની ભીતરમાં સતત વહેતી એકમાત્ર આત્મદર્શનની ઉત્કટ તાલાવેલીનું જ આ સુપરિણામ હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૪

# આદર્શ શિષ્ય, આદર્શ ગુરુ

શક્તિ મળે, સાથે સમર્પણભાવ મળે, એ મહાભાગ્ય સમજવું.

ગુરુ ગૌતમસ્વામીને આવું સદ્ભાગ્ય સાંપડયું હતું. સંસારનો ત્યાગ કર્યો એ ક્ષણથી જ તેઓ પોતાના ગુરુ ભગવાન મહાવીરને સર્વ ભાવે સમર્પિત થઈ ગયા હતા. ભગવાન મહાવીર કાયા હતા તો ગુરુ ગૌતમ એમની છાયા હતા. કાયાથી છાયા અળગી થાય તો જ ગૌતમ મહાવીરથી અળગા થઈ શકે. આટલી બધી એકરૂપતા એ બેની વચ્ચે પ્રવર્તતી હતી. એથી જ મહાવીર અને ગૌતમની જોડી યાદગાર અને અવિહડ ધર્મસ્નેહના દાખલારૂપ લેખાઈ છે.

ગુરુ ગૌતમની નમ્રતા અને જિજ્ઞાસા તો જુઓ. પોતે ચાર જ્ઞાનના ધારક હતા, અનેક વિદ્યાઓના પારંગત હતા અને માતા સરસ્વતીના લાડકવાયા હતા, છતાં પોતાની જિજ્ઞાસા સંતોષવા, નવી વાતને જાણવા કે પોતાની શંકાઓનું નિવારણ કરવા, પોતાના પાંડિત્યનો ઉપયોગ કરવાને બદલે, ભગવાન મહાવીરને જ તેઓ પ્રશ્ન પૂછતા. નમ્રાતિનમ્ર બનીને જાણે તેઓ પોતાના જ્ઞાનનો મહિમા વીસરી જ ગયા હતા.

પ્રશ્ન નાનો હોય કે મોટો, સરળ હોય કે મુશ્કેલ, આ લોક સંબંધી હોય કે પરલોક સંબંધી, વર્તમાન કાળનો હોય કે ભૂત-ભવિષ્યકાળને લગતો હોય, બીજાની જાત અંગેનો હોય કે પોતાની જાત સંબંધી હોય—એકેએક બાબતમાં ભગવાનના શ્રીમુખથી સમાધાન મેળવવામાં જ ગૌતમ આનંદ અનુભવતા.

ભગવાને દેવભાષા (સંસ્કૃત)ના બદલે એ વખતે પ્રચલિત લોકભાષા (અર્ધમાગધી—પ્રાકૃત)નો આદર કરીને કથા—વાર્તાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા આત્મધર્મની વાતો સમજવાનું એટલું સરળ અને સુગમ બનાવી દીધું હતું કે ભણેલા અને અભણ બધાંય એમની વાણીને મંત્રમુગ્ધ બનીને સાંભળતાં. એ વાણીમાં જાણે સમભાવ અને વાત્સલ્યની સરિતા જ વહેતી રહેતી. તેથી જ તો, ગમે તે નિમિત્તે, ભગવાનની નિર્મળ, સરળ, સુગમ, ધર્મવાણી સાંભળવાનું ગૌતમને જાણે ઘેલું લાગ્યું હતું. ગૌતમને જ્ઞાન પણ ઘણું હતું, અને વયમાં પણ તેઓ ભગવાનથી મોટા હતા. છતાં ભગવાનની આગળ તેઓ નાના બાળક જ બની જતા, પોતાની જાતને વીસરી જતા તથા પ્રભુમય બની જવામાં જ જીવનની ધન્યતા અનુભવતા.

ભગવાન તરફની ભક્તિની ગંગા તો જાણે ગૌતમના રોમ રોમમાં વહેતી હતી. એ માટે તેઓ, ભારંડ પક્ષીની જેમ, સદાય ખડે પગે તૈયાર રહેતા. ભગવાનની ભક્તિ અને ભગવાનના ધર્મ-શાસનની પ્રભાવના એ ગુરુ ગૌતમના જીવનનો અનેરો આનંદ હતો. પોતાની જીવનસાધના ઉપરાંતનો એમનો બધો સમય એ કાર્યને સમર્પિત થયો હતો, એટલું જ નહીં, એ એમની સાધનાનું એક મહત્ત્વનું અંગ જ હતું. તેથી જ તો એમને માટે આગમ-વાણીમાં કહેવામાં આવ્યું છે કે—

"તે કાલે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે (બહુ દૂર પણ નહીં અને બહુ નિકટ પણ નહીં એ રીતે) ઊર્ધ્વજાનુ—ઊભડક રહેલા, અધઃશિર—નીચે નમેલા મુખવાળા, અને ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ તેમના જ્યેષ્ઠ શિષ્ય ઇંદ્રભૂતિ નામના અણગાર—સાધુ સંયમ વડે અને તપ વડે આત્માને ભાવતા વિહરે છે—રહે છે."[૧]

જેણે પોતાનું જીવન અને સર્વસ્વ પ્રભુચરણે સમર્પિત કર્યું હોય અને પોતાની જાતનું પ્રભુમાં વિલોપન કરવામાં જ મોજ અને કૃતકૃત્યતા માની હોય, એના તરફ પ્રભુને પણ એવો જ આત્મીયતાભર્યો ભાવ હોય એમાં શી નવાઈ? આનું જ નામ દિલ-બર-દિલનો સિદ્ધાંત: ભક્તિ વાવો તો ભાવના મળે અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન પણ ભક્તને વશ થયા વગર ન રહે. ભગવાન મહાવીરને પણ પોતાના પ્રથમ શિષ્ય અને ગણધર ઇંદ્રભૂતિ ગૌતમ તરફ આવો જ આત્મીયતાભર્યો ભાવ હતો. જન્મજન્માંતરનો સ્નેહતંતુ આ અંતિમ ભવે જાણે ચરમ સીમાએ પહોંચ્યો હતો. અને આ અંતિમ ભવે બંને એવા સ્થાનમાં જઈ પહોંચવાના હતા કે જ્યાંથી ક્યારેય બીજે જવાનું, પાછા ફરવાનું અને વિખૂટા પડવાનું ન હતું. તેથી જ ભગવાને પોતે કહ્યું હતું કે—

"મરણ પછી–શરીરનો નાશ થયા બાદ–અહીંથી ચ્યવી આપણે બંને સરખા, એકાર્થ (–એક પ્રયોજનવાળા અને એક સિદ્ધક્ષેત્રમાં રહેવાવાળા), વિશેષતા અને ભેદ રહિત થઈશું."[2]

મહાવીરસ્વામી અને ગૌતમસ્વામી વચ્ચે ભગવાન અને ભક્ત જેવો આવો એકરંગી, અખંડ અને નિર્મળ ધર્મસ્નેહ પ્રવર્તતો હોવાથી, શ્રમણ ભગવાન મહાવીરને જ્યાં ક્યાંય અને જ્યારે પણ ધર્મકાર્ય માટે પોતાનો સંદેશવાહક મોકલવાની જરૂર પડતી ત્યારે તેઓ ગૌતમસ્વામીને એ કામ સોંપતા. ગૌતમસ્વામી પણ પ્રભુનો આવો વિશ્વાસ મેળવવા બદલ પોતાની જાતને કૃતાર્થ માનીને આહ્‌લાદથી એ કામ કરતા.

ભગવાન જ્યારે દિવસના પહેલા પ્રહરે પોતાની ધર્મદેશના પૂરી કરતા ત્યાર પછી ગૌતમસ્વામી, ભગવાનની પાદપીઠ ઉપર બેસીને, બીજા પ્રહરે દેશના આપતા અને પ્રભુનો ધર્મસંદેશ સૌને સરળતાથી સમજાવતા.[3]

ગુરુ ગૌતમ ભગવાનના આદર્શ સંદેશવાહક અને આદર્શ શિષ્ય હતા.

અને—

ગૌતમસ્વામી જેમ એક આદર્શ શિષ્ય હતા, એવું જ એમનું ગુરુપદ પણ આદર્શ હતું.

એ ગુરુ જેવા શરીરથી પ્રભાવશાળી હતા, એવા જ જ્ઞાનથી પણ પ્રભાવશાળી હતા અને એમના સ્વભાવનો પ્રભાવ તો જાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌ ઉપર કામણ કરીને સૌને પોતાને વશ કરી લે એવો મધુર હતો. વત્સલતા, સમતા, સરળતા, કરુણામયતા અને નિખાલસતા એમના એકેએક વેણ અને વ્યવહારમાંથી નીતરતી રહેતી હતી. ગુરુ ગૌતમ દેહધારી માનવ શું હતા, જાણે બધી ક્ષેમંકર ઊર્મિઓ, લાગણીઓ અને ભાવનાઓના પિંડ હતા. અને એમના ઉદાર અંતરમાંથી મારા-તારાપણાના બધા ભેદ ભૂંસાઈ ગયા હતા. જેમ ઊંચે આકાશમાં બિરાજતા ચંદ્રને માટે સૌકોઈને એમ લાગે કે એ તો મારા તરફ જ નિહાળી રહેલ છે, અને મારા ઉપર જ અમી વરસાવી રહેલ છે, એમ ગુરુ ગૌતમને માટે પણ સૌનાં અંતરમાં એવો જ ભાવ જાગતો કે તેઓ મારા જ છે અને મારા ઉપર એમની અસીમ કૃપા અને વત્સલતાનો અભિષેક નિરંતર કરતા રહે છે!

ભગવાન મહાવીરના સંઘના તો તેઓ સ્થવિર–વડીલ હતા જ, સૌને સાચવવાની, સુધારવાની અને શીખવવાની એમની પદ્ધતિ પણ અનોખી અને આભિજાત્યથી શોભતી હતી; પણ જેઓ એ સંઘમાં ભળ્યા ન હતા, ભગવાન મહાવીરની ધર્મપ્રરૂપણા જેઓને સમજાતી ન હતી અને જેઓ એમનો વિરોધ કરતા હતા, એ બધાય ગુરુ ગૌતમનો સંપર્ક પામીને અને એમની સમભાવ, સમન્વય અને સમજૂતીથી ભરેલી વાતો સાંભળીને પ્રતિબોધ પામી જતા, એમના બની જતા અને અંતે ભગવાન મહાવીરના ધર્મસંઘમાં ભળી જતા. સમતા, સત્ય અને સમન્વયનો સુમેળ સાધવાની જે કળાથી મહાવીરે ઇન્દ્રભૂતિ ગૌતમને પોતાના બનાવી દીધા હતા, એ કળા ગુરુ ગૌતમમાં જાણે સોળે કળાએ ખીલી નીકળી હતી.

વગર બોલ્યે સૌના સંશયો છેદાઈ જાય[4] અને સૌને વ્રત-નિયમ-સંયમમાં આપમેળે સ્થિર રહેવાની પ્રેરણા મળે, એવું પવિત્ર અને પ્રભાવશાળી તેઓનું જીવન અને તેજસ્વી અને હૃદયસ્પર્શી તેઓનું જ્ઞાન હતું. જ્ઞાન અને ચારિત્રની ગરિમાથી શોભતા તેઓ આદર્શ ધર્મગુરુ હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૫

# અજ્ઞાત સત્ય

શ્રમણ ભગવાન મહાવીર સર્વજ્ઞ થયા અને જગતના ઉદ્ધાર માટે એમણે ધર્મતીર્થની સ્થાપના કરીને ચાર પ્રકારના સંઘની વ્યવસ્થા કરી; અને ધર્મ-માર્ગના અનુસરણ માટે શ્રમણસંઘ અને શ્રાવકસંઘના આચારનાં વ્રતો, વિધિ-નિષેધો અને નિયમોની લોકભાષામાં સમજણ આપી. ચોમેર જિન–તીર્થંકરના શાસનની પ્રભાવના થઈ રહી. એ પ્રભાવનાથી ખેંચાઈને રાજાથી રંક અને વૃદ્ધથી બાળક સુધીનાં નર-નારીઓ પ્રભુના શાસનનાં અનુયાયીઓ બનવા ટોળે વળીને આવવા લાગ્યાં.

પ્રભુએ તો જાણે ધર્મ-અમૃતની પરબ માંડી હતી. એ પરબનું આંગણું સહુને માટે મોકળું હતું. એ પરબમાં બળ્યા-જળ્યા-દુઃખી અંતરને જે શાતા મળતી એ અલૌકિક હતી.

એ પ્રભાવ હતો પ્રભુની અસીમ સમતા અને વત્સલતાનો; અને એમાં એકાકાર બની ગયેલી અહિંસા, કરુણા અને સત્ય-પરાયણતાનો.

એક પ્રસંગે પ્રભુએ દાયકાઓ સુધી અજ્ઞાત રહેલા સત્યને વાચા આપીને પોતાના જીવનની એક સાવ અજાણી ઘટનાનાં જગતને દર્શન કરાવ્યાં હતાં. એ પ્રસંગના અને ભગવાનની સત્યનિષ્ઠાનાં દર્શન કરીએ.

સર્વજ્ઞ થયા પછીનું પહેલું ચોમાસું ભગવાન રાજગૃહ નગરમાં રહ્યા હતા અને ચોમાસું પૂરું થતાં ભગવાને વિદેહદેશ તરફ પ્રયાણ કર્યું હતું.

વિદેહદેશ તો ભગવાનની જન્મભૂમિ. કર્મશૂર દીકરો કમાણી કરવા વિદેશ ગયો હોય અને મોટી કમાણી કરીને બાર-તેર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષે પાછો આવતો હોય, એ પ્રસંગ કેવો રોમાંચકારી અને આહ્લાદકારી બની રહે છે! ભગવાનના વિદેહદેશ તરફના આગમનનું પણ એવું જ થયું.

ભગવાન પણ તેરેક વર્ષ પહેલાં, આત્મલક્ષ્મીની કમાણી કરવા, સુખ-વૈભવ અને સગાં-સ્વજનોનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા હતા. અત્યારે તેઓ કેવી કેવી આત્મસંપત્તિની કમાણી કરીને પોતાની જન્મભૂમિમાં પાછા ફરતા હતા!

સર્વત્ર ધર્મરત્નનો દિવ્ય પ્રકાશ અને આત્મધર્મનો અપૂર્વ આનંદ પ્રસરી રહ્યો: ધન્ય પ્રભુ, ધન્ય ઘડી, ધન્ય વેળા, ધન્ય ભાગ! અમારાં આંગણાં આજે પાવન થયાં!

એક દિવસ પ્રભુ બ્રાહ્મણકુંડ ગ્રામ નગરના બહુસાલ નામે ઉદ્યાનમાં પધાર્યા. નગરમાં જાણે સોનાનો સૂરજ ઊગ્યો. નગરનાં નર-નારીઓ ભગવાનનાં દર્શન કરવા અને ભગવાનની ધર્મવાણીને અંતરમાં ઝીલવા ઉદ્યાનમાં પહોંચી ગયાં—આવો ધન્ય અવસર ફરી આવ્યો કે આવશે!

ભગવાનનાં દર્શને જનારાંઓમાં વિપ્રવર ઋષભદત્ત અને એમનાં ગૃહિણી દેવાનંદા પણ હતાં. બન્ને શ્રમણધર્મના ઉપાસક હતાં. તીર્થંકરની ધર્મવાણીથી પોતાના જીવનને પાવન કરવાના એમના કોડ હતા.

ભગવાનની ધર્મપર્ષદામાં ભગવાનના પ્રથમ ગણધર ગૌતમસ્વામી પણ બિરાજ્યા હતા. પોતાના આત્માનો ઉદ્ધાર અને ભગવાનના શાસનનો જયજયકાર એ જ એમના મનોરથો હતા. ધર્મપર્ષદા ઉપર ભગવાનની ધર્મદેશનાનો પ્રભાવ જોઈને ગૌતમસ્વામીનું રોમ રોમ ખીલી ઊઠતું; તેઓનું ચિત્ત આનંદવિભોર બની જતું.

ગૌતમસ્વામી નિહાળે છે કે આજની ધર્મપર્ષદામાં શ્રાવિકાઓના સંઘમાં એક નારી આજે અજબ રોમાંચ અનુભવી રહી છે. કાયા તો એની વૃદ્ધત્વને આરે પહોંચી છે, પણ, ચાતક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેઘની સામે નીરખી રહે એમ, એ અનિમિષ નયને ભગવાનને એકીટશે નીરખી રહી છે, એનું રોમ રોમ વિકસ્વર થઈ ગયું છે, અને એના પ્રશાંત મુખ ઉપરથી અપાર વાત્સલ્યનું અમી નીતરી રહ્યું છે.

અંતરની લાગણીઓ એના મુખ ઉપર અંકિત થઈ છે.

એ નારી સ્થિર નયને પ્રભુને નીરખવામાં તન્મય બની ગઈ છે અને ગુરુ ગૌતમ એ નારીને નીરખવામાં એકાગ્ર બની ગયા છે. અને તેઓ એક અદ્ભુત દૃશ્ય જોઈ સ્તબ્ધ બની જાય છે: એ વૃદ્ધ નારીનો કંચુક અંતરના હર્ષોલ્લાસથી પહોળો થઈ ગયો, એના ઉરપ્રદેશમાંથી દૂધની ધારા છૂટવા લાગી અને એનાં નેત્રો આનંદનાં આંસુ વહાવી રહ્યાં !

ગૌતમસ્વામીએ સરળ ભાવે ભગવાનને પૂછ્યું: "ભગવાન ! આ બ્રાહ્મણ-નારી દેવાનંદા આજે આવો રોમાંચ અનુભવી રહી છે અને એના ઉરપ્રદેશમાંથી દૂધની ધારા વહેવા લાગી છે, તેનું કારણ શું ?

ત્રિકાળજ્ઞાની ભગવાને સમાધાન આપતાં કહ્યું : "ગૌતમ! આ દેવાનંદા તો મારી માતા–જનેતા છે; હું એનો પુત્ર છું ! આ સત્યને એ ભલે ન જાણતી હોય, પણ અંતરના વાત્સલ્યતંતુઓ એકબીજાને, અજાણી રીતે, જાણી લે છે."[1]

ગુરુ ગૌતમના પ્રશ્નથી તે દિવસે જગતને ભગવાનના જીવનનું એક અજ્ઞાત અને નવું સત્ય જાણવા મળ્યું.[2]

ગુરુ ગૌતમસ્વામી ભગવાનની સત્યપ્રિય વાણીને વંદી રહ્યા.

*

પછી તો વિપ્રવર ઋષભદત્ત અને દેવાનંદા, જાણે સુપુત્રના શાસનમાં ભળી જતાં હોય એમ, ઘરસંસારનો ત્યાગ કરીને, ભગવાનના ભિક્ષુક સંઘમાં ભળી ગયાં !

ગુરુ ગૌતમે જોયું કે, ભગવાનનાં આ બડભાગી માતા-પિતા અને એ ધર્મપરાયણ બ્રાહ્મણ પતિ-પત્ની, આત્મસાધના કરીને કાળક્રમે મોક્ષનાં અધિકારી બની ગયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૬

# સ્કંદક પરિવ્રાજક : પાંચ ભવની લેણાદેણી

ઉત્તર ભારતનો કોસલ દેશ ધર્મસંસ્કારની ભૂમિ લેખાતો. એની રાજધાની હતી શ્રાવસ્તી નગરી. એ નગરીની પાસે એક મઠમાં એક પરિવ્રાજક રહે. સ્કંદક એનું નામ, કાત્યાયન એનું ગોત્ર અને પરિવ્રાજક ગર્દભાલ એના ગુરુ.

સ્કંદક વેદ-વેદાંગ અને બધી વિદ્યાઓના પંડિત હતા. એમણે ત્રિદંડી પરિવ્રાજકનો ધર્મ સ્વીકાર્યો હતો. એ પોતાની પરંપરા પ્રમાણે ધર્મોપકરણો—વસ્ત્ર, પાત્ર, દંડ વગેરે—રાખતા અને ગેરુવાં વસ્ત્રો ધારણ કરતા. એ સત્યના શોધક અને તત્ત્વના જિજ્ઞાસુ હતા. એમનું જીવન પવિત્ર હતું.

ભગવાન મહાવીરના સંઘના પિંગલક નામે એક નિર્ગ્રંથ-મુનિ એ વખતે શ્રાવસ્તી નગરીમાં રહેતા હતા. એ પણ કાત્યાયન ગૌત્રના હતા.

એક દિવસ નિર્ગ્રંથ પિંગલક સ્કંદક પરિવ્રાજક પાસે જઈ પહોંચ્યા અને એમના જ્ઞાનીપણાની પરીક્ષા કરવા એમણે એમને પાંચ પ્રશ્ન પૂછ્યા : “ હે માગધ![1] લોક, જીવ, મોક્ષ (સિદ્ધિ), મોક્ષે જનાર જીવ (સિદ્ધ)—આ બધાં અંતવાળા છે કે અંત વગરના? અને જીવનું મરણ કેવી રીતે થાય તો એનો સંસાર વધે અથવા ઘટે ? ”

મુનિ પિંગલકના પ્રશ્નો સાંભળી સ્કંદક વિચારમાં પડી ગયા. એમણે એ પ્રશ્નોના જવાબ શોધવા માટે મનમાં ઘણી ઘણી મથામણ કરી, પણ કોઈ જવાબ મળ્યો નહીં. છેવટે એમનું મન શંકા, કાંક્ષા અને અવિશ્વાસથી ભરાઈ ગયું અને એમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિ જડ થઈ ગઈ. એમણે પિંગલકના પ્રશ્નોનો કશો જવાબ ન આપ્યો.

એ અરસામાં શ્રમણ ભગવાન મહાવીર, પોતાના સંઘ સાથે, કૃતંગલા નગરીના છત્રપલાસ નામે ચૈત્યમાં પધાર્યા. આ નગરી શ્રાવસ્તીની પાસે જ હતી. શ્રાવસ્તીના લોકો મોટી સંખ્યામાં ભગવાનનાં દર્શન કરવા અને એમની ધર્મવાણી સાંભળવા ટોળે વળીને ત્યાં જવા લાગ્યાં.

પિંગલકના પ્રશ્નોએ સ્કંદકના અંતરમાં શંકા-આશંકાઓ તો જન્માવી જ હતી; અને સત્યના શોધક એ પરિવ્રાજક એનું સમાધાન મેળવવા પણ ઝંખતા હતા. પોતાથી એક નિર્ગ્રંથ ભિક્ષુના સવાલોના જવાબો આપી ન શકાયા એની બેચેની પણ એમને સતાવી રહી હતી. એવામાં કૃતંગલા નગરીના છત્રપલાશ ચૈત્યમાં સર્વજ્ઞ ભગવાન મહાવીર પધાર્યાની વાત એમણે લોકો પાસેથી સાંભળી અને એમનું ચિત્ત એક પ્રકારની નિરાંત અનુભવી રહ્યું. એમને થયું : નિર્ગ્રંથ પિંગલકના જે પ્રશ્નો મારા મનને પરેશાન કરી રહ્યા છે, એના ખુલાસા મેળવવાનો આ કેવો ઉત્તમ સુયોગ મળ્યો! અને, જરાય સમય વિતાવ્યા વગર, ભદ્રપરિણામી પરિવ્રાજક ગેરુવાં વસ્ત્રો પહેરીને, અને પોતાનાં વસ્ત્રો, પાત્રો અને ઉપકરણો લઈને, ભગવાન મહાવીર પાસે પહોંચવા રવાના થયા. એમના અંતરમાં અત્યારે એક જ ઝંખના હતી કે ક્યારે મહાવીર પાસે પહોંચું અને ક્યારે આ પ્રશ્નોના ખુલાસા મેળવી સત્યનાં દર્શન કરું.

ત્રિકાળજ્ઞાની ભગવાન પોતાના જ્ઞાનના પટ ઉપર સ્કંદક પરિવ્રાજકની મનોભાવના અને એમની પોતાની પાસે પહોંચવાની પ્રવૃત્તિ સ્પષ્ટરૂપે અંકિત થયેલી નીરખી રહ્યા. એ વખતે ભગવાને ગૌતમને કહ્યું : "હે ગૌતમ, આજે તું તારા એક પૂર્વના ઓળખીતાને જોઈશ—મળીશ."[૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એ મારા ઓળખીતા કોણ છે ભગવાન?" ગૌતમે નમ્રતાથી પૂછ્યું.

"આજે તું હમણાં જ કાત્યાયન સ્કંદક પરિવ્રાજકને મળીશ. એ તારા પૂર્વપરિચિત છે અને પોતાની શંકાઓનું સમાધાન મેળવવા માટે અહીં આવી રહ્યા છે."

ગૌતમે ઉત્સુકતાથી પૂછ્યું : "હે ભગવન્! શું એ આપના શિષ્ય બનશે."

ભગવાન : "હા ગૌતમ! એ અમારા સંઘમાં ભિક્ષુ બનશે."[3]

ગૌતમ ખૂબ રાજી થયા.

*

ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજક પાંચ-પાંચ જન્મથી એક-બીજાથી પરિચિત હતા. અને ભગવાને ગૌતમને સંબોધીને એ જ વાત કહી હોવી જોઈએ, એમ લાગે છે.[4]

એ પાંચ પૂર્વભવોની કથાઓ આ પ્રમાણે છે—

## (૧)
## મંગલ શેઠ અને સુધર્મા શ્રાવક

જંબૂદ્વીપમાં પૂર્વમહાવિદેહ ક્ષેત્ર. એના પુષ્કલાવતી વિજયમાં બ્રહ્માવર્ત નામે દેશ. એની રાજધાનીનું નામ બ્રહ્મપુત્ર નગર. ત્યાં બ્રહ્મ નામે રાજા રાજ્ય કરે. એની રાણીનું નામ બ્રાહ્મી. એમના પુત્રનું નામ બ્રહ્મદત્ત.

એ નગરમાં એક શ્રેષ્ઠી રહે. એમનું નામ મંગલ. મંગલ શેઠ ખૂબ પ્રામાણિક. એમનો વેપાર અને વ્યવહાર બંને વખણાતા. બુદ્ધિશાળી, ન્યાયપ્રિય અને સત્યના પક્ષપાતી પણ એવા કે સૌ કોઈ એમની સલાહ લેવા આવે—પાંચમાં પૂછ્યા ઠેકાણું. રાજા અને પ્રજા બંને એમને માન આપે. એમના ધર્મનો રંગ પણ પાકો. બારે વ્રતોનું અને ધર્મક્રિયાઓનું જીવની જેમ જતન કરે. આદર્શ શ્રાવક જ જોઈ લ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમંગલા એમનાં પત્ની. એ પણ શ્રેષ્ઠીના જેવાં જ ધર્મ-પરાયણ અને પરોપકારી. એમના પુત્રનું નામ મંગલાનંદ. એ જેમ માતાપિતાની મન દઈને સેવા કરતો અને આજ્ઞા ઉઠાવતો, તેમ દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ માટે પણ સદા તત્પર રહેતો. ધર્મભાવના એના રોમ રોમમાં પ્રસરી હતી.

એમના મકાનની પાસે સુધર્મા નામે[5] એક શ્રાવક રહે. જેવું નામ એવા એના ગુણ. હંમેશાં ધર્મનું પાલન કરે અને ન્યાય-નીતિથી પોતાનો વ્યવહાર ચલાવે. સ્વભાવ પણ ખૂબ સરળ અને ઉદાર.

મંગલ શેઠ અને સુધર્મા બંને મિત્રો. પર્વતિથિએ બંને સાથે જ ધર્મકરણી કરે; અને સારાં કામોમાં સદાય સાથે ને સાથે જ રહે.

ક્યારેક મંગલ શ્રેષ્ઠી માંદા પડ્યા. ઘણા ઘણા ઉપચારો કર્યા પણ રોગ શાંત ન થયો. ભૂખ ન લાગે, ખાધું ન પચે અને દિવસે દિવસે અશક્તિ તો વધતી જ જાય. શાણા શ્રેષ્ઠીએ સમજીને ઘરવ્યવહાર અને વેપાર-વણજનો ભાર પોતાના પુત્રને સોંપી દીધો; અને પરિગ્રહ અને બ્રહ્મચર્યનો નિયમ લઈને પોતાના મનને ધર્મમાં સ્થિર કરવા પ્રયત્ન કરવા લાગ્યા. પણ રોગ તો વધતો જ ગયો. એક વાર વિચક્ષણ શ્રેષ્ઠી સમજી ગયા કે હવે અંત સમય નજીક જ છે, એટલે ધર્મનું જ શરણ લેવું ઘટે. અને એમણે આમરણ અનશનવ્રત સ્વીકારી લીધું.

ત્યારે ઉનાળાની ઋતુ હતી. ગરમી ઉત્તરોત્તર વધતી જતી હતી. કુટુંબીજનો અને શ્રાવક સુધર્મા ધર્મસૂત્રો સંભળાવીને મંગલ શ્રેષ્ઠીના મનને સ્વસ્થ રાખવા સતત જાગતા રહેતા હતા. એક રાત્રે ગરમી અસહ્ય હતી અને મંગલ શ્રેષ્ઠીનો કંઠ તરસથી સુકાવા લાગ્યો. એમનું ચિત્ત પાણી પાણીનું રટન કરીને પાણી માટે ઝંખી રહ્યું. એ રાત જાણે વેરણ બની બેઠી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃષાની વેદના પળે પળે વધતી જતી હતી, અને શ્રેષ્ઠીની સહનશક્તિ ઘટતી જતી હતી. પોતાની વેદનામાં શેઠને પોતાના કુટુંબ તરફ તિરસ્કાર આવ્યો કે આ લોકો કેવા ક્રૂર છે કે મને પાણી પિવરાવતા નથી! નદી, સરોવર અને સાગરનાં માછલાં કેવાં ભાગ્યશાળી છે કે સતત શીતળ અને મધુર પાણી પીધા કરે છે અને પાણીમાં જ હમેશાં રમ્યા કરે છે! આ પ્રમાણે શેઠનો જીવ પાણીમાં જ પરોવાઈ ગયો અને છેલ્લી ક્ષણે પાણી પાણી કરતાં મરણ પામીને એ વિપાશાંતર નદીમાં માછલાનો અવતાર પામ્યા.

આ મંગળ શ્રેષ્ઠીનો જીવ તે ભવિષ્યના ગૌતમસ્વામી અને સુધર્મા શ્રાવક તે ભવિષ્યના સ્કંદક પરિવ્રાજક.

## (૨)
## મત્સ્ય અને સુધર્મા

મત્સ્ય તો નદીના જળમાં હરે-ફરે છે, મજા કરે છે અને નાનાં નાનાં માછલાંનો આહાર કરીને ખૂબ તાજોમાજો થાય છે. ન કોઈ દુઃખ, ન કશી ચિંતા, મન ભરીને ફરવાનું અને પેટ ભરીને જમવાનું! કેવું સુખ!

એક વખત નદીમાં ફરતાં ફરતાં એણે એક વિચિત્ર આકારનું માછલું જોયું: જાણે કોઈ આત્મસાધક મુનિની કાયાનો જ આકાર! આ આકાર જોઈને મત્સ તો વિચારમાં પડી ગયો. એને વારે વારે એમ જ થયા કરતું કે આવી સુંદર, શાંત અને આહ્લાદકારી આકૃતિ મેં ક્યારેક ક્યાંક જોઈ છે. અને આ વિચારમાં ને વિચારમાં એ એના આનંદ-વિહાર અને ખાન-પાન પણ વીસરી ગયો—જાણે પૂર્વના કોઈક સંસ્કાર એના અંતરને વલોવી રહ્યા હતા.

અને....અને....અને, દહીંને વલોવતાં માખણ નીકળે એમ, આવી બધી વિચારણા કરતાં કરતા, એનું અંતર ખૂલી ગયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એને પોતાના પૂર્વજન્મનું (જાતિસ્મરણ) જ્ઞાન થયું અને એણે જોયું કે પૂર્વના ભવમાં ધર્મનું અણીશુદ્ધ પાલન કરવા છતાં અંતિમ ક્ષણે પાપ-વાસના સેવવાથી મારે માછલાનો આવો હલકો અવતાર ધારણ કરવો પડ્યો છે. અને તરત જ એ મત્સ્યે પોતાના અંતરથી ધર્મનું શરણ સ્વીકારીને માછલાંનું ભક્ષણ કરવાનું બંધ કર્યું.

પેલો સુધર્મા મિત્ર એક વાર, ધન કમાવાને માટે, સાર્થવાહની સાથે, વહાણમાં મુસાફરી કરતો હતો. એવામાં નદીમાં એકાએક ઝંઝાવાતનું ભયંકર તોફાન જાગી ઊઠ્યું. આખું વહાણ હાલક-ડોલક થવા લાગ્યું : જાણે હમણાં જ ડૂબ્યું કે ડૂબશે! વહાણના માલમે પણ બધાંને ચેતવણી આપી દીધી અને પોતપોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવા કહી દીધું. અને મધરાત થતાં થતાં તો વહાણ ભાંગીને વેરવિખેર થઈ ગયું અને બધા મુસાફરો પાણીમાં ફેંકાઈ ગયા.

આ જ ક્ષણે પેલા મત્સ્યને પોતાના ધર્મમિત્ર સુધર્માનો વિચાર આવ્યો અને પૂર્વના સ્નેહથી પ્રેરાઈને એણે એને પોતાની પીઠ ઉપર બેસારીને ડૂબતો બચાવી લીધો અને સહીસલામત નદીના કિનારે મૂકી દીધો.

પોતાના પૂર્વભવના સહધર્મીની સેવા કરીને અને અંતિમ અનશન કરીને એ મત્સ્ય શુભ ધ્યાન કરતો કરતો મરીને સ્વર્ગમાં દેવ તરીકે જન્મ્યો.

## ( ૩ )
## બંને મિત્રો દેવલોકમાં

અંત સમયની ઉત્તમ આરાધનાને લીધે મત્સ્ય સૌધર્મ દેવલોકમાં દેવનો અવતાર પામ્યો. એનું નામ જ્યોતિર્માલી. એ દેવ મનભરીને દેવલોકનાં સુખો ભોગવે છે અને અવસરે અવસરે જિનેશ્વરની પૂજા, ભક્તિ અને સ્તુતિ કરવાનું પણ ચૂકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ધર્મના પુણ્ય પ્રતાપે પોતાને આટલું બધું સુખ મળ્યું એને કેમ ભૂલી શકાય ?

એક વાર એ દેવે પોતાના જ્ઞાનમાં જોયું કે પોતાનો કલ્યાણ-મિત્ર સુધર્મા પણ, ધર્મકરણીને પ્રતાપે, દેવનો અવતાર પામ્યો છે અને પોતાની નજીકમાં જ છે. એટલે એ દેવ પોતાના વિમાનમાંથી નીકળીને, સામે ચાલીને, પોતાના મિત્ર-દેવની પાસે પહોંચી ગયો. પૂર્વના સ્નેહનું સ્મરણ કરીને બંને મિત્ર-દેવો ખૂબ હેતથી એકબીજાને ભેટયા અને આનંદ-સરોવરમાં મગ્ન બની ગયા. બંનેનાં હૃદય ધર્મભાવનાથી સુવાસિત હતાં એટલે તેઓ પોતાની મિત્રતાને આનંદ-ભોગ-વિલાસથી દૂષિત કરવાને બદલે ધર્માત્મા-ઓની પ્રશંસા કરવામાં અને ધર્મમહોત્સવોમાં ભાગ લેવામાં ચરિતાર્થ કરવા લાગ્યા. બંને એકબીજાના સાચા ધર્મમિત્ર, કલ્યાણમિત્ર અને હિતમિત્ર બની ગયા હતા અને પોતપોતાના વિમાનમાં સુખપૂર્વક સમય વિતાવતા હતા.

દેવરૂપે જન્મેલ સુધર્માનો જીવ ક્યારેક પોતાનો માર્ગ ચૂકી ગયો અને પોતાની દેવીના બદલે સ્વર્ગની પણ્યાંગના ગણાતી અપરિગૃહીત દેવી ઊર્વશીમાં આસક્ત બની ગયો—હાડના ધર્મી જીવે જાણે વિષય-વિલાસના કીચડમાં ખૂંપવાનું અધમ કામ કરવાનું જાણી–બૂઝીને પસંદ કર્યું ! પણ આ દેવના આવા સ્વચ્છંદને કોણ વારી શકે ?–એ દેવની દેવી દુઃખમાં વિમાસી રહી.

છેવટે એ દેવીએ પોતાના પતિના મિત્ર જ્યોતિર્માલી દેવને આ વાત કરી. જ્યોતિર્માલી દેવે ખરે વખતે મિત્રધર્મ બજાવ્યો અને પોતાના મિત્રદેવને પતનને માર્ગેથી પાછો વળ્યો.

પહેલા ભવમાં ગૌતમના જીવ મંગલ શ્રેષ્ઠીનું અંતિમ અનશન વખતે તૃષાને કારણે પતન થયું હતું. આ ત્રીજા ભવમાં દેવ બનેલ સ્કંદકનો જીવ વિષયતૃષ્ણાને લીધે પતિત થયો. પણ છેવટે બંને ઊગરી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪)
## ત્રણ જીવો

કાળ પાકે અને પાંદડું પાકું-પીળું થઈ સહજભાવે ખરી પડે. આયુષ્યનું પણ એવું જ સમજવું—વહેલાં કે મોડાં એ પૂરું થાય જ થાય.

સમય પાકયો અને જ્યોતિર્માલી દેવના જીવે સ્વર્ગલોકને તજીને મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં વૈતાઢયની વેગવતી નામની નગરીમાં વિદ્યાધરોના રાજા સુવેગના પુત્રરૂપે જન્મ લીધો. એનું નામ હતું વેગવાન.

સુધર્મા શેઠનો જીવ, વિષય-વાસનાના ફળરૂપે, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ધનવંતી વિજયમાં તરંગિણી નગરીમાં ધનદેવ વ્યવહારિયાની પત્ની ધનવતીની કુક્ષિથી પુત્રીરૂપે અવતર્યો. એનું નામ ધનમાલા.

વિદ્યાધરોના રાજા સુવેગને ધીસખા નામે મંત્રી હતો. એ શાણો, બુદ્ધિશાળી અને ધર્મપરાયણ હતો.

વેગવાન વિદ્યાધરે, પોતાની કુળ પરંપરાની રીત પ્રમાણે, તપ અને વિધિપૂર્વક વિદ્યાસાધના કરીને બળ, બુદ્ધિ અને પરાક્રમ ખીલવીને યુવરાજ પદ પ્રાપ્ત કર્યું હતું. આ તરફ ધનમાલા પણ રૂપ-લાવણ્યવતી અને અનેક વિદ્યા-કળાઓમાં નિપુણ બની હતી.

એક વાર વેગવાન આકાશ માર્ગે ફરતો હતો, એવામાં એની નજર ધનમાલા ઉપર પડી. એનું રૂપ-લાવણ્યથી શોભતું યૌવન જોઈને વેગવાન એના ઉપર આસક્ત થયો અને એનું અપહરણ કરીને એને પોતાની નગરીમાં ઉપાડી લાવ્યો. પણ ધનમાલા એની સાથે લગ્ન કરવા તૈયાર ન થઈ; એ માટેના વેગવાનના બધા પ્રયત્નો એળે ગયા અને વેગવાન ખાવા-પીવાનું છોડીને હરાયા ઢોર જેવો બની ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વખતે ધીસખા મંત્રીએ એને સમજાવ્યું કે "યુવરાજ! વૈતાઢ્ય પર્વતની ભીંત ઉપર લખેલું છે કે જે વિદ્યાધર બળાત્કારથી ઉપાડી લાવેલ કન્યા સાથે ભોગ ભોગવે છે, તેની બધી વિદ્યા નાશ પામે છે." ધીસખા મંત્રીની વાત વેગવાનના મનમાં ઊતરી ગઈ. અને એણે ધનમાલા સાથે બળથી લગ્ન કરવાનો વિચાર માંડી વાળ્યો; અને એ પોતાની મરજીથી પરણવા તૈયાર થાય ત્યાં સુધી રાહ જોવાનું નક્કી કર્યું.

વેગવાનની ધીરજ છેવટે સફળ થઈ: એએક મહિના પછી ધનમાળા લગ્ન કરવા સંમત થઈ અને વેગવાનનાં લગ્ન એની સાથે ધામધૂમથી કરવામાં આવ્યાં. પણ એ બન્નેનો ભાગ્યયોગ કંઈક વિચિત્ર જ હતો : કેટલાક વખત પછી બીજો વિદ્યાધર ધનમાલા ઉપર આસક્ત થઈને એને ઉપાડી ગયો!

જ્યારે વેગવાને જાણ્યું કે જેના ઉપર પોતે ખૂબ અનુરાગ ધરાવતો હતો એ ધનમાલા બીજાની સાથે ભોગ ભોગવવામાં આસક્ત બની છે, ત્યારે એને સંસાર અસાર લાગ્યો, એનું મન સંસાર ઉપરથી ઊઠી ગયું અને એનું અંતર વૈરાગ્યને ઝંખી રહ્યું. આ ઘટનાથી એનું મન દુઃખી દુઃખી થઈ ગયું હતું.

ધીસખા મંત્રીએ સંસારના ભાવોની વિચિત્રતા સમજાવીને રાજા વેગવાનના દુઃખનું નિવારણ કરીને એમના મનનું સમાધાન કર્યું. પછી ત્યાં આવી પહોંચેલા આચાર્યથી પ્રતિબોધ પામીને વિદ્યાધર રાજા વેગવાને અને ધીસખા મંત્રીએ બન્નેએ એમની પાસે ત્યાગધર્મની દીક્ષા લીધી.

વખત જતાં ધનમાલાના અંતરમાં પણ પોતાના પાપને માટે પશ્ચાત્તાપ જાગી ઊઠચો અને એ પણ પોતાના દુષ્કર્મોનું પ્રાયશ્ચિત્ત કરવા સંસારનો ત્યાગ કરીને સાધ્વી બની ગઈ.

મંગલશ્રેષ્ઠીનો જીવ તે વેગવાન; એ જ ભાવી ઇન્દ્રભૂતિ ગૌતમ.

સુધર્માનો જીવ તે ધનમાલા; એ જ ભાવી સ્કંદક કાત્યાયન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બે જીવોને આ ભવમાં ત્રીજા જીવ ધીસખા મંત્રી સાથે મેળાપ થયો. એ જ ભાવી નિર્ગ્રંથ પિંગલક મુનિ : સ્કંદકને અઘરા પ્રશ્નો પૂછીને એ પરિવ્રાજકને ભગવાન મહાવીર પાસે મોકલવાનું નિમિત્ત બનનાર સાધુ.

ત્રણે જીવો, પાપ-પુણ્યના પડછાયાથી મુક્ત થવા, ભગવાન તીર્થંકરના સંયમમાર્ગનું નિષ્ઠાપૂર્વક પાલન કરવા લાગ્યા.

## ( ૫ )

## ત્રણે દેવલોકમાં અને ત્યાંથી મનુષ્યલોકમાં

સંયમની સ્વચ્છ સરિતામાં ત્રણે જીવોનાં મન પાપમળથી મુક્ત બની નિર્મળ બનવા લાગ્યાં; અને એમણે જેટલી નિર્મળતા સાધી, એનું ફળ એમને તરત મળ્યું : ત્રણે જીવો પોતાની પુણ્યપ્રકૃતિના બળે આઠમો દેવલોક પામ્યા.[૫]

દેવભવનું આયુષ્ય પૂરું થયું એટલે વેગવાનનો જીવ ગોબર ગામમાં વસુભૂતિ વિપ્રની પત્ની પૃથ્વીના પુત્ર ઇન્દ્રભૂતિ ગૌતમરૂપે બ્રાહ્મણકુળમાં અવતર્યો; ધનમાલાનો જીવ સંવર ગામમાં સિદ્ધ રાજાની સમૃદ્ધિ રાણીની કુક્ષિથી સ્કંદક કાત્યાયન નામે ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયો; અને ધીસખા મંત્રીનો જીવ ચંપા નગરીમાં તિલક શ્રેષ્ઠીને ત્યાં શીલવતીની કુક્ષિથી પિંગલક નામથી વૈશ્યકુળમાં અવતર્યો. જાણે ત્રણ મિત્રોએ આ ભવમાં પોતપોતાના જન્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણનો ત્રિવેણી-સંગમ સાધ્યો !

અને....અને આ ત્રણેનો ભાગ્યયોગ પણ કેવો કે જૂની સ્નેહગાંઠથી બંધાયેલા એ ત્રણે જીવો, આત્મભાવથી રંગાઈને, છેવટે ભગવાન મહાવીરના ભિક્ષુસંઘમાં ભળી ગયા !

સ્કંદક પરિવ્રાજકના આગમનના સમાચાર કહેતાં ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને જે કહેલું કે "હે ગૌતમ ! આજે તું તારા એક પૂર્વના ઓળખીતાને જોઈશ–મળીશ"–એ આ પાંચ ભવોના સંબંધોને જાણીને જ કહ્યું હશે.[૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનની વાણી સાંભળીને ગૌતમ આહ્લાદ અનુભવી રહ્યા. સ્કંદક આવી પહોંચ્યા એટલે ગૌતમ ઊઠીને એમને લેવા સામા ગયા. બન્ને ભદ્રપરિણામી જીવો એકબીજાને મળીને પ્રસન્ન થયા.

પછી ગૌતમે પરિવ્રાજકને એમના આગમનનો હેતુ કહી સંભળાવ્યો. આથી સ્કંદક પરિવ્રાજક વધુ વિસ્મય પામ્યા એટલે ગૌતમસ્વામીએ નમ્રતાપૂર્વક કહ્યું, "આ બધો પ્રભાવ મારા ગુરુ ભગવાન મહાવીરનો છે."

ગૌતમ સ્કંદકને ભગવાન પાસે લઈ ગયા. ભગવાનની સમતા, વત્સલતા અને કરુણા જોઈને સ્કંદકનું ચિત્ત ભારે શાતા અનુભવી રહ્યું. એમનું હૃદય જાણે બોલી ઊઠ્યું : અહીં મારી શંકાઓનું નિરાકરણ પણ થશે અને મારા આત્માનો નિસ્તાર પણ થશે.

પછી કરુણાનિધિ સર્વજ્ઞ ભગવાને નિર્ગ્રંથ પિંગલકે સ્કંદક પરિવ્રાજકને પૂછેલા પાંચ પ્રશ્નોના સંતોષકારક ખુલાસા આપતાં કહ્યું—

(૧) "હે સ્કંદક! 'લોક અંતવાળો છે કે અંત વિનાનો છે' એ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે : મેં લોકને ચાર પ્રકારનો જણાવ્યો છે : દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક અને ભાવલોક....લોકને દ્રવ્ય અને ક્ષેત્રની દૃષ્ટિએ વિચારીએ તો તે અંતવાળો છે; પણ કાળ અને ભાવની દૃષ્ટિએ વિચારીએ તો તે અંત વિનાનો છે."

(૨) "હવે, 'જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે' તે પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે : દ્રવ્યથી જીવ એક છે અને અંતવાળો છે. ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો છે, તથા તેનો અંત પણ છે. કાળથી જીવ નિત્ય છે અને તેનો અંત નથી. ભાવથી જીવ અનંત જ્ઞાનપર્યાયરૂપ છે અને અનંત દર્શનપર્યાયરૂપ છે, અને અનંત અગુરુલઘુપર્યાયરૂપ છે."

(૩) "તે જ પ્રમાણે સિદ્ધિ (એટલે કે સિદ્ધશિલા) પણ દ્રવ્યથી એક છે અને અંતવાળી છે; ક્ષેત્રથી સિદ્ધિની લંબાઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા પહોળાઈ ૪૫ લાખ યોજનની છે.....તેનો અંત-છેડો પણ છે. કાળથી સિદ્ધિ કોઈ દિવસ ન હતી એમ નથી, નથી એમ પણ નથી, તથા નહિ હોય એમ પણ નથી. ભાવથી સિદ્ધિ ભાવલોક પ્રમાણે જાણવી. એટલે કે દ્રવ્યસિદ્ધિ અને ક્ષેત્રસિદ્ધિ અંતવાળી છે; અને કાળસિદ્ધિ અને ભાવસિદ્ધિ અંત વિનાની છે."

(૪) "તે જ પ્રમાણે સિદ્ધ પણ દ્રવ્યથી એક છે, અને અંતવાળો છે. ક્ષેત્રથી સિદ્ધ અસંખ્ય પ્રદેશવાળો છો તથા તેનો અંત પણ છે. કાળથી સિદ્ધ આદિવાળા છે અને અંત વિનાના છે. ભાવથી સિદ્ધ અનંત જ્ઞાનપર્યવરૂપ છે, અનંત દર્શનપર્યવરૂપ છે, અનંત અગુરુલઘુ પર્યવરૂપ છે અને તેનો અંત નથી."

(૫) "'જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે' એ પ્રશ્નનો જવાબ આ છે: મેં મરણના બે પ્રકાર જણાવ્યા છે: બાલમરણ અને પંડિતમરણ. તેમાં બાલમરણના બાર ભેદ[૭] કહ્યા છે. એ બાર પ્રકારના બાલમરણ વડે મરે, તો જીવ અનંત વાર નૈરયિક ભવોને પામે છે; અનાદિ. અનંત તથા ચાર ગતિવાળા[૮] સંસારમાં રખડ્યા કરે છે; તથા તે પ્રકારે પોતાના સંસારને વધારે છે. પંડિતમરણ પણ બે પ્રકારનું[૯] છે. એ બન્ને જાતના પંડિતમરણ વડે મરતો જીવ પોતે નૈરયિકના અનંત ભવને પામતો નથી; સંસારરૂપ વનને વટી જાય છે, તથા તે પ્રકારે તે જીવનો સંસાર ઘટે છે."

—"ભગવતીસાર," પૃ. ૧૭૩-૧૭૭ (ટૂંકાવીને).

જાણે બિંદુમાં સિંધુ સમાવતા હોય એમ ધર્મના અને જીવનના સારનું દાન કરતી ભગવાનની વાણીને સ્કંદક ભાવપૂર્વક અંતરમાં ઝીલી રહ્યા અને ભગવાનની અનુમતિ લઈને એમના ધર્મસંઘમાં ભળી ગયા.

પ્રભુના શાસનની આવી પ્રભાવના અને પોતાના જન્મ-જન્માંતરના ધર્મમિત્રનો ઉદ્ધાર થયેલાં જોઈને ગુરુ ગૌતમ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

# બે સંતોનું મિલન

એક જ થડ; એની મોટી મોટી ડાળીઓ બે.

થડ નાનું ને ડાળીઓ મોટી.

ડાળીએ ડાળીએ ફૂલ ખીલેલાં, ફળ બેઠેલાં.

ફૂલ તો એક જ ઝાડનાં અને એક જ જાતનાં; પણ કોઈ નાનું, કોઈ મોટું; કોઈનો રંગ ઘેરો, કોઈનો આછો.

ફળ પણ એ જ ઝાડનાં ને એ જ જાતનાં; પણ એમાંય કોઈ નાનું, કોઈ મોટું; એમના આકાર અને રૂપ-રંગમાંય ફેર. સ્વાદ તો ફળ પાકે એટલી ધીરજ રાખીએ અને પછી ચાખી જોઈએ ત્યારે ખબર પડે. પણ એટલી ધીરજ કોને ?

દોરંગી દુનિયા તો દેખે એને સાચું માને અને જુદાં જુદાં રૂપ-રંગને મોટું રૂપ આપીને ભેદ પાડવામાં રાચે. એને મન તો જેટલા ચોકા વધારે એટલો વધુ લાભ !

ફળોના જુદાપણાને, ફૂલોના જુદાપણાને અને ડાળીઓના જુદાપણાને જાણનારા તો, અનેક મળે, પણ એ બધાંયનું મૂળ એક જ છે, એક જ થડની એ નીપજ છે, એ જાણનારા તો કોઈ વિરલા જ નીકળે.

સાંકડા મનના જ આ બધા ખેલ. જેવું મન એવી દુનિયા : સાંકડા મનની દુનિયા સાંકડી; મોટા મનની દુનિયા મોટી.

મનનું આ સાંકડાપણું, વ્યવહારની જેમ, ધર્મને પણ અભડાવી બેસે છે અને મૈત્રી, શાંતિ અને એકતાના સ્થાપક ધર્મને ભેદ-કલેશનો પોષક સંપ્રદાય બનાવી મૂકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક જ નિર્ગ્રન્થ ધર્મ. એ ધર્મના છેલ્લા બે તીર્થંકરો તે ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર. બે વચ્ચે ફક્ત અઢીસો વર્ષ જેટલું જ અંતર હતું. અને ભગવાન મહાવીરનું કુળ તેમ જ બીજાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે કુળો ભગવાન પાર્શ્વનાથના સંઘનાં અનુયાયીઓ હતાં. બન્ને તીર્થંકરો ધર્મપરંપરાના પ્રરૂપક, પ્રભાવક અને રક્ષક હતા.

એટલે ભગવાન મહાવીરની ધર્મપ્રરૂપણાના મૂળમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાનાં તત્ત્વો અને ધર્મનિયમો જ રહેલાં હતાં. એમાં ભગવાન મહાવીરે જે થોડો ફેરફાર કર્યો હતો તે તો, ઋતુમાં ફેરફાર થતાં, શાણો–સમજુ માનવી ખાન-પાન અને પહેરવેશમાં જરૂરી ફેરફાર કરે છે, એવો જ હતો. અને એનો હેતુ પણ કેવળ આત્મભાવનું જતન અને ધર્મભાવનાની પ્રભાવના કરવાનો જ હતો. પણ આ ફેરફારના ઉપરછલ્લા પડને ભેદીને અંદર વહેતી એકતાનાં દર્શન કરવાને બદલે ભોળો જનસમાજ તો ભેદને જ મોટું રૂપ આપતો રહે છે અને મતભેદ અને મનભેદ જગાવવામાં જ રાચતો રહે છે.

ભગવાન મહાવીરે તીર્થનું પ્રવર્તન કર્યું ત્યારે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શ્રમણો અને શ્રમણોપાસકો મોજૂદ હતા. એમને ભગવાન મહાવીરની ચારના બદલે પાંચ મહાવ્રતો યોજવાની તેમ જ વસ્ત્રોના સર્વથા ત્યાગની તથા ભિક્ષુએ અલ્પમૂલ્ય, જીર્ણ-શીર્ણ અને સાવ સાદાં શ્વેત વસ્ત્રો વાપરવાની વાત સમજાતી ન હતી. એટલે આ અંગે એમની અંદર અંદર તેમ જ ભગવાન મહાવીરના સંઘના શિષ્યો સાથે અવારનવાર ટીકા કે ચર્ચા થયા કરતી; અને એમાં શ્રમણપરંપરાની આ બન્ને શાખાઓ એક જ નિર્ગ્રંથ પરંપરાના થડમાંથી વિકસી છે અને બંનેનું ધ્યેય પણ એક જ છે, એ મૂળ વાત વીસરાઈ જતી. પરિણામે, એટલા પ્રમાણમાં, ધર્મભાવનાના પાલનમાં, ધર્મશાસનની પ્રભાવનામાં અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનના નિર્મલીકરણની પ્રક્રિયામાં ઊણપ રહી જતી; અને સૌના મનમાં પણ બેચેની રહેતી.

બંને પરંપરાના સહૃદય, સમજુ અને ઉદાર શ્રમણોને થતું કે ક્યારેક આ ભેદનું હાર્દ સમજાઈ જાય અને શંકાઓનું સમાધાન થઈ જાય તો સારું. અને સદ્ભાગ્યે એવો જ સુયોગ બની આવ્યો.

એક વાર ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ, પોતાના શ્રમણસંઘ સાથે, વિહાર કરતા કરતા અનુક્રમે શ્રાવસ્તી નગરીમાં પધાર્યા અને તિંદુક ઉદ્યાનમાં ઊતર્યા. કેશીકુમાર શાસ્ત્રના પારગામી, સત્યના જિજ્ઞાસુ અને સમભાવના અપ્રમત્ત સાધક શ્રમણ હતા.

એ જ વખતે ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય, પ્રથમ ગણધર ઇંદ્રભૂતિ ગૌતમ પણ, પોતાના વિશાળ શિષ્યપરિવાર સાથે, શ્રાવસ્તી નગરીમાં આવી પહોંચ્યા અને કોષ્ઠક ઉદ્યાનમાં ઊતર્યા. ગૌતમસ્વામી તો નમ્રતા, સરળતા અને ધર્મજિજ્ઞાસાના અવતાર હતા. એમની સત્યને સમજવા અને સ્વીકારવાની તત્પરતા અને સત્યને સમજાવવાની ધીરજ, આવડત અને વત્સલતા આદર્શ હતી. સૌ એનાથી પ્રભાવીત થતા.

આ બંને શ્રમણશ્રેષ્ઠોના મુનિઓ મળતા ત્યારે સહેજે એક-બીજા સંઘના આચારભેદની વાત નીકળતી. બંને પરંપરાના ધર્મનું તત્ત્વ અને ધ્યેય તો એક જ હતું, છતાં બંનેમાં આવો ક્રિયાભેદ કેમ, એવી શંકા સૌને સતાવતી હતી. આ શંકાનું નિવારણ કરવા માટે કેશીકુમાર શ્રમણ અને ઇંદ્રભૂતિ ગૌતમે મળીને વિચાર-ચર્ચા કરવાનું નક્કી કર્યું.

ગુરુ ગૌતમ કેશીકુમાર શ્રમણ કરતાં વયમાં નાના હતા, પણ જ્ઞાનમાં મોટા હતા: તેઓ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન ધરાવતા હતા. ઉપરાંત, તેઓ શ્રમણ ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરના પટ્ટશિષ્ય અને પ્રથમ ગણધર હોવાનું ગૌરવ ધરાવતા હતા. કેશીકુમાર શ્રમણ વયમાં મોટા હોવા છતાં એમને ત્રણ જ જ્ઞાન ઊપજ્યાં હતાં. વળી, તેઓ ભગવાન પાર્શ્વનાથના શિષ્ય નહીં પણ એમની વર્તમાન પરંપરાના મુખ્ય નાયક હતા.

આ રીતે જ્ઞાન અને પદ એ બંને દૃષ્ટિએ ગુરુ ગૌતમસ્વામી કેશીકુમાર શ્રમણ કરતાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા; પણ ન તો એનું એમને લેશ પણ ગુમાન હતું કે ન તો પોતાના મોટાપણાનો ખ્યાલ એમને કર્તવ્યથી પાછા રાખી શકતો હતો. એ તો ભદ્રપરિણામી અને સરળસ્વભાવી આત્મસાધક હતા. નમ્રતા એમના અણુ-અણુમાં વહેતી હતી. વળી, તેઓ વ્યવહારદક્ષ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પૂરા જાણકાર પણ હતા.

એમણે જોયું કે કેશીકુમાર શ્રમણ જ્ઞાનમાં ભલે ઓછા હોય, પણ તેઓ ભગવાન પાર્શ્વનાથની વૃદ્ધ પરંપરાના પ્રતિનિધિ છે. વળી, વયમાં પણ તેઓ મારા કરતાં મોટા છે. એટલે એમની એ મહત્તાનું બહુમાન સાચવવા મારે સામે ચાલીને એમને મળવા જવું એ જ ઉચિત છે.

અને ગૌતમસ્વામી, કેશીકુમાર શ્રમણને મળવા, પોતાના શિષ્યો સાથે, તિંદુક ઉદ્યાનમાં પહોંચી ગયા. કેશીકુમાર પણ ખૂબ વિવેકશીલ અને વિનમ્ર ધર્મપુરુષ હતા. ગૌતમસ્વામીને આવતા જોઈ કેશીકુમાર હર્ષગદ્ગદ થઈ ગયા. સામે જઈને એમણે ગૌતમસ્વામી અને એમના ભિક્ષુસમુદાયનું ઉમળકાથી સ્વાગત કર્યું. ગૌતમ જેવા મહાન સંઘનાયકનો વિનય કરવામાં તેઓ જરાય ઓછા ઊતરે એવા ન હતા.

તેઓ બન્ને આત્મભાવના જાણકાર અને સત્યના શોધક હતા. અને બંનેના અંતરમાં એકબીજાને પરાજિત કરીને જય મેળવવાની વિજિગીષા નહીં પણ એકબીજા પાસેથી સત્ય પામવાની જિજ્ઞાસા વહેતી હતી, એટલે એ બંને સંતોની આસપાસ ધર્મનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહ્લાદકારી વાતાવરણ પ્રસરી રહ્યું. બંનેના શિષ્યો પણ પોત-પોતાની શંકાનું નિવારણ કરવાની તત્પરતા અનુભવી રહ્યા. આ બે સન્તોનું મિલન નિહાળવા અને એમની ધર્મચર્ચા સાંભળવા ધર્મજિજ્ઞાસુઓ, કૂતુહલપ્રેમીઓ તથા પાખંડીઓ પણ ત્યાં ભેગા મળ્યા હતા.

ગૌતમસ્વામીની અનુમતિ લઈને કેશીકુમાર શ્રમણે પોતાની શંકાઓનું સમાધાન મેળવવા અને પોતાની જિજ્ઞાસાને સંતોષવા ગૌતમસ્વામીને પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી.

કેશીકુમાર શ્રમણ : હે મહાભાગ ! ભગવાન પાર્શ્વનાથે ચાર યામ (મહાવ્રતો) રૂપ ધર્મ કહ્યો અને ભગવાન મહાવીર પાંચ મહાવ્રતો ઉપદેશે છે. નિર્ગ્રંથમાર્ગની એક જ પરંપરામાં આવો ફેરફાર કરવાનું શું કારણ ?

ગૌતમસ્વામી : બંનેનો હેતુ તો મોક્ષની પ્રાપ્તિ એ એક જ છે. આચરણના નિયમોમાં ફેરફાર કરવાનું કારણ કાળબળને પ્રતાપે માનવીની બુદ્ધિમાં થતો ફેરફાર જ છે. જે કાળે માનવીની જેવી બુદ્ધિ હોય, એ બુદ્ધિને અનુરૂપ ધર્મના નિયમોમાં ફેરફાર કરવામાં ન આવે તો, માનવી ધર્મનો ખરો મર્મ સમજીને એનો ખરો લાભ મેળવી શકતો નથી. કારણ કે ધર્મતત્ત્વનો નિર્ણય બુદ્ધિ દ્વારા જ થઈ શકે છે. પ્રથમ તીર્થપતિ ભગવાન ઋષભદેવના સમયનો માનવસમાજ બુદ્ધિમાં જડ હોવા છતાં સ્વભાવથી સરળ હતો. અત્યારના છેલ્લા–ચોવીસમા તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરનો સમય એવો વિચિત્ર આવી પહોંચ્યો છે કે એમાં માનવીની બુદ્ધિ જડ અને પ્રકૃતિ વક્ર બની ગઈ છે ! એટલે તેઓને માટે આચાર-માર્ગને શુદ્ધ રાખવાનું અને એનું પાલન કરવાનું કામ મુશ્કેલ હતું, અને બધી વાતો ચોખવટથી સમજાવવાની જરૂર હતી. એટલે પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં ચારને બદલે પાંચ મહાવ્રત યોજવાની જરૂર પડી. વચ્ચેના બાવીસ તીર્થંકરોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગના માનવીઓ બુદ્ધિના તેજસ્વી અને સ્વભાવના સરળ હતા, એટલે તેઓ ચાર મહાવ્રતોથી ધર્મના આચરણની ભાવના બરાબર સમજી જતા અને, આળસમાં પડ્યા વગર, એની નિર્મળ આરાધના કરવા સદા તત્પર રહેતા. ભગવાન પાર્શ્વનાથે ચાર મહાવ્રતો કહ્યાં અને ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતોનો ધર્મ ઉપદેશ્યો, એ ફેરનું કારણ આ જ છે. ભગવાન પાર્શ્વનાથના સંઘના શ્રમણો ચોથા અપરિગ્રહ મહાવ્રતમાં આપમેળે જ બ્રહ્મચર્યનો સમાવેશ કરી લેતા. પોતાનો શ્રમણ સમુદાય આ રીતે સમજી જાય એવો બુદ્ધિશાળી અને સરળ ન લાગતાં ભગવાન મહાવીરે એમાં સ્પષ્ટ રીતે બ્રહ્મચર્ય મહાવ્રતનો ઉમેરો કરીને પાંચ મહાવ્રતોનું પ્રતિપાદન કર્યું. પણ ચાર મહાવ્રત કે પાંચ મહાવ્રત એ બન્નેનો હેતુ તો, જે રીતે બને એ રીતે, નિર્ગ્રંથ માર્ગનું અનુસરણ કરીને, આત્માને વિમળ બનાવવો એ જ છે; એમાં લેશમાત્ર ફેર નથી. એટલે આજે જે કંઈ બાહ્ય ભેદ દેખાય છે તે સમયપ્રેરિત અને ઉપરછલ્લો જ છે; તાત્ત્વિક દૃષ્ટિએ એમાં કશો ભેદ નથી. અને બંનેની અંદર વહેતી ભાવના તો એકરૂપ જ છે.

કેશીકુમાર શ્રવણ પોતાની અને પોતાના શ્રમણ સમુદાયની શંકાના નિવારણનો સંતોષ અનુભવી રહ્યા.

કેશીકુમારે બીજો પ્રશ્ન પૂછ્યો : ભગવાન પાર્શ્વનાથે, કીમતી અને રંગબેરંગી વસ્ત્રોનો પણ ઉપયોગ કરવાનો શ્રમણોને માટે નિષેધ ન કરતાં, સહજ રીતે જેવાં વસ્ત્રો મળે, એનો ઉપયોગ કરવાની અનુમતિ આપી; ત્યારે ભગવાન મહાવીરે સાધુઓને માટે અચેલક–વસ્ત્રહીન રહીને સાધના કરવાનું ફરમાવ્યું; અને જે શ્રમણ આવી ઉત્કટ કોટીએ પહોંચવા સમર્થ ન હોય એમને માટે અલ્પમૂલ્ય, જીર્ણશીર્ણ, સાદાં અને શ્વેત વસ્ત્રોનો મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરવાનું ઉપદેશ્યું, તો આ બે તીર્થંકરોની પ્રરૂપણામાં આટલો મોટો તફાવત કેમ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ : કુમાર શ્રમણ ! આ પ્રશ્નનો ખુલાસો પણ ઉપર સૂચવ્યો એ જ સમજવો. ભગવાન પાર્શ્વનાથના સમયના શ્રમણો એવા બુદ્ધિશાળી અને સરળ સ્વભાવના હતા કે તેઓ મૂલ્યવાન વસ્ત્રોનો ઉપયોગ કરવા છતાં એના તરફની આસક્તિથી લેપાતા નહીં; અને ગમે તેવા ઉત્તમ વસ્ત્રનો મુખ્ય ઉપયોગ કાયાનું જતન કરવાનો અને એ રીતે સંયમયાત્રામાં સહાયરૂપ થવાનો જ છે, એ બરાબર સમજતા હતા. કાળબળને કારણે પોતાના સમયના શ્રમણો વસ્ત્રો તરફની મોહ-માયાથી મુક્ત રહી શકે એમ શ્રમણ ભગવાન મહાવીરને ન લાગ્યું; અને જૂની પ્રથા ચાલુ રાખવામાં સંયમની વિરાધનાનું જોખમ દેખાયું, એટલે એમણે અચેલક ધર્મ ઉપર વિશેષ ભાર આપ્યો અને અનિવાર્ય લાગતાં અલ્પમૂલ્ય, સાદાં, જીર્ણશીર્ણ શ્વેત વસ્ત્રોનો મર્યાદિત ઉપયોગ કરવાની અનુમતિ આપી. આ તફાવતનું કારણ આ જ છે. બાકી, બાહ્ય વેશ એ ઓળખાણનું અને સંયમના નિર્વાહનું માત્ર એક સાધન છે; અલબત્ત, ક્યારેક એ માનવીને નીચે પડતો પણ રોકે છે; છતાં ખરો ધર્મ તો દર્શન, જ્ઞાન અને ચારિત્રના સ્વીકાર અને પાલનમાં જ છે; એ જ મોક્ષનો માર્ગ છે.

નિખાલસ સ્વભાવના ગૌતમસ્વામીની ધીર-ગંભીર વાણી સાંભળીને સૌને થયું : માર્ગ ભલે જુજવા રહ્યા, બધાની મંજિલ તો એક જ છે.

ગૌતમસ્વામીએ કરેલ સમાધાનથી પ્રસન્ન અને સંતુષ્ટ થઈને કેશીકુમારે જિજ્ઞાસાથી પ્રેરાઈને તેઓને બીજા પણ અનેક પ્રશ્ન પૂછ્યા.

કેશીકુમાર : હજારો દુશ્મનો વચ્ચે રહેવા છતાં, અને તેઓ સતત હુમલો કરવા છતાં, આપ એમને પરાજિત કેવી રીતે કરી શકો છો ?

ગૌતમ : કુમાર શ્રમણ ! પહેલાં હું મારા એક દુશ્મનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીતી લઉં છું; એને જીતવાથી બીજા ચાર જિતાઈ જાય છે; એ પાંચ ઉપરના વિજયથી બીજા પાંચ હારી જાય છે. અને પછી તો એવી શક્તિ જાગી ઊઠે છે કે અંદરના હજારો દુશ્મનો પણ મને કશી હાનિ કરી શકતા નથી.

વાતનો મર્મ ખુલ્લો કરતાં ગૌતમસ્વામીએ કહ્યું : પહેલાં હું મનને પરવશ પડેલા મારા આત્માને વંશમાં લાવું છું. એના ઉપર કાબૂ મળતાં ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયરૂપ દુશ્મનો નાસી જાય છે. અને આ પાંચના વિજયથી પંચેન્દ્રિયના ભોગોની વૃત્તિ ઉપર કાબૂ મેળવવો સહેલો થઈ જાય છે. અને, પછી તો, કોઈ પણ દુશ્મન સતાવી શકતો નથી. આત્મવિજયનો આ જ માર્ગ છે.

કેશીકુમાર : આ દુનિયામાં કર્મરૂપી બંધનોનો (અને એનાં કારણોનો) પાર નથી. છતાં આપ એ બંધનના ભારથી કેવી રીતે મુક્ત રહી શકો છો ?

ગૌતમ : રાગ, દ્વેષ, મોહ, પરિગ્રહ, સ્ત્રી-સ્વજનો તરફની આસક્તિ એ ભયંકર અને સજ્જડ બંધનો છે. એ બંધનોને છેદીને હું મારો વિકાસ સાધતો મુક્ત રીતે વિચરું છું.

કેશીકુમાર : હે ગૌતમ ! હૃદયના ઊંડાણમાં એક વેલ ઊગે છે. એને વિષ જેવાં ઝેરી ફળ બેસે છે. એ વિષવેલ કઈ અને આપે એને કેવી રીતે જડમૂળથી ઉખાડી નાખી ?

ગૌતમ : હૃદયમાં ઊંડે ઊંડે ઘર કરીને રહેલી આશા-તૃષ્ણા એ જીવલેણ વિષવેલ છે; એનાં ફળ મોક્ષની ભાવનાને ભરખી જાય એવાં ઝેરી હોય છે, એટલે એને પ્રતાપે જીવનો સંસાર વધતો જ રહે છે અને આત્મા જન્મમરણના ચકરાવામાં નિરંતર દુઃખી થતો જ રહે છે. મેં જિનેશ્વરના શાસનની આરાધના કરીને એ વિષવેલને મૂળમાંથી જ ઉખાડી નાખી છે. અને એનાથી મુક્ત બનીને હું સુખપૂર્વક રહું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશીકુમાર : હે ગૌતમ ! હૃદયમાં છુપાયેલો કોઈક સર્વનાશી અગ્નિ આત્માનાં સુખ-શાંતિને ભસ્મ કરતો સતત બળ્યા કરતો હોય એમ લાગે છે. એ અગ્નિ કયો અને એ કેવી રીતે શાંત થઈ શકે ?

ગૌતમ : હે મહામુનિ ! એ અગ્નિ એટલે જીવ સાથે અનાદિ-કાળથી જકડાયેલા કષાયો. જ્ઞાન (શાસ્ત્રાભ્યાસ), શીલ અને તપની જલધારાથી એ અગ્નિ શાંત થઈ જાય છે. કષાયો શાંત થાય એટલે ચિત્તનો સંતાપ શાંત થઈ જાય છે અને, એમ થાય છે એટલે, આંતરિક સુખ-શાંતિનાં પુષ્પો ખીલી ઊઠે છે.

કેશીકુમાર : મનનો ઘોડો ખોટે માર્ગે ખેંચી જઈને સાધકને પણ પછાડી દે એવો તોફાની અને બેકાબૂ હોય છે. એના ઉપર કાબૂ કેવી રીતે મેળવી શકાય ?

ગૌતમ : મનરૂપી તોફાની ઘોડાને શ્રુતજ્ઞાન (શાસ્ત્રાભ્યાસ)ની લગામથી કાબૂમાં લઈને ધર્માચરણમાં પળોટવાથી એનાં તોફાનો શમી જાય છે.

કેશીકુમાર : આ સંસારમાં ખોટા રસ્તાઓ ઘણા છે, અને તે આત્માને ખોટે રસ્તે ધકેલી દે છે. હે ગૌતમ ! એવા ખોટા માર્ગોથી આપ આપની જાતને કેવી રીતે બચાવી લ્યો છો !

ગૌતમ : જિનેશ્વરોએ બતાવેલો માર્ગ એ સાચો છે; અને બીજા પાખંડીઓએ દર્શાવેલા કે આપમતિથી નક્કી કરેલા માર્ગો ખોટા છે, અને તે જીવને ઊંધી દિશામાં દોરી જાય છે. જિન-પ્રવચનને શ્રદ્ધાપૂર્વક અનુસરીને હું એવા ખોટા માર્ગોથી મારી જાતને બચાવી લઉં છું.

કેશીકુમાર : હે ગૌતમ : ઘડપણ અને મરણના વેગવાન પ્રવાહમાં તણાઈ જતાં કોણ બચાવી શકે છે ?

ગૌતમ : જે જીવને ધર્મ નામના દ્વીપનું અવલંબન મળે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા વિનાશકારી પ્રવાહમાંથી બચી શકે છે; ધર્મ જ સાચું શરણુ અને તરવાનો સાચો ઉપાય છે.

કેશીકુમાર : હે ગૌતમ : એક મહાપ્રવાહમાં એક હોડી ચારેકોર ખેંચાઈ રહી છે. આપ એમાં બેઠા છો. એ હોડી આપને ડુબાડવાને બદલે હેમખેમ પાર કેવી રીતે ઉતારે ?

ગૌતમ : કાણી હોડી ડુબાડ્યા વગર ન રહે; કાણા વગરની સાબૂત હોડી જ પાર પહોંચાડી શકે. આ માનવદેહ એ હોડી છે. જીવ એનો નાવિક છે. અને સંસાર એ સમુદ્ર છે. મહર્ષિઓ આ હોડીથી સંસારનો પાર પામે છે.

કેશીકુમાર : આ અખિલ વિશ્વના ખૂણા ખૂણામાં પ્રકાશ ફેલાવતો સૂર્ય કયો ?

ગૌતમ : જિન–સર્વજ્ઞરૂપી સૂર્ય આંતર-બાહ્ય વિશ્વમાં અજવાળાં પાથરે છે.

કેશીકુમાર : હે ગૌતમ ! જ્યાં ઘડપણ-મરણનું દુઃખ ન હોય એવું આધિ-વ્યાધિ-ઉપાધિ વગરનું સ્થાન કયું છે ?

ગૌતમ : એ સ્થાન લોકના અગ્રભાગ ઉપર આવેલું છે. ત્યાં પહોંચવું બહુ જ મુશ્કેલ છે, પણ પહોંચ્યા પછી શાશ્વત અને અવ્યાબાધ સુખ મળે છે.

ગૌતમસ્વામીની સૌમ્ય અને સત્યથી પવિત્ર થયેલી વાણી સાંભળીને કેશીકુમાર શ્રમણ, એમની શિષ્યપરંપરા અને સર્વ શ્રોતાઓના સંશયો છેદાઈ ગયા અને સૌનાં અંતરમાં સત્યનો સૂર્ય પ્રકાશી રહ્યો.

સત્ય સમજાઈ ગયું એટલે સંત પુરુષને એનો સ્વીકાર કરતાં શી વાર ? ગૌતમસ્વામીની વાણી સાંભળીને કેશીકુમાર શ્રમણ અને એમના શિષ્યોએ ભગવાન મહાવીરના પ્રતિક્રમણ અને પાંચ મહાવ્રતવાળા[1] ધર્મનો સ્વીકાર કર્યો.

બે સંતોનું આ મિલન એક જ ધર્મની બે પરંપરાઓના સંગમરૂપે ધર્મ-સંઘના ઇતિહાસમાં અમર બની ગયું.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮

## પૂર્વવેરના પડછાયા

નાનું સરખું એક ગામ.

એમાં એક ખેડૂત રહે. એ ખેતી કરે અને પેટ ભરે.

હળ ચલાવવાનો એનો ધંધો. લોકો એને હાલિક નામથી બોલાવે. હળ હાંકે એ હાલિક.

એક વાર શ્રમણ ભગવાન મહાવીર એ ગામમાં પધારતા હતા. એમણે જોયું કે પેલો ખેડૂત એના બળદો ઉપર સિતમ ગુજારી રહ્યો છે. થાકેલા બળદો ચાલવાની ના પાડે છે, તો એ એમને લાકડીનો માર મારે છે અને એની કાયામાં આર ભોંકીને એમની પાસેથી બળજબરીથી કામ લે છે. ભગવાન્ જાણતા હતા કે ખેડૂતનો જીવ સરળ છે અને પોતાની લાચારીને કારણે બળદોને માર મારે છે.

પ્રભુએ અવસર જોઈને ગૌતમને એ ખેડૂતને ધર્મ સમજાવવા મોકલ્યા.

ગૌતમ હાલિક પાસે ગયા.

શાંતિ અને સમતાથી શોભતા એ સંતપુરુષને જોઈને હાલિક રાજી રાજી થઈ ગયો અને પોતાનું કામ છોડીને સંતના ચરણે બેસી ગયો.

ગૌતમસ્વામીએ એને ધર્મ અને કર્મનો ભેદ સમજાવ્યો; અને પોતાના આત્માનું કલ્યાણ કરવા ધર્મનું શરણ સ્વીકારવાનો ઉપદેશ આપ્યો.

ગૌતમસ્વામીની સરળ વાણી ભલા-ભોળા હાલિકના અંતરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસી ગઈ અને એ ગૌતમસ્વામીનો શિષ્ય બનીને શ્રમણધર્મનો ભિક્ષુ બની ગયો.

ગૌતમસ્વામી એક જીવનું કલ્યાણ કર્યાની પ્રસન્નતા અનુભવી રહ્યા.

ગુરુ ગૌતમ અને શિષ્ય હાલિક ત્યાંથી રવાના થયા. માર્ગમાં હાલિકે વિનયપૂર્વક પ્રશ્ન પૂછયો : " ભગવાન! હવે આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? "

ગૌતમસ્વામીએ સહજ ભાવે કહ્યું : " આપણે મારા ગુરુ પાસે જઈશું."

ભોળો ખેડૂત વિમાસણમાં પડી ગયો; એણે પૂછયું : " શું આપના પણ કોઈ ગુરુ છે ? "

ગૌતમસ્વામી : "હા".

હાલિક : " આપના ગુરુ કોણ છે ? "

ગૌતમસ્વામી : " સર્વજ્ઞ, તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર મારા ગુરુ છે. "

હાલિક અહોભાવ અનુભવી રહ્યો : મારા ગુરુ આવા મોટા જ્ઞાની છે, તો મારા ગુરુના ગુરુ તો વળી કેવા મોટા અને કેવા જ્ઞાની હશે !

ભોળો ખેડૂત ભગવાનનાં–પોતાના દાદાગુરુનાં–દર્શનની તાલાવેલી અનુભવી રહ્યો : ક્યારે ત્યાં પહોંચું અને ક્યારે એમનાં દર્શન પામું !

દર્શનની ઉત્સુકતામાં નાનો માર્ગ એને લાંબો લાગ્યો !

આગળ ગૌતમસ્વામી છે અને પાછળ હાલિક મુનિ ચાલ્યા આવે છે. ચાલતાં ચાલતાં તેઓ પ્રભુ મહાવીરની નજીક આવી પહોંચ્યા. હાલિક મુનિ પળવાર પ્રભુદર્શનની પોતાની ઝંખના પૂરી થયાનો હર્ષાવેશ અનુભવી રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ પ્રભુની વધારે નજીક પહોંચ્યા.

હવે તો એ પ્રભુની સન્મુખ પહોંચી ગયા; પ્રભુની કરુણા-નીતરતી દૃષ્ટિ સાથે હાલિક મુનિની આંખો જરાક મળી, ન મળી —પણ અરે, આ શું થયું ?

નવા ભિક્ષુકનું અંતર કંઈક અજબ બેચેની અનુભવી રહ્યું; પ્રભુદર્શનની એની ઝંખના સાવ આથમી ગઈ!

અને....અને....અને એ બેચેનીમાં ને બેચેનીમાં ગુરુ ગૌતમ-સ્વામીને એણે સવાલ કર્યો : " ભગવાન ! આ સામે બેઠા છે એ કોણ છે ? "

ગૌતમે કહ્યું : " એ જ મારા ગુરુ : જગતના ઉદ્ધારક સર્વજ્ઞ ભગવાન મહાવીર."

હાલિક ઉતાવળમાં અને આવેશમાં બોલી ઊઠયો : "જો આ જ આપના ગુરુ હોય તો મારે એમનું પણ કામ નથી અને તમારું પણ કામ નથી ! આ રહ્યો તમારો વેશ ! "

અને હાલિક, જાણે પાછળ કોઈ ભૂત પડયું હોય એમ, મુનિનો વેશ છોડીને ત્યાંથી તરત જ નાસી ગયો ! એનું અંતર આજે કહ્યું કરતું ન હતું !

આવો વિચિત્ર બનાવ જોઈને ગૌતમસ્વામી તો સ્તબ્ધ થઈ ગયા : આ શું ? વિશ્વમિત્ર ભગવાનનાં દર્શનથી તો કંઈક જીવોનો ઉદ્ધાર થઈ જાય છે ! ભાવિક જનો પ્રભુનાં દર્શન પામવા માટે કેવી કેવી ઝંખના સેવે છે ! અને પ્રભુ ઉપર નજર પડવામાત્રથી આ માનવીના અંતરમાં ન માલૂમ કેવો કષાયભાવ-વૈરભાવ જાગી ઊઠયો કે એ ત્રિલોકનાથ અને એમના શાસનના વેષને મૂકીને નાસી ગયો !

ગૌતમસ્વામીની વિમાસણ અને એમના આશ્ચર્યને કોઈ અવધિ ન રહી.

પોતાની વિમાસણ શમાવવા ગૌતમસ્વામીએ ભગવાનને પૂછયું : " ભગવાન ! આપના જેવા વિશ્વવત્સલ પુરુષને જોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો ભલભલાં જન્મવૈરીઓનાં વૈર પણ શમી જાય છે. તો પછી આ માનવીના અંતરમાં એવો દ્વેષભાવ કે વૈરભાવ શાથી જન્મ્યો કે એ, જાણે આગથી બચવા માગતો હોય એમ, આપને જોઈને સત્વર નાસી ગયો ?"

સર્વજ્ઞાની પ્રભુએ સ્મિત કરીને ખુલાસો કર્યો : "સંસારના રંગ અને ભાવ તો આવા જ હોય છે, ગૌતમ ! શાંત અને શીતળ લાગતા સમુદ્રના કોઈ અજાણ્યા–અગોચર પેટાળમાં વડવાનળ છુપાઈ રહે છે, એમ ઉપર ઉપરથી શાંત લાગતા આત્માનાં જુગ-જુગજૂનાં પડ-પોપડાં નીચે રાગ-દ્વેષ અને વેર-ઝેરનાં કંઈક ભોરીંગો સંતાયેલા હોય છે, જે સમય પાકતાં પોતાનું માથું ઊંચકે છે અને પોતાનો પરચો આપે છે."

ગુરુ ગૌતમ એકચિત્તે, ઉત્સુક્તાથી પ્રભુવાણીના અમૃતને અંતરમાં ઝીલી રહ્યાં.

આજના પ્રસંગનો ભેદ સમજાવતાં નિર્ગંથ ભગવાને કહ્યું : "ગૌતમ ! આ હાલિક મને જોઈને નાસી ગયો એમાં એનો દોષ નથી. જીવમાત્ર પૂર્વકર્મને અને પૂર્વનાં વૈર-ઝેરને વશ હોય છે, અને એ નચાવે એમ નાચતો રહે છે. જગતના કાર્યકારણભાવના સંબંધો અફર અને અજબ હોય છે, અને કોઈ પણ માનવી એના પરચાથી બચી શકતો નથી. હાલિકની આ વૈરકથા પણ જુગજુગ-જૂની છે. પહેલાં જ્યારે હું ત્રિપૃષ્ઠ વાસુદેવ હતો, એ વખતે આ હાલિકનો જીવ જંગલનો રાજા ગુફાવાસી સિંહ હતો, અને તું મારો સારથિ હતો. સિંહની રંજાડમાંથી પ્રજાને બચાવવા મેં મારા બળ, વીર્ય અને પરાક્રમથી એ જોરાવર સિંહ સાથે હાથોહાથનું યુદ્ધ ખેલીને એને, વસ્ત્રની જેમ, ચીરી નાખ્યો હતો. તરફડતો સિંહ શરીરની અને મનની અસહ્ય વેદના અનુભવી રહ્યો. એને થયું : મારા જેવા જંગલના રાજાનું એક પામર નિઃશસ્ત્ર માનવીના હાથે આવું કમોત ! અને એને મારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરફ તીવ્ર દ્વેષભાવ અને વૈરભાવ બંધાઈ ગયો. એ વખતે મૃત્યુમાં તરફડતા એ સિંહને તેં મમતાપૂર્વક ધર્મવાણી સંભળાવીને સમતાથી આશ્વાસન આપ્યું કે જેના હાથે તારું મૃત્યુ થયું છે એ પણ માનવોમાં મહારાજા જેવો છે. એ સિંહના એ ઘેરા વૈરભાવનાં ફળ મારે મારા આ છેલ્લા જન્મમાં જ બે વાર ભોગવવાં પડ્યાં : મેં સંસારનો ત્યાગ કરી મારી સાધના શરૂ કરી એ જ વર્ષમાં મારે ગંગાનદી ઓળંગવાની હતી. હું એક નાવમાં બેઠો. એ વખતે પેલો સિંહ દેવલોકમાં સુદંષ્ટ્ર નામે નાગકુમારરૂપે જન્મ્યો હતો. એને મારા તરફનું પૂર્વવૈર સાંભરી આવ્યું અને એણે નદીમાં ભયંકર ઝંઝાવાત ઊભો કરીને નાવને ડુબાડી દેવાનો પ્રયત્ન કર્યો. એ તોફાનમાંથી એ નાવ તો ઊગરી ગયું, પણ એ નાગકુમારના અંતરમાંથી વૈરનો અગ્નિ શાંત ન થયો. એ દેવ મરીને આ ખેડૂતરૂપે જન્મ્યો. મને જોઈને એની વૈરભાવની જૂની વાસના ફરી જાગી ઊઠી, અને એ પોતાનો મુનિવેષ તને પાછો આપીને નાસી ગયો. ગૌતમ ! આવા હોય છે પૂર્વ વૈરના પડછાયા અને એનાં કડવાં ઝેરી ફળ ! વીતરાગભાવ એ જ એનું સાચું મારણ છે.”

ગૌતમ વાતનો મર્મ પામ્યા, સંસારના ઘણા ઘણા ચિત્ર-વિચિત્ર ભાવોને વધુ સમજ્યા અને વીતરાગ પ્રભુની વાણીને અભિવંદી રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯

# ક્ષમાયાચના અને અંતરની વેદના

શ્રમણ ભગવાન મહાવીરે ૨૯મું ચોમાસું રાજગૃહ નગરમાં કર્યું. ચોમાસું પૂરું થતાં ભગવાને ચંપા તરફ વિહાર કર્યો. વિહારમાં પહેલાં પૃષ્ઠચંપા આવ્યું. પૃષ્ઠચંપા ચંપા નગરીનું પરું હતું અને એ એની પશ્ચિમે વસેલું હતું.

પૃષ્ઠચંપામાં સાલ નામે રાજાનું શાસન ચાલતું હતું. સાલ રાજાએ પોતાના નાનાભાઈ મહાસાલને યુવરાજ પદે સ્થાપ્યો હતો, એટલે પૃષ્ઠચંપાના રાજ્યનો સાલનો ઉત્તરાધિકારી મહાસાલ હતો.

ભગવાન પોતાના ગામમાં પધાર્યાના સમાચાર જાણી સાલ અને મહાસાલ ખૂબ રાજી થયા. તેઓ સમજતા હતા કે પ્રજાનું સાચું કલ્યાણ રાજા-મહારાજાઓ નહીં પણ સાધુ-સંતો અને ધર્મનાયકો જ કરે છે. તેઓના અંતરમાં ધર્મભાવનાની સરિતા વહેતી હતી, એટલે સાલ અને મહાસાલ બન્ને ભાઈ ભગવાન મહાવીરની ધર્મદેશના સાંભળવા ગયા.

ભગવાન તો ધર્મતીર્થના સ્થાપક અવતારી મહાપુરુષ હતા. એમની ચોમેર સમતા અને અહિંસારૂપ ધર્મભાવનાનું પાવનકારી વાતાવરણ પ્રસરી રહેતું. અને એમના સ્ફટિક સમા વિમળ હૃદયમાંથી વહેતી વાણી પાપી–અધર્મીના અંતરને પણ જગાડી જતી, એટલે પછી ધર્મભાવનાશીલ ભક્તજનનું તો પૂછવું જ શું ?

તીર્થંકર ભગવાનની વાણી સાલ અને મહાસાલના અંતરને જગાડી ગઈ. બન્ને દુનિયાનું રાજ્ય તજીને આત્માનું રાજ્ય મેળવવા ઉદ્યત થઈ ગયા. પર્ષદા પૂરી થઈ એટલે સાલે ભગવાનને વિનતિ કરી : “ પ્રભુ ! મને આપની વાણી સાચી લાગી છે. હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્યનો ભાર મારા નાના ભાઈને સોંપીને આપના શાસનમાં દીક્ષા લેવા માગું છું."

ઘેર જઈને સાલે મહાસાલને પોતાના મનની વાત કહી અને રાજ્યનો ભાર સંભાળી લેવા કહ્યું. પણ મહાસાલે સામે વિનતિ કરી : "મોટા ભાઈ, ધર્મનું જે રાજ્ય મેળવવા આપ આ રાજ્યનો ત્યાગ કરવા તૈયાર થયા છો, એમાં કૃપા કરીને મને પણ આપની સાથે રાખો. જેમ રાજકાજમાં હું આપને કાયાની છાયાની જેમ અનુસરતો રહ્યો છું, તેમ આત્મસાધનામાં પણ આપનો આજ્ઞાંકિત અનુચર બનીને રહીશ. સંસારની વૃદ્ધિ કરનાર જે રાજ્ય અને વૈભવ આપને નથી ખપતાં, એનો મને પણ કશો મોહ કે ઉપયોગ નથી. જ્યાં આપ ત્યાં હું. હું તો આપની કાયાની છાયા છું. મને આપનાથી જુદો થવાની આજ્ઞા ન કરશો." છેવટે બન્ને ભાઈઓએ મળીને પોતાના ભાણેજ એટલે કે પોતાનાં બહેન-બનેવી પિઠર-યશોમતીના પુત્ર, ગાગલીનો પૃષ્ઠચંપાના રાજા તરીકે અભિષેક કર્યો અને પોતે ત્યાગી બનીને ભગવાનના શ્રમણસંઘમાં ભળી ગયા.

એ વાતને ત્રણ વર્ષ વીતી ગયાં.

બત્રીસમું ચોમાસું વૈશાલીમાં કરીને ભગવાન રાજગૃહી ગયા; અને ત્યાંથી તેઓ ચંપા નગરીમાં પધાર્યા. આ વખતે ભગવાનની અનુમતિ લઈને ગૌતમસ્વામી સાલ-મહાસાલ સાથે પૃષ્ઠચંપા ગયા. ગાગલી રાજાએ ગુરુ ગૌતમસ્વામીનું અને પોતાના ત્યાગી મામાઓનું ઉલ્લાસથી સ્વાગત કર્યું. પ્રજાજનો પણ એ ત્યાગીઓને વધાવી રહ્યા.

જેમ ભગવાન મહાવીરની વાણી સાંભળી સાલ-મહાસાલ વૈરાગી બની ગયા હતા, તેમ ગુરુ ગૌતમની ધર્મદેશના સાંભળી ગાગલી રાજાનું અંતર પણ જાગી ઊઠ્યું અને એણે, પોતાના પુત્રને રાજ્ય સોંપીને, પોતાનાં માતા-પિતા સાથે ગૌતમસ્વામી પાસે શ્રમણધર્મની દીક્ષા લીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનના શાસનનો વિસ્તાર અને પ્રભાવ વધતો જોઈને ગૌતમસ્વામી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા. પ્રભુશાસનનો મહિમા એમને જીવ જેવો વહાલો હતો.

પછી સાલ, મહાસાલ, પિઠર, યશોમતી અને ગાગલી એ પાંચે ત્યાગીઓએ ગુરુ ગૌતમ સાથે, ભગવાન મહાવીરના ચરણોમાં પહોંચી જવા, ચંપા નગરી તરફ વિહાર કર્યો.

પાંચે આત્મસાધકો આજે ઉલ્લાસમાં હતા, અને ચંપાની દિશામાં પગલાં માંડતાં માંડતાં તેઓ આત્મસાધનાનું એક એક પગથિયું ઝડપથી ઉપર ચડતા જતા હતા. એ પાંચે આત્માઓમાં આજે આત્મશુદ્ધિનો અપૂર્વ વીર્યોલ્લાસ જાગી ઊઠયો હતો. બધાયનો આત્મા પૂરો અંતર્મુખ બનીને મહાવીરમય બની ગયો હતો. અને ચાલતાં ચાલતાં જ એ પાંચે પવિત્ર આત્માઓની સાધના સફળ થઈ અને પાંચેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એમના આત્માઓમાં લોકાલોકનો પ્રકાશ ઝળકી રહ્યો.

ગુરુ ગૌતમ તો પોતાના અને પ્રભુના ધ્યાનમાં જ એકચિત્ત હતા. પોતાના પાંચે સાથીઓ સાવ અલ્પ કાળમાં કેવી સિદ્ધિને પામી ગયા એનો એમને ખ્યાલ ન હતો.

બધાં સમવસરણમાં પહોંચ્યાં ત્યારે ગૌતમસ્વામીએ એમને પ્રભુને વંદન કરવા કહ્યું. સર્વજ્ઞ પ્રભુએ કહ્યું : "ગૌતમ! કેવળજ્ઞાનીની આશાતના ન કરો!"

પોતાના આત્માને દોષથી મુક્ત કરવા ગૌતમસ્વામીએ તરત જ નવા કેવળજ્ઞાનીઓને मिच्छा मि दुक्कडं કહીને એમની ક્ષમા માગી.

પોતે પ્રતિબોધેલ આત્માઓનો આટલો વહેલો નિસ્તાર થયો જાણી ગૌતમ આનંદ અનુભવી રહ્યા. પણ બીજી જ પળે તેઓના અંતરમાં ઊંડી વેદના જાગી ઊઠી : મારા પ્રતિબોધ પમાડેલા તરી ગયા અને હું હજી એવો ને એવો જ રહ્યો! શું મને કેવળજ્ઞાન અને મોક્ષ આ ભવે નહીં મળે?

ગુરુ ગૌતમની આ વેદનાની પાછળ મોક્ષ મેળવવાની ઉત્કટ ઝંખના ડોકિયાં કરતી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૦

# વળી પાછી નિરાશા?

ગૌતમને વારે વારે પોતાની મુક્તિનો જ વિચાર આવ્યા કરતો હતો.

આયુષ્યનો દોર તો લાંબો હોય કે ટૂંકો, એની એમને કશી ચિંતા ન હતી. જીવનની ઝંખના અને મૃત્યુનો ભય એ બન્નેથી તેઓ પર થઈ ગયા હતા. ચિંતા કે ઝંખના એકમાત્ર એટલી જ હતી કે આ આયુષ્ય પૂરું થાય તે અગાઉ આત્મ-તેજને રુંધનારાં ઘાતી[1] કર્મો નાશ પામે!

તેઓ સમજતા હતા કે ઘાતી કર્મોનો નાશ એટલે સદેહે મુક્તિ. પછી આયુષ્ય ભલે ને ગમે ત્યારે પૂરું થાય અને સિદ્ધ-નિવાસ ભલે ને મળવાનો હોય ત્યારે મળે.

પોતાની નજર સામે, પોતાના શ્રમણસંઘમાંથી તેમ જ શ્રમણીસંઘમાંથી પણ, નાની-મોટી ઉંમર કે લાંબી-ટૂંકી સાધનાના ભેદ વગર, કંઈક જીવોને મોક્ષે જતા તેઓ જોતા, અને આવે વખતે એમનો મોક્ષ માટેનો અજંપો વધી જતો. પણ આમાં ઉતાવળે આંબા પાકે એમ ન હતું. આથી ગુરુ ગૌતમના મનની સ્થિતિ—"જે જેહને અભિલષે રે, તે તો તેહથી નાસે"[2]—એ કવિવાણીને જાણે સાચી પાડતી હોય એવી હતી. સંભવ છે, પોતાના મોક્ષ માટેની તીવ્ર ઝંખનામાં છુપાયેલી મોહવૃત્તિ[3] કે આસક્તિ જ ઘાતી કર્મોના સર્વથા નાશને એટલે કે કેવળજ્ઞાનને રોકી રહી હોય. સાચા આત્મસાધકની અનાસક્તિ કે નિર્મોહવૃત્તિ તો એવી ઉત્કટ હોય કે એનું અંતર સંસાર કે મોક્ષ બન્નેની સ્પૃહા—ઝંખનાથી પર થઈ ગયું હોય—"મોક્ષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः ।[४] ગૌતમસ્વામીની આ ભૂમિકાની આડે જાણે કોઈ પાતળું પડ આવી ગયું હતું અને એમની કાર્યસિદ્ધિને વિલંબમાં નાખી રહ્યું હતું.

આ વિલંબ જ એમને જાણે અસહ્ય બની ગયો હતો. તેમાંય સાલ, મહાસાલ, ગાગલી વગેરેના કેવળજ્ઞાન પછી એમનું અંતર કંઈક વિષાદમય બની ગયું હતું. અલબત્ત, આ વિષાદ અંતરની શાંતિ અને સ્વસ્થતામાં તો ભંગ ન પાડી શકતો, પણ એમને ક્યારેક ક્યારેક થઈ આવતું કે પોતાનો મોક્ષ આ ભવે જ થવાનો છે, એની ખાતરી કોઈક રીતે મળે તો નિરાંત! ગૌતમસ્વામી આવા અવસરની રાહ જોતા હતા.

એક દિવસ, ગૌતમસ્વામી ક્યાંક બીજે ગયા હતા ત્યારે, ભગવાન મહાવીરે પોતાની ધર્મદેશનામાં અષ્ટાપદ પર્વતનો મહિમા વર્ણવતાં કહ્યું હતું કે "જે સાધક પોતાની લબ્ધિના બળે અષ્ટાપદ ઉપર જઈ, ત્યાં રહેલાં જિનબિંબોને વંદના કરી, એક રાત્રિ ત્યાં રહે છે તે, મોક્ષનો અધિકારી બનીને, તે જ ભવમાં મોક્ષને પામે છે."[૫]

બહારથી પાછા ફરતાં ગૌતમસ્વામીએ દેવોના મુખથી આ વાત જાણી; અને એમનું ચિત્ત કંઈક નિરાંત અનુભવી રહ્યું: છેવટે આ ભવે જ મોક્ષ મળે એની ખાતરી મેળવવાનો ઉપાય મળ્યો ખરો! સર્વજ્ઞ ભગવાનની વાણી એટલે સો ટચનું સોનું, એમાં શંકાને સ્થાન જ ન હોય.

પછી ગૌતમે ભગવાન મહાવીર પાસે જઈને અષ્ટાપદની યાત્રાની અનુમતિ માગી. ભગવાન ગૌતમની મોક્ષ માટેની ઝંખના સમજતા હતા. આ યાત્રા મોટા લાભનું કારણ બનવાની છે, એમ જાણીને ભગવાને ગૌતમને અનુમતિ આપી. ગૌતમ હર્ષ-પુલકિત થઈ અષ્ટાપદની યાત્રા માટે રવાના થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ તો અનેક લબ્ધિઓના સ્વામી હતા. ચારણુલબ્ધિથી ( આકાશમાં ગમન કરવાની લબ્ધિથી ) તેઓ વાયુવેગે, થોડી જ ક્ષણોમાં, અષ્ટાપદની ઉપત્યકા (તળેટી)માં પહોંચી ગયા.

એ વખતે કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ તાપસો, પોતપોતાના પાંચ સો-પાંચ સો તાપસ-શિષ્યો સાથે, અષ્ટાપદની પાસે પહોંચીને એ પવિત્ર ગિરિ ઉપર ચડવાના પ્રયત્નમાં લાગ્યા હતા— એમને પણ, ગુરુ ગૌતમસ્વામીની જેમ, પોતાના મોક્ષની ખાતરી કરી લેવી હતી.

કોડિન્ન અને એના પાંચ સો તાપસો ઉપવાસને પારણે ઉપવાસ કરતાં કરતાં અને પારણામાં સચિત્ત કંદમૂળોનો આહાર લેતાં લેતાં અષ્ટાપદના પહેલા કંદોરા સુધી પહોંચ્યા હતા. દિન્ન તાપસ અને એના પાંચ સો શિષ્યો છઠ્ઠ ( બે ઉપવાસ )ને પારણે છઠ્ઠનું તપ કરતાં કરતાં અને પારણામાં સુકાઈ ગયેલાં પીળાં પાંદડાં ખાતાં ખાતાં બીજા કંદોરા સુધી પહોંચ્યા હતા. અને સેવાલ તાપસ, એના પાંચ સો તાપસો સાથે અઠ્ઠમ ( ત્રણ ઉપવાસ) ને પારણે અઠ્ઠમની તપસ્યા કરતાં કરતાં અને પારણામાં સૂકી–અચિત્ત સેવાળનો ઉપયોગ કરતાં કરતાં છેક પર્વતના ત્રીજા કંદોરા સુધી પહોંચી ગયા હતા.

આટલે સુધી અષ્ટાપદ ઉપર ચડ્યા પછી વધુ ઉપર ચડવાની એમનામાં શક્તિ રહી નહોતી; અને બધા હવે કેવી રીતે અષ્ટાપદ ગિરિ ઉપર પહોંચીને પોતાનું કામ પૂરું કરવું એની વિમાસણમાં હતા. એવામાં એમણે ગૌતમસ્વામીને ત્યાં આવતા જોયા. એમની કાંતિ સૂર્ય જેવી તેજસ્વી હતી અને એમનું શરીર સપ્રમાણ અને ભરાવદાર હતું.

તાપસોને વિચાર આવ્યો : આપણે મહાતપસ્વી અને દૂબળા-પાતળા શરીરવાળા હોવા છતાં ઉપર નથી ચઢી શકતા તો મોટા શરીરવાળા આ શ્રમણ કેવી રીતે ઉપર ચડી શકવાના છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ હજી તેઓ આવી શંકા-કુશંકામાં અટવાતા હતા, એટલામાં જ ગૌતમસ્વામી, કરોળિયાના જાળાની જેમ ફેલાયેલા સૂર્યકિરણોનો[6] આધાર લઈને, પોતાની જંઘાચારણ લબ્ધિના બળે, ઝડપથી અષ્ટાપદ પર્વત ઉપર ચડી ગયા અને જોતજોતાંમાં અદૃશ્ય થઈ ગયા.

તાપસો આ જોઈને ભારે વિસ્મયમાં પડી ગયા. એમણે વિચાર્યું : આપણી આટઆટલી તપસ્યા અને મહેનત સફળ ન થઈ, અને આ મહાપુરુષ તો, રમત કરતાં હોય એમ, ઉપર પહોંચી ગયા. જરૂર તે મહર્ષિ–મહાયોગી પાસે કોઈ મહાશક્તિ હોવી જોઈએ. એટલે, જો તેઓ પાછા ફરતાં અહીં ફરી આવશે તો, આપણે એમના શિષ્ય થઈ જઈશું. એમનું શરણ સ્વીકારવાથી આપણી મોક્ષની આકાંક્ષા જરૂર સફળ થશે.

બધા તાપસો ગૌતમસ્વામીના પાછા ફરવાની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા.

ગૌતમસ્વામીએ, જાણે મનના મનોરથ ફળ્યા હોય એવા ઉલ્લાસથી, અષ્ટાપદમાં ચોવીસ તીર્થંકરોને વંદના કરી, અને અનેક દેવો, અસુરો અને વિદ્યાધરોને ધર્મોપદેશ સંભળાવ્યો, અને રાત અષ્ટાપદ ઉપર વિતાવીને સવારે પર્વત ઉપરથી નીચે ઊતરવા લાગ્યા.

તેઓને પોતાના તરફ પાછા આવતા જોઈને બધા તાપસો રાજી રાજી થઈ ગયા. ગૌતમસ્વામી પાસે આવ્યા એટલે ત્રણ મુખ્ય તાપસો અને એમના પંદરસો શિષ્યોએ એમને વિનંતી કરી : "હે મહાતપસ્વી, હે મહાયોગી, આપ અમારા ગુરુ બનો અને અમારો આપના શિષ્યો તરીકે સ્વીકાર કરો !"[7]

ગૌતમસ્વામીએ વિચાર્યું : સર્વજ્ઞ ભગવાનના શાસનની આ કેવી મોટી પ્રભાવના ! પછી એમણે નમ્રતાથી તાપસોને કહ્યું : "લોકગુરુ સર્વજ્ઞ ભગવાન મહાવીરને જ તમારા ગુરુ માનો. એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**ગૌતમસ્વામીની અષ્ટાપદગિરિની યાત્રા**

ચિત્રમાં રાવણ-મંદોદરીનું ભક્તિનૃત્ય, ગૌતમસ્વામીનું સૂર્યનાં કિરણોના આધારે પર્વત ઉપર આરોહણ અને ગૌતમસ્વામી તાપસોને પારણું કરાવે છે એ પ્રસંગ આલેખવામાં આવેલ છે. સુરતના શ્રી ચિંતામણિના દેરાસરના લાકડાના કોતરકામના ચિત્ર ઉપરથી કળાકાર શ્રી વાસુદેવ સ્માર્તે આ રેખાંકન કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ તમારો પોતાના શિષ્યો તરીકે સ્વીકાર કરશે. એ તો આપણા સહુના ગુરુ છે."[૮]

તાપસોએ નવાઈ પામીને કહ્યું : "શું, આપના પણ કોઈ ગુરુ છે? તો તેઓ કેવા મહાન હશે? પણ ભગવાન ! અમને તો આ સ્થાને અને અત્યારે જ ભગવાન સર્વજ્ઞના શાસનની દીક્ષા આપવાનો અનુગ્રહ કરો."[૯]

ગૌતમસ્વામીએ પંદરસો ત્રણ તાપસોને ભગવાનના શાસનની દીક્ષા આપી અને બધા ભગવાન પાસે આવવા રવના થયા. વચમાં ભોજનવેળા થઈ એટલે ગૌતમસ્વામીએ બધા તાપસોને પૂછયું : "બોલો મહાનુભાવો, આજે તમે શાનો આહાર કરીને તમારા તપનું પારણું કરવા ઇચ્છો છો?"[૧૦]

તાપસોએ કહ્યું : "ભગવાન ! આપ પ્રસન્ન થયા હો તો અમે આજે ખીરથી–પાયસાન્નથી પારણું કરવા ઇચ્છીએ છીએ."[૧૧]

ગૌતમસ્વામીએ એમની વાતનો સ્વીકાર કર્યો. પછી એમણે પોતાની લબ્ધિથી પોતાનું પાત્ર ખીરથી ભરી દીધું અને બધા તાપસોને પારણા માટે પંક્તિમાં બેસવાની આજ્ઞા કરી. તાપસોને શંકા થઈ : આટલા નાના પાત્રમાં ભરેલી ખીર અમને બધાને કેવી રીતે પહોંચી શકવાની છે? પણ અનંત લબ્ધિઓના ભંડાર ગુરુ ગૌતમે, પોતાની અક્ષીણમહાનસી[૧૨] નામે લબ્ધિથી, બધાય તાપસોને પેટ ભરીને ક્ષીરથી પારણું કરાવ્યું.

એ તાપસોમાંના સૂકી સેવાળનું ભક્ષણ કરનારા ૫૦૧ તાપસો તો ગૌતમસ્વામીની લબ્ધિનો વિચાર કરતાં કરતાં એવા શુદ્ધ ધ્યાન ઉપર ચડી ગયા કે એમને ત્યાં ને ત્યાં જ કેવળજ્ઞાન થયું. સૂકાં પાંદડાંથી પારણું કરનારા ૫૦૧ તાપસોને પ્રભુના સમવસરણની શોભા (આઠ પ્રાતિહાર્ય) જોઈને અને કંદમૂળ ખાનાર ૫૦૧ તાપસોને ભગવાનનાં દૂરથી જ દર્શન કરવાથી કેવળજ્ઞાન થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષમાર્ગની સાધનાની સફળતા ન અમુક સમયની અવધિની અપેક્ષા રાખે છે કે ન અમુક સ્થળની. એમાં તો આત્મજાગૃતિની તીવ્રતાની જ જરૂર પડે છે. એ થઈ એટલે બેડો પાર થતાં વાર લાગતી નથી. આ તો પહોળા કરેલા અને ભેગું કરીને મૂકી રાખેલા ભીના કપડા જેવી જ વાત છે: ભેગું કરીને મૂકી રાખેલ કપડું ક્યારે સુકાય એ શું કહેવાય ? અને પવન અને તાપમાં પહોળા કરેલ કપડાને સુકાતાં શી વાર ?

પણ આટલા બધા જીવોની જીવનસાધના તત્કાળ સફળ થઈ અને થોડીક જ વારમાં એમનો નિસ્તાર થઈ ગયો એની ગૌતમસ્વામીને ખબર ન હતી. એટલે અહીં પણ સાલ-મહાસાલ વગેરેના પ્રસંગનું જ પુનરાવર્તન થયું.

બધા ભગવાનના સમવસરણમાં આવી પહોંચ્યા એટલે ગૌતમસ્વામીએ બધાને પ્રભુને વંદના કરવાની આજ્ઞા કરી. પ્રભુએ કહ્યું : " ગૌતમ ! કેવળજ્ઞાનીઓની આશાતના ન કરો !"[૧૩]

ભવભીરુ ગૌતમસ્વામીએ તરત જ મિચ્છા મિ દુક્કડં દઈને નવા કેવળજ્ઞાનીઓની ક્ષમા માગી.

અને, શું પોતાની અષ્ટાપદયાત્રા પણ નિષ્ફળ જશે અને પોતાની સિદ્ધિ આ ભવમાં થવી રહી જશે ?—એવો શોચ એમના અંતરને ફરી પાછો સતાવી રહ્યો.

આ તો આશાની ફૂલવેલ ઉપર નિરાશાનું ફૂલ ખીલ્યા જેવું થયું ! ન માલૂમ, અગમ્ય, વિલક્ષણ ભવિતવ્યતાનો આમાં શો સંકેત હશે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૧

# ભગવાનનું આશ્વાસન

ભગવાન મહાવીર તો અંતર્યામી હતા. એ મનના ભાવો અને વિશ્વના બનાવો સ્પષ્ટ રૂપે જાણી શકતા. એટલે મોક્ષની તીવ્ર ઝંખનામાંથી જાગેલ ગૌતમની ચિંતા, વિમાસણ અને નિરાશાથી તેઓ જરાય અજ્ઞાત ન હતા. સાથે સાથે ગૌતમ આ ભવે જ મોક્ષ પામવાના છે, એની પણ એમને ખાતરી હતી. વળી, ભગવાન એ પણ જાણતા હતા કે ગાગલી અને તાપસોના કેવળજ્ઞાન જેવા પ્રસંગોથી ગૌતમના અંતરને જે આઘાત પહોંચ્યો હતો, તે સરવાળે એમના લાભ માટે જ પુરવાર થવાનો છે. અને એ દ્વારા તેઓ વધુ ને વધુ અંતર્મુખ બનીને પોતાના ધ્યેયની વધારે ને વધારે નજીક પહોંચવાના છે. છતાં એમનું કરુણાસાગર અંતર કહેતું હતું કે ગૌતમનો વિષાદ દૂર કરવા કંઈક કરવું જોઈએ.

ભગવાને કહ્યું : "ગૌતમ! તીર્થંકરોનું વચન સાચું હોય કે દેવનું ?"[1]

ગૌતમ : "તીર્થંકરોનું."

ભગવાન : "તો જાણો કે તમે આ ભવે જ મોક્ષે જવાના છો, માટે જરા પણ અધીરા બનશો નહીં, ને શંકા સેવશો નહીં."[2]

ગૌતમ, જાણે અમૃત રસ પીવા મળ્યો હોય એમ, પ્રભુની વાણીને ભક્તિથી સાંભળી રહ્યા અને અંતરમાં સ્વસ્થતા, શાંતિ અને સંતોષનો સુભગ ત્રિવેણીસંગમ અનુભવી રહ્યા. ત્રિકાળજ્ઞાની ભગવાન પોતે ખાતરી આપે એના કરતાં વધારે પાકી ખાતરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વભરમાં બીજું કોણ આપી શકે? ગૌતમનો રોમ રોમ જાણે આનંદસરોવરમાં નિમગ્ન બની ગયો.

ભગવાને ગૌતમની આ શંકાને સાવ નિર્મૂળ કરવા અને પોતાની વાતને વધુ દૃઢ બનાવવા વાત્સલ્યપૂર્વક કહ્યું : "ગૌતમ! અમારો તમારા ઉપરનો સ્નેહ તો કઠોળ–અન્ન ઉપરના ફોતરાં જેવો છે, એટલે એ અમારા માટે મોહ-માયા-આસક્તિના બંધનનું કારણ નથી બની શકતો. પણ શિષ્યોની ગુરુ તરફની આસક્તિ-ભરી ભક્તિ ઘાસની, વાંસની, ચામડાની અને ઊનની ચટાઈ જેવી હોય છે, અને તે એક એક કરતાં ચઢિયાતી અને વધુ દૃઢ હોય છે. આમાં ગૌતમ! તમારી મારા તરફની સ્નેહભાવના ઊનની ચટાઈ જેવી મજબૂત છે–તમે કાંબળાની (ઊનની) ચટાઈ જેવા છો; અને એ જ તમારાં ઘાતી કર્મોના નાશની આડે આવે છે, એટલે કે તમારા કેવળજ્ઞાનને અને મોક્ષને રોકી રહેલ છે. મોહના અંશથી ભરેલી આ નાની સરખી ગાંઠ છૂટી જશે એટલે તત્કાળ તમારો નિસ્તાર થશે."[3]

ગૌતમ પરમાર્થ પામ્યાનો આહ્લાદ અનુભવી રહ્યા.

પોતાની વાત પૂરી કરતાં પ્રભુએ કહ્યું : "હે ગૌતમ! તું મારી સાથે ઘણા કાળ સુધી સ્નેહથી બંધાયેલ છે. હે ગૌતમ! તેં ઘણા લાંબા કાળથી મારી પ્રશંસા કરેલી છે. હે ગૌતમ! તારો મારી સાથે ઘણા લાંબા કાળથી પરિચય છે. હે ગૌતમ! તેં ઘણા લાંબા કાળથી મારી સેવા કરી છે. હે ગૌતમ! તું ઘણા લાંબા કાળથી મને અનુસર્યો છે. હે ગૌતમ! તું ઘણા લાંબા કાળથી મારી સાથે અનુકૂળપણે વર્ત્યો છે. હે ગૌતમ! તુરતના દેવભવમાં[4] અને તુરતના મનુષ્યભવમાં તારી સાથે મારો સંબંધ છે. વધારે તો શું? પણ મરણ પછી–શરીરનો નાશ થયા બાદ –અહીંથી ચ્યવી આપણે બંને સરખા, એક પ્રયોજનવાળા (એક સિદ્ધિક્ષેત્રમાં રહેવાવાળા) તથા વિશેષતા અને ભેદ રહિત (સિદ્ધ) થઈશું."[5]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુએ જાણે આજે ગૌતમને આ ભવે જ મોક્ષ થવાની ખાતરી આપતો વજ્રલેખ કરી આપ્યો હતો ! હવે પછી આ બાબતમાં શંકા, નિરાશા કે વિષાદને સ્થાન જ ક્યાં રહ્યું ?

પ્રભુની વાણી સાંભળી ગૌતમ આનંદવિભોર બની ગયા.

પછી પ્રભુએ ઝાડના પાકા થઈ ગયેલા પીળા પાંદડાને, જરાક પવન લાગતાં, ગમે તે પળે, ખરી પડતાં વાર લાગતી નથી, એ દાખલો સતત ધ્યાનમાં રાખીને વિપળમાત્રનો પણ પ્રમાદ ન કરવાનું ગૌતમને (समयं गोयम ! मा पामयएનું) ઉદ્‌બોધન કર્યું. અને જીવનની અસ્થિરતા, અનિશ્ચિતતા અને માનવભવની દુર્લભતા સમજાવતાં અનેક દાખલાઓ આપીને પ્રભુએ અણુ જેટલો પણ પ્રમાદ સાધકને માટે કેટલું મોટું નુકસાન કરનારો બને છે તે સચોટ રીતે સમજાવ્યું.[६]

ભગવાને સદાય અપ્રમત્ત રહેવાનો આ ઉપદેશ બરાબર એવા અવસરે આપ્યો કે જેથી ગૌતમ મોહભર્યા સ્નેહના રજ જેટલા અંશને પણ પોતામાંથી દૂર કરવા વધારે જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરે. બધાંય બંધનોમાં મોહ-રાગભર્યું સ્નેહબંધન દૂર કરવાનું કામ સૌથી દુષ્કર છે, એ જ આ ઉપદેશનો સાર છે.

ગુરુ ગૌતમ એ સારને ઝીલી રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૨

# સાચું મુનિપણું

વીતી ગયેલા પ્રસંગની એક વાત જાણવા જેવી છે.[1]

ગૌતમસ્વામીએ અષ્ટાપદની યાત્રા કરી અને ત્યાંની ધર્મ-પર્ષદામાં દેવ, અસુર અને વિદ્યાધરોને ધર્મોપદેશ આપ્યો. આ ધર્મપર્ષદામાં વૈશ્રમણ દેવ (કુબેર) પણ હાજર હતો.

ગૌતમસ્વામીએ મુનિઓનું સ્વરૂપ સહજપણે સમજાવતાં કહ્યું : "મુનિભગવંતો લૂખો-સૂકો, વધ્યો-ઘટયો, રસ-કસ વગરનો આહાર લેતા હોય છે, તેથી એમનાં શરીર દુર્બળ અને શિથિલ થઈ જાય છે, અને તેઓ અંદરના આત્મબળ વડે જ જીવતા, વિચરતા અને સાધુધર્મનું પાલન કરતા હોય છે. તેઓ શરીરની માયા-મમતા અને આળપંપાળથી મુક્ત અને આત્મભાવના જ રક્ષક હોય છે."[2]

ગૌતમસ્વામી તપસ્વી હતા, બે ઉપવાસ (છઠ્ઠ)ના પારણે બે ઉપવાસ જેવી તપસ્યા કરતા રહેતા હતા, સદા અપ્રમત્ત રહીને તપ અને સંયમની સાધના કરતા હતા અને કાયાની માયાથી મુક્ત રહીને, દેહને દાપું આપવા ખાતર જ, લૂખો-સૂકો,-રસ-કસ વગરનો સાદો નિર્દોષ આહાર લેતા હતા. છતાં, યોગસાધના, પ્રસન્ન-સરળ સ્વભાવ અને જાગતી પુણ્યપ્રકૃતિના બળે, એમનામાં એવી દિવ્યતા પ્રગટી હતી કે જેથી, મુનિધર્મનું પૂરેપૂરું પાલન કરવા છતાં, તેઓનું શરીર ભરાવદાર, પ્રભાવશાળી અને સૂર્યના જેવી કાંતિવાળું રહ્યું હતું. વૃદ્ધ ઉંમરના ઘસારા પણ ત્યાં ઓછા દેખાતા હતા. એમની તંદુરસ્ત અને તેજસ્વી કાયાને જોઈને કોઈને પણ નવાઈ લાગ્યા વગર ન રહે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુની ધર્મવાણી સાંભળીને વૈશ્રમણ દેવ મનમાં હસીને વિચારી રહ્યો : ક્યાં આ ગુરુએ કરેલું મુનિઓના શરીરનું વર્ણન, અને ક્યાં આ ગુરુનું હૃષ્ટપુષ્ટ અને તેજસ્વી શરીર ! આવી સુકુમાર કાયા તો દેવોને પણ નથી હોતી ! તો શું તેઓ પોતે વર્ણવેલ મુનિધર્મનું પાલન કરતા હશે કે માત્ર બીજાઓને ઉપદેશ આપવાની (परोपदेशे पाण्डित्यंની) જ કુશળતા બતાવીને પોતે એ ધર્મના પાલનમાં બેદરકાર રહેતા હશે ?[3]

મનના ભાવોના જાણકાર ગુરુ ગૌતમ વગર કહ્યે જ વૈશ્રમણ દેવની શંકાને પામી ગયા. અને એનું નિવારણ કરવા માટે પર્ષદાને ઉદ્દેશીને બોલ્યા :

"દેવાનુપ્રિયો ! દુર્બલ શરીર એ કંઈ મુનિપણાનું–ભાવમુનિપણાનું (સાચા મુનિપણાનું) અને ભરાવદાર શરીર એ કંઈ સાચા મુનિપણાના અભાવનું સૂચક હોતું નથી. પણ શુભ ધ્યાન વડે આત્મનિગ્રહ માટેનો પુરુષાર્થ એ જ સાચા મુનિપણાનું પ્રમાણ છે. આ માટે એક કથાનક સાંભળો." એમ કહીને ગૌતમસ્વામીએ આ પ્રમાણે એક કથા કહી—

પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિગિણી નામની નગરી હતી. ત્યાં મહાપદ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. એની રાણીનું નામ પદ્માવતી હતું. એમને પુંડરીક અને કંડરીક નામે બે પુત્રો હતા. મોટો પુત્ર પુંડરીક યુવરાજ હતો.

એક વાર એ નગરના નલિનીવન ઉદ્યાનમાં ધર્મની પ્રભાવના કરનારા સ્થવિરો પધાર્યા. એમનો ધર્મોપદેશ સાંભળીને મહાપદ્મરાજાને વૈરાગ્ય થયો. એમણે પુંડરીકને રાજા બનાવીને અને કંડરીકને યુવરાજપદે સ્થાપીને પોતે ત્યાગધર્મનો સ્વીકાર કર્યો. પુંડરીક અને કંડરીક બન્ને ભાઈઓ સારી રીતે પ્રજાનું પાલન કરવા લાગ્યા.

ક્યારેક કેટલાક શ્રમણભગવંતો એ નગરીમાં આવ્યા, એટલે રાજા અને યુવરાજ બન્ને ભાઈ એમનાં દર્શન કરવા અને એમનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશ સાંભળવા ગયા. ઉપદેશ સાંભળીને રાજા પુંડરીકનું હૃદય વૈરાગ્યના રંગે રંગાઈ ગયું. એણે મનોમન ત્યાગધર્મનો સ્વીકાર કરવાનો વિચાર કર્યો; અને મહેલે આવીને કંડરીકને પોતાની ભાવના કહીને રાજ્યનો ભાર પોતાના ઉપર લઈ લેવા અને પોતાને સાધુધર્મનો સ્વીકાર કરવાની અનુમતિ આપવા લાગણી પૂર્વક કહ્યું.

પણ કંડરીક પણ ધર્માનુરાગમાં પાછો પડે એવો ન હતો. એણે પોતે પણ સાધુધર્મને સ્વીકારવાની પ્રબળ ઇચ્છા દર્શાવી. પુંડરીક રાજાએ એને સાધુજીવનની કઠોરતા સમજાવી અને રાજ્ય સંભાળતાં સંભાળતાં બની શકે તે ધર્મકરણી કરવા ભાર-પૂર્વક કહ્યું; પણ કંડરીક પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો, એટલે પુંડરીકે કમને એને અનુમતિ આપી. કંડરીક મુનિ બનીને રાજ-વૈભવનો ત્યાગ કરીને ચાલતો થયો. ધર્માનુરાગી પુંડરીક, રાજ-મહેલમાં જળકમળ જેવું જીવન જીવીને, રાજા તરીકેની પોતાની ફરજો બજાવતો રહ્યો.

કંડરીક મુનિ સ્વાધ્યાય, તપ અને લૂખાસૂકા નીરસ આહારથી સ્વાદ ઉપર વિજય મેળવતા, ઉગ્ર સંયમ પાળતા ગ્રામ-નગરોમાં વિચરવા લાગ્યા. આવો સાવ રસ-કસ વગરનો આહાર લાંબા વખત સુધી લેવાથી છેવટે એમના શરીરે જાણે બળવો કરીને પોતાનો ધર્મ બજાવ્યો. અને તેઓને દાહજ્વરનો અસહ્ય વ્યાધિ થઈ આવ્યો.

એક વાર તેઓ પોતાના આચાર્ય અને મુનિસમુદાય સાથે પુંડરિગિણી નગરીમાં પધાર્યા, ત્યારે રાજા પુંડરીકે એમનું ભાવથી સ્વાગત કર્યું અને મુનિ કંડરીકનો વ્યાધિ જાણીને આચાર્યને પોતાની વાહનશાળામાં પધારવાની વિનતિ કરી, જેથી મુનિ કંડરીકનો યોગ્ય ઉપચાર થઈ શકે.

આચાર્યે એ વિનતિનો સ્વીકાર કર્યો. ઉપચાર અને પથ્ય-કારક, પોષક અને રસપૂર્ણ આહારથી મુનિ કંડરીકનું શરીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકદમ સારું થયું, એટલે આચાર્ય અને અન્ય મુનિવરો, પોતાના સાધુધર્મના આચાર પ્રમાણે, ત્યાંથી વિહાર કરી ગયા, પણ મુનિ કંડરીકનું મન આવી સુખ-ચેનની જિંદગી અને મનગમતાં આહાર-પાણી તજીને બીજે જવા તૈયાર ન થયું! એક કાળે મુનિધર્મની સાધના માટે કાયાને જર્જરિત કરવામાં ધન્યતા માનનાર મુનિ કાયાની માયામાં એવા સપડાઈ ગયા કે હવે એમને સાધુધર્મ તરફ અણગમો થઈ આવ્યો!

પુંડરીકને આ વાત સમજતાં વાર ન લાગી. એને થયું: મારો ભાઈ લાખેણા રત્ન જેવા ચારિત્રથી આજે ભ્રષ્ટ થવા તૈયાર થયો છે, એને ગમે તે રીતે વારવો જોઈએ. પણ એણે, નિંદા કે આવેશનો આશ્રય ન લેતાં, કળથી કામ લીધું. મુનિ કંડરીક આગળ વારંવાર પોતાની સંસારવાસનાની નિંદા અને મુનિપણાની સ્તુતિ કરી કરીને એણે એવું વાતાવરણ ઊભું કર્યું કે છેવટે શરમમાં આવીને મુનિ કંડરીક, પોતાના મુનિજીવનના આચાર સાચવવા, વિહાર કરીને પોતાના આચાર્ય પાસે પહોંચી ગયા અને રાજા પુંડરીક પોતાના ભાઈનું પતન રોક્યાનો સંતોષ અનુભવી રહ્યા.

પણ મુનિ કંડરીકનું મુનિપણું હવે ખોટા રૂપિયા જેવું સત્ત્વહીન બની ગયું હતું. તેઓને વારંવાર સુખ-વૈભવ અને એશ-આરામભરી જિંદગીના જ વિચારો સતાવ્યા કરતા હતા. એટલે, ખોટો રૂપિયો બજારમાંથી તરત જ પાછો આવે એમ, એ પોતાના મુનિસંઘમાંથી નાસીને પોતાની નગરીમાં પાછા આવી ગયા! આત્મસાધના માટે કાયાને કષ્ટ આપવાની અને કૃશ કરવાની વાત જાણે ભૂતકાળ બની ગઈ!

રાજા પુંડરીકે જ્યારે આ વાત જાણી ત્યારે એમનું અંતર દુઃખથી ભરાઈ ગયું. પણ એમણે પોતાની લાગણીઓને સંયમમાં રાખી અને કંડરીક પાસે જઈને પૂછ્યું: "ભાઈ! શું તમને ભોગની ઇચ્છા છે?" કંડરીકે શરમ મૂકીને કહ્યું, "હા. મુનિપણું હું નિભાવી શકું એમ નથી!"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજવૈભવનું સુખ ભોગવતાં ભોગવતાં, અને કાંતિવાળી સુંદર કાયા ધારણ કરવાં છતાં, રાજા પુંડરીકનું અંતર નિરંતર આત્મસાધનાની જ ઝંખના કરતું રહેતું હતું. એણે જોયું કે કંડરીકને સંસારવાસનાથી ધર્મની ત્યાગભાવના તરફ પાછો વાળવાનું હવે શક્ય નથી; અને મારા માટે તો આ પ્રસંગ ઘણા વખતથી રોકી રાખેલ મનના મનોરથોને સફળ કરવાનો વિરલ અવસર છે. એટલે એણે તો, નાગરાજ જેટલી સહેલાઈથી પોતાની કાંચળી ઉતારીને ચાલતો થાય એટલી સહેલાઈથી, રાજ્યસિંહાસન કંડરીકને સોંપી દીધું અને પોતે મુનિવેષ ધારણ કરીને અંત વગરના સુખ અને આત્મરાજ્યની શોધમાં ચાલી નીકળ્યો ! આવા મોટા રાજવૈભવનો ત્યાગ કરતાં એના રૂંવાડામાંય ખેદ કે અફસોસની લાગણી ન જન્મી.

જગતે જોયું કે એક વખતનો જીર્ણ શરીરવાળો મુનિ સંસારના વૈભવમાં ઊતરી ગયો અને એક કાળે વૈભવમાં આળોટતો તંદુરસ્ત અને તેજસ્વી શરીરવાળો રાજા હસતે મોંએ સંસારનો ત્યાગ કરીને ત્યાગી બની ગયો.

કથાનો અંત કહે છે કે મુનિપણું તજીને રાજા બનેલ કૃશ કાયાવાળો કંડરીક મરીને નરકમાં ગયો અને ભરાવદાર શરીર-વાળો પુંડરીક, રાજમહેલનો ત્યાગ કરીને, વિમળ સંયમ પાળીને, મોક્ષનો અધિકારી બનીને, ઉચ્ચ સ્વર્ગલોકમાં ગયો.[૪]

ગુરુ ગૌતમે વાતનો ભાવ ફરી સમજાવતાં કહ્યું : "મહાનુભાવો ! ન તો દૂબળું, અશક્ત, નિસ્તેજ શરીર સાચા મુનિપણાનું લક્ષણ બની શકે છે, અને ન તો સારું, સુદૃઢ અને તેજસ્વી શરીર મુનિપણાનું વિરોધી બની શકે છે. સાચું મુનિપણું તો શુભ ધ્યાન દ્વારા સધાતા સંયમમાં જ રહેલું છે."

વૈશ્રમણ દેવ અને પર્ષદા ધર્મનું રહસ્ય સમજ્યાં અને મહાજ્ઞાની અને આત્મધ્યાની ગુરુ ગૌતમસ્વામીની નિખાલસતા, સરળતા અને સત્યપ્રિયતાને વંદી રહ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩

# સત્ય પામ્યાનો આનંદ

વિદેહ દેશમાં વાણિજ્યગ્રામ નામે એક મોટું નગર હતું. નામ પ્રમાણે એ વેપારનું મોટું મથક અને વિપુલ ધન-ધાન્યથી સમૃદ્ધ હતું. જિતશત્રુ નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો.

એ નગરમાં આનંદ નામે એક કરોડપતિ ગૃહસ્થ (ગૃહપતિ) રહેતા હતા. તેઓનો વ્યવસાય તો મોટા વેપારી અને શરાફનો હતો, છતાં તેઓ વર્ણે વૈશ્ય (વાણિયા) નહીં પણ ક્ષત્રિય હતા. અને એમનો વંશ, ભગવાન મહાવીરની જેમ, જ્ઞાતૃવંશ હતો.[1] એમનાં સગાં-સ્નેહીઓ અને જ્ઞાતિજનો વાણિજ્યગ્રામના પરા કોલ્લાક સન્નિવેશમાં રહેતા હતા.

આનંદની શ્રીમંતાઈનો પાર ન હતો. એમની ભાર્યાનું નામ શિવાનંદા હતું. જેવું નામ એવા ગુણ: કલ્યાણ અને આનંદની દેવી. પૂરી પતિપરાયણા નારી. શ્રીમંતાઈ હોવા છતાં આનંદમાં ગર્વ કે ઉદ્ધતાઈનું નામ ન હતું. એક શાણા, ઠરેલ અને ધીરજવાન સદ્‌ગૃહસ્થ તરીકે એમની ખૂબ નામના હતી. તેઓ પાંચમાં પૂછ્યા ઠેકાણું હતા. નાના-મોટા સૌ એમની સલાહ લેવા આવતાં. ગૃહપતિ આનંદ બધી વાતે સુખી હતા. પતિ-પત્ની બન્ને ધર્માનુરાગી હતાં.

શ્રમણ ભગવાન મહાવીરે ૩૪મું ચોમાસુ વૈશાલીમાં કર્યું. પછી, પોતાના ધર્મચક્ર-પ્રવર્તન માટે, તેઓએ વત્સ દેશ અને એની રાજધાની કૌશાંબી નગરી તેમ જ કોસલ દેશ અને એની રાજધાની શ્રાવસ્તી નગરી તરફ વિચરણ કર્યું અને ધર્મવાત્સલ્ય અને અંતરની ઉદારતાથી હજારો માનવીઓને પોતાના ધર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘમાં આવકારીને એમનો ઉદ્ધાર કર્યો. વિશ્વવત્સલ પ્રભુના પગલે પગલે જાણે આત્મભાવનાના સમીર વાતા હતા અને સુખ-શાંતિના માગ્યા મેઘ વરસતા હતા. પ્રભુનું તીર્થ જાણે અપાર દુઃખ-શોક-સંતાપનો સાગર પાર કરવાનો સુંદર કિનારો બની ગયું હતું.

વત્સ દેશ અને કોસલ દેશની ધર્મયાત્રા કરીને ભગવાને વિદેહ તરફ વિહાર કર્યો અને વિચરતાં વિચરતાં પ્રભુ, એક દિવસ, પોતાના ભિક્ષુસંઘ તથા ભિક્ષુણીસંઘ સાથે, વાણિજ્ય-ગ્રામની બહાર દૂઇપલાસય નામે ચૈત્યમાં પધાર્યા.

તરણુતારણુ ભગવાનને પોતાને આંગણે પધારેલા જાણી નગરનાં નર-નારીઓ એમનાં દર્શને ઊમટયાં. આનંદ ગૃહપતિનું અંતર પણ ઉલ્લાસ અનુભવી રહ્યું. અને બીજાઓની સાથે એ પણ ભગવાનની પર્ષદમાં પહોંચી ગયા અને પ્રભુની ધર્મદેશનાને ભક્તિ અને એકાગ્રતાથી સાંભળી રહ્યા.

પ્રભુની એ વાણી આનંદના અંતરને સ્પર્શી ગઈ. દેશનાને અંતે એમણે ભગવાનને વિનતિ કરી : “ભગવાન ! આપે સંસારનું અને ધર્મનું સ્વરૂપ વર્ણવ્યું તે યથાર્થ છે. મને આપના ધર્મ-સંઘમાં પ્રવેશ આપવાની કૃપા કરો. આપના સંઘના મુમુક્ષુ મહાત્માઓ ઉગ્ર તપ, ત્યાગ, સંયમ અને વૈરાગ્યનું ઉત્કટતાથી પાલન કરે છે; એવી ઉચ્ચ આરાધના કરવાની શક્તિ મારામાં નથી, એટલે હું ગૃહસ્થધર્મનાં બાર વ્રતોનો આપની સાક્ષીમાં સ્વીકાર કરવા ઇચ્છું છું. મને અનુમતિ આપો.”

ભગવાને અનુમતિ આપી.

પછી બધાં વ્રતો, એની ભાવનાઓ અને એના દોષો (અતિ-ચારો)ની વિશેષ સમજણ મેળવીને અને પોતાની પ્રતિજ્ઞાની મર્યાદાઓ નક્કી કરીને આનંદ પોતાના ઘેર પાછા ફર્યા. આજે પોતાને ધર્મનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ અપૂર્વ લાભ થયો હોય એમ એમનું રોમ રોમ પુલકિત થઈ ઊઠયું હતું.

ઘેર જઈ આનંદે પોતાની પ્રતિજ્ઞાની વાત શિવાનંદાને કહી સંભળાવી—એ વાત કરતાં કરતાં પણ જાણે એમનો જીવ ધન્યતા અનુભવી રહ્યો. શિવાનંદા પણ ધર્મમાં પાછી રહે એવી ન હતી. એણે પણ ભગવાન પાસે જઈને ભગવાને ઉપદેશેલા ગૃહસ્થ-ધર્મનો ઉલ્લાસપૂર્વક સ્વીકાર કર્યો.

આનંદ અને શિવાનંદા ધર્મના રંગે એવાં રંગાવા લાગ્યાં કે દુનિયાના બીજા બધા રંગ-રાગ એમને મન ફીકા બનતા ગયા. જીવનને ધર્મભાવનાથી સુરભિત બનાવવું એ જ એમનું જીવનધ્યેય બની ગયું.

એ પ્રસંગે ગુરુ ગૌતમે ભગવાનને પૂછયું : “ ભગવાન ! આ આનંદ ગૃહપતિ ધર્મસાધનામાં આગળ વધતા વધતા ક્યારેક આપના ભિક્ષુસંઘમાં દાખલ થશે ખરા ? ”

ભગવાને કહ્યું : “ ગૌતમ ! એવું તો નહીં બને, પણ એ શ્રાવકધર્મનું શુદ્ધપણે પાલન કરીને સૌધર્મ દેવલોકમાં દેવરૂપે જન્મશે અને છેવટે મહાવિદેહમાંથી મુક્તિપદને પામશે.”

ગૌતમ ભગવાનની વાણીને અભિવંદી રહ્યા; આવા ધર્માત્મા-ઓની ભાવી મુક્તિની વાત સાંભળીને હર્ષિત થયા. મોક્ષપ્રાપ્તિ એ જ જેમના જીવનની એકમાત્ર ઝંખના હોય એમને આથી વિશેષ હર્ષ બીજી કઈ વાતથી થાય ?

*

આનંદ ગૃહપતિએ શ્રાવકધર્મ સ્વીકાર્યો એ વાતને વીસ વર્ષ વીતી ગયાં. શુકલ પક્ષના ચંદ્રની કળા દિવસે દિવસે વધતી જાય એમ આનંદની ધર્મસાધના વધુ ને વધુ ઉત્કટ બનતી ગઈ. અને, જાણે જડ અને ચેતન વચ્ચેનો ભેદ એમના અંતરમાં વસી ગયો હોય એમ, તેઓ કાયાની, સંપત્તિની અને સંસારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધોની માયા-મમતા-આસક્તિથી દિવસે દિવસે વધુ ને વધુ દૂર થતા ગયા. દેહનું કષ્ટ આત્માને સુખકારક બનતું હોય તો પછી દેહની આળપંપાળ શી કરવી? એનાથી તો બને તેટલો આત્મસાધનાનો લાભ મેળવ્યો જ સારો!

આવા વૈરાગ્યભાવથી પ્રેરાઈને એક દિવસ આનંદ શ્રાવકે પોતાના ઘરનો, કુટુંબનો અને વ્યવહારનો બધો ભાર પોતાના મોટા પુત્રને સોંપી દીધો અને પોતાનું બાકીનું જીવન કેવળ ધર્મની ઉપાસનામાં જ વિતાવવા માટે તેઓ કોલ્લાક સંનિવેશની પૌષધશાળામાં જઈને રહ્યા; અને અનેક જાતની તપસ્યાઓથી પોતાના આત્માને વધુ ને વધુ નિર્મળ બનાવવા લાગ્યા; એમણે સાધુજીવનનો વેશ ભલે નહોતો ધારણ કર્યો, પણ એમનો આત્મા સાધુતાના રંગે વધુ ને વધુ રંગાતો જતો હતો.

અને, જાણે અંતિમ સાધના માટે પોતાની કાયાનો ઉપયોગ કરી લેવાનો હોય એમ, તપસ્વી આનંદે મરણ પર્યંતના અનશન જેવા અતિ ઉગ્ર તપનો સ્વીકાર કર્યો. આત્માની અમરતા અને દેહની નશ્વરતા હવે એમને બરાબર સમજાઈ ગઈ હતી.

આવી આકરી તપસ્યાના કષ્ટને અદીન ભાવે સહન કરતાં કરતાં, સૂર્યના તાપથી કમળ ખીલી ઊઠે એમ, એમની વિશુદ્ધ ચિત્તવૃત્તિઓ જાગી ઊઠી, એમનાં કર્મોનો મેલ ઓછો થવા લાગ્યો અને એક ગૃહસ્થસાધકને થઈ શકે એના કરતાં વધુ વિસ્તારને સ્પર્શતા અવધિજ્ઞાનનો એમને લાભ થયો—સાચી સાધુતાના પ્રકાશથી પ્રકાશી ઊઠેલ આત્મભાવનો જ એ પ્રતાપ હતો.

તપ તો મરણ પછી જ પૂરું થાય એવું આકરું હતું, પણ આનંદનો આત્મા સાધનાને બળે એના શોક અને દુઃખથી પર બનતો જતો હતો

આખા નગરમાં આનંદ ગૃહપતિની અંતિમ સાધનાની વાત પ્રસરી ગઈ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ સમયે શ્રમણ ભગવાન મહાવીર પોતાના સંઘ સાથે વાણિજ્યગ્રામમાં પધાર્યા અને દૂઇપલાસય ચૈત્યમાં એમણે ઉતારો કર્યો.

એક દિવસ ગુરુ ગૌતમસ્વામીને બે ઉપવાસનું પારણું હતું. નિર્દોષ ભિક્ષા લેવા તેઓ ત્રીજા પ્રહરે નગરમાં ગયા. ભિક્ષા લઈને તેઓ પાછા ફરતા હતા, ત્યારે એમણે શ્રમણોપાસક આનંદના મરણ સુધીના અનશનની વાત સાંભળી.

ગૌતમસ્વામીનો આત્મા તો ભારે સંવેદનશીલ આત્મા હતો. વળી, એમની દૃષ્ટિ ગુણગ્રાહક અને ધર્મપ્રશંસક હતી. એમણે વિચાર્યું: આવું ઉત્કટ તપ કરનાર ધર્માત્માને મળીને એમને શાતા પૂછવી ઉચિત છે. અને તેઓ એ પૌષધશાળામાં આનંદ પાસે પહોંચી ગયા.

ભગવાન મહાવીરના પ્રથમ ગણધરને પોતાની પાસે પધારેલા જોઈ આનંદના હર્ષને અવધિ ન રહી. એમનું રોમ રોમ ઉલ્લસિત બની ગયું. એમણે ગૌતમસ્વામીને ભાવપૂર્વક વંદન કર્યું અને વિનતિ કરી: "ભગવાન! ઊભો થઈને આપને નમસ્કાર કરીને આપની ચરણરજ મસ્તકે ચડાવી શકું એવી હવે મારી શક્તિ નથી. આપ કૃપા કરી મારી નજીક પધારો, એટલે હું મારી ભાવના પૂરી કરી શકું."

ગૌતમસ્વામીએ આનંદની ભાવના પૂરી કરી. પછી આનંદે પોતાને થયેલ અવધિજ્ઞાનની વિગત કહી અને ગૃહસ્થને આટલું વિશાળ અવધિજ્ઞાન થાય કે કેમ એ પૂછ્યું.

ગૌતમસ્વામીએ કહ્યું: "ગૃહસ્થને અવધિજ્ઞાન તો થાય, પણ તમે કહો છો એટલું વ્યાપક અવધિજ્ઞાન ન થાય. આનંદ! તમે કહેવામાં ભૂલ કરી, તમારી વાત મિથ્યા છે. માટે એ ભૂલનું તમારે પ્રાયશ્ચિત્ત લેવું ઘટે; એ માટે "મિચ્છા મિ દુક્કડં" આપવો ઘટે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમના કથનમાં કોઈ પણ જીવ પોતાની ભૂલથી પોતાનો સંસાર અને પોતાના કર્મનો ભાર વધારી ન બેસે એવી કરુણા ભરી હતી.

સામે આનંદ પણ સત્યના ઉપાસક હતા. અને પૂજ્ય પુરુષને પણ, સમતા અને વિવેકપૂર્વક, સાચી વાત કહેવાનાં તેજ અને નિર્ભયતા એમના અંતરમાં પ્રગટ્યાં હતાં. એમણે વિનયથી પૂછ્યું : "ભગવાન, શું તીર્થંકરના શાસનમાં સાચી વાત કહેવા માટે પણ પ્રાયશ્ચિત્ત લેવું પડે છે? હું કશું મિથ્યા બોલ્યો નથી; મેં આપને કહ્યું એટલું મોટું અવધિજ્ઞાન મને થયું છે, એ વાત સાચી છે. છતાં આપે એ વાતને ખોટી કહી, માટે એ દોષનું પ્રાયશ્ચિત્ત આપે કરવું ઘટે !" આનંદની વાણીમાં લેશ પણ કટુતા કે અવિવેક નહીં પણ દૃઢતા રણકતી હતી.

ગુરુ ગૌતમ તો સરળ પરિણામી જીવ હતા; અને અનાગ્રહ અને સત્ય તરફનો આદર એમનો સહજ ગુણ હતો. પ્રભુના ધર્મશાસનનો પણ એ જ સાર હતો. આનંદનું કહેવું સાંભળીને એમનું અંતર શંકિત અને બેચેન થઈ ગયું : રખે મિથ્યા વાતનું પોષણ કરીને હું મારો સંસાર વધારી બેસું ! અને તરત જ એમના ચિત્તે સમાધાન આપ્યું : ત્રિકાળજ્ઞાની પ્રભુ સ્વયં બિરાજે છે ત્યાં પછી ચિંતા કેવી ? હમણાં પ્રભુને પૂછીને સત્ય જાણી લઉં અને દોષ થયો હોય તો એની ક્ષમા માગી લઉં.

ભગવાન પાસે પહોંચીને ગૌતમસ્વામીએ બધી વાત કરી અને આ પ્રસંગમાં કોનું કથન પ્રાયશ્ચિત્ત લેવા જેવું છે, તે જણાવવા વિનતિ કરી.

ભગવાન તો વીતરાગ પુરુષ હતા; એમને ન ગૌતમ તરફ રાગ હતો, ન આનંદ પ્રત્યે દ્વેષ; મારા-તારાપણાના મોહ અને બંધનથી તેઓ સર્વથા મુક્ત હતા. એમને ન કોઈ પોતાનો પક્ષ હતો કે ન કોઈ પરાયો પક્ષ હતો. સત્યનો પક્ષ એ જ એમનો પોતાનો પક્ષ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાને વાત્સલ્યપૂર્વક ગૌતમને કહ્યું : "ગૌતમ ! આનંદનું કથન સત્ય છે અને તમારું કહેવું ખોટું છે. તમે જ્ઞાન અને જ્ઞાનીની આશાતના કરી છે. એ દોષથી મુક્ત થવા તમારે આનંદની પાસે જઈને એમની ક્ષમા માગવી ઘટે ! એમને मिच्छा मि दुक्कडं કહેવો ઘટે."

સત્ય સમજાઈ ગયું હતું, અને દોષનું દર્શન પણ થઈ ગયું હતું, પછી એનું નિવારણ કરવામાં વિલંબ કેવો ?

ગૌતમસ્વામી તરત જ આનંદની પાસે પહોંચ્યા અને પશ્ચાત્તાપભરી વાણીમાં લાગણીભીના સ્વરે બોલ્યા : "આનંદ, તમે સાચા છો અને હું ખોટો છું ! આ ભૂલ માટે હું તમારી ક્ષમા માગું છું."

આનંદ ગૃહપતિ આવા મોટા જ્ઞાની ગુરુની આવી નમ્રતા, સરળતા અને સત્યપરાયણતા જોઈને ગદ્ગદ થઈ ગયા. તેઓ ગુરુ ગૌતમને અભિવંદી રહ્યા અને શ્રમણ ભગવાનના ધર્મ-શાસનને પ્રશંસી રહ્યા : ધન્ય પ્રભુ ! ધન્ય આપનું શાસન !

ગુરુ ગૌતમસ્વામીનું અંતર ભગવાન તરફની કૃતજ્ઞતાથી ગદ્ગદ બની ગયું. એમનું રોમ રોમ જાણે ગુંજતું હતું : કરુણાસાગર ભગવાન ! પક્ષપાત રહિત બનીને અને સત્યનું દર્શન કરાવીને ખરો બચાવી લીધો આ સેવકને સંસારસાગરમાં ડૂબતો ! ભલો કર્યો ઉપકાર સ્વામી !

એમનું ચિત્ત સત્ય પામ્યાનો આહ્લાદ અનુભવી રહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૪

# કેટલાક પ્રસંગો

## (૧)

### પુદ્ગલ પરિવ્રાજક[1]

શ્રમણ ભગવાન મહાવીરે સત્તરમું ચોમાસું વાણિજ્યગ્રામમાં કર્યું. તે પછી ભગવાન, વિચરતા વિચરતા, પોતાના સંઘ સાથે, આલભિકા નગરીમાં પધાર્યા.

આલભિકા નગરીના શંખવન ચૈત્યમાં એક તપસ્વી પરિવ્રાજક રહેતા હતા. એમનું નામ પુદ્ગલ (પોગ્ગલ) હતું. એ બ્રાહ્મણ શાસ્ત્રોના મોટા પંડિત હતા અને જીવનસાધના માટે એ ઉપવાસને પારણે બે ઉપવાસની તપસ્યા કરતા હતા તેમ જ સૂર્યની સામે ઊભા રહીને ઉગ્ર તાપમાં એકાગ્રતાથી આતાપના લેતા હતા. એમની આ સાધના એક દિવસ સફળ થઈ અને બ્રહ્મલોક સુધીના દેવલોકનું એમને જ્ઞાન થયું.

એમને આટલું જ્ઞાન તો સાચું થયું હતું પણ, પૂર્ણ જ્ઞાનના હિસાબે, એ ઘણું અધૂરું હતું. અને પોતાના આ અધૂરા જ્ઞાનને પૂરું માનીને તેઓ લોકોને એ પ્રમાણે કહેવા —સમજાવવા લાગ્યા હતા.

એક દિવસ ગુરુ ગૌતમસ્વામી એ નગરીમાં ભિક્ષા લેવા નીકળ્યા. એમણે લોકોના મોઢેથી પુદ્ગલ પરિવ્રાજકના જ્ઞાનની વાત જાણી. તેઓને થયું : આવા સરળપરિણામી આત્મસાધકને આવી ભૂલમાંથી ઉગારીને સાચે રસ્તે દોરી જવા જોઈએ. પણ ગૌતમને ભગવાન ઉપર અનન્ય શ્રદ્ધા, એટલે એમણે વિચાર્યું : આવા જીવોના સાચા ઉદ્ધારક તો ભગવાન જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમે ભગવાન પાસે જઈને વિનયપૂર્વક પુદ્‌ગલ પરિવ્રાજકનું જ્ઞાન પરિપૂર્ણ છે કે અપૂર્ણ, તે પૂછ્યું. ભગવાને એનું જ્ઞાન અપૂર્ણ હોવાનું કહ્યું.

આ વાત લોકમુખે ફરતી ફરતી પુદ્‌ગલના જાણવામાં આવી. પરિવ્રાજક સ્વભાવે દુરાગ્રહી નહીં પણ સત્યના શોધક અને સરળપરિણામી જીવ હતા. પોતાની શંકાનું સમાધાન મેળવવા એ સત્વર ભગવાન મહાવીર પાસે પહોંચ્યા અને પોતાની શંકાઓનું નિરાકરણ થવાથી, શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને, સદાને માટે ભગવાનના ભિક્ષુક સંઘમાં ભળી ગયા.

સત્યના જિજ્ઞાસુ પરિવ્રાજક સત્યનું દર્શન પામ્યાનો આનંદ અનુભવી રહ્યા.

## (૨)

## ગૌતમ કરતાંય ચઢિયાતા[૨]

ભગવાન મહાવીર તો સત્યના પક્ષપાતી અને ગુણના પ્રશંસક ધર્મનાયક હતા. જે આત્માને વધુ આરાધે તે એમને મન મોટો હતો —ભલે પછી એ ઉંમરમાં, અધિકારમાં કે દીક્ષામાં નાનો હોય.

ભગવાનના શ્રમણસંઘમાં એક અણગાર. બહુ મોટા તપસ્વી અને ચેતન અને જડના ભેદોના બરાબર જાણકાર. કાયાની માયાને વિસારીને એનો ઉપયોગ આત્માના કુંદનને નિર્મળ કરવામાં કરી લેવા માટે એમણે મહાદુષ્કર સાધના આદરી હતી. એમનું નામ ધન્ય અણગાર.

કાકંદી નગરીમાં ભદ્રા નામે એક શેઠાણી રહે. એમને બે પુત્રો : એકનું નામ ધન્ય અને બીજાનું નામ સુનક્ષત્ર. એમની સંપત્તિ અને સુખ-સાહ્યબીનો પાર નહીં. ધન્ય તો ભોગ-વિલાસમાં એવો ડૂબેલો રહે છે કે જાણે એ દુઃખ-દીનતાને જાણતો જ નહોતો. માતાના હેતનોય કોઈ પાર ન હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દિવસ ભગવાન મહાવીરની વાણી ધન્યના અંતરને સ્પર્શી ગઈ—જાણે લોહને પારસનો સ્પર્શ મળ્યો; અને વિલાસમાં ડૂબેલો એનો આત્મા ત્યાગધર્મને ઝંખી રહ્યો. માતાને સમજાવીને અને છેવટે એમની આજ્ઞા મેળવીને એ ભિક્ષુક બની ગયો. અને કર્મશૂર આત્મા ધર્મશૂર બનીને પોતાની આત્મશક્તિને શતદળ કમળની જેમ વિકસાવવાના પુરુષાર્થમાં લાગી ગયો.

દેહની મમતા મૂકીને એમણે આકરાં તપ આદર્યાં—એવાં આકરાં કે કાયા તો નર્યાં હાડકાંનો માળો બની ગઈ, આંખો ઊંડી ઊતરી ગઈ, માંસ સુકાઈ ગયું અને જાણે હાડ અને ચામને કોઈ સગપણ ન હોય એમ ચામડી, હવા વગરની ધમણની જેમ કે અનાજ વગરના ખાલી કોથળાની જેમ, ટટળવા લાગી. અને છતાં દીનતાનું નામ નહીં. ધન્ય મુનિ મહાયોગીની જેમ નિજાનંદમાં સદા મગ્ન રહેતા. એમની જાગૃતિ અજબ હતી.

એક વાર રાજા શ્રેણિક ભગવાન મહાવીરનાં વંદને આવ્યા. ધન્ય અણગારનાં દર્શન કરી, એમની સાવ જર્જરિત કાયા જોઈ, એ ભારે અહોભાવ અનુભવી રહ્યા : કેવા આત્મસાધક વીર ! પછી શ્રેણિક રાજાએ ભગવાનને કહ્યું : "ભગવાન ! આપના શ્રમણ સમુદાયમાં ઇંદ્રભૂતિ ગૌતમ ગણધર વગેરે બધા સાધુઓમાં આ ધન્ય અણગાર સૌથી મોટા સાધક અને મહાદુષ્કર સાધનાના કરનારા અને કર્મોનો મૂળમાંથી નાશ કરનારા મહાશૂરવીર છે, એમ હું માનું છું."

ભગવાને કહ્યું : "રાજન ! તમારી વાત સાચી છે. ધન્ય મુનિ મારા બધા શ્રમણોમાં મહાદુષ્કર સાધના કરનારા છે."

સાંભળનારા ભગવાનની ગુણગ્રાહક અને મધ્યસ્થ દૃષ્ટિને પ્રણમી રહ્યા.

(૩)

## ભગવાનના સંદેશવાહક[૩]

ભવિતવ્યતા ક્યારેક કેવા દુઃખદાયક સંબંધો જોડી દે છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજગૃહીના ગૃહપતિ મહાશતક અને એની ભાર્યા રેવતી આવી જ દુઃખદ, કરુણ દશાનાં ભોગ થઈ પડયાં હતાં. એક ઉત્તરમાં જાય તો બીજું દક્ષિણમાં ખેંચે, એવાં એક-બીજાંથી સાવ વિરોધી એમનાં મનનાં વલણો હતાં.

શ્રેષ્ઠી મહાશતક ભગવાન મહાવીરના શ્રમણોપાસક (શ્રાવક) સંઘમાં ભળ્યા હતા; અને એમની ભાવના અને પ્રવૃત્તિ ધર્મ-સાધનામાં ઉત્તરોત્તર આગળ વધવાની રહેતી. તેઓ હંમેશાં વ્રત, તપ અને નિયમોના પાલનમાં જાગતા રહેતા અને પોતાના ચિત્તને સ્થિર, સ્વસ્થ અને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરતા !

પણ રેવતીની દિશા સાવ જુદી જ હતી. ઉંમર વધતી એમ એની ભોગ-વિલાસની વાસના અને ઇંદ્રિય-લોલુપતા વધતી જતી હતી. ખાન-પાનમાં એને મન નહીં ખાવા જેવું કે નહીં પીવા જેવું કશું જ ન હતું—એ ન ખાવાનું ખાતી અને ન પીવાનું પીતી ! અને એની વિષયવાસના તો માઝા મૂકી દેતી હતી. એથી એને મહાશતક સાથે કોઈ મનમેળ નહોતો રહ્યો; અને એ તો હંમેશાં મહાશતક તરફના અસંતોષથી બળ્યા જ કરતી.

પોતાની વૃદ્ધ ઉંમર અને જીવનની અનિશ્ચતતાનો વિચાર કરીને મહાશતકે, ધર્મનું શરણ લઈને, ઘરવ્યવહારનો ત્યાગ કર્યો અને એકથી એક ચઢિયાતી તપસ્યા અને સાધના કરવા માટે તેઓ પૌષધશાળામાં જ રહેવા લાગ્યા. વિલાસિતા અને નર્યા અસંયમના અવતાર સમી રેવતીથી આ બધું શી રીતે સહન થાય ? એ તો અવારનવાર મહાશતકને ચલિત કરવા કંઈ કંઈ પ્રયત્નો કર્યા કરતી.

પોતાની અંતિમ આરાધના કરવા મહાશતકે મરણ પર્યંતના અનશનનો સ્વીકાર કર્યો; અને જન્મ-મરણના ફેરાથી સદાને માટે બચી જવા સારુ એકાગ્રતાથી શુભ ધ્યાનમાં સમય વિતાવવા લાગ્યા. તેઓ જીવનની તૃષ્ણા અને મરણના ભયથી ક્રમે ક્રમે મુક્ત થતા જતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા ગંભીર પ્રસંગથી પણ રેવતીનું મન ન પલળ્યું. એ તો, કસાઈના જેવી કઠોરતા ધારણ કરીને, તપસ્વી મહાશતક પાસે પહોંચી ગઈ અને અશ્લીલ શબ્દો અને અશિષ્ટ ચેનચાળાથી એમની સાધનામાં ભંગ પાડવા પ્રયત્ન કરવા લાગી.

મહાશતક આ બધું આંતરિક બળ, વીર્ય અને પરાક્રમથી સહન કરી રહ્યા અને પોતાની છેલ્લી સાધનામાં ઊભા થયેલ વિઘ્નને ટાળવાનો પુરુષાર્થ કરતા રહ્યા. પણ રેવતીના ચેનચાળાએ માઝા મૂકી એટલે મહાશતક પણ છેવટે, પોતાની સાધનાના માર્ગથી જરાક ચલિત થઈને, આવેશમાં આવી ગયા.

અને એ આવેશમાં ને આવેશમાં, આવી ઉત્કટ સાધનાને લીધે પોતાને પ્રગટેલ વિશિષ્ટ જ્ઞાનથી વસ્તુસ્થિતિને જાણીને, એમણે રેવતીને એના ભયંકર ભાવીની–એની ભાવી નરકગતિની–કડવી વાત સંભળાવી દીધી.

પોતાના હાથ હેઠા પડયા જાણીને રેવતી તો ત્યાંથી ચાલી ગઈ પણ, ચંદ્ર ઉપરના રાહુના પડછાયાની જેમ, મહાશતકની સાધનાને દૂષિત કરતી ગઈ!

એ વખતે, ભગવાન મહાવીર એકવીસમું ચોમાસું વાણિજ્યગ્રામમાં વિતાવીને વિચરતા વિચરતા રાજગૃહીમાં પધાર્યા. એમણે જોયું કે, થોડીક ભૂલને કારણે, એક ઉત્તમ જીવની કુંદન જેવી સાધનામાં કથિરની રેખાઓ ભળી રહી છે.

ભગવાન તો કરુણાના સાગર. એમણે ગૌતમને બોલાવીને મહાશતકની વાત કરી અને આદેશ કર્યો : “ગૌતમ ! મહાશતકને જઈને કહો કે મરણ સુધીનું અનશન સ્વીકારનાર શ્રમણોપાસક કોઈને સાચું છતાં અપ્રિય અને કડવું વચન કહે કે ક્રોધને વશ થાય તો એથી એની સાધના દૂષિત થાય છે. માટે તમારે રેવતીને કહેલાં કડવાં વચનોનું પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવું ઘટે.”

ગૌતમસ્વામીએ સત્વર મહાશતક પાસે જઈને એમને ભગવાનનો સંદેશો કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાશતકે ઉલ્લાસપૂર્વક ભગવાનનો આદેશ શિરે ચડાવીને પોતે સેવેલ દોષનું તરત જ પ્રાયશ્ચિત્ત કર્યું.

મહાશતકનું રોમ રોમ ભગવાન તરફની કૃતજ્ઞતાથી ઊભરાઈ ગયું. જાણે એમનું અંતર કહેતું હતું : કરુણાનિધિ ભગવાન ! સંસારકીચમાં ડૂબતો ભલો ઉગારી લીધો આ સેવકને !

ભગવાનના સંદેશવાહક ગૌતમ પણ કૃતાર્થતા અનુભવી રહ્યા.

## (૪)

## શંકાનું સમાધાન[૪]

રાજગૃહની નજીકમાં તુંગિયા નામે નગરી હતી. એ નગરીમાં સુખી અને ધર્મતત્ત્વના જાણકાર અનેક શ્રમણોપાસકો રહેતા હતા. એક વાર એ નગરીમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના પાંચસો જેટલા સાધુઓ પધાર્યા અને નગરના પુષ્પવતી ચૈત્યમાં ઊતર્યા. તેઓ સંયમી, જ્ઞાની, તપસ્વી, સુવ્રતી અને ગુણોના ભંડાર હતા.

આવા ગુણવંત મુનિવરોને પોતાના નગરમાં પધાર્યા જાણીને બધા શ્રાવકો ખૂબ હર્ષિત થયા. તેઓ વંદન, ભક્તિ અને ધર્મ-શ્રવણ કરવા એ મુનિવરોની પાસે પહોંચી ગયા; અને એ મુનિવરોએ સંભળાવલો ભગવાન પાર્શ્વનાથનો ચાર મહાવ્રતોવાળો ધર્મ સાંભળીને ખૂબ રાજી થયા.

ધર્મદેશના સાંભળ્યા પછી એ ગૃહસ્થોએ એ સાધુઓને સંયમના અને તપના ફળ સંબંધી તેમ જ બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા. મુનિવરોએ એ પ્રશ્નોના જે જવાબો આપ્યા તે સાંભળીને બધા બહુ પ્રસન્ન થયા.

એ જ અરસામાં નિર્ગ્રંથ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યમાં પધાર્યા.

ગુરુ ગૌતમસ્વામી એક વાર ત્રણ ઉપવાસના પારણા માટે ભિક્ષા લેવા નગરીમાં ગયા. નગરમાં ફરતા ફરતા તેઓએ ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સાધુઓની તુંગિયા નગરીના શ્રાવકો સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલી વાતચીતના સમાચાર જાણ્યા. અને આ મુનિવરોએ કહેલ વાત સાચી હશે કે કેમ, તે માટે એમના મનમાં સંશય અને કુતૂહલ જાગ્યાં.

ગોચરી લઈને પાછા ફર્યા બાદ ગૌતમે ભગવાનને પૂછ્યું : "હે ભગવાન ! એ સાધુઓએ જે ખુલાસા આપ્યા તે શું સાચા છે? આવા સવાલોના જવાબો આપવાની શક્તિ તેઓ ધરાવે છે ખરા? શું તેઓ વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી અને વિશેષ જ્ઞાની છે."

ભગવાને કહ્યું : "ગૌતમ ! એ સાધુઓએ જે જવાબ આપ્યા તે યથાર્થ છે. તેઓ આવા જવાબો આપવા સમર્થ, વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી અને વિશેષ જ્ઞાની છે."

ભગવાનના મુખેથી પોતાની શંકાઓનું સમાધાન મેળવીને ગૌતમસ્વામી ખૂબ રાજી થયા.

## ( ૫ )

## પરિવ્રાજક અંબડ

ઉદારતા અને વિશાળતાથી શોભતા ભગવાન મહાવીરના ધર્મસંઘમાં તો કેવા કેવા જીવો ભળ્યા હતા ! એ બધો પ્રતાપ હતો ભગવાનની સમતા, વત્સલતા અને આગ્રહમુક્ત અનેકાંતદૃષ્ટિનો. એમના ભિક્ષુ સંઘમાં તો વસ્ત્ર-પાત્રના સર્વથા ત્યાગી અને, પોતાની રુચિ કે લાચારીને લીધે, વસ્ત્ર-પાત્રનો ઉપયોગ કરનાર એમ બન્ને પ્રકારના શ્રમણોને તો સ્થાન હતું જ; સાથે સાથે પોતાને મનગમતો વેષ અને વ્યવહાર ધરાવનાર બધી નાત-જાતનાં સ્ત્રી-પુરુષોને પણ એમના શ્રાવકસંઘમાં આવકાર મળતો. વેષ-વ્યવહાર ગમે તે હોય, પ્રયત્ન મનને નિર્મળ કરવાનો હોવો જોઈએ : એ જ ભગવાનની મુખ્ય આજ્ઞા હતી. એ આજ્ઞાને માને તે એમના સંઘમાં ભળી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા જ એક વિચિત્ર વેષ-ભૂષાધારી હતા બ્રાહ્મણ પરિવ્રાજક અંબડ. તેઓ કાંપિલ્યપુરમાં રહેતા હતા, અનેક વિદ્યાઓના જાણકાર હતા, સાત સો શિષ્યોના ગુરુ હતા અને ભગવાન મહાવીરની ધર્મદેશનાથી પ્રભાવિત થઈને શ્રમણોપાસક–શ્રાવક બન્યા હતા. અને છતાં એમણે બાહ્ય વેષ અને બાહ્ય આચાર ત્રિદંડી પરિવ્રાજક જેવા જ રાખ્યા હતા. એ છત્ર, ત્રિદંડ અને કમંડલુ રાખતા અને વસ્ત્રો પણ ભગવાં ધારણ કરતા.

ભગવાન મહાવીરના ઉપાસક કહેવાતા આ પરિવ્રાજકના રૂપ-રંગ-ઢંગ જોઈને લોકો નવાઈ પામતા. વળી, એમના ચમત્કારોની પણ કંઈ કંઈ અદ્ભુત વાતો લોકજીભે વહેતી થઈ હતી.

એક વાર ત્રીસમું ચોમાસુ વાણિજ્યગ્રામમાં રહીને ભગવાન કાંપિલ્યપુર પધાર્યા. ઇન્દ્રભૂતિ ગૌતમે નગરમાં ભિક્ષાચર્યા માટે ફરતાં ફરતાં પરિવ્રાજક અંબડના વેષ, વ્યવહાર અને ચમત્કારોની ઘણી ઘણી વાતો સાંભળી. આથી એમનું મન શંકિત થયું કે આવો વિચિત્ર-વિલક્ષણ જીવ ભગવાનના સંઘનો સાચો શ્રમણોપાસક હોઈ શકે ખરો ?

ગૌતમે ભગવાનને પોતાની શંકાઓ કહી. ભગવાને હા કહીને એ શંકાઓનું સમાધાન કર્યું.

છેવટે ગૌતમે પૂછ્યું : “ભગવાન ! શું અંબડ પરિવ્રાજક નિર્ગ્રંથ ધર્મની દીક્ષા લઈને આપના શિષ્ય બનશે ? અને તેઓ કઈ ગતિ પામશે ? ”

ભગવાને કહ્યું : “ ગૌતમ ! અંબડ મારું શિષ્યપણું તો નહીં સ્વીકારે, પણ એ એક ઉત્તમ શ્રમણોપાસક તરીકે વ્રત, તપ અને નિયમોનું આચરણ કરીને, પવિત્ર જીવનને પ્રતાપે, અહીંથી દેવલોકમાં જશે અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ નિર્વાણ પ્રાપ્ત કરશે.”



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંબડના વિચિત્ર લાગતા જીવનનું સત્ય દર્શન પામીને અને એમની સદ્ગતિની વાત સાંભળીને, સર્વકલ્યાણમ વાંછુ ગૌતમસ્વામી રાજી રાજી થઈ ગયા : પ્રભુના શાસનનો મહિમા કેવો વિસ્તરી રહ્યો છે !

## ( ૬ )
## કાલોદાયી વગેરેનું સમાધાન[?]

રાજગૃહ નગરનું ગુણશીલ ચૈત્ય ભગવાન મહાવીરના પધારવાથી અનેક વાર પાવન થયું હતું.

આ ગુણશીલ ચૈત્યથી થોડે દૂર કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી વગેરે અન્ય ધર્મ–મતમાં આસ્થા ધરાવનાર ગૃહસ્થો રહેતા હતા. તેઓ તત્ત્વચર્ચાના રસિયા અને સત્યના જિજ્ઞાસુ હતા; અને, જ્યારે જ્યારે સમય મળતો ત્યારે, વાર્તા-વિનોદ કરીને પોતાની જિજ્ઞાસાને પૂરી કરવા પ્રયત્ન કરતા. હમણાં હમણાં તેઓમાં ભગવાન મહાવીરે સમજાવેલ પાંચ અસ્તિકાયની અને એમાંના ચાર અસ્તિકાય અજીવરૂપ–જડ અને એક સજીવ હોવાની તેમ જ ચાર અસ્તિકાય અરૂપી અને એક રૂપી હોવાની વાતની ચર્ચા ચાલ્યા કરતી; પણ અંદર અંદરની ચર્ચાથી એમનું સમાધાન થતું નહીં.

તે વખતે રાજગૃહ નગરમાં મદ્દુક નામે એક શ્રાવક રહેતો હતો. એ શ્રમણ ભગવાન મહાવીરનો ભક્ત અને ધર્મતત્ત્વનો જાણકાર હતો. કલોદાયી વગેરેએ એને પોતાની શંકા કહી અને મદ્દુકે એનું સમાધાન પણ સારી રીતે કર્યું; છતાં કાલોદાયી વગેરેને એથી સંતોષ ન થયો.

ભગવાને મદ્દુકની વાતને યથાર્થ કહીને એની પ્રશંસા કરી અને ગૌતમના પ્રશ્નના જવાબમાં ભગવાને એના ઉજ્જવળ ભાવીનું કથન કરતાં કહ્યું : “ ગૌતમ ! મદ્દુક મારી પાસે દીક્ષા તો નહીં લે, પણ શ્રાવકધર્મનું સારી રીતે પાલન કરીને દેવગતિ પામશે અને અંતે પંચમ ગતિને–મોક્ષને પામશે.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન તેત્રીસમું ચોમાસું રાજગૃહમાં રહ્યા હતા. કાલોદાયી વગેરે પણ ત્યાં જ હતા. ભગવાનની પાંચ અસ્તિકાય, એમાંના ચાર નિર્જીવ અને એક સજીવ હોવાની તથા ચાર અરૂપી અને એક રૂપી હોવાની વાત હજી પણ એમને સમજાતી ન હતી.[૭]

એક વાર ગૌતમસ્વામી રાજગૃહમાં ભિક્ષા લેવા નીકળ્યા હતા. તેઓ ભિક્ષાચર્યા કરીને પાછા ફરતા હતા ત્યારે કાલોદાયી વગેરે-એ એમને બોલાવીને એમની પાસે પોતાની શંકાઓ રજૂ કરી અને એનું સમાધાન કરવા વિનતિ કરી.

ગૌતમસ્વામીએ એમની શંકાઓનું વિગતે સમાધાન આપીને પોતાના જ્ઞાનનો આડંબર રચવાને બદલે બધી શંકાઓનું સમાધાન મેળવી શકાય એવી ભગવાનની દેશનાપદ્ધતિની પાયાની વાત સમજાવતાં કહ્યું : "હે દેવાનુપ્રિયો ! જે વસ્તુનું અસ્તિત્વ છે એનો અમે ઇનકાર કરતા નથી અને જે વસ્તુની હયાતી નથી એ હોવાનું કહેતા નથી; મતલબ કે જે છે એ હોવાનું અને જે નથી તે નહીં હોવાનું કહેવાની ભગવનની પદ્ધતિ છે. આ ઉપરથી તમે તમારી શંકાઓનું સમાધાન મેળવી લેશો."

પણ ગૌતમના આવા ગૂઢ ખુલાસાથી કાલોદાયી વગેરે અન્ય ધર્મ–મતના અનુયાયીઓનું સમાધાન ન થયું. એટલે તેઓ સ્વયં ભગવાન પાસે પહોંચ્યા અને પોતાની શંકાઓનું સંતોષકારક સમાધાન મેળવીને તેઓની પાસે દીક્ષિત થઈ ગયા.

એમ લાગે છે કે ભગવાનના પ્રવચનના મુદ્દાઓ અંગેની શંકાઓનું સવિસ્તર સમાધાન ગૌતમસ્વામીએ પોતે આપીને સ્વયં એના યશના ભાગી થવાને બદલે કાલોદાયી વગેરે ભગવાન પાસે આવે એવી સ્થિતિ સર્જી એની પાછળ એમનો એક જ આશય હોવો જોઈએ કે એ જીવોનો ઉદ્ધાર થાય અને ભગવાનનો અને એમના ધર્મતીર્થનો મહિમા વિસ્તરે.

આવા નિર્મોહી અને ભવ્ય હતા ગુરુ ગૌતમસ્વામી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭)

## હેતભરી શિખામણ અને મીઠો ઠપકો[૮]

રાજગૃહના એક પરાનું નામ નાલંદાવાસ હતું, અને એનું એક ઉપવન હસ્તિથામ નામે હતું. એમાં મેતાર્ય ગોત્રના ઉદક પેઢાલપુત્ર નામે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના એક નિર્ગ્રંથ રહેતા હતા. એક વાર ગણધર ગૌતમસ્વામી ત્યાં પધાર્યા.

એ સમયે કુમારપુત્ર નામના ભગવાન મહાવીરની પરંપરાના શ્રમણ નિર્ગ્રંથો ઠેર ઠેર વિચરતા અને શ્રાવકોને વ્રત લેવરાવતી વખતે સ્થૂળ અહિંસાવ્રતના પાલન માટે આ પ્રમાણે નિયમ કરાવતા : "બીજાઓની–રાજા વગેરેની–બળજબરીને કારણે કોઈ ગૃહસ્થ કે ચોરને બંધનમાં નાખવારૂપ હાલતા-ચાલતા જીવોની એટલે કે ત્રસ જીવોની હિંસાને બાદ કરતાં, અને બધી હિંસાથી બચી શકાતું ન હોય તો બને તેટલી–થોડી પણ–હિંસાથી બચી શકાય એવી ભાવનાથી પ્રેરાઈને, હું હાલતા-ચાલતા ત્રસ જીવોની હિંસા નહીં કરું."

ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રંથને, ભગવાન મહાવીરના મતના શ્રમણ નિર્ગ્રંથો દ્વારા શ્રમણોપાસકોને કરાવવામાં આવતી હિંસાત્યાગની આ પ્રતિજ્ઞામાં દોષ લાગતો હતો. પેઢાલપુત્ર તર્કશીલ અને બુદ્ધિશાળી નિર્ગ્રંથ હતા, એટલે એમને હતું કે ક્યારેક ભગવાન મહાવીરના કોઈ સમર્થ નિર્ગ્રંથની સાથે વાત કરવાનો અવસર મળશે ત્યારે પોતે એમને પોતાની વાત સમજાવીને એમની વાતમાં રહેલો દોષ બતાવી શકશે. તેઓ આવા અવસરની રાહ જ જોઈ રહ્યા હતા.

જ્યારે એમણે જાણ્યું કે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામી પોતાના સ્થાનમાં આવ્યા છે, ત્યારે પેઢાલપુત્રે એમની પાસે આવીને એમના તીર્થના શ્રમણોની શ્રાવકો માટેની સ્થૂળ અહિંસાની પ્રતિજ્ઞામાં રહેલ દોષની વાત કરી. પેઢાલપુત્રને ખાતરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી કે આવા દીવા જેવાં ચોખ્ખા દોષનો ઇનકાર કોઈ રીતે થઈ શકવાનો નથી.

ગૌતમસ્વામી તો જય-પરાજયના આવેશથી સર્વથા મુક્ત હતા. એમણે શાંતિ અને સ્વસ્થતાથી એ નિર્ગ્રંથની વાત સાંભળી; અને સમભાવપૂર્વક સત્ય સમજાવવા માટે, અનેક દાખલાઓ આપીને, ભગવાન મહાવીરના નિર્ગ્રંથોના કથનમાં રહેલ દોષ-રહિતપણાનું દર્શન કરાવ્યું.[૯] પરિણામે નિર્ગ્રંથ પેઢાલપુત્રને પોતાના વિચારમાં રહેલ ખામીનો ખ્યાલ આવ્યો અને બીજાને પરાજિત કરવાની એની ઇચ્છા સફળ ન થઈ. ગૌતમસ્વામીએ સમજાવેલ વાતની સામે કંઈ કહી શકાય એમ તો હતું જ નહીં, છતાં એનું અંતર કંઈક પરાજયની બેચેની અનુભવી રહ્યું.

જ્ઞાની ગૌતમસ્વામી એના અંતરના આ ડંખને જાણે પામી ગયા એમ એને હેતભરી શિખામણ આપતાં બોલ્યા : "હે આયુષ્મન્! જે મનુષ્ય પાપ-કર્મથી મુક્ત થવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત કરીને પણ કોઈ શ્રમણ-બ્રાહ્મણની નિંદા—કૂથલી કરે છે તે, ભલે ને પોતાની જાતને એમનો મિત્ર માને તોપણ, પોતાનો પરલોક બગાડે છે."

પેઢાલપુત્ર મૂંગા મૂંગા ગૌતમસ્વામીની વાતને સાંભળી રહ્યા અને પછી ગૌતમસ્વામી તરફ કશો વિનય-વિવેક દાખવ્યા વગર ત્યાંથી ઊઠીને ચાલવા લાગ્યા.

ગૌતમસ્વામીએ જોયું કે પેઢાલપુત્રનું અંતર આવી શિખામણ પછી પણ જાગ્યુ નહીં અને એ માટે કંઈક વધારે પ્રયત્ન કરવો જરૂરી છે, એટલે એમણે એને જતો રોકીને, જાણે મમતાભર્યો મીઠો ઠપકો આપતા હોય એમ, લાગણીપૂર્વક કહ્યું : "હે આયુષ્મન્ ઉદક! કોઈ શિષ્ટ શ્રમણ કે બ્રાહ્મણના મુખેથી એકાદ ધર્મવાક્ય પણ સાંભળવા કે શીખવા મળ્યું હોય તો માનવું કે એમણે મને સાચો માર્ગ સમજાવ્યો; અને એમ સમજીને એવો ઉપદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનાર માણુસનો પૂજ્ય બુદ્ધિથી આદર–સત્કાર કરવો ઘટે; કોઈ મંગલકારી દેવ કે દેવમંદિરની જેમ એમની ઉપાસના કરવી ઘટે.”

ગૌતમસ્વામીના લાગણીભર્યા શબ્દો નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્રના અંતરને સ્પર્શી ગયા. એમણે વિનમ્રતા ધારણ કરીને કહ્યું : “ આયુષ્મન્ ગૌતમ ! મને કોઈએ અત્યાર સુધી આ વાત સમજાવી નથી. આવા શબ્દો મેં કોઈની પાસેથી સાંભળ્યા નથી. તેથી હું એ પ્રમાણે વર્ત્યો નથી. પણ હવે મને આપનું કહેવું સાચું લાગે છે. આપના શબ્દોને હું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શિરે ચઢાવું છું. મારો આપના નિર્ગ્રંથ સંઘમાં સ્વીકાર કરો.”

અને ઉદક પેઢાલપુત્ર ભગવાન પાર્શ્વનાથની પરંપરામાંથી ભગવાન મહાવીરની પરંપરામાં પ્રવેશી ગયા.

ગૌતમસ્વામીનો મમતાભર્યો ઉપદેશ અને મીઠો ઠપકો સફળ થયો.

## ( ૮ )

## જ્યોતીષશાસ્ત્રની વાતો[૧૦]

ભગવાન મહાવીર ઓગણુચાલીસમું ચોમાસું મિથિલા નગરીમાં રહ્યા હતા. આ વખતે ગૌતમસ્વામીએ સૂર્ય, ચંદ્ર વગેરેના સ્વરૂપ, એમની ગતિ, એમની સંખ્યા, એમની સ્થિતિ, એમના કાર્ય વગેરેને લગતા સંખ્યાબંધ પ્રશ્નો પૂછીને આકાશમંડળમાં બિરાજતા જ્યોતિશ્ચક્ર સંબંધી જ્ઞાન મેળવ્યું. ભગવાને પણ આ પ્રશ્નોના એવા વિસ્તૃત જવાબો આપ્યા કે એના ઉપરથી સૂર્ય-પ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ જેવા આગમગ્રંથોની રચના થઈ.

સત્યોતેર વર્ષ જેટલી મોટી ઉંમરે પણ ગૌતમસ્વામીની જિજ્ઞાસા કેટલી ઉત્કટ હતી અને સર્વજ્ઞ ભગવાન પાસેથી એનો ખુલાસો મેળવવા તેઓ હમેશાં કેવા તત્પર રહેતા, તે આ ઉપરથી પણ જાણી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯)
## બાળ અતિમુક્તક[11]

ક્યારેક ભગવાન મહાવીર વિચરતા વિચરતા પોલાસપુરના શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા. એક દિવસ બે પ્રહર દિવસ વીતી ગયો અને ગોચરીની વેળા થઈ, એટલે ગૌતમસ્વામી ભિક્ષાચર્યા માટે નગરમાં નીકળ્યા.

નગરમાં એક ઇંદ્રનું મંદિર હતું. ત્યાં છોકરાઓ રમતા હતા. એમાં એક અતિમુક્તક નામે કુમાર હતો. ગૌતમસ્વામીને જોઈ એને કુતૂહલ થયું. એ રમવાનું મૂકીને એમની પાસે દોડી આવ્યો અને પૂછવા લાગ્યો: "આપ કોણ છો? અને આ પ્રમાણે શા માટે ફરો છો?"

ગૌતમસ્વામીએ વહાલપૂર્વક કહ્યું: "અમે નિર્ગ્રંથ સાધુઓ છીએ; તપ અને સંયમનું પાલન કરીએ છીએ; અને નાનાં-મોટાં-મધ્યમ કુળોમાં ભિક્ષાચર્યા કરીને નિર્દોષ આહર-પાણી મેળવીને અમારી સંયમયાત્રાનો નિર્વાહ કરીએ છીએ."

અતિમુક્તકના મનમાં જાણે ગૌતમસ્વામી વસી ગયા. ઉંમર નાની અને સમજણ ઓછી હતી, પણ ગૌતમસ્વામીને જોઈ ને, જાણે કોઈ અદ્ભુત સંગ મળ્યો હોય એમ, એનું ચિત્ત રાજી રાજી થઈ ગયું. અને એ એમની આંગળી પકડીને એમને પોતાને ઘેર ભિક્ષા માટે લઈ ગયો. અને જ્યારે ગૌતમસ્વામી ભિક્ષા લઈને પાછા ફરવા લાગ્યા ત્યારે શ્રમણ ભગવાનનાં દર્શન માટે બાળક અતિમુક્તક પણ એમની સાથે ગયો.

ગૌતમસ્વામી જેવા આંતર-બાહ્ય શુદ્ધ ગુરુનો થોડોક પણ સત્સંગ પામી અને ભગવાન મહાવીરનાં દર્શન કરી અને એમની વાણી સાંભળી અતિમુક્તકના અંતરમાં અજવાળાં પથરાઈ ગયાં. પોતાની ધર્મભાવનાભરી દૃઢતાથી માતા-પિતાની અનુમતિ લઈને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ-વૈભવની લાલસા ઉપર વિજય મેળવીને, કુમાર અતિમુક્તક હંમેશને માટે ભગવાનના ભિક્ષુક સંઘમાં ભળી ગયો.

## (૧૦)
## ભગવાનના મોક્ષગામી શિષ્યો કેટલા?[૧૨]

મોટી ઉંમર અને ચાર જ્ઞાનના ધારક હોવા છતાં ગૌતમસ્વામી ઉપવાસ જેવું બાહ્ય અને ધ્યાન જેવું આભ્યંતર બંને પ્રકારનાં તપ કરતા રહેતા હતા.

એક વાર ગૌતમસ્વામી સમાધિપૂર્વના ધ્યાનમાં નિમગ્ન હતા, એ વખતે મહાશુક્ર દેવલોકના બે દેવો, પોતાની જિજ્ઞાસાને પૂરી કરવા, ભગવાન મહાવીર પાસે આવ્યા. તેઓએ અંતરના ભાવોલ્લાસપૂર્વક મનથી જ ભગવાનને વંદન કર્યું અને પોતાની જિજ્ઞાસા પણ મનથી જ પ્રભુને જણાવી—જાણે જ્ઞાનજ્યોતિ ભગવાન પાસે વાણીનો કોઈ ઉપયોગ નહોતો રહ્યો!

પ્રભુ તો ઘટ ઘટના અંતર્યામી. એમણે પણ મનોમન દેવોની શંકા જાણીને એનો ખુલાસો પણ મનથી જ કરી દીધો—જાણે પ્રભુએ અને દેવોએ મનોમન જ વાત કરી લીધી. સમાધાન મેળવીને દેવો સંતોષ પામ્યા.

ધ્યાન પૂરું કરીને ગૌતમસ્વામી વિચારવા લાગ્યા: આ દેવો કોણ હશે અને ભગવાન પાસે શા માટે આવ્યા હશે? તેઓ આ સવાલનો જવાબ મેળવવા ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને એમના મનની વાત પામી જઈને કહ્યું: "ગૌતમ! તમારા પ્રશ્નનો જવાબ દેવો પાસેથી જ મેળવી લ્યો."

ગૌતમસ્વામી એ દેવો પાસે ગયા. દેવોએ કહ્યું: "હે ભગવાન! અમે મહાશુક્ર નામે દેવલોકમાંથી આવ્યા છીએ. ભગવાનના કેટલા શિષ્યો મોક્ષે જશે એ અમારી જિજ્ઞાસા હતી. સર્વજ્ઞ ભગવાને વાણીનો ઉપયોગ કર્યા વગર મનથી જ અમને જવાબ આપ્યો

કે "હે દેવાનુપ્રિયો ! મારા સાત સો શિષ્યો સર્વ દુઃખોનો નાશ કરી મોક્ષના શાશ્વત સુખને પામશે."

## (૧૧)
## સૂર્યાભદેવનો પૂર્વભવ[૧૩]

ભગવાન મહાવીર એકવાર આમલકપ્પા નગરીમાં પધાર્યા. એ વખતે સૂર્યાભ નામે દેવ ભગવાનનાં દર્શન કરવા આવ્યો હતો.

એ દેવની સમૃદ્ધિ જોઈને ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું: "ભગવાન! આ દેવ પૂર્વભવે કોણ હતો?"

ભગવાને કહ્યું: "ગૌતમ! પહેલાં કેકય નામે દેશમાં પયેસી નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજા આત્મતત્ત્વના અસ્તિત્વને માનતો નહોતો. એની દૃઢ માન્યતા હતી કે આત્મા નામનું શાશ્વત દ્રવ્ય હોઈ શકે જ નહીં. સદ્ભાગ્યે એને પુરુષાદાણી ભગવાન પાર્શ્વનાથના અનુયાયી કેશી નામના શ્રમણનો સત્સંગ થયો. એ જ્ઞાની શ્રમણે અનેક દાખલાઓ અને દલીલો આપીને એને આત્માનું અસ્તિત્વ સમજાવ્યું અને એને ધર્માભિમુખ બનાવ્યો. એ પયેસી રાજાનો જીવ તે જ આ સૂર્યાભદેવ. ધર્મની આરાધનાને પ્રતાપે એ આવી સમૃદ્ધિ અને દેવગતિ પામ્યો."[૧૪]

## (૧૨)
## 'નાલંદા–અધ્યયન'ની રચના

રાજગૃહી નગરી તો મગધદેશની રાજધાની. આજે એને રાજગિર કહે છે.

તીર્થભાવનાથી પવિત્ર થયેલ પાંચ પહાડો એના ગૌરવમાં વધારો કરે છે અને એની ધર્મસંસ્કારિતાની કીર્તિગાથા સંભળાવે છે. ભગવાન મહાવીરનાં અનેક ચોમાસાંથી અને સંખ્યાબંધ પુણ્યાત્માઓના મોક્ષગમનથી એ ભૂમિ પાવન થયેલી છે.

બૌદ્ધ ધર્મ સંઘના ઇતિહાસમાં પણ એનો ઘણો મહિમા છે, એટલું જ નહીં, ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી બૌદ્ધ ધર્મશાસ્ત્રો–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિપિટકોની શુદ્ધિ અને સાચવણી માટેની પહેલી સંગીતિ (વાચના) પણ રાજગૃહીના પાંચ પહાડોમાંના એક પહાડ ઉપરની એક ગુફામાં જ થઈ હતી.[૧૫]

રાજગૃહી નગરીનો વિસ્તાર પણ ઘણો હતો અને એનાં પરાં પણ અનેક હતાં. એમાંના એક પરાનું નામ નાલંદા હતું. ત્યાં ઘણા ધનાઢ્યો વસતા હોવાને કારણે એક મહાન સમૃદ્ધિશાળી સ્થાન તરકે એની ઘણી ખ્યાતિ હતી. ભગવાન મહાવીરનો આ નાલંદા ઉપનગર સાથે ઘનિષ્ઠ સંબંધ હતો અને ત્યાં એમણે અનેક ચોમાસાં કર્યાં હતા.

વળી, તક્ષશિલા અને વિક્રમશિલા જેવું બૌદ્ધ ધર્મનું એક મહાવિદ્યાપીઠ નાલંદામાં પણ હતું; એના પ્રાચીન અવશેષો, આખી એક વસાહત જેટલા વિપુલ પ્રમાણમાં, છેલ્લા પાંચ-છ દાયકા દરમ્યાન મળી આવ્યા છે, એટલું જ નહીં, અત્યારે ત્યાં, નવનાલંદા મહાવિહાર નામથી, બૌદ્ધ ધર્મ અને સાહિત્યના અભ્યાસ માટે, મોટું વિદ્યાધામ ફરી શરૂ થયું છે.

આ રીતે પ્રાચીન મગધ દેશના ઇતિહાસમાં નાલંદાનું સ્થાન બહુ ગૌરવભર્યું હોય એમ જાણવા મળે છે.

નાલંદાની કીર્તિગાથાને સાચવી રાખવામાં અને વધારવામાં ગુરુ ગૌતમસ્વામીએ પણ પોતાનો ફાળો આપ્યો હતો, તે આ રીતે : જૈન આગમગ્રંથોમાં અંગસૂત્રોને મૌલિક લેખવામાં આવે છે; અને ભગવાન મહાવીરની પવિત્ર વાણી એમાં સચવાઈ રહી છે. અંગસૂત્રો બાર છે; એમાંનું બારમું દૃષ્ટિવાદ નામનું અંગ નષ્ટ થઈ ગયું છે, એટલે અત્યારે આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે અગિયાર અંગસૂત્રો[૧૬] ઉપલબ્ધ છે. આમાં બીજા અંગસૂત્ર 'શ્રી સૂત્રકૃતાંગ'ના 'શ્રી નાલંદીય અધ્યયન'ની રચના ગણધર ગૌતમસ્વામીએ કરી હતી, એમ એ સૂત્રમાં આવતા ઉલ્લેખથી જાણી શકાય છે.[૧૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫

## થોડાક સવાલ-જવાબ

ગૌતમસ્વામી સતત જાગ્રત જિજ્ઞાસાના અને શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સર્વગ્રાહી જ્ઞાનના પ્રતીક કે પ્રતિનિધિ હતા. એમ લાગે છે કે ગૌતમ જ્યારે પણ અવકાશ મળતો કે જરા પણ મનમાં શંકા જાગતી ત્યારે, એનું સમાધાન પોતાના શ્રુતાભ્યાસ, અનુભવજ્ઞાન કે વિશિષ્ટ જ્ઞાનના બળે મેળવવાને બદલે, નમ્રાતિનમ્ર બનીને, એક જિજ્ઞાસુ બાળકના જેવી સરળતાથી, ભગવાનને પ્રશ્નો પૂછતા અને ભગવાન પણ પૂર્ણ વાત્સલ્યથી એ પ્રશ્નોના ઉત્તર આપતા. ગૌતમસ્વામીને મુખેથી નીકળતું "भंते!" સંબોધન અને પ્રભુ મહાવીરના મુખેથી નીકળેતો "गोयम!" શબ્દ કેવા આદર અને હેતનાં સૂચક લાગે છે!

ગૌતમસ્વામી અને મહાવીરસ્વામીએ સ્વીકારેલા સવાલ-જવાબની આ પદ્ધતિ, કઠણ વિષયોને પણ સુગમતાથી સમજાવવામાં એટલી ઉપયોગી સાબિત થઈ કે પછી તો કોઈ પણ વિષયની સમજૂતી આપવા માટે શાસ્ત્રગ્રંથોમાં એનો સારા પ્રમાણમાં સ્વીકાર કરવામાં આવ્યો—ભલે પછી એ સવાલ-જવાબના કર્તા ગુરુ ગૌતમસ્વામી અને ભગવાન મહાવીરસ્વામી સ્વયં ન પણ હોય. આપણું પાંચમું અંગસૂત્ર શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ઊર્ફે શ્રી ભગવતી સૂત્ર તો મુખ્યત્વે ગૌતમસ્વામી અને ભગવાન મહાવીરના સવાલ-જવાબથી જ ભરેલું છે, તે સુવિદિત છે.

ગૌતમસ્વામી અને ભગવાન મહાવીર વચ્ચેના સવાલ-જવાબનું ક્ષેત્ર સર્વવિષયસ્પર્શી કહી શકાય એટલું વ્યાપક છે. એ ત્રણ લોક, ત્રણ કાળ, ચારે ગતિ તેમ જ ચારે અનુયોગોને આવરી લે છે. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સવાલ-જવાબોનો સંક્ષેપ આપવાનું કામ પણ ઘણું મોટું અને મુશ્કેલ છે. તેથી અહીં તો, જીવનઘડતરમાં ઉપયોગી થાય એવા બિલકુલ થોડાક સવાલ-જવાબ જ નમૂનારૂપ આપવાનું પસંદ કર્યું છે.

## (૧)
## સંતોની સેવાનું ફળ

ગૌતમ : હે ભગવન્! વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિ-વાળા, અભ્યાસી તેમ જ વિશેષ જ્ઞાની શ્રમણ કે બ્રાહ્મણની સેવા કરનાર મનુષ્યને શું ફળ મળે ?

મહાવીર : હે ગૌતમ! સજ્જનની સેવાનું ફળ શાસ્ત્રશ્રવણ છે.

ગૌતમ : હે ભગવન્! શાસ્ત્ર સાંભળવાનું શું ફળ સમજવું ?

મહાવીર : ગૌતમ ! એનું ફળ જ્ઞાન છે.

ગૌતમ : હે ભગવન્ ! જ્ઞાનનું ફળ શું છે ?

ભગવાન : હે ગૌતમ ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન એટલે કે સારાસાર સમજવાનો વિવેક; એટલે કે વસ્તુના જ્ઞેય-હેય-ઉપાદેયપણાનો ખ્યાલ.

ગૌતમ : હે ભગવન્ ! વિજ્ઞાનનું ફળ શું ?

ભગવાન : હે ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન (પચ્ચકખાણ) એટલે પાપપ્રવૃત્તિનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા.

ગૌતમ : હે ભગવન્! આવી પ્રતિજ્ઞાનું શું ફળ !

ભગવાન : હે ગૌતમ ! એનું ફળ સંયમ.

ગૌતમ : હે ભગવન્! સંયમનું શું ફળ ?

ભગવાન : હે ગૌતમ ! સંયમથી પાપકર્મનાં દ્વારો (આશ્રવો) બંધ થાય.

ગૌતમ : હે ભગવન્! પાપકર્મનાં દ્વારો બંધ થવાથી શું લાભ થાય ?

ભગવાન : હે ગૌતમ ! એથી તપ તપવાનું મન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ : હે ભગવન્! તપ કરવાનું ફળ શું ?

ભગવાન : હે ગૌતમ ! એથી આત્માને લાગેલ કર્મરૂપી કચરો દૂર થાય.

ગૌતમ : હે ભગવન્! કર્મો દૂર થવાથી શું થાય ?

ભગવાન : હે ગૌતમ ! એથી મન-વચન-કાયાની પ્રવૃત્તિ બંધ થવા લાગે.

ગૌતમ : હે ભગવન્! આ પ્રવૃત્તિ બંધ થવાથી શું થાય ?

ભગવાન : હે ગૌતમ! એમ થવાથી આત્માનું નિર્વાણ એટલે કે બધાંય કર્મોથી આત્માની સર્વથા મુક્તિ થાય.

ગૌતમ : હે ભગવન્! એથી શું થયું કહેવાય ?

ભગવાન : હે ગૌતમ ! એથી આત્મા સિદ્ધ થયો કહેવાય.

(શ્રી ગોપાળદાસભાઈ પટેલ સંપાદિત 'શ્રી ભગવતીસાર' (પૃ. ૧૩-૧૫); તથા, પં. શ્રી દલસુખભાઈ માલવણિયા સંપાદિત 'સ્થાનાંગ–સમવાયાંગ (પૃ. ૩–૪.)ને આધારે)

આ રીતે ભગવને સંતસમાગમ અને એમની સેવાને પરંપરાએ મોક્ષપ્રાપ્તિના હેતુરૂપે વર્ણવીને એનો મહિમા સમજાવ્યો.

## ( ૨ )

## જ્ઞાનનો મહિમા

ગૌતમ : હે ભગવન્! કોઈ માણસ એવું વ્રત લે કે 'હવેથી હું સર્વ પ્રાણો, સર્વ ભૂતો, સર્વ જીવો અને સર્વ સત્ત્વોની હિંસાનો ત્યાગ કરું છું'; તો તેનું વ્રત સુવ્રત કહેવાય કે દુર્વ્રત કહેવાય ?

ભગવાન : હે ગૌતમ ! તેનું તે વ્રત કદાચ સુવ્રત હોય કે કદાચ દુર્વ્રત પણ હોય.

ગૌતમ : હે ભગવન્! એનું શું કારણ ?

ભગવાન : હે ગૌતમ ! એ પ્રમાણે વ્રત લેનારને, 'આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ (જંગમ) જીવ છે, આ સ્થાવર જીવ છે'—એવું જ્ઞાન ન હોય, તો તેનું તે વ્રત સુવ્રત ન કહેવાય પણ દુર્વ્રત કહેવાય. જેને જીવ-અજીવનું જ્ઞાન નથી, તે જીવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસા ન કરવાનું વ્રત લે તો તે સત્ય ભાષા નથી બોલતો, પરંતુ અસત્ય ભાષા બોલે છે. તે અસત્યવાદી પુરુષ સર્વ ભૂતો–પ્રાણોમાં મન-વાણી-કાયાથી કે જાતે કરવું, બીજા પાસે કરાવવું કે કરનારને અનુમતિ આપવી–એ ત્રણે પ્રકારે સંયમથી રહિત છે, વિરતિથી રહિત છે, એકાંત હિંસા કરનાર તથા એકાંત અજ્ઞ છે. પરંતુ જેને જીવ વગેરેનું જ્ઞાન છે, તે તેમની હિંસા ન કરવાનું વ્રત લે, તો તેનું જ વ્રત સુવ્રત છે, તથા તે સર્વ ભૂત –પ્રાણોમાં બધી રીતે સંયત, વિરત, પાપકર્મ વિનાનો, કર્મબંધ વિનાનો, સંવરયુક્ત, એકાંત અહિંસક અને પંડિત છે.

('શ્રી ભગવતીસાર', પૃ. ૩૦–૩૧)

ભગવાને પોતાના મુખે જ્ઞાનનો આટલો બધો મહિમા ગૌતમને કહી સંભળાવ્યો. તેથી જ તો 'पढमं नाणं तओ दया' એમ કહેવામાં આવ્યું છે.

## (૩)
## ધર્મનું જ્ઞાન કેવી રીતે થાય?

ગૌતમ : હે ભગવન્! કેવળજ્ઞાની પાસેથી કે એનાં શ્રાવક-શ્રાવિકા અથવા ઉપાસક-ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના જીવને કેવળજ્ઞાનીએ કહેલા ધર્મનું જ્ઞાન થાય?

ભગવાન : હે ગૌતમ! કોઈ જીવને થાય, કોઈ જીવને ન થાય. જે જીવે જ્ઞાનને આવરણ કરનાર કર્મનો કંઈક અંશે ક્ષય અને કંઈક અંશે ઉપશમ કર્યો હોય, તે જીવને કોઈની પાસેથી સાંભળ્યા વિના પણ કેવલીએ કહેલા ધર્મનું જ્ઞાન થાય. પરંતુ જે જીવના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય નથી થયો તે જીવને કેવલી વગેરેની પાસેથી સાંભળ્યા વિના ધર્મનું જ્ઞાન ન થાય. (સમ્યગ્દર્શનની તથા પ્રવ્રજ્યાની પ્રાપ્તિ અંગે તેમ જ શુદ્ધ સંયમના પાલન અંગે પણ આ પ્રમાણે જ સમજવું.)

ગૌતમ : હે ભગવન્! કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન : હે ગૌતમ ! કેવલજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરનાર જીવ કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે.

ગૌતમ : હે ભગવાન ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળનાર જીવ, ઉપર પ્રમાણે, ધર્મથી માંડીને કેવલજ્ઞાન વગેરે પ્રાપ્ત કરે ?

ભગવાન : હે ગૌતમ ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળનારો જીવ પણ જ્ઞાનાદિનું આવરણ કરનાર તેમ જ અંતરાય કરનાર કર્મોનો ક્ષયોપશમ કે ક્ષય કરે, તો જ તે બધું પ્રાપ્ત કરે, નહીં તો ન જ કરે.

('શ્રી ભગવતીસાર,' પૃ. ૧૬-૨૪, ટૂંકાવીને.)

ભગવાનના આ કથનમાં આત્મસાધનામાં સ્વપુરુષાર્થનું જે મહત્ત્વ ધ્વનિત થાય છે, તે જ જિનપ્રવચનનો સાર છે, અને બીજા તો માત્ર સહાયરૂપ કે નિમિત્તરૂપ જ બની શકે, એમ કહી શકાય.

## (૪)
## શ્રાવકના મમત્વની મર્યાદા

ગૌતન : હે ભગવન્ ! સાધુઓના ઉપાશ્રયમાં સામાયિક વ્રતનો સ્વીકાર કરીને બેઠેલા શ્રાવકનાં વસ્ત્રો વગેરે કોઈ ઉપાડી જાય, તો સામાયિક પૂરું થયા પછી એ વસ્તુની તપાસ કરનાર શ્રાવક શું પોતાની વસ્તુની તપાસ કરે છે કે બીજાની ?

ભગવાન : હે ગૌતમ ! એ શ્રાવક પોતાની વસ્તુની શોધ કરે છે, પણ બીજાની વસ્તુની શોધ નથી કરતો. કારણ કે, સામાયિક કરતી વખતે જોકે શ્રાવકના મનમાં એવો ભાવ હોય છે કે 'મારે હિરણ્ય નથી, સુવર્ણ નથી, વસ્ત્ર નથી, દ્રવ્ય નથી' વગેરે. પણ એણે પોતાના મમત્વપણાનો ત્યાગ કરેલ નથી, તેથી એમ કહેવાય છે કે તે પોતાની વસ્તુની શોધ કરે છે, પણ બીજાની વસ્તુની શોધ કરતો નથી.

('શ્રી ભગવતી સૂત્ર,' શતક ૮, ઉદ્દેશક ૫;
'શ્રી મહાવીરકથા' પૃ. ૨૭૬ને આધારે)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનની વિચારશૈલી અને પ્રરૂપણામાં કેવી વિવેકશીલતા અને વ્યવહારુતા રહેલી છે, તે આ નાના કથન ઉપરથી પણ સમજી શકાય છે.

(૫)

## આરાધક અને વિરાધક

ગૌતમ : હે ભગવન્! કેટલાક અન્ય સંપ્રદાયીઓ એમ કહે છે કે, શીલ જ શ્રેય છે; બીજા કહે છે કે, શ્રુત એટલે કે જ્ઞાન જ શ્રેય છે; અને ત્રીજા કહે છે કે અન્યોન્યનિરપેક્ષ શીલ અને શ્રુત શ્રેય છે. તો હે ભગવન્! તેમનું કહેવું બરાબર છે?

મહાવીર : હે ગૌતમ! તે લોકોનું કહેવું મિથ્યા છે. મારા મત પ્રમાણે ચાર પ્રકારના પુરુષો હોય છે : ૧. કેટલાક શીલ-સંપન્ન છે, પણ શ્રુતસંપન્ન નથી. ૨. કેટલાક શ્રુતસંપન્ન છે, પણ શીલસંપન્ન નથી. ૩. કેટલાક શીલસંપન્ન છે અને શ્રુત-સંપન્ન પણ છે. જ્યારે ૪. કેટલાક શીલસંપન્ન નથી તેમ શ્રુત-સંપન્ન પણ નથી. તેમાં જે પ્રથમ પ્રકારનો પુરુષ છે, તે શીલવાન છે પણ શ્રુતવાન નથી. તે ઉપરત (પાપાદિથી નિવૃત્ત) છે, પણ ધર્મને જાણતો નથી. તે પુરુષ અંશતઃ આરાધક છે. બીજો પુરુષ શીલવાળો નથી પણ શ્રુતવાળો છે. તે પુરુષ અનુપરત (પાપથી અનિવૃત્ત) છતાં ધર્મને જાણે છે. તે પુરુષ અંશતઃ વિરાધક છે. ત્રીજો પુરુષ શીલવાળો છે અને શ્રુતવાળો પણ છે. તે (પાપથી) ઉપરત છે અને ધર્મને જાણે છે. તે સર્વાંશે આરાધક છે. અને જે ચોથો પુરુષ છે, તે શીલથી અને શ્રુતથી રહિત છે. તે પાપથી ઉપરત નથી, અને ધર્મથી અજ્ઞાત છે. તે પુરુષ સર્વાંશે વિરાધક છે. (આરાધક એટલે આસ્તિક, ધર્મી; અને વિરાધક એટલે નાસ્તિક, વિધર્મી)

('શ્રી ભગવતીસાર', પૃ. ૩૧)

રથનાં બે પૈડાંની જેમ જ્ઞાન અને ચારિત્ર બન્નેના સમાન આદર અને વિકાસ વગર આત્મસાધના સફળ ન થઈ શકે. એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે 'ज्ञानक्रियाभ्यां मोक्षः।'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬)
## ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા[1]

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ : હે ભગવન્ ! સામે તેમ જ બાજુએ ગાડાના ધૂંસર જેટલી આગળ-આગળની જમીનને જોઈ જોઈને ચાલતા સંયમી અનગારના પગ નીચે અજાણતાં કૂકડીનું બચ્ચું, બતકનું બચ્ચું કે કોઈ સૂક્ષ્મ જીવ ( કુલિંગચ્છાય–કીડી જેવો સૂક્ષ્મ જંતુ ) આવી જાય અને મરણ પામે, તો હે ભગવન્ ! તે અનગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી લાગે ?

મહાવીર : હે ગૌતમ ! તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, પણ સાંપરાયિકી ન લાગે.

ગૌતમ : હે ભગવન્ ! એમ શાથી ?

મહાવીર : હે ગૌતમ ! જેનાં ક્રોધ, માન, માયા અને લોભ નષ્ટ થયાં હોય, તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે. સૂત્રને અનુસારે વર્તતા સાધુને ઐર્યાપથિકી ક્રિયા જ લાગે છે. સૂત્ર વિરુદ્ધ વર્તનારને તેમ જ ક્રોધાદિ યુક્ત સાધુને જ સાંપરાયિકી ક્રિયા લાગે.

('શ્રી ભગવતીસાર', પૃ. ૪૨)

મનના જેવા સારા કે માઠા અને હળવા કે તીવ્ર પરિણામ હોય એ પ્રમાણે કર્મનો સારો કે માઠો બંધ થાય, એ મહત્ત્વની વાત આ પ્રશ્નોત્તરમાંથી પણ જાણી શકાય છે.

## (૭)
## જીવોને કર્મરજ કેવી રીતે ચોટે ?

ગૌતમ : હે ભગવન્ ! વસ્ત્રને જે મેલ ચોટે છે, તે પુરુષ-પ્રયત્નથી ચોટે છે કે સ્વાભાવિક રીતે ચોટે છે ?

મહાવીર : હે ગૌતમ ! પુરુષપ્રયત્નથી પણ ચોટે છે અને સ્વાભાવિકપણે પણ ચોટે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ : તે પ્રમાણે જીવોને જે કર્મરજ ચોટે છે, તે પુરુષપ્રયત્નથી અને સ્વાભાવિકપણે એમ બંને રીતે ચોટે છે?

મહાવીર : હે ગૌતમ! જીવોને જે કર્મરજ ચોટે છે, તે પુરુષપ્રયત્નથી ચોટે છે, પણ સ્વાભાવિક રીતે નથી ચોટતી. જીવોના વ્યાપાર ત્રણ પ્રકારના છે : મનોવ્યાપાર, વચનવ્યાપાર, અને કાયવ્યાપાર. એ ત્રણ પ્રકારના વ્યાપારો વડે જીવોને કર્મોપચય થાય છે.

('શ્રી ભગવતી સાર', પૃ. ૪૪)

મન, વચન અને કાયાની પ્રવૃત્તિ એ જ જાણે કર્મવર્ગણાના પરમાણુઓને આત્મા તરફ ખેંચાઈ આવવાનું આમંત્રણ આપે છે. અને પછી આ પ્રવૃત્તિના સારા-ખોટાપણા પ્રમાણે કર્મનો બંધ પણ શુભ કે અશુભ થાય છે.

## (૮)

## જીવ ભારે તથા હલકો કેવી રીતે થાય?

ગૌતમ : હે ભગવન્! જીવો જલદી (કર્મના ભારથી) ભારે કેવી રીતે થઈ જાય?

મહાવીર : હે ગૌતમ! હિંસા વડે, અસત્ય વાણી વડે, ચોરી વડે, મૈથુન વડે, પરિગ્રહ વડે, ક્રોધ વડે, માન વડે, માયા વડે, લોભ વડે, રાગ વડે, દ્વેષ વડે, કલહ વડે અભ્યાખ્યાન (મિથ્યા આળ દેવા) વડે, ચાડી ખાવા વડે, અરતિ અને રતિ વડે, નિંદા વડે, કપટપૂર્વક ખોટું બોલવા વડે, અને અવિવેક (મિથ્યાદર્શનશલ્ય) વડે જીવો જલદી ભારેપણું પામે છે.

ગૌતમ : હે ભગવન્! જીવો શીઘ્ર હલકાપણું કેવી રીતે પામે?

મહાવીર : હે ગૌતમ! ઉપર જણાવેલ હિંસાદિ અઢાર પાપસ્થાનોનો ત્યાગ કરવાથી જીવ શીઘ્ર હલકાપણું પ્રાપ્ત કરે છે.

એ જ રીતે હિંસાદિ અઢાર પાપસ્થાનો ન ત્યાગનારનો સંસાર વધે છે, લાંબો થાય છે, તથા તે સંસારમાં ભમ્યા કરે છે; પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંથી નિવૃત્ત થનારનો સંસાર ઘટે છે, ટૂંકો થાય છે, અને તે સંસારને ઓળંગી જાય છે.

હળવાપણું, સંસારને ઘટાડવો, સંસારને ટૂંકો કરવો અને સંસારને ઓળંગવો એ ચાર પ્રશસ્ત છે, તથા ભારેપણું, સંસારને વધારવો, સંસારને લાંબો કરવો અને સંસારમાં ભમવું એ અપ્રશસ્ત છે.

('શ્રી ભગવતીસાર', પૃ. ૫૧)

કર્મના ભારથી જીવના ભારે થવાનાં અને કર્મના બોજથી મુક્ત થઈને હળવો થવાનાં મૂળભૂત કારણો (અઢાર પાપસ્થાનો)નું વિશ્લેષણ આ પ્રશ્નોત્તરમાં સુગમ રૂપમાં જાણવા મળે છે.

## (૯)
## કોણ સૂતેલા ભલા અને કોણ જાગતા ભલા?

જયંતી : હે ભગવન્ ! સૂતેલાપણું સારું કે જાગેલાપણું સારું ?

મહાવીર : હે જયંતિ ! કેટલાક જીવોનું સૂતેલાપણું સારું; અને કેટલાક જીવોનું જાગેલાપણું સારું. અધર્મી લોકોનું સૂતેલાપણું જ સારું; કારણ કે તો જ એ લોકો અનેક ભૂતપ્રાણીઓને દુઃખ આપનારા ન થાય; તેમ જ પોતાને કે બીજાને કે બંનેને ઘણી અધાર્મિક સંયોજના (ક્રિયા) સાથે ન જોડે. પરંતુ જે જીવો ધાર્મિક છે, તેઓનું જાગેલાપણું સારું છે; કારણ કે તેઓ અનેક ભૂતપ્રાણીઓને સુખ આપનારા થાય છે; અને પોતાને, પરને કે બંનેને ઘણી ધાર્મિક સંયોજના (ક્રિયા) સાથે જોડનાર થાય છે. વળી એ જીવો જાગતા હોય તો ધર્મજાગરિકા વડે પોતાને જાગૃત રાખે છે. માટે એ જીવોનું જાગેલાપણું સારું છે.

જયંતી : હે ભગવન્ ! સબલપણું સારું કે દુર્બલપણું સારું ?

મહાવીર : હે જયંતિ ! કેટલાક જીવોનું સબલપણું સારું અને કેટલાકનું દુર્બલપણું સારું : ધાર્મિક જીવોનું સબલપણું સારું, અને અધાર્મિકનું દુર્બલપણું સારું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયંતી : દક્ષપણું-ઉદ્યમીપણું સારું કે આળસુપણું સારું ?

મહાવીર : હે જયંતિ ! ધાર્મિક જીવોનું ઉદ્યમીપણું સારું; અને અધાર્મિક જીવોનું આળસુપણું સારું. ધાર્મિક જીવો ઉદ્યમી (દક્ષ) હોય, તો આચાર્યાદિની ઘણી સેવા કરે છે, માટે તેઓનું દક્ષપણું સારું છે.

('શ્રી ભગવતીસાર,' પૃ. ૨૨૭)

ધર્મી જીવનું જાગવાપણું, બળવાનપણું અને ઉદ્યમીપણું અને અધર્મી જીવનું ઊંઘણશીપણું, અશક્તપણું અને આળસુપણું અન્ય જીવોને લાભકારક કે હાનિનિવારક થઈ પડે છે, એનો ભાવ એ છે કે ધર્મી બનવાનો સાચો માર્ગ ચૂકી જઈએ તો આવા અવગુણી બની જઈએ.

(૧૦)

## નાના અને મોટા શરીરવાળા જીવની સમાનતા

ગૌતમ : હે ભગવન્ ! ખરેખર હાથી અને કુંથવો એ બેનો જીવ સમાન છે ?

મહાવીર : હા ગૌતમ ! હાથી અને કુંથવાનો જીવ સમાન છે. જેમ કોઈ પુરુષ એક દીપકને મોટા ઓરડામાં મૂકે તો તેનો પ્રકાશ તે ઓરડા જેટલો થાય છે; વાંસના ટોપલા નીચે મૂકે તો ટોપલા જેટલો થાય છે; તથા નાના કૂંડા નીચે મૂકે તો કૂંડા જેટલો થાય છે; તેમ જીવે જ પોતાનાં કર્મો વડે નાનું અથવા મોટું જે શરીર પ્રાપ્ત કર્યું હોય છે, તે આખા શરીરને જીવ પોતાના પ્રદેશોથી સચિત્ત કરી દે છે.

('શ્રી ભગવતીસાર', પૃ. ૩૧૬)

વ્યવહારુ દૃષ્ટિએ ભલે ગમે તે ભેદ હોય પણ તાત્ત્વિક દૃષ્ટિએ બધા જીવો સમાન છે, એ વિચાર સમતા, અહિંસા અને કરુણા જેવી વૃત્તિઓ અને ધર્મપ્રવૃત્તિઓને વેગ આપી શકે છે. જૈનધર્મે અહિંસા ઉપર જે ખૂબ ભાર આપ્યો છે, તે મુખ્યત્વે બધા જીવોમાં રહેલી આવી તાત્ત્વિક સમાનતાને કારણે જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧)

## જીવ શાશ્વત કે અશાશ્વત?

ગૌતમ: હે ભગવન્! જીવો શાશ્વત છે કે અશાશ્વત?

મહાવીર: હે ગૌતમ! દ્રવ્યની અપેક્ષાએ જીવો શાશ્વત છે; અને પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે.

(વિવિધ પરિણામોની અપેક્ષાએ જીવ અશાશ્વત છે; કારણ કે એક પરિણામ ઉત્પન્ન થાય છે, અને બીજું નાશ પામે છે, પરંતુ જીવદ્રવ્ય તો કાયમ રહે છે.)

('શ્રી ભગવતીસાર', પૃ. ૪૩૫)

આ સાવ ટૂંકા પ્રશ્નોત્તરમાં પણ દરેક બાબતને જુદા જુદા દૃષ્ટિબિંદુથી એટલે કે જુદી જુદી અપેક્ષાએ ચકાસી જોઈને સત્યની વધુમાં વધુ નજીક પહોંચવાની જૈન દર્શને ઉદ્‌બોધેલી અનેકાંતપદ્ધતિનો ઉપયોગ થયેલો જોઈ શકાય છે.

(૧૨)

## શ્રાવકની હિંસાની મર્યાદા

ગૌતમ: હે ભગવન્! શ્રમણના ઉપાશ્રયમાં રહીને સામાયિક વ્રત કરનાર શ્રાવકને ઐર્યાપથિકી (કષાય વગરની, કેવળ શરીરના હલનચલનરૂપ) ક્રિયાનો દોષ લાગે કે સાંપરાયિકી (એટલે કષાય-પ્રેરિત) ક્રિયાનો દોષ લાગે?

ભગવાન: હે ગૌતમ! એને ઐર્યાપથિકી ક્રિયાનો નહીં પણ સાંપરાયિકી ક્રિયાનો દોષ લાગે, કેમ કે એનો આત્મા હજી કષાયનાં સાધનો યુક્ત છે.

ગૌતમ: હે ભગવન્! કોઈ શ્રાવકે ત્રસ (જંગમ) જીવોની હિંસા ન કરવાનું વ્રત લીધું હોય, પણ પૃથ્વીકાય જીવોની હિંસા ન કરવાનું વ્રત ન લીધું હોય. હવે જો એ ગૃહસ્થ પૃથ્વીને ખોદતાં કોઈ જંગમ (ત્રસ) જીવની હિંસા કરે, તો તેને પોતાના વ્રતમાં અતિચારનો દોષ લાગે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન : હે ગૌતમ! એને એ દોષ લાગતો નથી, કારણ કે શ્રાવક જે પ્રવૃત્તિ કરે છે તે તેની હિંસા કરવા માટે (હિંસા કરવાના સંકલ્પથી) નથી કરતો. એ જ રીતે વનસ્પતિની હિંસા નહીં કરવાનો નિયમ લેનાર પૃથ્વીને ખોદતાં કોઈ વૃક્ષના મૂળને છેદી નાંખે તોપણ એને એવો દોષ લાગતો નથી.

('શ્રી ભગવતીસાર', પૃ. ૧૦૮–૯ને આધારે)

એક એક પ્રવૃત્તિથી થનાર દોષ-અદોષનો વિચાર નિયમની મર્યાદા અને મનનાં પરિણામોની દૃષ્ટિએ કરવામાં આવે તો જ યથાર્થ નિર્ણય થઈ શકે, એ પાયાની વાત ભગવાનના આ કથન ઉપરથી પણ જાણી શકાય છે.

## (૧૩)

## લાંબું, ટૂંકું, શુભ, અશુભ આયુષ્ય

ગૌતમ : હે ભગવન્! જીવો ટૂંકુ (શુભ) આયુષ્ય કેવી રીતે બાંધે છે?

ભગવાન : હે ગૌતમ! હિંસા વડે, અસત્ય વાણી વડે અને શ્રમણ-બ્રાહ્મણને સજીવ અને ન ખપે એવાં સદોષ આહાર-પાણી વગેરે આપવાથી—એમ ત્રણ કારણોથી જીવ ટૂંકુ આયુષ્ય મેળવે છે.

ગૌતમ : હે ભગવન્! જીવો લાંબું (શુભ) આયુષ્ય શાથી મેળવે છે?

ભગવાન : હે ગૌતમ! અહિંસા વડે, સત્ય વડે અને શ્રમણ-બ્રાહ્મણને નિર્જીવ અને નિર્દોષ આહાર-પાણી વગેરે પદાર્થો આપવાથી જીવ લાંબું આયુષ્ય પામે છે.

ગૌતમ : હે ભગવન્! જીવો લાંબું છતાં અશુભ (દુઃખ ભર્યું) આયુષ્ય શા કારણે પામે છે?

ભગવાન : હે ગૌતમ! હિંસા કરીને, જૂઠું બોલીને તથા શ્રમણ-બ્રાહ્મણની હીલના, નિંદા, ફજેતી, ગર્હા અને અવમાનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાથી તેમ જ એમને અમનોજ્ઞ ( ખરાબ–અપ્રીય, જોવા પણ ન ગમે એવાં ) ખાન-પાન વગેરે આપવાથી જીવ લાંબું પણ દુઃખભર્યું (અશુભ) આયુષ્ય બાંધે છે.

ગૌતમ: હે ભગવન્! જીવો લાંબું અને શુભ (સુખપૂર્વક ભોગવાય એવું) આયુષ્ય શાથી બાંધે છે?

ભગવાન્: હે ગૌતમ! પ્રાણીની હિંસાથી બચીને, ખોટું નહીં બોલીને તેમ જ શ્રમણ-બ્રાહ્મણની વંદના-ભક્તિ કરવાપૂર્વક એમને મનોજ્ઞ (સારા) અને રુચિકર આહારપાણી વગેરે આપવાથી જીવ શુભ દીર્ઘ આયુષ્ય બાંધે છે.

( 'શ્રી ભગવતીસાર,' પૃ. ૫૨–૫૩ને આધારે )

જેવું કરીએ તેવું પામીએ અને સારા-ખોટા ઇરાદા મુજબ સારું-ખોટું ફળ મેળવીએ, એવા પ્રભુના શાસનમાં પ્રવર્તતા અદલ ઇન્સાફનાં દર્શન ભગવાનની આ વાણીમાં પણ થાય છે.

## (૧૪)

## જીવોની સંખ્યામાં ફેરફાર થતો નથી

ગૌતમ: હે ભગવન્! જીવો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મહાવીર: હે ગૌતમ! જીવો વધતા નથી, કે ઘટતા નથી, પણ અવસ્થિત રહે છે.

ગૌતમ: હે ભગવન્! નૈરયિકો શું વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મહાવીર: હે ગૌતમ! નૈરયિકો વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે. એ પ્રમાણે છેક વૈમાનિક દેવો સુધી જાણવું.

ગૌતમ: હે ભગવન્! સિદ્ધો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મહાવીર: હે ગૌતમ! સિદ્ધો વધે છે, અને અવસ્થિત પણ રહે છે; પરંતુ કદી ઘટતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ : હે ભગવન્ ! કેટલા કાળ સુધી જીવો વધ્યાઘટ્યા વિના અવસ્થિત રહે ?

મહાવીર : હે ગૌતમ ! સર્વ કાળ સુધી. ( કારણ કે કુલ જીવોની સંખ્યામાં વધઘટ થતી જ નથી. અમુક ગતિમાં જીવોની વધઘટ ભલે થાઓ. )

( 'શ્રી ભગવતીસાર,' પૃ. ૪૩૧ )

જીવોનું સ્થાનાંતર થતું રહે છે, અને જુદી જુદી ગતિમાં રહેતા જીવોની સંખ્યામાં પણ વધઘટ થતી રહે છે, છતાં જીવોની એકંદર સંખ્યામાં ફેરફાર થતો નથી : જૈન દર્શનના આ તત્ત્વ-વિચાર સાથે "પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેવા છતાં જે શેષ રહે છે, તે પૂર્ણ જ રહે છે."[૨] એ ઉપનિષદના તત્ત્વવિચારની સરખામણી કરવા જેવી છે.

## (૧૫)

## માંદાની માવજતનો મહિમા

ભગવાન મહાવીરે મોહનીય કર્મ બાંધવાનાં ૩૦ કારણો બતાવ્યાં છે, તેમાં છઠ્ઠું કારણ સમજાવતાં ભગવાને કહ્યું છે કે માંદાની, પ્રેરણા દ્વારા કે પોતાની આવડતથી, સેવા કરવાની શક્તિ હોવા છતાં, જે કોઈ મહાઘોર પરિણામી ઔષધીની માગણી આદિ કામ ન કરે તે પણ મહામોહનીય કર્મ બાંધે છે. માંદાની માવજત (સેવા) કરવી, એ શ્રી જિનનો ઉપદેશ છે.

આ બાબતમાં ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છે : હે ભગવન્ ! જે માંદાની માવજત કરે તે ધન્ય છે કે જે આપને દર્શનથી પામે એ ધન્ય છે ?

ભગવન્ : હે ગૌતમ ! જે માંદાની માવજત કરે છે તે ધન્ય છે.

ગૌતમ : ભગવન્ ! આપ એવું શા ઉપરથી કહો છો ?

ભગવાન : હે ગૌતમ ! જે માંદાની સેવા કરે છે તે મને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનથી પામે છે; [અર્થાત્] જે મને દર્શનથી પામે છે, તે બીમારની સેવા કરે છે. આજ્ઞાનું પાલન કરવું તે અરહંતોનું દર્શન છે. તેથી જ હે ગૌતમ! હું એમ કહું છું કે જે માંદાની માવજત કરે છે તે મને દર્શનથી પામે છે [અર્થાત્] જે મને દર્શનથી પામે છે, તે માંદાની સેવા કરે છે.[3]

('આવશ્યક હારિભદ્રી,' પૃ. ૬૬૧ તથા 'દશાશ્રુતસ્કંધ,' અધ્યાય ૯.)

માંદાની માવજત એ પણ પ્રભુને પામવાનો એક માર્ગ છે, એ સેવાલક્ષી વિચારનું બીજ આ પ્રશ્નોત્તરમાં જોવા મળે છે. જૈનધર્મમાં વૈય્યાવચ્ચનો–સેવાભાવનાનો–સેવાપરાયણતાનો જે મહિમા વર્ણવવામાં આવ્યો છે તે બરાબર સમજીને મનન અને અમલ કરવા યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૬

# દેવશર્માને પ્રતિબોધ

ભગવાન મહાવીરના જીવનનું ત્યારે બહોંતેરમું વર્ષ ચાલતું હતું. ઉત્કટ સાધનાનાં અપાર કષ્ટો સહી સહીને અને કાળના ઘસારા પામીને કાયા હવે જાણે કાળધર્મને માટે સજ્જ થઈ રહી હતી. કાળના ધર્મથી–કાયાને તજીને સદાને માટે વિદાય થવાના નિયમથી –મહાત્મા કે અલ્પાત્મા, રાજા કે રંક અથવા કુંજર કે કીડી કોઈ બચી શકતું નથી: વિશ્વનો એ અફર નિયમ છે, અને વિશ્વરચનાનું એ સર્વમાન્ય સત્ય છે. અને આટલું જ શા માટે, મૃત્યુ છે–કાળધર્મનો નિયમ છે–તો દુનિયા દોજખ બનતી બચી જઈને વસવા લાયક બની રહી છે.

ભગવાનનું એ છેલ્લું (બેંતાલીસમું) ચોમાસું હતું. ભગવાન એ ચોમાસું પાવાપુરીમાં રહ્યા હતા. હસ્તિપાળ રાજાની રજ્જુગ-શાળા (કારકુનોની કચેરી)માં તેઓનો ઉતારો હતો.

ત્રિકાળજ્ઞાની ભગવાને જોઈ લીધું કે હવે પોતાનું આયુષ્ય પૂર્ણ થવાનો અવસર નજીકમાં જ છે; અને હજી સુધી ગૌતમને પૂર્ણ આત્મસાક્ષાત્કાર–કેવળજ્ઞાન થયેલ નથી, પણ એ માટેનો સમય પણ પાકી ગયો છે.

એ પ્રભુપરાયણ સાધકને જાણે માળાના ૧૦૭ મણકા તો ગણાઈ ચૂક્યા છે અને માત્ર છેલ્લા એક જ મણકા માટે સાધનાની પૂર્ણતા અને સફળતા અધૂરી રહી છે, અટકી ગઈ છે. અને એનું કારણ પણ કેવું અચરજ પમાડે એવું છે! સંસારનાં જુગ-જુગજૂનાં બંધનોથી કંઈક જીવોને મુક્તિ અપાવનાર ખુદ શ્રમણ ભગવાન મહાવીર ઉપરનાં અખંડ અનુરાગ અને ભક્તિસભર રાગ-દૃષ્ટિ જ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનને રોકી રહ્યાં હતાં—જાણે વ્યોમ-વિહારી પક્ષીની ગતિ સાવ નજીવા કારણે રોકાઈ ગઈ હતી!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાને વિચાર્યું : ગૌતમના મારા ઉપરના અનુરાગને દૂર કરવાનું છેલ્લું કલ્યાણકાર્ય, કંઈક કઠોર થયેલા દેખાઈને પણ, મારે જ કરવું રહ્યું. બંધિયાર બની ગયેલા પાણીને વહેતું કરવા માટે બંધના એકાદ ભાગને તોડી પાડવા જેવો કોઈક આઘાત ગૌતમના મારા તરફની રાગદૃષ્ટિથી ભરેલા અંતર ઉપર નહીં પડે, ત્યાં સુધી એને સાધનાની પરિપૂર્ણ સિદ્ધિના અમૃતનો લાભ નહીં મળે.

અને ભગવાને ગૌતમને આજ્ઞા કરી : "હે ગૌતમ ! અહીંથી થોડે દૂર એક ગામમાં દેવશર્મા નામે વિપ્ર રહે છે. એ સરળ-પરિણામી, સત્યનો જિજ્ઞાસુ અને ધર્મનો ઇચ્છુક છે. અલ્પ પ્રતિબોધથી મોટો ધર્મલાભ થાય, એવો અવસર છે. તું એ ગામમાં સત્વર જા અને એ વિપ્રને પ્રતિબોધ પમાડી એનો ઉદ્ધાર કર. તને પણ આ કાર્યથી મહાન લાભ થશે; આ પ્રસંગ તો તારા ઉદ્ધારનું પણ નિમિત્ત બનશે."

ભગવાનની આજ્ઞા એ ગૌતમને મન કૃપાસિંધુ ભગવાનની મોટી કૃપાપ્રસાદી હતી. એ માટે તેઓ સદાય તત્પર રહેતા. અને સંસારના જીવોનો ઉદ્ધાર કરવાનું કામ તો ધર્મની પ્રભાવના કરવા જેવું મહાન લાભનું કામ હતું, એટલે ગૌતમસ્વામીને એ મનગમતું કાર્ય હતું. ભગવાને આવા ઉત્તમ કાર્ય માટે પોતાને આજ્ઞા કરી તેથી ગૌતમ અપાર આહ્લાદ અનુભવી રહ્યા અને પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. એંશી વર્ષ જેટલી પાકટ ઉંમરે પહોંચવા છતાં ગૌતમસ્વામી સદા ભગવાનની આગળ પોતાની જાતને એક શિશુ જેવી જ માનતા હતા.

ભગવાનની આજ્ઞા શિરે ચડાવીને ગૌતમસ્વામીએ તરત જ બ્રાહ્મણ દેવશર્માને પ્રતિબોધ આપવા એના ગામ તરફ વિહાર કર્યો; અને પોતાના નિર્મળ સંયમ અને જ્ઞાનના પ્રતાપે એ વિપ્રદેવને સાવ અલ્પ સમયમાં ધર્મ પમાડયો.

પ્રભુની આજ્ઞાનું પાલન કર્યાના આનંદ અને સંતોષ સાથે ગૌતમસ્વામી, ભગવાનના ચરણોમાં પહોંચી જવા માટે, તરત જ, એ ગામથી પાછા ફર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ભગવાનનું મોક્ષગમન

છેલ્લું ચોમાસું ભગવાન પાવાપુરીમાં રહ્યા હતા.

ચોમાસાના સાડા ત્રણ માસ જેટલો સમય વીતી જવાની તૈયારીમાં હતો. ભગવાને કાળનાં એંધાણ પારખી લીધાં હતાં; અને ગૌતમની સિદ્ધિ આડેનો નાનો સરખો અવરોધ દૂર કરવા એમને બીજે ગામ મોકલી દીધા હતા.

આયુષ્યના દોરને સંકેલી લેતાં લેતાં પણ લોકકલ્યાણની ભાગીરથીને વહાવી જવા માટે લોકના હિતકારી શ્રમણ ભગવાન મહાવીરે, બે દિવસના ઉપવાસનું તપ કરીને, અખંડ ધારાએ અંતિમ દેશના આપવાની શરૂઆત કરી.

એ દેશનામાં ભગવાને પાપનાં ફળો, પુણ્યનાં ફળો અને બીજા પણ અનેક ઉપકારક પ્રશ્નોનું નિરૂપણ કર્યું. પર્ષદા ભગવાનની એ વાણીને એકાગ્ર ચિત્તે, અંતરના કચોળામાં, ભાવ-ભક્તિપૂર્વક ઝીલી રહી. ભગવાનની એ છેલ્લી ધર્મપર્ષદામાં અનેક વિશિષ્ટ-માન્ય વ્યક્તિઓ તથા કાશી-કોસલના નવ લીચ્છવી અને નવ મલ્લીકી (મલ્લો) મળીને અઢાર રાજાઓ પણ ઉપસ્થિત હતા.

કાળની ઘડીમાંથી જેમ જેમ સમયની રેતી સરતી જતી હતી, તેમ તેમ ભગવાનના મહાનિર્વાણની ઘડી નજીક આવી રહી હતી. બીજી તરફથી આકાશમાં ભસ્મક ગ્રહનો યોગ થવાની તૈયારી હતી. શક્રેન્દ્રે એ યોગને કારણે પ્રવચન ઉપર થનારી માઠી અસરથી પ્રભુશાસનને ઉગારી લેવા માટે ભગવાનને વિનતિ કરી : "ભગવાન! આપ આપના આયુષ્યને કેવળ પળવાર જેટલું જ લાંબું કરો તો, એટલી વારમાં, આ ગ્રહ શાંત થઈ જશે અને આપનું શાસન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનાથી આવી પડનારી મુસીબતોથી બચી જશે. કૃપાનાથ, સંસાર ઉપર આટલી કૃપા કરો."

મોહ-માયા-મમતા અને રાગ-દ્વેષથી મુક્ત વીતરાગ ભગવાને, જરા પણ ચલિત થયા વગર, પૂર્ણ સ્વસ્થતાથી કહ્યું : "હે દેવરાજ! કુદરતના નિયમો અને ભવિતવ્યતાના આદેશો સદા-સર્વદા અફર હોય છે. અને તીર્થંકર, ચક્રવર્તી કે કોઈ પણ માનવી એમાં ફેરફાર કરી શકતો નથી. મારા આયુષ્યની અવધિ એક પળ માટે પણ વધારવાનું શક્ય નથી."

પર્ષદા ભગવાનની તટસ્થતાને અભિવંદી રહી : ધન્ય પ્રભુ! ધન્ય આપની વાણી અને ધન્ય આપની ન્યાયભરી પ્રણાલિ!

અને એમ કરતાં કરતાં કારતક વદિ (ગુજરાતી આસો વદિ) અમાવાસ્યાની મધરાતની ક્ષણ આવી પહોંચી અને, સમયનો પરિપાક પૂરો થયો હોય એમ, લોકહૃદયના સ્વામી ભગવાન આયુષ્યનું બંધન પૂર્ણ કરીને મહાનિર્વાણ પામીને સિદ્ધ, બુદ્ધ, પારંગત નિરાકાર, નિરંજન બની ગયા.

પર્ષદા એ સિદ્ધ, બુદ્ધ, મુક્ત ભગવાનને, દીન—અનાથ ભાવે, આંસુભરી અંજલિ અર્પણ કરીને, પ્રણમી રહી. ભગવાન તે દિવસે મર્ત્ય મટીને સર્વ શુભ-શુદ્ધ ભાવનાના પુંજરૂપે અમર્ત્ય—અમર બની ગયા.

પાવાપુરીની ધરતી તે દિવસે વિશેષ પાવન થઈ ગઈ.

અમાવાસ્યાની એ રાત્રિ મોટું ધર્મપર્વ બની ગઈ.

લોકોએ દીવા પ્રગટાવીને પ્રભુના નિર્વાણકલ્યાણકનું બહુમાન કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૮

# ગૌતમની વેદના

ગૌતમસ્વામી દેવશર્માને પ્રતિબોધ કરીને પાવાપુરી પાછા આવી રહ્યા હતા. એમનું રોમ રોમ પ્રભુની આજ્ઞાનું પાલન કર્યાના ઉલ્લાસથી વિકસી રહ્યું હતું.

જે દિવસે પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાનો અને કોઈ અબૂઝ જીવને બૂઝવીને એનો ઉદ્ધાર કરવાનો અવસર મળતો, એ દિવસ ગૌતમસ્વામીને માટે દિવાળીના પર્વ જેવો આનંદભર્યો બની જતો. આજનો દિવસ એવો જ હતો.

ગૌતમસ્વામી ઝડપથી પાછા ફરતા હતા. એમને હતું: ક્યારે ભગવાનના ચરણોમાં પહોંચી જાઉં અને ક્યારે એમના આદેશનું પાલન કર્યાની વાત એમને નિવેદિત કરું! વળી, ભગવાનથી દૂર રહેવાનું તો એમને સદાય વસમું લાગતું, એટલે એમનું મન તો હંમેશાં સત્વર પ્રભુના સાંનિધ્યમાં પહોંચી જવા જ તલસતું રહેતું: ક્યારે મારા તારણહાર પ્રભુની નિશ્રામાં પહોંચી જઈને એમનાં પાવનકારી દર્શન પામું?

ગૌતમ વેગથી ચાલી રહ્યા છે અને પ્રભુની પાસે સત્વર પહોંચી જવાની તીવ્ર ઝંખનામાં આજે તો ટૂંકી વાટ પણ જાણે લાંબી થઈ પડી છે!

અને....અને....અને, અડધે રસ્તે જ, અતિ અસહ્ય વાત એમના સાંભળવામાં આવી: ભગવાન મહાનિર્વાણ પામ્યાના સમાચાર ગૌતમને મળ્યા! જાણે કમળના સુકોમળ ફૂલ ઉપર વજ્રપાત થયો હોય એમ એ ખબર સાંભળીને ગૌતમ સ્તબ્ધ અને દિગ્મૂઢ થઈ ગયા. એમનું રોમ રોમ બેચેન અને બેહોશ બની ગયું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમની વાચા જાણે હરાઈ ગઈ, એમના અંતરની વેદનાને કોઈ અવધિ ન રહી.

હું કેવો અભાગિયો કે ભગવાનના અગિયાર ગણધરોમાંથી નવ મોક્ષે સિધાવ્યા; બીજા પણ અનેક આત્માઓ સિદ્ધિગતિને પામ્યા; આજે સ્વયં ભગવાન પણ મુક્તિધામમાં જઈ પહોંચ્યા અને પ્રભુનો સૌથી પહેલો શિષ્ય હું હજી પણ સંસારમાં જ વસી રહ્યો છું ! પ્રભુ તો મોક્ષે સિધાવ્યા, હવે મારું કોણ? ગૌતમનું અંતર ઊંડા ખેદની લાગણીથી ઊભરાઈ ગયું.

ગૌતમસ્વામીની બધી દિશાઓ જાણે બહેરી બની ગઈ. એમના ચિત્તમાં સૂનકાર વ્યાપી ગયો. કૂવાથંભ નંદવાઈ જાય કે સઢના લીરેલીરા થઈ જાય અને વહાણને બચવાનો કોઈ માર્ગ ન રહે એવી ઘેરી નિરાધારી એમના હૃદયમાં વ્યાપી ગઈ. એમને થયું : વજ્રપાત સમો આ કેવો કારમો ગજબ મુજ રંક ઉપર તૂટી પડ્યો !

મનને કંઈક કળ વળી એટલે પ્રભુ દેહી મટી અદેહી, રૂપી મટીને અરૂપી અને મર્ત્ય મટીને નિરાકાર-નિરંજન બની ગયાનો વિચાર એમના અણુ અણુમાં વ્યાપી ગયો અને એમની આંખો આંસુઓ વહાવી રહી, એમનું હૃદય વેદનાભર્યો પોકાર પાડી રહ્યું : જે વહાણના સહારે સાધનાની સફર સહીસલામત આગળ વધતી હતી, એ વહાણનો સુકાની જ, વહાણને મઝધાર મૂકીને, ચાલતો થયો ! હવે મારો હાથ કોણ પકડશે ? મારું શું થશે ? મારા બેડાને પાર કોણ ઉતારશે ? ગૌતમનું અંતર થોડીક ક્ષણો માટે અસહાયતાના ઊંડા અંધકારથી લેપાઈ ગયું.

પ્રભુ ! પ્રભુ ! આપે આ તે કેવો અન્યાય કર્યો ! વિશ્વાસ આપીને મુજ રંકનો વિશ્વાસભંગ કર્યો ? હવે મારા પ્રશ્નોના જવાબો કોણ આપશે ? મારી શંકાઓનું સમાધાન કોણ કરશે ? મને 'હે ગૌતમ !' કહીને હેતથી બોલાવશે પણ કોણ ? કરુણાસિંધુ ભગવાન ! મારા કયા ગુના બદલ આપે મારા તરફ આવી કઠોરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાખવીને મને અંત સમયે આપનાથી અળગો કર્યો ? હવે મારું શરણુ કોણુ બનશે ? હું તો વિશ્વમાં ખરેખરો દીન–અનાથ બની ગયો !

શિરછત્ર હરાઈ જાય અને બાળકના અંતરમાં અનાથતા, એકલતા અને અસહાયતાનો જે અંધકાર વ્યાપી જાય એવો અંધકાર ગૌતમના અંતરમાં વ્યાપી ગયો. પ્રભુની આગળ ગૌતમ તો પોતાની જાતને સદાય બાળક જ માનતા, અને પ્રભુના ગુણો અને જ્ઞાનની આગળ પોતાની વચનો ભેદ ભૂલી જતા.

ગૌતમને થયું કે પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ, ઝાડપાન, પશુ-પંખી—વિશ્વનાં બધાંય તત્ત્વો અને સત્ત્વો પ્રભુના વિરહે ઉદાસ બનીને મૂંગુ રુદન કરી રહ્યાં છે. સમગ્ર વાતાવરણુ કરુણાભરી વેદનાથી ભરાઈ ગયું છે. આજે ભારતવર્ષની શોભા હરાઈ ગઈ છે !

ગૌતમના અણુ અણુમાંથી પ્રભુના વિરહની વેદનાનું ક્રંદન ઊઠી રહ્યું છે. ગૌતમ જાણે પોતાની જાતને જ વીસરી ગયા છે અને પ્રભુના નામના નિસાસા નાખીને પોતાની અસહ્ય વેદનાને વ્યક્ત કરવા પ્રયત્ન કરી રહ્યા છે.

અને છતાં ત્યાં આંસુ લૂછનાર, ભગ્ન હૃદયને આશ્વાસન આપનાર અને ઘેરા શોકના સંતાપને શાંત કરનાર કોઈ નહોતું ! કંઈક આત્માઓનો આશાસ્તંભ, અનેક જીવોનો ઉદ્ધારક અને નિપુણ તરવૈયો જાણે આજે કારમી હતાશાના ઘેરા વમળમાં અટવાઈ ગયો હતો ! એક અજ્ઞાત કવિવરે[1] ગૌતમસ્વામીની વેદનાને કરુણાભરી બાનીમાં રજૂ કરતાં સાચું જ કહ્યું છે કે—

આધાર જ હુંતો એક મુને તાહરો રે, હવે કોણુ કરશે રે સાર ?
પ્રીતડી હતી રે પહેલા ભવતણી રે, તે કેમ વીસરી રે જાય ? આધાર જ૦

મુજને મેલ્યો રે ટળવળતો ઈહાં રે, નથી કોઈ આંસુ લોવણહાર;
"ગૌતમ !" કહીને કોણુ બોલાવશે રે ? કોણુ કરશે મોરી સાર ? આધાર જ૦

અંતર જામી રે અણુઘટતું કર્યું રે, મુજને મોકલીયો ગામ;
અંતકાલે રે હું સમજ્યો નહીં રે, જે છેહ દેશે મુજને આમ. આધાર જ૦

ગઈ હવે શોભા રે ભારતના લોકની રે, હું અજ્ઞાની રહ્યો છું આજ;
કુમતિ મિથ્યાત્વી રે જીમ તીમ બોલશે રે, કુણુ રાખશે મોરી લાજ? આધાર જ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## વીર-વિરહ-વિલાપ

મુજને મેલ્યો રે ટળવળતો ઈહાં રે, નથી કોઈ આંસુ લોવણહાર;
"ગૌતમ" કહીને કોણ બોલાવશે રે, કોણ કરશે મોરી સાર ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૯

# સફળ મનોરથ

પ્રભુના અણધાર્યા વિયોગની વેદનાનો ભાર લઈને ગૌતમ પોતાનો માર્ગ કાપી રહ્યા છે, પણ મનને કોઈ સાંત્વન મળતું નથી. જીવન જાણે અસહ્ય બની ગયું છે.

છેલ્લા તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામીની સ્થિતિ પણ કંઈક પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલિ જેવી થઈ હતી.

બાહુબલિ ભગવાન ઋષભદેવના બીજા પુત્ર. પોતાનો ગર્વ તજીને, બધો રાજવૈભવ પોતાના મોટા ભાઈ ભરતને ચક્રવર્તી બનવા માટે સોંપીને અને અણગારપદ સ્વીકારીને એ અતિ ઉગ્ર તપ અને ધ્યાનમાં ઊતરી ગયા અને રોમાંચકારી કષ્ટોને અદીન ભાવે સહન કરી રહ્યા. બાર બાર માસ સુધી તેઓ આવી આકરી સાધના કરતા રહ્યા, છતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ દૂર ને દૂર જ રહી. એમની આ સિદ્ધિને રોકી રહી હતી અહંભાવની એક સાવ નાની સરખી રેખા. એમણે ત્યાગમાર્ગનો સહર્ષ સ્વીકાર તો કર્યો, પણ મનમાં અહંકારનો અંધકાર વ્યાપી ગયો: અત્યારે હું પ્રભુના ધર્મસંઘમાં જાઉં તો, મારાથી પહેલાં ત્યાગી બનેલા મારા નાના ભાઈઓને મારે વંદના કરવી પડે! ધર્મતીર્થનો એ આચાર છે કે ત્યાં જન્મની વયની મોટાઈ નહીં પણ ત્યાગધર્મના સ્વીકારની વયની મોટાઈ જ અભિવંદનીય બની રહે છે; તો હું ઉત્કટ યોગસાધનાને બળે કેવળજ્ઞાન મેળવીને પ્રભુની પર્ષદામાં કેમ ન જાઉં કે જેથી નાના ભાઈઓને વંદના કરવાની લઘુતામાંથી બચી જાઉં? અહંભાવના આ નાના સરખા અંશે બાહુબલિના સાધના-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગને અંધકારમય બનાવી દીધો; પરિણામે બાહુબલિ તપ તપતાં જ રહ્યા, તપતાં જ રહ્યા, છતાં કેવળજ્ઞાન એમનાથી દૂર ને દૂર જ રહ્યું ! છેવટે, ભગવાન ઋષભદેવની પ્રેરણાથી, સાધ્વી-ભગિનીઓ બ્રાહ્મી અને સુંદરીએ પોતાના બંધુને એની ભૂલનું ભાન કરાવ્યું અને જે પળે અંતરમાંથી અંહકારનો અંધકાર દૂર થયો એ ક્ષણે જ બાહુબલિનું અંતર કેવળજ્ઞાનના સર્વમંગલકારી પ્રકાશથી જળહળી ઊઠ્યું.

બાહુબલિના આ અહંભાવની જેમ ગુરુ ગૌતમસ્વામીનો ભગવાન મહાવીર ઉપરનો ઊંડો અનુરાગ જ એમના કેવળજ્ઞાનને રોકી રહ્યો હતો. પણ અહીં એ ભૂલને બતાવનાર હવે ન કોઈ તીર્થંકર હતા કે ન કોઈ ભિક્ષુ-ભિક્ષુણી અત્યારે એમની પાસે ઉપસ્થિત હતાં; ગૌતમસ્વામી સાવ એકાકી હતા.

ભગવાન ઉપરનો અનુરાગ જ વીર ! વીર ! વીર ! ના અખંડ વિલાપરૂપે ગૌતમને બેચેન બનાવી રહ્યો હતો અને એમના ચિત્તની સમતા અને શાતાને હરી રહ્યો હતો. ગૌતમના મનના એક એક અંશમાં જાણે પ્રભુ પ્રત્યેનો ઉપાલંભ ભર્યો હતો : હે ભગવાન, આપે આ શું કર્યું ? અંત સમયે મને અળગો શા માટે કર્યો ? આપને આ માટે શું કહેવું ?

પણ હવે, જાણે આવા ઘેરા શોક-સંતાપ-વિલાપમાં તરફડવાનો સમય પૂરો થયો હોય એમ, ગૌતમસ્વામીનું અંતર કંઈક સ્થિર-સ્વસ્થ થયું, એમના ચિત્તને કંઈક કળ વળી અને એમનો વિચાર-પ્રવાહ બીજી દિશામાં વહેવા લાગ્યો.

ગૌતમસ્વામી વિચારવા લાગ્યા : પ્રભુ તો દીનબંધુ, કરુણા-સિંધુ અને જગતના ઉદ્ધારક ! મારા ઉપર તેઓને કેવી મમતા હતી ! આવા પ્રભુ કદી કઠોર બની શકે કે વિશ્વાસભંગ કરીને છેહ આપી શકે ખરા ? ભગવાને તો વારંવાર સમજાવ્યું છે કે ગૌતમ ! દરેક જીવ પોતાની સાધનાના બળે જ સિદ્ધિ મેળવી શકે છે. બીજાના બળે કોઈ સિદ્ધિ મેળવે કે બીજો કોઈ જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક જીવની સાધનાના ફળને રોકી શકે, એવું ક્યારેય બન્યું નથી તેમ જ બનવાનું પણ નથી, તો પછી હજી સુધી મને કેવળજ્ઞાન ન થયું એમાં ભગવાનનો શો દોષ ? એમાં તો મારી પોતાની જ કોઈ ભૂલ હોવી જોઈએ.

અને ગૌતમસ્વામી વધુ ને વધુ અંતર્મુખ બનીને વિચારવા લાગ્યા; વીર-વીરનું રટન કરતાં કરતાં પ્રભુના વીતરાગપણાના વિચારો એમના અંતરમાં જાગી ઊઠ્યા. એમને થયું: ભગવાન તો નિર્મમ, નીરાગી અને વીતરાગ હતા. રાગ-દ્વેષનો દોષ એમને સ્પર્શી પણ શકતો ન હતો. આવા જગહિતકારી વીતરાગ પ્રભુ મારું અહિત કરવા મને અંતસમયે પોતાથી અળગો કરે ખરા ? અને જાણે એમના અંતરે જ જવાબ આપ્યો : ના....ના....ના, એવું બને જ નહીં ! પ્રભુએ જે કંઈ કર્યું એમાં તો મારું કેવળ કલ્યાણ જ હોય !

ગૌતમસ્વામીનું ચિંતન વધારે ઘેરું બન્યું અને એમને સ્પષ્ટ ભાસ્યું કે પ્રભુ મારા ઉપર મમતા રાખતા હતા એવી મારી માન્યતા જ ભ્રમણાથી ભરેલી છે. મમતા, આસક્તિ, અનુરાગદૃષ્ટિ એ બધું તો હું જ પ્રભુ ઉપર રાખી બેઠો હતો. અને આ રાગદૃષ્ટિ જ મારા કેવળજ્ઞાનને રોકી રહી છે. જ્યાં દ્વેષબુદ્ધિ કે રાગદૃષ્ટિનો થોડોક પણ મળ હોય ત્યાં આત્મસિદ્ધિનું અમૃત પ્રગટ ન થઈ શકે એ વાત તો પ્રભુએ સ્વમુખે જ મને સમજાવી છે, છતાં હું પ્રભુની એ શિખામણ વીસરી ગયો અને પ્રભુ ઉપરના અનુરાગમાં રાચતો રહ્યો ! મારી સિદ્ધિને રોકનાર હું પોતે જ છું ! આમાં લોકોના નાથ ભગવાનનો શો દોષ ?

મારી આ રાગદૃષ્ટિને દૂર કરવા માટે જ કરુણાસાગર ભગવાને અંતસમયે મને પોતાની પાસેથી અળગો કર્યો અને મારા જીવનને મારી મેળે અજવાળવાનો માર્ગ મને બતાવી દીધો. આ પણ મારા ઉપર ભગવાનનો કેવો મોટો અનુગ્રહ ! હું અબૂઝ એ સમજ્યો નહીં અને પ્રભુને દોષ દેવાના મહાદોષમાં પડી ગયો ! ક્ષમાશ્રમણ ભગવાન, મારા આ દોષને ક્ષમા કરશો !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને એ પશ્ચાત્તાપ અને આત્મનિરીક્ષણના તાપમાં ગૌતમસ્વામીનાં મોહ-માયા-મમતાનાં શેષ બંધન પળવારમાં ભસ્મ થઈ ગયાં, એમનો આત્મા પૂર્ણ નિર્મળ બની ગયો અને એમના જીવનમાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી ગયો.

શ્રમણ ભગવાન મહાવીરનું વચન સાચું પડ્યું.

જ્યોતથી જ્યોત પ્રગટે એમ ભગવાન મહાવીરનું નિર્વાણ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બની ગયું.

કારતક વદિ (ગુજરાતી આસો વદિ) અમાવાસ્યાની રાત્રીના પુણ્યપર્વનો છેલ્લો પહોર ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનથી પ્રકાશમાન થઈ રહ્યો.

બાર અંગસૂત્રો (દ્વાદશાંગી)ના અને ચૌદ પૂર્વના[1] જ્ઞાનના ધારક ગૌતમસ્વામી તે દિવસે સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

ગૌતમસ્વામીના પ્રશાંત મુખ ઉપર મનોરથ સફળ થયાની પ્રસન્નતાની આભા વિલસી રહી.

વિક્રમ પૂર્વે ૪૭૦મા વર્ષની આ ઘટના.

એ ઘટનાને આજે–વિ. સં. ૨૦૩૦માં–પચીસસો વર્ષનાં વહાણાં વાઈ ગયાં, છતાં એની યાદ ન ભુલાવા પામી છે, ન ઝાંખી બની છે.

પરદુઃખભંજન રાજા વિક્રમાદિત્યનું નવું વર્ષ ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનની પવિત્ર સ્મૃતિને જગાડતું ઊગે છે.

ભગવાન મહાવીરના મહાનિર્વાણના પુણ્યસ્મરણની સાથે ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો પ્રસંગ એકરૂપ બનીને સદાસ્મરણીય બની ગયો.

ધન્ય ભગવાન મહાવીરસ્વામી !

ધન્ય ગુરુ ગૌતમસ્વામી !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મહાનિર્વાણ

ભગવાન મહાવીર દેહમુક્ત–સિદ્ધ થયા હતા અને ગૌતમસ્વામી દેહધારી મુક્ત આત્મા–કેવલી હતા તથા સામાન્ય જિન બન્યા હતા. પણ એ બે વચ્ચેનો આ તફાવત તો માત્ર ઉપરછલ્લો જ હતો અને તે પણ અમુક સમય પછી દૂર થવાનો હતો, અને પછી બન્નેના આત્મા સદાને માટે એક જ સ્થાનમાં રહેવાના હતા અને ભગવાનની વાણી સાચી પડવાની હતી.

કેવળજ્ઞાનની દિવ્ય પ્રભામાં ગૌતમસ્વામીની બધી લબ્ધિઓ, ઋદ્ધિઓ અને સિદ્ધિઓનો મહિમા સમાઈ ગયો હતો; અને અઢારે પાપસ્થાનોથી મુક્ત થયેલો એમનો નિર્મળ આત્મા પરના ઉપકાર માટે પણ ચમત્કારો કરવાની કે ચમત્કારો બતાવવાની વૃત્તિથી સર્વથા અલિપ્ત થઈ ગયો હતો.

વળી, ભગવાન મહાવીરની હાજરીમાં પણ તેઓ લબ્ધિઓ અને સિદ્ધિઓનો ઉપયોગ જવલ્લે કરતા, છતાં સર્વકલ્યાણકારી, ભદ્ર, ભવ્ય, પ્રસન્ન અને પરગજુ પ્રકૃતિને કારણે લોકોમાં એક લબ્ધિવંત મહાપુરુષ તરીકે એમનો મહિમા અને પ્રભાવ ખૂબ વિસ્તર્યો હતો.

કેવળજ્ઞાન પછી બાર વર્ષ સુધી ગૌતમસ્વામી પૃથ્વીને પાવન કરતા રહ્યા અને ગામ-નગરોમાં વિચરીને ભગવાનના શાસનની પ્રભાવના દ્વારા જનસમાજને ધર્મતીર્થના માર્ગે દોરતા રહ્યા અને અનેક આત્માઓનો ઉદ્ધાર કરતા રહ્યા.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ પાકે અને ફળ-ફૂલ-પાંદડાં ખરવા લાગે;
સમય આવે ને નદી-સરોવરનાં નીર સુકાવા માંડે;
એવું જ દેહ અને આત્માનું સમજવું.

વખત આવે અને આત્મા નવી યાત્રા માટે પ્રયાણ કરે ત્યારે કાયા કાળના મોંમાં ધકેલાઈને નકામી બની જાય—ભલે પછી એ રૂડી-રૂપાળી અને નીરોગી હોય કે કાળના ઘસારા ખમી ખમીને કે આધિ-વ્યાધિ-ઉપાધિને કારણે જીર્ણશીર્ણ થઈ ગઈ હોય. માટે તો કહ્યું છે કે કાચની કોઠી જેવી કાયાથી તો સારાં કામો કરી લીધાં જ સારાં.

ગૌતમસ્વામી પોતાની કાયાનો વિશ્વના જીવોના કલ્યાણ માટે નિરંતર ઉપયોગ કરતા રહ્યા. અને બાણું વર્ષની પરિપક્વ વયે, જ્યારે એમણે જોયું કે કાળધર્મના બોલ પહોંચી જવાનો વખત થઈ ગયો છે ત્યારે, તેઓ રાજગૃહનગરમાં વૈભારગિરિ ઉપર પધાર્યા અને કાયાની માયા ઉપર પૂર્ણ વિજય મેળવીને એમણે એક માસનું અણસણ સ્વીકાર્યું.

એ અણસણને અંતે ગૌતમસ્વામી મહાનિર્વાણ પામ્યા.

એમની આત્મજ્યોત ભગવાન મહાવીર અને અનંત મુક્ત આત્માઓની જ્યોતમાં સદાને માટે ભળી ગઈ.[1]

ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામી તે દિવસે અક્ષર સુખના સ્વામી બની સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

રાજગૃહનગરનું ગુણશીલ ઉદ્યાન (વર્તમાન ગુણાયાતીર્થ) ગુરુ ગૌતમસ્વામીના અંતિમ સંસ્કારની સ્મૃતિરૂપે રચવામાં આવેલ જળમંદિરથી પવિત્ર તીર્થધામ બની ગયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૧

# મંગલમય વિભૂતિ

સમભાવ એ જ મોક્ષનો અંતિમ ઉપાય. સમભાવને માટે અહિંસા જોઈએ. અહિંસા કરુણાને જન્માવે. કરુણા વાત્સલ્યને જન્મ આપે. વાત્સલ્ય વિશ્વમૈત્રીની ભાવનાને પ્રગટાવે અને વિશ્વ-મૈત્રીની ભાવના જીવનમાં અભય, અવૈર અને અદ્વેષની પ્રતિષ્ઠા કરીને અને સર્વત્ર વાત્સલ્યની અમૃતસરિતાને વહાવીને સાધકને કૃતાર્થ કરે.

જીવનસાધના, યોગસાધના કે મોક્ષસાધનાનો આ જ રાજમાર્ગ. જે સાધક એ માર્ગનો પુણ્યયાત્રિક બને એનાં મોહ-માયા-મમતાનાં જાળાં અને કલેશો-કષાયો-કર્મોનાં બંધન દૂર થઈ જાય; અને એનો આત્મા સર્વ જીવોના કલ્યાણની મંગલમય ભાવનાથી ઉલ્લસિત બની જાય અને "સવિ જીવ કરું શાસનરસી, ઇસિ ભાવદયા મન ઉલ્લસી" એ કવિવાણીનો ભાવ એના મન-વચન-કાયાના સમગ્ર વ્યવહારમાં વ્યાપી જાય. પછી તો એ વિશ્વના કલ્યાણમાં જ પોતાના કલ્યાણનાં દર્શન કરવા લાગે : વિશ્વના જીવો સાથે એ આવી અતિવિરલ એકરૂપતા અનુભવે.

ગુરુ ગૌતમસ્વામી આવા જ વિશ્વકલ્યાણકારી સાધક હતા. પોતાની આવી વિમળ સાધનાને બળે જ તેઓ જગતના જીવો માટે મંગલમય વિભૂતિ બની ગયા હતા અને એમનામાં અનેક લબ્ધિઓ, ઋદ્ધિઓ અને સિદ્ધિઓની અદ્ભુત અને ચમત્કારી શક્તિઓ પ્રગટી હતી.

તરસ્યાને પાણી મળતાં, તાપથી સંતપ્ત થયેલાને વૃક્ષની છાયા મળતાં, ભૂખ્યાને ભોજન મળતાં, રોગીને ઔષધ મળતાં અને ટાઢે થરથરતાને ઉષ્મા મળતાં જેવી શાતા વળતી એવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાતા દુઃખ-શોક-સંતાપથી કે આધિ-વ્યાધિ-ઉપાધિથી પરેશાન થયેલા જીવો ગુરુ ગૌતમસ્વામીનું શરણુ પામીને અનુભવે છે; અરે, એમનું શરણુ જ શા માટે, ભાવ-ભક્તિપૂર્વક કરાતું એમનું નામસ્મરણુ પણુ વિઘ્નશાંતિ અને ઇષ્ટપ્રાપ્તિનું નિમિત્ત બને છે : ગૌતમસ્વામીની આવી કીર્તિ અત્યારે પણુ લોકજીવનમાં વિસ્તરી રહી છે. એમનું નામ અને કામ સકલ મંગલના નિધાનરૂપ લેખાય છે — જાણે નવે નિધાન[1] અને બધી ઋદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓનો એમાં વાસ થઈ ગયો ન હોય !

પણુ ગૌતમસ્વામીને મન તો આવી બધી ચમત્કારી શક્તિઓનું કોઈ મૂલ્ય ન હતું. એમને તો કેવળ આત્માની શક્તિઓનો જ ખપ હતો : જેટલા પ્રમાણુમાં આત્મા વિશુદ્ધ થતો જાય એટલે કે આત્મા પરભાવને તજીને સ્વ-ભાવમાં સ્થિર થઈને બાહ્ય ભાવથી —પુદ્ગલભાવથી દૂર થતો જાય, એટલા પ્રમાણુમાં જ આત્મસાધના સફળ થઈ લેખાય—એ પરમસત્ય એમના રોમ રોમ સાથે વણાઈ ગયું હતું.

તેથી જ તેઓ આંતરિક ગુણુસંપત્તિને પ્રગટાવવા, પળમાત્રનો પણુ પ્રમાદ સેવ્યા વગર, નિરંતર જાગ્રત રહીને, પુરુષાર્થ કરતા રહેતા અને ઋદ્ધિ-સિદ્ધિ-લબ્ધિઓની સંમોહક શક્તિઓ પ્રત્યે ઉદાસીનતા ધારણુ કરતા, અને કોઈ જીવને એ શક્તિઓથી લાભ થઈ જતો તોપણુ તેઓ એના ગૌરવથી પોતાની જાતને સદાય અલિપ્ત જ રાખતા. સંસારના બધાય ભાવો તરફની આવી અનાસક્તિ અને નિર્મોહવૃત્તિ એમની જીવનસાધના સાથે સાવ સહજપણે સમરૂપ બની ગઈ હતી.

શ્રમણો તો નામના—કીર્તિની આકાંક્ષાથી અલિપ્ત રહેનારા અનાસક્ત સાધકો જ ગણાય; એટલે એમના જીવનની અને એમની સાધનાની વિગતો બહુ જ ઓછી જાણુવા મળે એ સ્વાભાવિક છે—કાળનો અંધારપછેડો ઓઢીને દુનિયાની તવારીખમાંથી લુપ્ત થઈ જવામાં જ જાણે એમની શોભા રહેલ ન હોય !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમસ્વામી પણ એ જ ઉજ્જ્વળ પરંપરાના શ્રેષ્ઠ સાધક હતા. તેથી જ, તેઓ ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય અને પ્રથમ ગણધર હોવા છતાં, એમના જીવનની બહુ આછી અને ઓછી વિગતો આપણા ધર્મગ્રંથોમાં સંઘરાયેલી છે.

અને એમના ચમત્કારની વિગતોનું તો પૂછવું જ શું ? ક્યાં દીન-દુખિયાના બેલી, અશરણના શરણ, વિઘ્નોના નિવારક, કામનાઓના પૂરક અને સર્વ ઋદ્ધિઓ-સિદ્ધિઓ-લબ્ધિઓના સ્વામી તરીકેની એમની નામના અને ક્યાં એમણે સર્જેલા ચમત્કારોની ધર્મગ્રંથોમાં સચવાયેલી નહીં જેવી માહિતી !

ગૌતમસ્વામી અષ્ટાપદની યાત્રાએ ગયા એ એક જ પ્રસંગે તેઓએ પોતાની યોગશક્તિનો–લબ્ધિનો ઉપયોગ કરીને એમની ચમત્કારશક્તિનું બે વાર દર્શન કરાવ્યું હતું : એક તો, તેઓ ચારણલબ્ધિના બળે ચંપાપુરીમાંથી અષ્ટાપદગિરિની તળેટીમાં પહોંચીને, સૂર્યના કિરણોના આધારે, સહેલાઈથી પર્વત ઉપર પહોંચી ગયા તે વખતે. અને બીજું, જ્યારે તેઓ અષ્ટાપદની યાત્રા કરીને પાછા ફર્યા ત્યારે, પોતાની મહાનસલબ્ધિના પ્રયોગથી, એક નાના પાત્રમાં રહેલી ખીરથી તેઓએ પંદરસોત્રણ તાપસોને પારણાં કરાવ્યાં તે વખતે.

આ સિવાય તેઓએ પોતાની લબ્ધિથી બતાવેલ ચમત્કારોની કશી વિગત આપણને જાણવા મળતી નથી. અને પોતાની યોગ-શક્તિનો પરચો બતાવવા માટે તેઓ સામે ચાલીને ક્યાંય ગયા હોય કે એવો કોઈ પ્રયોગ એમણે ઇરાદાપૂર્વક કર્યો હોય, એનો તો આછો-પાતળો અણસાર સરખોય મળતો નથી. એ ઉપરથી પણ જાણી શકાય છે કે જેનું સંસારીઓને મન અસાધારણ આકર્ષણ હોય છે, એના પ્રત્યે તેઓ સર્વથા ઉદાસીન હતા; અને એ જ એમની વીતરાગભાવની ઉપાસના માટે શોભારૂપ બની શકે એમ હતું. વીતરાગભાવમાં તો સર્વ જીવોના કલ્યાણની ઉદાત્ત ભાવના રહેલી છે. અને આવા ચમત્કારો તો બે-પાંચ-પચીસ જીવો માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધારરૂપ બનીને છેવટે સમભાવના વિરોધી અને મારા-તારાપણાના કે કીર્તિ-નામનાની આકાંક્ષાના જ પોષક બને છે. તો પછી સમભાવનો સાચો સાધક એ માર્ગે કેવી રીતે જાય?

અને આ બધું છતાં, સર્વવિઘ્નનિવારક અને સર્વવાંછિત-પૂરક તરીકે જનસમૂહમાં ગૌતમસ્વામીની જે નામના છે, એ ખરેખર, નવાઈ ઉપજાવે એવી છે. ગૌતમસ્વામી પણ અન્ય આત્મસાધકોની જેમ જ, યોગ-અધ્યાત્મમાર્ગના સાધક હતા અને એમની સિદ્ધિ પણ એવા અનેક સાધકો જેવી જ હતી, છતાં તેઓ જ આવી નામનાના અધિકારી કેવી રીતે બન્યા, એવો સવાલ સહેજે થઈ આવે છે.

આનો ખુલાસો એ મહાપુરુષની ભવ્ય-ભદ્ર પ્રકૃતિ, સર્વનું કલ્યાણ કરવાની ઉદાત્ત ભાવના અને નિર્મળ, નિખાલસ, સરળ વૃત્તિમાં રહેલો છે. દુઃખને જોઈને કરુણાથી ગદ્ગદ થઈ જવું, સુખ જોઈને પ્રસન્નતા અનુભવવી અને સૌકોઈનું કલ્યાણ કરવા સદા તત્પર રહેવું એ એમનો સહજ ગુણ હતો. આ રીતે ગુરુ ગૌતમ વિશ્વકલ્યાણની ભાવનાના પ્રતીક કે પ્રતિનિધિ અને મંગલમય વિભૂતિ બની ગયા હતા.

*

સૈકે સૈકે એમની કીર્તિગાથાઓ રચાતી અને ગવાતી રહી છે અને સર્વ શુભ કાર્યોમાં તેઓ સદા સ્મરણીય અને પૂજનીય મનાતા રહ્યા છે, તે તેઓની આ સર્વમંગલકારી ભાવનાને પ્રભાવે જ. એમની પ્રશસ્તિમાં નાનાં-મોટાં કેટલાં બધાં કાવ્યો રચાયાં છે! એમના નામે જાણે સુખ-શાંતિના સમીર વાવા લાગે છે. દુઃખ-દીનતામાં ડૂબેલા સંસારીઓને અને આત્મમાર્ગના સાધક યોગીઓને બન્નેને સમાન રીતે ઉપકાર થઈ શકે એવું ભગવાન મહાવીરના એ અનન્ય સેવકનું નામ અને જીવન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ મંગલમય વિભૂતિની થોડીક કીર્તિગાથા વાંચીને પાવન થઈએ—

કવિવર શ્રી સૌભાગ્યવિજયજી "ગૌતમસ્વામીનો છંદ"માં એમનો મહિમા વર્ણવતાં કહે છે—

દુષ્ટ દૂરે ટળે સ્વજન મેળા મળે, આધિ વ્યાધિ ને ઉપાધિ નાસે;
ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વલી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ "શ્રી ગણધરભાસ"ની રચના કરી છે. એમાં શ્રી સુધર્માસ્વામી સુધીના પાંચ ગણધરોની સ્તવના કરતાં શ્રી ગૌતમસ્વામીની સ્તવના તેઓએ આ પ્રમાણે કરી છે—

સુરતરુ જાણી સેવિએ, બીજા પરિહરિયા બાઉલિયા રે;
એ ગુરુ થિર સાયર સમો, બીજા તુચ્છ વહેછ વાહુલિયા રે.

ગૌતમસ્વામીના મોટા રાસના કર્તા ઉપાધ્યાય શ્રી વિનયપ્રભજી (શ્રી ઉદયવંત મુનિ) કહે છે—

જિમ સુરતરુવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા,
જિમ વન કેતકી મહકાયે, જિમ ભૂમિપતિ ભૂયબલ ચમકે,
જિમ જિનમંદિર ઘંટા રણુકે, તિમ ગોયમ લબ્ધે ગહગહે એ.

ગૌતમસ્વામીના સ્તવનના રચયિતા વર્તમાન આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિજી કહે છે—

ગૌતમસ્વામી જગગુરુ, ગુણગણનો ભંડાર લાલ રે;
અનંત લબ્ધિનો એ ધણી, આપે અક્ષય સુખ અપાર લાલ રે.

શ્રાવક-કવિ શ્રી શાંતિદાસે રચેલ "ગૌતમસ્વામીનો રાસ"-માંની એમનો મહિમા વર્ણવતી વાણી વાંચીએ—

વૈરી મિત્ર જ સરીખાં થાય, ગૌતમ નામે પ્રણમે પાય;
રાજા માને સહુ કો નમે, ગૌતમ નામ હૃદયમાં રમે.
જીજીકાર સહુ કો કરે, બોલ્યું વચન નવિ પાછું ફરે;
કીર્તિવેલ જગ પ્રસરે બહુ, ગૌતમ નામે છે એ સહુ.

આ સદીના વિદ્વાન મુનિવર સ્વ. શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજ, 'શ્રી ગૌતમસ્વામીનું સ્તવન'માં, કહે છે—

ગૌતમ નામે ભવભીડ હરિયે, આત્મભાવ સંવરિયે;
કર્મજંજીરીયે બાંધ્યા છૂટે, ઉત્તમ કુલ અવતરિયે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિખ્યાત કવિવર શ્રી લાવણ્યસમયજી "ગૌતમસ્વામીનો છંદ"માં એમનો મહિમા મધુર વાણીમાં સંભળાવે છે—

જે વૈરી વિરુઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ.
ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન.

આચાર્ય શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીએ "શ્રી ગૌતમસ્વામીનો લઘુ રાસ" રચ્યો છે, એમાં ગૌતમસ્વામીનો મહિમા આ શબ્દોમાં વર્ણવવામાં આવ્યો છે—

ગૌતમ નામે ન છીપે પાપ, ગૌતમ નામે ટળે સંતાપ;
ગૌતમ નામે ખપે સવિ કર્મ, ગૌતમ નામે હોય શિવશર્મ.

અને છેલ્લે કવિ મુનિ શ્રી રૂપચંદ ગણિના શિષ્ય કવિ મુનિ શ્રી ચંદે કરેલી શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ સાંભળીએ—

**જયો જયો ગૌતમ ગણધાર,**
**મ્હોટી લબ્ધિ તણો ભંડાર;**
**સમરે વાંછિત સુખદાતાર,**
**જયો જયો ગૌતમ ગણધાર.**

**મંગલમય વિભૂતિ ગૌતમસ્વામીનું આપણને સદા શરણુ હો!**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાદનોંધો

## ૨. અમૃતની પરબ

૧. Man may come and man may go, but I go on for ever.

—અંગ્રેજ કવિ શ્રી ટેનીસનની "Brook" નામે કવિતાની એક કડી.

૨. सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्ख पडिंकूला, अप्पियवहा, पियजीविणो, जीविउकामा, सव्वेसिं जीवियं पियं ।

—શ્રી આચારાંગસૂત્ર, શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૩.

૩. अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।
अप्पणामेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૯, ગા૦ ૩૫.

૪. समियाए धम्मे आरिएहिं पवेइए ।

—શ્રી આચારાંગસૂત્ર, શ્રુ૦ ૧, અ૦ ૮, ઉ૦ ૩.

૫. समयाए समणो होइ ।

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૨૫, ગા૦ ૩૨.

૬. समया सव्वभूएसु, सत्तु-मित्तेसु वा जगे ।
पाणाइवायविरई, जावज्जीवाए दुक्करं ॥

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૯, ગા૦ ૨૫.

૭. तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥

—શ્રી દશવૈકાલિકસૂત્ર, અ૦ ૬, ગા૦ ૮.

૮. धम्मो मंगलमुकिट्ठं अहिंसा संजमो तवो ।

—શ્રી દશવૈકાલિકસૂત્ર, અ૦ ૧, ગા૦ ૧.

૯. पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ ।

—શ્રી આચારરાંગસૂત્ર, શ્રુ૦ ૧, અ૦ ૧, ઉ૦ ૩.

૧૦. तं सच्चं भगवं ।

—શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર, અ૦ ૨, સૂ૦ ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. सच्चं लोगम्मि सारभूयं ।

—શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર, અ૦ ૨, સૂ૦ ૨.

૧૨. જૈનધર્મે પ્રરૂપેલ આત્મસાધનાનું અંતિમ ધ્યેય સંસારથી સર્વથા મુક્તિ એ જ છે. અને આવી મુક્તિ પ્રાપ્ત કરવાનું અંતિમ અને અનિવાર્ય સાધન સંપૂર્ણ સમભાવ છે; અર્થાત્ સંપૂર્ણ સમભાવની પ્રાપ્તિ વગર આત્માનો મોક્ષ થઈ શકતો નથી. તેથી જ જૈન સાધનાના કેન્દ્રમાં મુખ્ય સ્થાન સમભાવની પ્રાપ્તિ માટેના પુરુષાર્થને —સામાયિકને આપવામાં આવ્યું છે. સમભાવ માટેની સાધના એટલી બધી વ્યાપક અને સર્વસ્પર્શી છે કે એમાં અહિંસા, સત્ય વગેરે બધાં વ્રતો, નિયમો અને સદ્ગુણોનો સમાવેશ થઈ જાય છે. જુઓ, સમભાવનો મહિમા વર્ણવતાં કેટલાંક પદ્યો—

उड्ढं अहे य तिरियं दिसासु तसा य जे थावर जे य पाणा ।
से णिच्चाणिच्चेहिं समिक्ख पन्ने दीवे व धम्मं समियं उदाहु ॥

—શ્રી સૂત્રકૃતાંગ, વીરત્થુઈ, ૪.

ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોકમાં જેટલા જંગમ અને સ્થાવર પ્રાણીઓ છે, તેમને વિશે નિત્ય અને અનિત્યનો વિચાર કરીને, પ્રાજ્ઞ પુરુષે—મહાવીરે, દીપકની જેમ, સમભાવનો ધર્મ બતાવ્યો છે.

न हि नूण पुरा अणुस्सुयं अदु वा तं तह नो समुट्ठियं ।
मुणिणा सामाइ आहियं नाएण जगसव्वदंसिणा ॥

—શ્રી સૂત્રકૃતાંગ, અ૦ ૨, ઉ૦ ૨, ગા૦ ૩૧.

જગતમાં સર્વદર્શી એવા મુનિ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે પહેલાં નહીં સાંભળેલું અથવા તે પ્રકારે જેનું અનુષ્ઠાન થયું ન હતું, એવા સામાયિકનો ઉપદેશ આપ્યો છે.

सव्वभूयप्पभूयस्स सम्मं भूयाई पासओ ।
पिहियासवस्स दंतस्स पावं कम्मं न बंधइ ॥

—શ્રી દશવૈકાલિકસૂત્ર, અ૦ ૪, અ૦ ૫, ગા૦ ૯.

બધા જીવોને પોતાના આત્મા સમાન સમજનાર, બધા જીવોને સારી રીતે જોનાર, જેણે આસ્રવોને રોકયા છે અને ઇંદ્રિયોનું દમન કર્યું છે તે (સાધુ) પાપકર્મને બાંધતા નથી.

निम्ममो निरहंकारो निस्संगो चत्तगारवो ।
समो य सव्वभूएसु तसेसु थावरेसु य ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लाभालाभे सुहे दुक्खे जीविए मरणे तहा ।
समा निन्दापसंसासु तहा माणावमाणणे ।

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૯, ગા. ૮૯–૯૦.

મમતા રહિત, અહંકાર રહિત, સંગ રહિત, ગર્વ રહિત અને ત્રસ તથા સ્થાવર બધા જીવોમાં (તે–મૃગાપુત્ર) સમભાવી થયા. વળી લાભ તથા નુકસાન, સુખ અને દુઃખ, જીવન તથા મરણ, નિંદા અને પ્રશંસા તેમ જ માન તથા અપમાનમાં (તે–મૃગાપુત્ર) સમભાવ રાખવા લાગ્યા.

सामाइएणं भंते ! जीवे किं जणयइ ?
सामाइएणं सावज्जजोगविरइं जणयइ ।

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૨૯, ગા૦ ૮.

હે ભગવાન ! સામાયિકથી જીવ શું મેળવે છે ?

સામાયિકથી સાવદ્ય યોગોની (મન-વચન-કાયાની પાપમય પ્રવૃત્તિઓની) નિવૃત્તિ થાય છે.

भक्ते स्तोतरि कोपान्धे निन्दाकर्तरि चोत्थिते ।
यदा समं भवेच्चित्तं तदा ते परमं सुखम् ॥

—મૂલશુદ્ધિ પ્રકરણ ટીકામાં ઉદ્ધૃત કરેલ શ્લોક, પૃ૦ ૧૪૫.

(કર્તા કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિજીના ગુરુ શ્રી દેવચન્દ્રસૂરિજી.)

ભક્ત, વખાણ કરવા, ક્રોધ કરવા અને નિંદા કરવા તૈયાર થનાર–એ બધા ઉપર જ્યારે તારા ચિત્તમાં સમભાવ આવશે ત્યારે તને પરમ સુખ મળશે.

सामायिकं च मोक्षाङ्गं परं सर्वज्ञभाषितम् ।
वासीचन्द्रनकल्पानामुक्तमेतन्महात्मनाम् ॥

—શ્રી હરિભદ્રસૂરિકૃત સામાયિકસ્વરૂપનિરૂપણાષ્ટક, શ્લો૦ ૧.

પોતાને છેદનાર વાંસલાને પણ સુગંધ આપનાર ચંદનના વૃક્ષ જેવા મહાત્મા પુરુષોનું, સર્વજ્ઞ ભગવાને કહેલું સામાયિક નામનું ચારિત્ર જ મોક્ષનું પરમ અંગ–કારણ છે.

सेयंवरो य आसंवरो य बुद्धो य अहव अन्नो वा
समभावभाविअप्पा लहए मुक्खं न संदेहो ॥

—સંબોહસત્તરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વેતાંબર હોય, દિગંબર હોય, બૌદ્ધ હોય કે બીજો કોઈ પણ હોય, જેનો આત્મા સમભાવથી ભાવિત હોય તે મોક્ષને મેળવે છે, એમાં સંદેહ નથી.

यदिन्द्रियार्थैः सकलैः सुखं स्यान्नरेन्द्रचक्रित्रिदशाधिपानाम् ।
तद् बिन्दवत्येव पुरो हि साम्यसुधाम्बुधेस्तेन तमाद्रियस्व ॥

—શ્રી મુનિસુંદરસૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમ, સમતાધિકાર, શ્લોક ૬.

રાજા, ચક્રવર્તી અને દેવોના રાજા ઇંદ્રોને બધી ઇંદ્રિયોના અર્થો—વિષયોથી જે સુખ થાય છે, તે સમતાના અમૃત-સાગર પાસે, ખરેખર, એક બિંદુ સમાન છે. માટે સમતાના સુખનો આદર કર.

विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।
मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षयम् ॥

—ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત જ્ઞાનસાર, મધ્યસ્થતા અષ્ટક, શ્લો. ૬

જેમ નદીઓના જુદા જુદા પ્રવાહો સમુદ્રને મળે છે, તેમ મધ્યસ્થ વ્યક્તિઓના જુદા જુદા માર્ગો પણ એક, અક્ષય, ઉત્કટ પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે.

તથા જુઓ, આ પ્રકરણની ૪, ૫, ૬ નંબરની પાદનોંધો.

૧૩. આઠ દુહાના "ગૌતમ–અષ્ટક"નો આ પહેલો દુહો છે. આ અષ્ટકના કર્તા અજ્ઞાત છે, પણ આ દુહો ખૂબ પ્રચલિત અને લોકપ્રિય છે. આ કાવ્યકૃતિને "ગૌતમ–અષ્ટક" તરીકે ઓળખાવતો છેલ્લો–આઠમો દુહો આ પ્રમાણે છે—

ગુરુ ગૌતમ અષ્ટક કહી, આણી હર્ષ ઉલ્લાસ;
ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ ॥ ૮ ॥

આના પહેલા દુહાના છેલ્લા ચરણ 'મનવાંછિત દાતાર'ના સ્થાને 'વાંછિત ફળ દાતાર' એવો પાઠ પણ મળે છે.

## ૩. તે કાળે, તે સમયે

૧. वसुधैव कुटुम्बकम् ।

—હિતોપદેશ. મિત્રલાભ. શ્લોક ૧૧૯.

૨. यत्र विश्वं भवत्येकनीडम् ।

—મહાનારાયણોપનિષદ, ૨, ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ।

—વંદિત્તુસૂત્ર, ગા૦ ૪૬.

૪. પંડિત શ્રી વીરવિજયજી મહારાજકૃત સ્નાત્ર પૂજામાં વીસસ્થાનક તપના ફળરૂપે આત્મામાં જાગી ઊઠતી ભાવદયાની લાગણી આ પ્રમાણે વર્ણવવામાં આવી છે—

વીસસ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી. ૧
જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસનરસી;

આમાં જીવમાં જાગી ઊઠતી ભાવદયાની ઊર્મિનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બહુ જ મહત્ત્વનો છે. ભાવદયા એટલે કોઈ પણ જીવનો ઉદ્ધાર કરવાની ભાવના. એ એવી ઊર્મિ છે કે એ જેના પ્રત્યે દાખવવામાં આવે એ વ્યક્તિને દીન-દુઃખી-સાધનહીન માનીને, એના તરફ માત્ર દયાની લાગણી બતાવવાને બદલે, એનો આંતરિક ઉદ્ધાર થાય એવી પ્રેરણા આપીને એને એ રીતે તૈયાર કરવાની ભાવના સેવવામાં આવે છે કે જેથી એને બીજાની દયા ઉપર જીવવાનો અવસર ભાગ્યે જ આવે, અને એના અંતરમાં સર્વ જીવો તરફની દયાનું ઝરણું સતત વહ્યા કરે. આ રીતે ભાવદયા સર્વ જીવો સાથેની મૈત્રીની પૂર્વભૂમિકા તૈયાર કરવામાં બહુ ઉપયોગી બની રહે છે.

૫. यथा अहं तथा एते, यथा एते तथा अहं ।
अत्तानं उपमं कत्वा, न हनेय्य न घातये ॥

—સુત્તનિપાત, ૩, ૩૭, ૨૭.

૬. ૯મા પાનાની છેલ્લી લીટીને છેડે પાદનોંધનો છગડો મૂકવો સરતચૂકથી રહી ગયો છે. તે વાક્યનો મૂળ પાઠ આ પ્રમાણે છે—
सुखिनो वा खेमिनो होन्तु, सव्वे सत्ता भवंतु सुखितत्ता ।

—ખુદ્દકપાઠ

૭. स्त्रीशूद्रौ नाधियाताम् ।

—ધર્મશાસ્ત્ર

## ૪. ભગવાન મહાવીર

૧. જૈન સંઘના આ યુગના એક મોટા જ્ઞાની અને આત્મસાધક ગૃહસ્થ-સંત શ્રીમદ્ રાજચંદ્રે, એમણે રચેલ "મોક્ષમાળા"ના " મહાવીર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસન " નામે ૫૩મા પાઠમાં (પૃ૦ ૮૫) વીર વર્ધમાનના મોટા ભાઈનું નામ નંદિવર્ધનના બદલે નંદિવર્ધમાન આપ્યું છે. આ નામ એમણે શાના આધારે આપ્યું હશે, તે શોધવા જેવી બાબત છે.

૨. ભગવાન મહાવીરે એકવાર ભદ્રા, મહાભદ્રા અને સર્વતોભદ્રા નામની ત્રણ પ્રતિમાઓની સાધના કરવા માટે ૨ + ૪ + ૧૦ મળીને ૧૬ દિવસ સુધી ઉપવાસ અને સતત ધ્યાનની તપસ્યા કરી હતી. આટલી આકરી તપસ્યાનું પારણું ભગવાને, ત્રીજા પહોરે, એક ગૃહસ્થની દાસીએ બધાના જમ્યા પછી વધેલું અન્ન એક બાજુ મૂકી રાખ્યું હતું તે વહોરીને, એનો આહાર કરીને, કર્યું હતું. આ પ્રસંગ ઉપરથી પણ ભગવાન, કેવળ કાયાને ભાડું આપવાનું હોય એ રીતે જ, કેવો નીરસ આહાર લેતા હતા તેનો ખ્યાલ આવી શકે છે.

લગભગ સાડાબાર વર્ષ જેટલા લાંબા સાધનાકાળ દરમ્યાન ભગવાને ૭ મહિનાના ઉપવાસથી લઈને તે બે ઉપવાસ સુધીની તપસ્યાઓ કરી હતી. ભગવાનની તપસ્યાની વિગતો પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કલ્યાણવિજયજી ગણિકૃત "श्रमण भगवान् महावीर" નામે હિન્દી પુસ્તક (પૃ.૪૬) અને શ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલે સંપાદિત કરેલ "શ્રી મહાવીરકથા" (પૃ. ૧૯૫)માં આપવામાં આવી છે.

૩. कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ।।
— શ્રી ઉત્તરાધ્યાયનસૂત્ર, અ૦ ૨૫, ગા૦ ૩૩.

૪. अप्पो वि य परमप्पो कम्मविमुक्को य होइ फुडं ।
—શ્રીકુંદકુંદાચાર્યકૃત ભાવપાહુડ, ૧૫૧.

૫. अप्पा कत्ता विक्ता य दुक्खाण य सुहाण य ।
—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૨, ગા૦ ૩૭.

૬. मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणई ।
—વંદિત્તુસૂત્ર, ગા૦ ૪૬.

૭. तवो जोई जीवो जोइठाणं जोगा सुया सरीरं कारिसंगं ।
कम्मेहा संजमजोगसन्ती होमं हुणामि इसिणं पसत्थं ॥
—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૨, ગા૦ ૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. સમભાવથી ભરેલી અહિંસાનો અને તીર્થંકર ભગવાનના સમવસરણનો યથાર્થ મહિમા નીચેના શ્લોકમાં સુંદર શબ્દોમાં વર્ણવવામાં આવ્યો છે—

सारङ्गी सिंहशावं स्पृशति सुतधिया केकिकान्ता भुजङ्गं
मार्जारी हंसबालं प्रणयपरिवशा नन्दिनी व्याघ्रपोतम् ।
वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति
दृष्ट्वा साम्यैकभावं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम् ॥

—શ્રી પાર્શ્વનાથચરિત્ર (ગદ્ય), પૃ. ૧૦૨.

૯. दुल्लहे खलु माणुसे भवे चिरकालेण वि सव्वपाणिणं ।

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૦, ગા૦ ૨.

न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित् ।

—મહાભારત, શાંતિપર્વ.

शुनो शुनो रे मानुसभाई !
सवार ऊपर मानुस, ताहार ऊपर नाही ।

—ભક્તિકવિ ચંડીદાસ.

## ૫. પંડિત ઇન્દ્રભૂતિ

૬. ગોબ્બરગામ–ગોવ્વરગામ–ગોવરગામ રાજગૃહથી પૃષ્ઠચંપા જતાં માર્ગમાં આવતું હતું. ગૌતમરાસામાં એ મગધદેશમાં હોવાનું લખ્યું છે; પરંતુ કેટલાક ઉલ્લેખો પ્રમાણે એ પૃષ્ઠચંપાની પાસે હતું, તેથી એ અંગભૂમિમાં હશે, એમ સાબિત થાય છે.

—પૂ. પં. કલ્યાણવિજયજી ગણિકૃત "શ્રમણ ભગવાન મહાવીર," પૃ. ૩૬૮.

કુંડલપુર એ જ ગોબરગામ હોવાનું શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પ્રગટ કરેલ "જૈન તીર્થ સર્વસંગ્રહ" ( પૃ. ૪૪૮ ) તથા સ્વ. મુ. શ્રી ન્યાયવિજયજીએ લખેલ "જૈન તીર્થોનો ઇતિહાસ" (પૃ. ૪૫૦)માં લખ્યું છે. આ ગોબરગામ (ગુબ્બરગામ) કુંડલપુર ઉપરાંત વડગામના નામથી પણ ઓળખાય છે.

## ૬. આઘાત

૧. ઘાતી કર્મ—આત્માના મૂળ ગુણોનો ઘાત કરનારાં, એના ગુણોને આવરી દેનારાં કર્મ તે ઘાતી કર્મ. એના ચાર પ્રકાર છે : (૧) જ્ઞાનાવરણીય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) દર્શનાવરણીય, (૩) મોહનીય, અને (૪) અંતરાય. આ ઘાતી કર્મો દૂર થાય એટલે આત્માને કેવળજ્ઞાન પ્રગટે, આત્મા સર્વજ્ઞ થાય.

૨. અઘાતી કર્મ—ઘાતી કર્મોનો નાશ થયા પછી પણ આત્માને દેહ ધારણ કરવો પડે તે અઘાતી કર્મોને કારણે. એના પણ ચાર પ્રકાર છે: (૧) વેદનીય, (૨) નામ, (૩) ગોત્ર, અને (૪) આયુષ્ય. જ્યાં સુધી અઘાતી કર્મો હોય ત્યાં સુધી સર્વજ્ઞ—અરિહંત આ પૃથ્વી ઉપર વિચરીને લોકોપકાર કરે છે; અને જ્યારે અઘાતી કર્મોનો અંત આવે છે, ત્યારે આત્મા સિદ્ધ બની જાય છે.

૩. अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

—મહર્ષિ પતંજલિકૃત યોગસૂત્ર, પાદ ૨, સૂત્ર ૩૫.

તથા જુઓ, પ્રકરણ ચોથાની ૮મી પાદનોંધ.

૪. ગૌતમ—હે ભગવન્! દેવો સંયત કહેવાય ?

મહાવીર—ના ગૌતમ! તેમ કહેવું એ ખોટું છે; પરંતુ તેમને અસંયત કહેવા એ નિષ્ઠુર વચન છે; તેમને સંયતાસંયત કહેવા એ અછતું છતું કરવા જેવું છે; પણ તેમને નોસંયત કહેવા.

—શ્રી ભગવતીસાર, પૃ. ૬૯૪.

૫. જુઓ, પ્રકરણ ચોથાની નવમી નોંધ.

## ૭. સત્યનો જય

૧. आभट्ठो य जिणेणं जातिजरामरणविप्पमुक्केणं ।
णामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसी णं ॥

—આવશ્યકનિર્યુક્તિ, ગા૦ ૪૪૨.

हे इंदभूति ! गोतम ! सागतमुत्ते जिणेण चिंतेति ।
णामं पि मे वियाणति अधवा को मण्ण याणाति ॥

—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૨૦૦૧.

૨. किं मण्णे अत्थि जीवो उताहु णत्थि त्ति संसओ तुज्झं ।
वेतपयाण य अत्थं ण याणसी तेसिमो अत्थो ॥

—આવશ્યકનિર્યુક્તિ, ગા૦ ૪૪૩.

૩. गोतम ! वेदपदाणं इमाणमत्थं च तं ण याणासि ।
जं विण्णाणघणो च्चिय भूतेहिंतो समुत्थाय ॥ વગેરે ગાથાઓ.

—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૨૦૪૩ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. जीवो तणुमेत्तत्थो जध कुंभो तग्गुणोवलंभातो ।
अधवाऽणुवलंभातो भिण्णम्मि घडे पडस्सेव ॥
तम्हा कत्ता भोत्ता बन्धो मोक्खो सुहं च दुक्खं च ।
संसरणं च बहुत्ताऽसव्वगतत्तेसु जुत्ताइं ॥

—વિશેષાવશ્યકભાષ્ય, ગા૦ ૨૦૪૧-૪૨.

૫. પ્રશ્નવ્યાકરણ, અ૦ ૨, સૂ૦ ૨.

## ૮. સમર્પણ

૧. वे दोनों हाथ जोडकर बोले—भगवन्! आपका कथन यथार्थ है। प्रभो! मैं आपका प्रवचन सुनना चाहता हूँ।

—પૂ. પં. કલ્યાણવિજયજી ગણિકૃત "श्रमण भगवान् महावीर", પૃ. ૫૩.

૨. आद्यं गणधरं ज्ञात्वा भाविनं तं जगद्गुरुः ।
स्वयं प्रव्राजयामास पञ्चशिष्यशतीयुतम् ॥

—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૫, શ્લોક ૮૩.

આ ઉલ્લેખમાં ભગવાને ગૌતમ ભાવી ગણધર બનવાના છે, એમ જાણીને એમને પાંચસો શિષ્યો સાથે દીક્ષા આપ્યાનું નોંધ્યું છે. અહીં આપેલ ભગવાનના શબ્દોમાં જેમ ગૌતમને આશ્વાસન આપવાનો ભાવ રહેલો છે, તેમ એમાં શાસનને થનાર ભાવી લાભનું સૂચન પણ છે.

૩. किं मण्णे अत्थि कम्मं उदाहु णत्थि त्ति संसयो तुज्झं ।
वेतपताण य अत्थं ण याणसे तेसिमो अत्थो ॥

—આવશ્યકનિર્યુક્તિ, ગા૦ ૪૪૭.

૪. બાકીના નવ પંડિતોનાં નામ, એમની શંકાઓ અને દરેકની શિષ્યસંખ્યા આ પ્રમાણે છે—

ઈંદ્રભૂતિ તથા અગ્નિભૂતિના ભાઈ વાયુભૂતિને "શરીર એ જ જીવ છે કે અન્ય?" એ શંકા હતી. એમને ૫૦૦ શિષ્યો હતા.

પાંચસો શિષ્યોના ગુરુ વ્યક્તને "ભૂતો છે કે નહિ?" એવી શંકા હતી.

પાંચસો શિષ્યોના ગુરુ સુધર્માને "જીવ આ ભવમાં જેવો હોય તેવો જ પરભવમાં હોય કે નહીં?" એ શંકા હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૫૦ શિષ્યોના ગુરુ છઠ્ઠા પંડિત મંડિકને "બંધ-મોક્ષ છે કે નહીં ?" એવી શંકા હતી.

૩૫૦ શિષ્યોના ગુરુ મૌર્યપુત્રને "દેવ છે કે નહીં ?" એવી શંકા હતી.

૩૦૦ શિષ્યોના ગુરુ અકંપિતને "નરક છે કે નહીં ?" એવી શંકા હતી.

૩૦૦ શિષ્યોવાળા અચલભ્રાતાને "પુણ્ય-પાપ છે કે નહીં ?" એ શંકા પજવતી હતી.

૩૦૦ શિષ્યો ધરાવતા પંડિત મેતાર્યને "પરલોક છે કે નહીં ?" એ શંકા હતી.

અને ૩૦૦ શિષ્યોનો પરિવાર ધરાવતા અગિયારમાં પંડિત પ્રભાસને "નિર્વાણ છે કે નહીં ?" એવી શંકા હતી.

## ૯. તીર્થપ્રવર્તન

૧. પોતાના છ ટંકના ઉપવાસના પારણાને દિવસે તે ગૌતમ પહેલા પહોરમાં સ્વાધ્યાય કરતા, બીજા પહોરમાં ધ્યાન કરતા, ત્રીજે પહોરે, ત્વરા–ચપળતા અને સંભ્રાંતિ વિના, સ્થિરતાથી મુહપત્તી, પાત્ર અને વસ્ત્ર ( જંતુ ન રહે તેમ ) બારીકાઈથી જોઈ લેતા અને પછી ભગવાનની અનુમતિ લઈ, પોતાના ઉપવાસના પારણા માટે, વાણિજ્યગ્રામમાં, ઊંચ-નીચ-મધ્યમ કુળોમાં ઘેરઘેરથી થોડી થોડી ભિક્ષા ભેગી કરવા અર્થે જતા.

—પં. શ્રી બેચરદાસ જી. દોશી અનુવાદિત "ભગવાન મહાવીરના દશ ઉપાસકો" (બીજી આવૃત્તિ), પૃ. ૪૨.

વળી, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પર્વ ૧૦, સર્ગ ૫, શ્લોક ૮૪ થી ૯૩ સુધીના દસ શ્લોકો )માં ઇંદ્રભૂતિ ગૌતમે કુબેરે અર્પણ કરેલાં ધર્મોપકરણોનો, સંયમમાં ઉપકારક જાણીને, સ્વીકાર કર્યાનો નિર્દેશ છે.

## ૧૦. સ્નેહતંતુના તાણાવાણા

૧. આ કુળાભિમાનના ફળરૂપે પ્રભુના આત્માને દેવપણામાંથી છેલ્લા–મહાવીરના ભવમાં અવતરતાં બ્રાહ્મણ કુળમાં આવીને, પછી દેવે કરેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભપરાવર્તન દ્વારા, ક્ષત્રિય કુળમાં જન્મ લેવો પડ્યો હતો. કુળાભિમાનના પ્રસંગ માટે જુઓ "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર", પર્વ ૧૦, સર્ગ ૧, શ્લોક ૫૬-૫૯. ગર્ભપરાવર્તનના પ્રસંગ માટે જુઓ એ જ ગ્રંથ, સર્ગ ૨, શ્લોક ૧–૨૯.

૨. શ્રી શીલાંકાચાર્યવિરચિત "चउपन्नमहापुरिसचरियं" (પૃ. ૯૭ થી ૯૯)માં ભગવાન મહાવીરના મરીચિના ભવથી શરૂ કરી ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ સુધીના પૂર્વભવો જણાવેલ છે. એમાં ત્રિપૃષ્ઠ (મહાવીરનો જીવ)ના સારથિ (ગૌતમનો જીવ)ના ખુલાસા પછી સિંહે પ્રાણ કેમ છોડયા, એ જાતના સવાલના જવાબમાં ચાર જ્ઞાનના ધારક શ્રી ગુણચંદ્ર મુનિએ જે ખુલાસો આપ્યો તેમાં, ત્રિપૃષ્ઠ અને સિંહ સંબંધી વાત કહેવા ઉપરાંત, મરીચિના પ્રથમ શિષ્ય કપિલને લગતી હકીકત જે રીતે આપી છે, તે ઉપરથી કપિલનો જીવ જ સારથિરૂપે જન્મ્યો હોય એવો ધ્વનિ નીકળતો હોય એમ લાગે છે.

વળી, સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજકને ક્યારેક જણાવ્યું હતું કે "કપિલનો જીવ જ સારથિનો જીવ છે તેવી કર્ણોપકર્ણ અલ્પજ્ઞાત વૃદ્ધપરંપરા ચાલી આવે છે"—એ વાતને "चउपन्नमहापुरिसचरियं"માંની ઉપરોક્ત હકીકતથી સમર્થન મળે છે.

જુઓ, આ પુસ્તકનું ૧૬મું "સ્કંદક પરિવ્રાજક : પાંચ ભવની લેણાદેણી" નામે પ્રકરણ તથા ૨૧મું "ભગવાનનું આશ્વાસન" નામે પ્રકરણ.

૩. ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૧, શ્લોક ૧૫૨; તથા ૧૫૩ :

नृष्वेष सिंहः, पशुषु त्वं तु, तन्मारितोऽमुना ।
मुधाऽपमानं किं धत्से, न हीनेन हतोऽसि यत् ॥

૪. એ જ ગ્રંથ, પર્વ ૧૦, સર્ગ ૧, શ્લોક ૧૫૪ : सुधयेव तया वाचा प्रीतों मृत्वा स केसरी ।

૫. હે ગૌતમ! તું મારી સાથે ઘણા કાળ સુધી સ્નેહથી બંધાયેલ છે; હે ગૌતમ! તેં ઘણા લાંબા કાળથી મારી પ્રશંસા કરી છે; હે ગૌતમ! તારો મારી સાથે ઘણા લાંબા કાળથી પરિચય છે; હે ગૌતમ! તેં ઘણા લાંબા કાળથી મારી સેવા કરી છે; હે ગૌતમ! તું ઘણા લાંબા કાળથી મને અનુસર્યો છે; હે ગૌતમ! તું ઘણા લાંબા કાળથી મારી સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુકૂળપણે વર્ત્યો છે; હે ગૌતમ! તુરતના દેવભવમાં અને તુરતના મનુષ્ય-ભવમાં તારી સાથે મારો સંબંધ છે. વધારે તો શું? પણ મરણ પછી, શરીરનો નાશ થયા બાદ, અહીંથી ચ્યવી આપણે બન્ને સરખા, એક પ્રયોજનવાળા (એક સિદ્ધક્ષેત્રમાં રહેવાવાળા), તથા વિશેષતા અને ભેદરહિત (સિદ્ધ) થઈશું.

—શ્રી ભગવતીસાર, પૃ. ૨૪૯–૨૫૦.

## ૧૧. સાધના

૧. "ભગવાન મહાવીરના દશ ઉપાસકો" (આવૃત્તિ બીજી), પૃ. ૪૨.

૨. એ જ ગ્રંથ, પૃ. ૪૧; "ભગવતીસૂત્ર", શ ૦૨, ઉ૰ ૧; શ્રી દલસુખભાઈ માલવણિયાકૃત "ગણધરવાદ" પ્રસ્તાવના, પૃ. ૬૧.

## ૧૨. લબ્ધિતણા ભંડાર

૧. પં. શ્રી હરગોવિંદદાસ શેઠ સંપાદિત "पाइयसद्दमहण्णवो"માં આ શબ્દોના અર્થ આ પ્રમાણે આપ્યા છે—

ઋદ્ધિ—વૈભવ, ઐશ્વર્ય, સંપત્તિ, સામર્થ્ય.
સિદ્ધિ—અણિમા વગેરે યોગની શક્તિઓ.
લબ્ધિ—યોગ વગેરેથી પ્રાપ્ત થતી વિશિષ્ટ શક્તિઓ.

આમાં ઋદ્ધિ શબ્દ અને એના અર્થ સાથે કોઈ ગૂઢ કે અદ્ભુત રહસ્ય સંકળાયેલું નથી; પણ સિદ્ધિઓ અને લબ્ધિઓની શક્તિઓ યોગ-સાધના દ્વારા પ્રાપ્ત થતી વિશિષ્ટ, ગૂઢ અને ચમત્કારી શક્તિઓ હોવાથી એ અંગે જનસમુદાયમાં ભારે કુતૂહલ અને રહસ્ય પ્રવર્તે છે. સિદ્ધિ અને લબ્ધિ એ બન્ને યોગસાધનાના બળે પ્રાપ્ત થતી હોવાથી એ બે વચ્ચેની ભેદરેખા આંકવાનું કામ મુશ્કેલ છે; અને એ બન્નેથી ચમત્કારો સર્જાતા હોવાથી એ બન્નેમાં અદ્ભુતતાનું તત્ત્વ સમાન છે.

૨. યોગસાધનાના બળે પ્રાપ્ત થતી સિદ્ધિઓને મહાસિદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે અને તે નીચે મુજબ આઠ પ્રકારની છે—

૧. અણિમા—સોયના છિદ્ર જેટલી જગ્યામાંથી પણ પસાર થઈ શકવાની શક્તિ.

૨. મહિમા—પોતાનું રૂપ મેરુપર્વતથી પણ મોટું બનાવવાની શક્તિ.

૩. લઘિમા—પવનની લઘુતાને પણ વટાવી જાય તેવી લઘુત્વકરણ શક્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. ગરિમા—ઈંદ્રાદિ પણ સહન ન કરી શકે તેવી ગુરુત્વકરણ શક્તિ.

૫. પ્રાપ્તિ—મેરુ પર્વતની ટોચને પોતે સમતળ ભૂમિ પર રહીને આંગળીથી સ્પર્શ કરવાની શક્તિ.

૬. પ્રાકામ્ય—જમીન ઉપર ચાલતા હોય તે જ રીતે પાણી ઉપર ચાલવાની અને પાણીમાં તરતા હોય તેવી રીતે ભૂમિ ઉપર ચાલવાની શક્તિ.

૭. ઈશિત્વ—ચક્રવર્તી અને ઈંદ્રના જેવી પોતાની શોભા કરી શકવાની શક્તિ.

૮. વશિત્વ—ક્રૂર જીવો પણ જેમનાં દર્શનમાત્રથી શાંત થઈ જાય તેવી શક્તિ.

—શ્રી સોમપ્રભાચાર્યકૃત "કુમારપાળપ્રતિબોધ", પૃ૦ ૨૭૭.
(સં૦ મુનિ શ્રી જિનવિજયજી; પ્ર૦ ગાયકવાડઝ ઓરિયેન્ટલ સિરીઝ)

લબ્ધિઓ અઠ્ઠાવીસ પ્રકારની ગણાવવામાં આપી છે. શ્રી ધર્મવર્ધનકૃત "અઠ્ઠાવીસ લબ્ધિ સ્તવન"માં એનાં નામ આ પ્રમાણે આપવામાં આવ્યાં છે, અને એની સાક્ષીરૂપે શ્રી ભગવતીસૂત્ર, શ્રી પ્રશ્નવ્યાકરણ અને શ્રી પન્નવણાસૂત્રનાં નામ સૂચવ્યાં છે—

૧. આમોસહિ—શરીરના સ્પર્શમાત્રથી રોગ મટી જાય તે.
૨. વિપ્પોસહિ—મલ-મૂત્ર થકી સર્વ રોગ જાય તે.
૩. ખેલોસહિ—શ્લેષ્મ થકી સર્વ રોગ જાય તે.
૪. જલ્લોસહિ—શરીરના મેલથી સર્વ રોગ જાય તે.
૫. સવ્વોસહિ—કેશ, નખ, રોમ વગેરે સર્વ અંગથી સર્વ રોગ જાય તે.
૬. સંભિન્નશ્રોત—કોઈ પણ એક ઇંદ્રિયથી સાંભળી શકવાની શક્તિ.
૭. અવધિજ્ઞાની—રૂપી પદાર્થોને ઇંદ્રિયની સહાય વગર જાણવાની શક્તિ.
૮. મનઃપર્યવજ્ઞાની—ગર્ભજ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવાની શક્તિ.
૯. વિપુલમતિ—અઢી દ્વિપમાં વિશેષપણે મનોભાવ જાણવાની શક્તિ.
૧૦. ચારણલબ્ધિ—આકાશગામિની શક્તિ.
૧૧. આશિવિષ—જેવો શાપ આપે તેવું થાય.
૧૨. કેવલજ્ઞાની—ત્રણે કાળ અને ત્રણે લોકના સર્વ ભાવોને જાણવાની શક્તિ.
૧૩. ગણધરપદ—ગણધરનું પદ મળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. પૂર્વધર—પૂર્વધર બને (ચૌદ પૂર્વ ભણે).
૧૫. અરિહંતપદ—અરિહંત થાય.
૧૬. ચક્રવર્તિપદ—ચક્રવર્તિપણું પામે.
૧૭. બલદેવપદ—બળદેવરૂપે જન્મે.
૧૮. વાસુદેવપદ—વાસુદેવરૂપે જન્મે.
૧૯. અમૃતસ્રવ—ઘી-સાકર-ખીરના જેવી મધુર વાણીની શક્તિ.
૨૦. કોષ્ટબુદ્ધિ—ભણેલું ભૂલે નહીં તે કુષ્ટિક બુદ્ધિ.
૨૧. પદાનુસારિણી—એક પદ ભણતાં ઘણું આવડી જાય એવી શક્તિ.
૨૨. બીજબુદ્ધિ—એક પદ ભણીને ઘણો અર્થ જાણે એવી શક્તિ.
૨૩. તેજોલેશ્યા—બાળી નાખે, દાહ ઉપજાવે એવી શક્તિ.
૨૪. આહારક—સંદેહ ઊપજે ત્યારે એના નિવારણ માટે ભગવાન પાસે પહોંચી શકાય એવું શરીર રચનાની શક્તિ.
૨૫. શીતલેશ્યા—શીતલ કરે (તેજોલેશ્યાને ઠારે) એવી શક્તિ.
૨૬. વૈક્રિય—નાનાં-મોટાં રૂપ ધારણ કરવાની શક્તિ.
૨૭. અક્ષીણમહાનસી—પોતાના (અલ્પ) આહારે લાખ માણસને જમાડે એવી શક્તિ. (અષ્ટાપદની યાત્રા વખતે ગૌતમસ્વામીએ થોડીક ખીરથી ૧૫૦૩ તાપસોને પારણું કરાવ્યું હતું, તે આ લબ્ધિના પ્રતાપે.)
૨૮. પુલાક—સંઘ વગેરેના ભલા માટે ચક્રવર્તીના સૈન્યને ચૂરચૂર કરવાની શક્તિ.

૩. આ છંદ જૈન સંઘમાં ખૂબ પ્રચલિત છે; અને નિત્યપાઠ કરવાની ધર્મકૃતિઓમાં આ છંદને પણ ગણવામાં આવે છે. આ છંદની કુલ નવ કડીઓ છે, એમાંની શરૂઆતની ચાર કડીઓ અહીં આપી છે.

## ૧૩. મહાલબ્ધિનું વરદાન

૧. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન.

૨. मंतं तंतं न जुंजिज्जा ।

(આ પંક્તિનું સ્થાન હું મેળવી શક્યો નથી.)

તથા જુઓ, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ૦ ૧૫, ગાથા ૮; અ૦ ૩૬, ગાથા ૨૬૪; અને શ્રી દશવૈકાલિકસૂત્ર, અ૦ ૮, ગાથા ૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪. આદર્શ શિષ્ય, આદર્શ ગુરુ

૧. શ્રી દલસુખભાઈ માલવણિયાકૃત "ગણધરવાદ", પ્રસ્તાવના, પૃ૦ ૬૧.
૨. "શ્રી ભગવતીસાર", પૃ. ૨૫૦.
૩. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર", પર્વ ૧૦, સર્ગ ૫, શ્લોક ૧૮૪-૧૮૫.
૪. गुरोस्तु मौनमाख्यानं शिष्याः संच्छिन्नसंशयाः ।

—શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર.

આ ઉક્તિમાં આ ભાવ બરાબર વ્યક્ત થાય છે.

## ૧૫. અજ્ઞાત સત્ય

૧. ભગવાન મહાવીરના ચ્યવન કલ્યાણક (સ્વર્ગલોકમાંથી તેઓ મર્ત્યલોકમાં અવતાર લેવા માતાની કુક્ષીમાં આવ્યા તે પ્રસંગ) અંગે એવી કથા પ્રચલિત છે કે એમણે ભગવાન ઋષભદેવના પ્રથમ પુત્ર ચક્રવર્તી ભરતના પુત્ર મરીચિના ભવમાં કુળમદ કરેલો, તેથી નીચ ગોત્રમાં અવતરવું પડે એવું કર્મ બાંધેલું. તેથી, છેલ્લા ભવમાં એ કર્મ ઉદયમાં આવતાં, એમને પહેલાં વૈશાલી નગરીના પરા બ્રાહ્મણકુંડપુરમાં વસતા વિપ્ર ઋષભદત્તની પત્ની દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં અવતરવું પડ્યું; પણ પછી તીર્થંકરો તો ક્ષત્રિયકુળમાં જ જન્મ ધારણ કરે એવો વિચાર કરી સૌધર્મ ઇન્દ્રે, હરિણૈગમેષી નામના દેવની સહાયથી, ૮૨ દિવસ પછી, એ ગર્ભ વૈશાલીના બીજા પરા ક્ષત્રિયકુંડપુરના રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાદેવીની કુક્ષીમાં મુકાવ્યો અને ત્રિશલાદેવીની કુક્ષિમાંથી પુત્રીના ગર્ભને દેવાનંદાના ગર્ભમાં મુકાવ્યો. આ પછી દુનિયા તો મહાવીરને ત્રિશલા રાણીના પુત્ર તરીકે જ ઓળખતી રહી અને દેવાનંદાની હકીકત સાવ અજ્ઞાત રહી. એ અજ્ઞાત સત્ય ભગવાન મહાવીરે આ પ્રસંગે પ્રગટ કર્યું.

દેવાનંદાને પોતાના ગર્ભમાંથી આવા ઉત્તમ પુત્રને ગુમાવવાનો વખત આવ્યો તે પણ પૂર્વભવના એક દુષ્કર્મના ઉદયને લીધે. કોઈક પૂર્વભવમાં દેવાનંદા અને ત્રિશાલાના જીવો જેઠાણી-દેરાણી હતા ત્યારે દેવાનંદાના જીવે ત્રિશાલાના જીવનો રત્નનો દાબડો ચોરી લીધો હતો. એ દોષના વિપાકને લીધે એને ઉત્તમ રત્ન જેવો પુત્ર ગુમાવવાનો વખત આવ્યો.

—શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલ સંપાદિત
"મહાવીરસ્વામીનો આચારધર્મ," પૃ. ૧૬૮;
"શ્રી ભગવતીસાર," પૃ. ૨૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. જુઓ, શ્રી ગોપાલદાસ પટેલ સંપાદિત "શ્રી ભગવતીસાર", પૃ. ૨૬૦–૨૬૧ તથા "શ્રી મહાવીરકથા", પૃ. ૮૮–૮૯.

## ૧૬. સ્કંદક પરિવ્રાજક: પાંચ ભવની લેણાદેણી

૧. "માગધ" શબ્દ મગધના લોકો (અંગ, બંગ, કલિંગ અને સૌરાષ્ટ્રના લોકોની જેમ), એ જુદા જુદા વર્ણોના સંકરથી પેદા થયેલા, અને ભાટચારણોની જેમ ખુશામત કરનારા હોવાથી, હલકી કોટીના ગણાય છે. એટલા માટે "માગધ" સંબોધન તિરસ્કારસૂચક લેખાય છે.

૨. શ્રી ભગવતીસાર, પૃ. ૧૭૩.

"दच्छसि णं गोयमा ! पुव्वसंगत्तियं ।

—શ્રી ભગવતીસૂત્ર, પૃ. ૧૧૩; ટીકા પૃ. ૧૧૬.

પણ ભગવાનના આ કથનનો વિશેષ ખુલાસો ક્યાંય મળતો નથી.

૩. પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી ગણિકૃત "श्रमण भगवान् महावीर", પૃ. ૧૧૪.

૪. આ પ્રકરણમાં ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજક પાંચ પાંચ પૂર્વજન્મથી એકબીજા સાથે સંકળાયેલા હતા, એની જે પાંચ કથાઓ આપવામાં આવી છે તે, વિક્રમના ઓગણીસમા સૈકામાં રચાયેલ–લખાયેલ એક હસ્તલિખિત ગ્રંથમાં આપેલ હકીકતના આધારે લખવામાં આવી છે.

આ હસ્તપ્રત ચાણસ્મા ગામના "શ્રી નિત્ય-વિનય-જીવન-મણિ-વિજયજી જૈન પુસ્તકાલય"ની છે. એનો નંબર ૧૬૩ છે; એનું નામ "શ્રીદેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સંબંધ" એવું નોંધવામાં આવ્યું છે; પણ એમાં આ પ્રમાણે ત્રણ સંબંધો આપવામાં આવ્યા છે: (૧) શ્રી કેસીકુમાર શ્રમણ સંબંધ, (૨) શ્રી પૂર્વભવ સંગતિક સંબંધ અને (૩) શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સંબંધ.

આ પ્રતનાં ૧૩ પાનાં છે. અને તેમાં ૬બ થી ૧૧અ સુધીનાં પાનાંમાં ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજકના પાંચ પૂર્વભવોની કથાઓ આપવામાં આવી છે. આ સંબંધની શરૂઆત કથાકાર આ પ્રમાણે કરે છે: "अत्र श्री महावीरस्वामीना श्री गौतमस्वामीना प्रत्यूक्तं स्कंदक तव पूर्वसंगतस्तत्र किंचीत् विवच्यते ।"

આ ગ્રંથમાં ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજકના પાંચ પૂર્વજન્મની જે કથાઓ આપવામાં આવી છે, તે શાને આધારે લખવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી હશે, તેનું મૂળ ક્યાં હશે, એ બાબત, સ્વર્ગસ્થ પૂજ્યપાદ આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને, અન્ય સાધુ-મુનિરાજોને તથા જૈન સાહિત્ય અને આગમસૂત્રોના અભ્યાસી વિદ્વાનોને પૂછવા છતાં, કશી માહિતી મળી શકી નથી. તેથી સહેજે જિજ્ઞાસા અને કુતૂહલ થાય છે કે શું કથાકારે આ કથાઓ કોઈ પણ જાતના આધાર વગર જ લખી હશે? આવું બન્યું હોય, અર્થાત્ કથાકારે આ પાંચ કથાઓ કશા પણ આધાર વગર લખી હોય, એમ માનવા પણ મન ના કહે છે; અને છતાં આનો આધાર શોધવો બાકી રહે છે, એ પણ હકીકત છે. કોઈના જાણવામાં આ આધાર આવે તો મને એની જાણ કરવા કૃપા કરે.

ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજક વચ્ચેના પાંચ પૂર્વભવોનું વર્ણન કરતી આ પાંચ કથાઓનો સાર, પૂજ્ય મુનિરાજ શ્રી અભયસાગરજી ગણિ તરફથી "શ્રી મહાવીર શાસન" માસિકના તા. ૧–૭–૧૯૭૧ના અંકમાં અને "સુઘોષા" માસિકના ફેબ્રુઆરી ૧૯૭૨ના અંકમાં "શ્રી ગૌતમસ્વામીના પૂર્વના પાંચ ભવો" એ નામથી પ્રગટ થયો છે.

મને આ કૃતિની હસ્તપ્રત પૂજ્ય મુનિવર્ય શ્રી અભયસાગરજી ગણિ મારફત મળી છે. આ કૃતિની ભાષા સંસ્કૃત છે, પણ તે અશુદ્ધ છે, તે ઉપર આપેલ ટૂંકા ઉદ્ધરણથી પણ જાણી શકાય છે. પુસ્તકને અંતે આપવામાં આવેલી પ્રશસ્તિ આ પ્રમાણે છે— "संवत् १८८९ मार्गसीर्षे शुक्लत्रयोदस्यां श्री आद्रीयाणाग्रामे चातुर्मासं संस्थीते पं० तलसीरत्नजी मु० लाभरत्नेन लषीतं श्रआत्मार्थे परोपगाराय: ।

આ મુનિવરે આ ગ્રંથની રચના પણ કરી હશે અને લખ્યો પણ એમણે જ હશે કે માત્ર કોઈ બીજી પ્રત ઉપરથી નકલ જ કરી હશે, એવી શંકા આ પ્રશસ્તિમાં આપેલ "लषीतं" શબ્દથી થાય એ સ્વાભાવિક છે. પણ આ કૃતિની બીજી નકલ કે આમાં આપેલ કથાનું મૂળ હજી સુધી ક્યાંયથી મળ્યાં નથી તેથી એમ જરૂર કહી શકાય કે આ કૃતિની રચના આ મુનિવરે જ કરી હોવી જોઈએ. આ મુનિવરો કયા સંઘ કે ગચ્છના હશે, એની પણ જિજ્ઞાસા રહે છે. એક મુનિવરના નામની આગળ "पं" અને બીજાના નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગળ "મુ૦" નોંધેલ હોવાથી તેઓ કોઈ યતિ સંપ્રદાયના નહીં હોય એમ પણ લાગે છે.

આ કૃતિ અર્વાચીન (માત્ર ૧૪૨ વર્ષ જેટલી જૂની) અને અશુદ્ધ હોવા છતાં એમાં ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજકના પાંચ પૂર્વભવોની, બીજે ક્યાંય નહીં મળતી, કથાઓ સંઘરાયેલી હોવાથી એ મહત્ત્વની અને અમુક પ્રમાણમાં મૌલિક કહી શકાય એવી છે.

૫. (પૃ. ૭૪) હસ્તપ્રતમાં આ સ્થાને શ્રાવકનું નામ "સુધર્મા" આપ્યું છે, અને આગળ ઉપર બધે સ્થાને "સુભદ્ર" આપ્યું છે; પણ આ પુસ્તકમાં બધે "સુધર્મા" જ રાખ્યું છે.

૫. (પૃ. ૮૦) છેલ્લા પૂર્વભવમાં ભગવાન મહાવીરનો જીવ પ્રાણત નામના દસમા દેવલોકમાં દેવ હતો, અને ગૌતમસ્વામી (તથા એમના બે મિત્રો)-નો જીવ છેલ્લા પૂર્વભવમાં, અહીં સૂચવ્યા પ્રમાણે, (સહસ્રાર નામના) આઠમા દેવલોકમાં હતો. આમ છતાં ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને આશ્વાસન આપતાં "હે ગૌતમ! તુરતના દેવભવમાં અને તુરતના મનુષ્યભવમાં તારી સાથે મારો સંબંધ છે" ("શ્રી ભગવતીસાર," પૃ. ૨૪૯) એમ કહ્યું હતું, એનો અર્થ શું હોઈ શકે? આનો ખુલાસો એમ સમજવો કે બંનેના જીવો છેલ્લા પૂર્વભવમાં, ભલે જુદા જુદા દેવલોકમાં જન્મવા છતાં, વૈમાનિક દેવરૂપે જ જન્મ્યા હતા.

૬. જુઓ, આ જ પ્રકરણની બીજી પાદનોંધ.

વળી, જેમાં ગૌતમસ્વામી અને સ્કંદક પરિવ્રાજકના પાંચ પૂર્વભવોની કથાઓ આપવામાં આવી છે, તે ઉપર સૂચવેલ હસ્તલિખિત પુસ્તકમાં આ કથાઓની શરૂઆતમાં જે એમ સૂચવવામાં આવ્યું છે કે "શ્રી મહાવીરસ્વામીના શ્રીગૌતમસ્વામીના પ્રત્યૂક્તં સ્કંદક તવ પૂર્વસંગતઃ" તેના ઉપરથી ભગવાનના આ કથનનો ભાવ વધારે સ્પષ્ટ થાય છે.

૭. બાલમરણના બાર ભેદ આ પ્રમાણે છે—(૧) વલન્મરણ (તરફડિયાં ખાતાં મરવું); (૨) વશાર્તમરણ (પરાધીનતાપૂર્વક રિબાઈને મરવું); (૩) અંતઃશલ્યમરણ (શરીરમાં શસ્ત્રાદિ પેસી જવાથી મરવું); (૪) તદ્ભવમરણ (જે ગતિમાં મર્યા હોય તે જ ગતિમાં પાછું જન્મવું); (૫) પહાડથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડીને મરવું; (૬) ઝાડથી પડીને મરવું; (૭) પાણીમાં ડૂબીને મરવું; (૮) અગ્નિમાં પેસીને મરવું; (૯) ઝેર ખાઈને મરવું; (૧૦) શસ્ત્ર વડે વડે મરવું; (૧૧) ઝાડ વગેરે સાથે ફાંસો ખાઈને મરવું; અને (૧૨) ગીધ વગેરે શરીરને ફાડી ખાય એ રીતે મરવું (" શ્રી ભગવતીસાર," પૃ. ૧૭૬).

૮. મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચગતિ અને નરકગતિ.

૯. પંડિત મરણના બે પ્રકાર આ પ્રમાણે છે—(૧) પાદપોપગમન (ઝાડની પેઠે સ્થિર રહીને આહારત્યાગપૂર્વક મરવું) અને ભક્તપ્રત્યાખ્યાન (હાલવાચાલવાની છૂટ સાથે ખાનપાનના ત્યાગપૂર્વક મરવું) ("શ્રીભગવતીસાર", પૃ. ૧૭૬).

## ૧૭. બે સંતોનું મિલન

૧. પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવના મુનિઓ સ્વભાવે ઋજુ અને જડ હતા અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરના મુનિઓ સ્વભાવે વક્ર અને જડ હતા. એટલે તેઓ આચારનો માર્ગ સ્પષ્ટપણે સમજી અને સારી રીતે પાળી શકે એટલા માટે એમને (૧) પ્રાણાતિપાતવિરમણ (અહિંસા), (૨) મૃષાવાદવિરમણ (સત્ય), (૩) અદત્તાદાનવિરમણ (અસ્તેય), (૪) મૈથુનવિરમણ (બ્રહ્મચર્ય) અને (૫) પરિગ્રહપરિમાણ (અપરિગ્રહ કે ત્યાગ) એ પાંચ મહાવ્રતોનું પાલન કરવાનું તથા રોજેરોજ–સવારસાંજ બન્ને વેળાએ–પ્રતિક્રમણ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. અને વચ્ચેના–૨થી ૨૩ સુધીના–બાવીસ તીર્થંકરોના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી એમને માટે ચોથા મૈથુનવિરમણ મહાવ્રતનો પાંચમા પરિગ્રહપરિમાણ મહાવ્રતમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પરિગ્રહપરિમાણ મહાવ્રત ત્યારે "બહિદ્ધાદાણાઓ વેરમણં" નામે ઓળખાતું હતું; અને આ બાવીસ તીર્થંકરના સાધુઓ માટે પ્રતિક્રમણ કરવાની જરૂર લેખવામાં નહોતી આવી.

૨. ગૌતમસ્વામી અને કેશીકુમાર શ્રમણ વચ્ચેનો આ વિસ્તૃત અને વિવિધવિષયસ્પર્શી અને સમાધાનકારી વાર્તાલાપ " શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર "ના ત્રેવીશમા અધ્યયનમાં સચવાઈ રહ્યો છે. આ પ્રકરણ એને આધારે જ લખવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૦. વળી પાછી નિરાશા?

૧. કર્મ એ જડ એટલે પૌદ્‌ગલિક દ્રવ્ય છે; અને એ જીવની મુક્તિને રોકી રાખીને એને સંસારમાં ભ્રમણ કરાવે છે. આ કર્મના મુખ્ય બે ભાગ છે: ઘાતી અને અઘાતી. જે કર્મ આત્માના મૂળ ગુણનો ઘાત કરે, આત્માના અસલ સ્વરૂપને રૂંધી રાખે તે ઘાતી. અને જે, આત્માના મૂળ સ્વરૂપને પ્રગટ થતું રોકી ન રાખવા છતાં, જીવને અમુક સમય માટે સંસારમાં રોકી રાખે તે અઘાતી કર્મ. ઘાતી કર્મ ચાર પ્રકારનાં છે: (૧) જ્ઞાનાવરણીય; (૨) દર્શનાવરણીય; (૩) મોહનીય, અને (૪) અંતરાય. ઘાતી કર્મનો નાશ થાય એટલે કેવળજ્ઞાન–સર્વજ્ઞપણું પ્રગટે છે. અને પછી અઘાતી કર્મનો નાશ, આયુષ્ય પૂરું થતાં, નિશ્ચિત રૂપે થાય જ છે. એટલા માટે જ ગૌતમસ્વામી ઘાતી કર્મના નાશને ઝંખતા હતા.

૨. શ્રી નયવિજયજી વિરચિત શ્રી સંભવનાથ જિનના સ્તવનની પાંચમી કડીની પહેલી લીંટીનો ભાવ અહીં લખ્યો છે. એ મૂળ લીંટી આ પ્રમાણે છે: "જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે."

૩. ગૌતમસ્વામીની મોક્ષ માટેની ઝંખના મોહ ગણાઈ જાય એટલી ઉત્કટ હતી અને તેથી ભગવાન મહાવીરને એમને એમના મોક્ષના અવશ્યંભાવીપણા માટે ખાતરી અને સાંત્વન આપવાં પડયાં હતાં. વળી, ગૌતમસ્વામીને ભગવાન મહાવીર ઉપર પણ ખૂબ ગાઢ અનુરાગ હતો. આ ઉપરથી ક્યારેક તો એવો જ પ્રશ્ન થઈ આવે કે ગૌતમસ્વામીની મોક્ષ માટેથી તીવ્ર ઝંખના એમના કેવળજ્ઞાનને રોકી રહી હતી કે ભગવાન તરફનો આવો દૃઢ અનુરાગ એને રોકી રહ્યો હતો? આ માટે જાણે બન્નેનો સમાન હિસ્સો હોય એમ લાગે, પણ છેવટે આપણાં શાસ્ત્રોમાં ભગવાન તરફના અનુરાગને જ આમ થવામાં મુખ્ય કારણરૂપ જણાવેલ છે.

આ હકીકત તરફ નિર્દેશ કરતાં "શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર" ઉપરની શ્રી શાન્ત્યાચાર્યની ટીકામાં "ततः प्रभूतमोहनीयाच्छादिततया न ते ज्ञानोत्पत्तिरित्यभिप्रायः" એમ કહેવામાં આવ્યું. અર્થાત્ ભગવાન ઉપરના ઘણા મોહને લીધે ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન રોકાઈ રહ્યું હતું.

આ ઉપરથી સમજવાનું એ છે કે પ્રશસ્ત કહી શકાય એવા કષાયનો અંશ પણ છેવટે તો આત્માને માટે હાનિકર્તા જ નીવડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. ખૂબ પ્રચલિત એવી આ પંક્તિનું સ્થાન હું શોધી શક્યો નથી.
૫. "શ્રી ઉત્તરાધ્યયનનિર્યુક્તિ," ગાથા ૨૮૬ થી ૨૯૧.
"ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર," પર્વ ૧૦, સર્ગ ૯, શ્લોક ૧૮૧.
૬. भगवं च गोयमे जंघाचारणलद्धीए लूयातंतुपुडगंपि णीसाए उप्पयति।
—"શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર," શ્રી શાન્ત્યાચાર્યકૃત ટીકા, પૃ. ૩૨૫ બ.
૭. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર," પર્વ ૧૦, સર્ગ ૯, શ્લોક ૨૪૨.
૮. એ જ ગ્રંથ, શ્લોક ૨૪૩.
૯. એ જ ગ્રંથ, શ્લોક ૨૪૪.
૧૦, ૧૧, ૧૨. એ જ ગ્રંથ, શ્લોક ૨૪૬ થી ૨૫૦.
૧૩. એ જ ગ્રંથ, શ્લોક ૨૫૫.

## ૨૧. ભગવાનનું આશ્વાસન

૧,૨. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર", પર્વ ૧૦, સર્ગ ૯, શ્લોક ૨૫૮. ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને, પોતે અને ગૌતમ આ ભવને અંતે એક જ સ્થાનમાં–મોક્ષમાં જવાના છે એવી ખાતરી આપવા છતાં ગૌતમસ્વામીને પોતાને કેવળજ્ઞાન ઊપજશે કે નહીં એ બાબતમાં ક્યારેક ક્યારેક જે સંદેહ થઈ આવતો હતો, એને માટે "શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર"ની નેમિચંદ્રીય ટીકામાં "तत्थ गोयमसामिस्स सम्मत्तमोहणीयकम्मोदयवसेण चिंता जाया—'मा णं न सिज्झिस्सामि' त्ति।" (પત્ર ૧૫૪ બ) એવા શબ્દોનો ઉપયોગ કરીને ગૌતમસ્વામીને સમ્યક્ત્વમોહનીય કર્મનો ઉદય હોવાનું કહેવામાં આવ્યું છે.
૩. એ જ ગ્રંથ, શ્લોક ૨૫૯.
૪. છેલ્લા પૂર્વભવમાં મહાવીરસ્વામીનો જીવ દસમા દેવલોકમાં હતો અને ગૌતમસ્વામીનો જીવ આઠમા દેવલોકમાં હતો.
૫. "શ્રી ભગવતીસાર", પૃ. ૨૪૯–૨૫૦.
૬. "શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર"નું દશમું અધ્યયન "દ્રુમપત્રક" નામનું છે. એમાં જેમ ઝાડના પાકા પીળા પાંદડાને ખરી પડતાં વાર નથી લાગતી, તે જ રીતે માનવીનું જીવન ક્યારે સંકેલાઈ જાય, એ નક્કી નથી, માટે માનવીએ પળમાત્ર જેટલો પણ પ્રમાદ ન સેવવો (ગાથા ૧), એ પ્રમાણે ભગવાન મહાવીરે ગૌતમને ઉપદેશ આપ્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દસમા અધ્યયનની ૩૭ ગાથાઓમાંથી થોડીક ગાથાઓ, એના અર્થ સાથે, અહીં આપવામાં આવે છે—

**कुसग्गे जह ओसबिंदुए थोवं चिट्ठइ लंबमाणए।**
**एवं मणुयाण जीवियं समयं गोयम! मा पमायए ॥२॥**

દર્ભના અગ્રભાગ ઉપર પડેલું ઝાકળનું બિંદુ જેમ થોડી જ વાર રહી શકે છે, તેમ મનુષ્યોના જીવનનું પણ સમજવું. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨.

**एवं भवसंसारे संसरइ सुभासुभेहिं कम्मेहिं।**
**जीवो पमायबहुलो समयं गोयम! मा पमायए ॥१५॥**

શુભાશુભ કર્મોને કારણે, પ્રમાદબહુલ (બહુ પ્રમાદમાં પડેલો) જીવ આ પ્રમાણે આ ભવરૂપી સંસારચક્રમાં ભમે છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૫.

**धम्मं पि हु सद्दहंतया दुल्लभया काएण फासया।**
**इह कामगुणेसु मुच्छिया समयं गोयम! मा पमायए ॥२०॥**

ધર્મમાં શ્રદ્ધા કરવા છતાં તેને કાયાથી સ્પર્શ કરવો—અર્થાત્ ધર્માચરણ કરવું—દુર્લભ છે, કેમ કે આ જગતના જીવો કામભોગોથી મોહિત થયેલા છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૦

**परिजूरइ ते सरीरयं केसा पंडुरया भवंति ते।**
**से सोयबले य हायई समयं गोयम! मा पमायए ॥२१॥**

તારું શરીર ક્ષીણ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને કાનનું બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૧

આ જ રીતે ૨૨ થી ૨૫ સુધીની પાંચ ગાથાઓમાં ચક્ષુનું, નાસિકાનું, જીભનું અને સ્પર્શેન્દ્રિયનું—એમ બાકીની ચારે ઇંદ્રિયોનું—બળ ક્ષીણ થવાનું જણાવ્યું છે.

**वोच्छिंद सिणेहमप्पणो कुमुयं सारइयं व पाणियं।**
**से सव्वसिणेहवज्जिए समयं गोयम! मा पमायए ॥२८॥**

શરદ ઋતુનું કુમુદ જેમ પાણીને દૂર કરે છે તેમ, તું તારી આસક્તિને દૂર કર. એમ સર્વ પ્રકારની આસક્તિથી અલગ થઈને, હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवउज्झिय मित्त-बंधवं विउलं चेव धणोहसंचयं ।**
**मा तं बितियं गवेसए समयं गोयम ! मा पमायए ॥३०॥**

મિત્રો, સંબંધીઓ અને વિપુલ ધનનો ત્યાગ કર્યા પછી હવે બીજી વાર એ વસ્તુઓની શોધ કરીશ નહીં. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૦

**तिण्णो हु सि अन्नवं महं किं चिट्ठसि तीरमागओ ? ।**
**अभितुर पारं गमित्तए समयं गोयम ! मा पमायए ॥३४॥**

મહાસાગરને તરી ગયા પછી હવે કાંઠા આગળ આવીને કેમ ઊભો રહ્યો છે? આ પાર આવી જવા માટે ત્વરા કર. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૪

અહીં આપવામાં આવેલ ગાથાઓનો અનુવાદ ડૉ. શ્રી ભોગીલાલભાઈ સાંડેસરાએ અનુવાદિત કરેલ ઉત્તરાધ્યયનસૂત્રમાંથી સાભાર લીધો છે. (પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ).

જેનો ભાવ આ નોંધની શરૂઆતમાં આપ્યો છે, તે આ અધ્યયનની પહેલી ગાથા આ પ્રમાણે છે—

**दुमपत्तए पंडुयए जहा निवडइ राइगणाण अच्चए ।**
**एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ॥१॥**

## ૨૨. સાચું મુનિપણું

૧. આ પ્રસંગ, ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપર ચોવીસ તીર્થંકરોની પ્રતિમાને વંદન કર્યા પછી ત્યાં દેવો, અસુરો અને વિદ્યાધરોને ધર્મદેશના આપી ત્યારે બનેલો છે, એટલે એને ગૌતમસ્વામીની અષ્ટાપદની યાત્રાના પ્રસંગ સાથે (૨૦મા પ્રકરણમાં) જ આપવો જોઈએ. પણ આમાં ગૌતમસ્વામીએ સાચું મુનિપણું શું કહેવાય એ સમજાવવા માટે એક કથા કહેલ હોવાથી, એને આ સ્વતંત્ર પ્રકરણરૂપે આપ્યો છે.

૨. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર", પર્વ ૧૦, સર્ગ ૯, શ્લોક ૧૯૮–૧૯૯.

૩. એ જ ગ્રંથ, શ્લોક ૨૦૦.

૪. એ જ ગ્રંથ, શ્લોક ૨૩૨ થી ૨૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩. સાચા પશ્ચાત્તાપનો આનંદ

૧. પં. શ્રી બેચરદાસજી અનુવાદિત "ભગવાન મહાવીરના દશ ઉપાસકો" (બીજી આવૃત્તિ), પૃ૦ ૮–૯ની પાદનોંધો.

આ પ્રકરણમાં વર્ણવેલો આખો પ્રસંગ, ઉપર સૂચિત પુસ્તકને આધારે જ આલેખ્યો છે.

## ૨૪. કેટલાક પ્રસંગો

૧. આ પ્રસંગ "શ્રી ભગવતીસાર" પૃ. ૬૮૨; "श्रमण भगवान् महावीर," પૃ. ૯૧; તથા "શ્રી મહાવીર-કથા" પૃ. ૩૧૫ માં આપેલ હકીકતને આધારે આલેખ્યો છે.

૨. શ્રી ગોપાલદાસ પટેલ સંપાદિત "પાપ, પુણ્ય અને સંયમ" (વિપાક, અંતકૃદ્દશા અને અનુત્તરૌપપાતિકદશાનો છાયાનુવાદ), પૃ૦ ૧૦૪ તથા "શ્રી મહાવીર-કથા" પૃ૦ ૩૪૨.

૩. "ભગવાન મહાવીરના દશ ઉપાસકો" (બીજી આવૃત્તિ), પૃ૦ ૧૦૪; તથા "શ્રી મહાવીર-કથા", પૃ૦ ૩૫૧.

૪. "શ્રી ભગવતીસાર" પૃ૦ ૭; "श्रमण भगवान् महावीर" પૃ૦ ૧૧૯; તથા "શ્રી મહાવીર-કથા" પૃ૦ ૩૬૧.

૫. "શ્રી ઔપપાતિકસૂત્ર", પત્ર ૯૪ અ થી; સૂત્ર નં. ૩૯ થી; "श्रमण भगवान् महावीर", પૃ. ૧૬૧; અને "શ્રી મહાવીર-કથા", પૃ. ૩૯૭.

૬. "શ્રી ભગવતીસાર", પૃ૦ ૫૯૫; "श्रमण भगवान् महावीर", પૃ૦ ૧૬૯; "શ્રી મહાવીર-કથા", પૃ૦ ૪૦૪.

અહીં જણાવેલ ત્રણ તત્ત્વજિજ્ઞાસુ મહાનુભાવો ઉપરાંત બીજાનાં નામ આ પ્રમાણે છે: ઉદય, નામોદય, નર્મોદય, અન્યપાલક, શૈલપાલક, શંખપાલક અને સુહસ્તી ગૃહપતિ ("શ્રી ભગવતીસાર", પૃ૦ ૫૯૫).

૭. જ્યારે કાલોદાયી ભગવાન મહાવીરને રાજગૃહમાં મળ્યા ત્યારે એમની અને ભગવાન વચ્ચે નીચે મુજબ સવાલ–જવાબ થયા હતા—

કાલોદાયી—હે ભગવન્! એ અરૂપી અજીવકાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં બેસવા-સૂવા-આળોટવાને કોઈ શક્તિમાન છે?

મહાવીર—ના; પરંતુ હે કાલોદાયી! એક રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં બેસવા-સૂવા-આળોટવાને કોઈ પણ શક્તિમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાલોદાયી—હે ભગવન્! એ રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયને જીવોમાં અશુભ ફલસહિત પાપકર્મો લાગે ?

મહાવીર—ના કાલોદાયિ! પરંતુ અરૂપી જીવકાયને ફલસહિત કર્મો લાગે.

("શ્રી ભગવતીસાર", પૃ૦ ૫૯૭).

૮. "મહાવીરસ્વામીનો સંયમધર્મ" (શ્રી સૂત્રકૃતાંગનો છાયાનુવાદ; સં૦ શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલ), પૃ. ૨૩૨; "श्रमण भगवान् महावीर", પૃ. ૧૭૪; તથા "શ્રી મહાવીર-કથા", પૃ૦ ૪૦૮.

૯. ઉદક પેઢાલપુત્ર અને ગૌતમસ્વામી વચ્ચે શ્રાવકોના અહિંસાવ્રતના (રાજા વગેરેની બળજબરીથી કરવી પડતી ત્રસ જીવોની હિંસા-વિરાધનાને બાદ કરતાં ત્રસ જીવોની હિંસા નહીં કરવાની પ્રતિજ્ઞાના) સંબંધમાં જે વાર્તાલાપ થયો તે આ બાબતમાં ઝીણવટમાં ઊતરવાની જિજ્ઞાસાવાળાએ ખાસ વાંચવા જેવો છે. આ વાર્તાલાપ, ઉપર પાદનોંધ ૮ માં સૂચવેલ ત્રણે પુસ્તકોમાં આપેલ છે.

આ વાર્તાલાપમાંનો ગૌતમસ્વામીના કથનનો નીચે રજૂ કરેલ થોડોક અંશ વાંચવાથી પણ ગૌતમસ્વામીની સમજાવવાની સરળ અને ઉમદા પદ્ધતિનો ખ્યાલ આવી શકશે—

"પછી ભગવાન ગૌતમે પોતાના મંતવ્યનું ઉદાહરણ આપતાં કહ્યું કે, કેટલાક મનુષ્યો એવો નિયમ લે કે, 'જેમણે મુંડ થઈને ઘરબાર છોડી પ્રવ્રજ્યા લીધી હશે, તેમની અમે મરતાં સુધી હિંસા નહીં કરીએ.' તેમણે ગૃહસ્થીઓની હિંસા ન કરવાનો નિયમ લીધો નથી. હવે ધારો કે કોઈ શ્રમણ પ્રવ્રજ્યા લીધા બાદ ચાર, પાંચ કે વધુ વરસ ચારે બાજુ રખડી થાકીને પાછો ગૃહસ્થી થાય. હવે ઉપરનો નિયમ લેનારો માણસ તે ગૃહસ્થ થયેલા શ્રમણને મારી નાખે, તો તેનો શ્રમણને ના મારવાનો નિયમ તૂટ્યો કહેવાય ? નહિ જ. તે જ પ્રમાણે જેણે માત્ર જંગમ પ્રાણોની હિંસા છોડી દીધી હોય તે આ જન્મમાં સ્થાવર બનેલા પ્રાણોની હિંસા કરે, તો તેથી તેના નિયમનો ભંગ ન જ થાય."

("મહાવીરસ્વામીનો સંયમધર્મ," પૃ૦ ૨૩૫.)

૧૦. "श्रमण भगवान् महावीर," પૃ૦ ૧૯૪; તથા "શ્રી મહાવીર-કથા", પૃ૦ ૪૧૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. "પાપ, પુણ્ય અને સંયમ", પૃ૦ ૧૬૩; તથા "શ્રી મહાવીર-કથા", પૃ૦ ૪૨૭.

૧૨. "શ્રી ભગવતીસૂત્ર", શ૦ ૫, ઉ૦ ૪, પત્ર ૨૨૦.

૧૩. "શ્રી મહાવીર-કથા", પૃ૦ ૪૨૯; તથા "શ્રી રાજપ્રશ્નીય સૂત્ર".

૧૪. "શ્રી રાજપ્રશ્નીય સૂત્ર", સૂત્ર ૪૭; પત્ર ૧૧૩ બ.

૧૫. આ ગુફાનું નામ सत्तपण्णि–સપ્તપર્ણી છે.

૧૬. વિચ્છેદ પામેલ બારમા અંગસૂત્ર 'દૃષ્ટિવાદ' સિવાયનાં અગિયાર અંગસૂત્રોનાં નામ આ પ્રમાણે છે: (૧) આયારંગ (આચારાંગસૂત્ર), (૨) સૂયગડાંગ (સૂત્રકૃતાંગસૂત્ર), (૩) ઠાણાંગ (સ્થાનાંગસૂત્ર), (૪) સમવાયાંગસૂત્ર, (૫) વિયાહપન્નત્તિ (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, અપરનામ ભગવતીસૂત્ર), (૬) નાયાધમ્મકહાઓ (જ્ઞાતાધર્મકથાંગ), (૭) ઉવાસગદસાઓ (ઉપાસકદશાંગ), (૮) અંતગડદસાઓ (અંતકૃદ્દશાંગ), (૯) અનુત્તરોવવાઈયદસાઓ (અનુત્તરૌપપાતિકદશાંગ), (૧૦) પન્હાવાગરણાઈ (પ્રશ્નવ્યાકરણાંગ) અને (૧૧) વિવાગસૂયમ્ (વિપાકસૂત્રાંગ).

૧૭. શ્રુતસ્કંધ ૨, અધ્યયન ૭: नालंदइज्जज्झयणे।

## ૨૫. થોડાક સવાલ-જવાબ

૧. ઐર્યાપથિકી ક્રિયા એટલે જેમાં કાષાયિક વૃત્તિ ન ભળી હોય એવી માત્ર કાયાની હલન-ચલન વગેરે ક્રિયાઓ. સાંપરાયિકી ક્રિયા એટલે જે પ્રવૃત્તિ ક્રોધાદિ કષાયપ્રેરિત હોય તે ક્રિયા.

૨. पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।

—ઈશાવાસ્યોપનિષદ્.

૩. આવશ્યક મૂલ સૂત્રપાઠગત तीसाए मोहणीयठाणेहिं પાઠની આવશ્યક-હારિભદ્રીયવૃત્તિની વ્યાખ્યામાં ત્રીસ મોહનીય સ્થાન—એટલે કે જેથી મોહનીય કર્મ બંધાય તે સ્થાન—જણાવતી પંદર સંગ્રહણી ગાથાઓ આપવામાં આવી છે અને તેની વ્યાખ્યા પણ કરી છે. આ પંદર ગાથાઓમાં ત્રીજી ગાથાના ઉત્તરાર્ધમાં મોહનીય કર્મનો બંધ થાય તેવાં ઉક્ત ત્રીસ સ્થાનમાંનું છઠ્ઠું સ્થાન આ પ્રમાણે છે—"साहारणे गिलाणम्मि पहू किच्चं न कुव्वइ ॥" આની વ્યાખ્યા આ પ્રમાણે છે—साहारणे–सामण्णे गिलाणम्मि पहू–समत्थो, उवएसेण सइं करणेण वा तप्पिउं, तह वि किच्चं ओसहजायणाइ महाघोरपरिणामो न कुव्वइ सेऽवि महामोहं पकुव्वइ, सव्वसामण्णो य गिलाणो [? पडियरियव्वो] भवइ, तथा-

जिनोपदेशात्; उक्तं च—**किं भंते! जे गिलाणं पडियरइ से धण्णे? उदाहु जे तुमं दंसणेण पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ से धन्ने। से केणट्ठेणं भंते! एवं वुच्चति? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ, जे मं दंसणेण पडिवज्जइ से गिलाणं पडियरइ; आणाकरणं खु अरहंताणं दंसणं, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–' जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडिवज्जईत्यादि '।**

કોઈ પણ પ્રકારના બીમારની ઉપદેશ દ્વારા કે પોતાની આવડતથી સેવા કરવાની શક્તિ હોવા છતાં જે કોઈ મહાઘોરપરિણામી ઔષધાદિની યાચના વગેરે ન કરે તે પણ મહામોહનીય કર્મ બાંધે છે. 'ગમે તે પ્રકારના બીમારની સેવા કરવી' એ શ્રી જિનનો ઉપદેશ છે. કહ્યું છે કે— [ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી શ્રમણ ભગવાન શ્રી વીર-વર્ધમાનસ્વામીને પૂછે છે—] હે ભગવન્! જે બીમારની સેવા કરે છે તે ધન્ય છે કે જે આપને દર્શનથી પામે છે તે ધન્ય છે? ['દર્શનથી પામે છે' નો અર્થ 'ભગવાનને સાચા સ્વરૂપે ઓળખે છે' એમ કરવો જોઈએ.] [ભગવાન ઉત્તર આપે છે—] "હે ગૌતમ! જે બીમારની સેવા કરે છે તે ધન્ય છે."

[ફરી શ્રી ગૌતમસ્વામી પૂછે છે—] "હે ભગવન્! આપે જે કહ્યું તેનું કારણ શું?"

[ભગવાન ઉત્તરમાં કહે છે—] "હે ગૌતમ! જે બીમારની સેવા કરે છે તે મને દર્શનથી પામે છે–સાચા અર્થમાં ઓળખે છે, [અર્થાત્] જે મને દર્શનથી પામે છે તે બીમારની સેવા કરે છે. [અર્થાત્ મને સાચા અર્થથી ઓળખનાર બીમારની સેવા ન કરે તે શક્ય જ નથી]. આજ્ઞાનું પાલન કરવું તે અરહંતોનું દર્શન છે. આટલા માટે જ હે ગૌતમ! હું એમ કહું છું કે—"જે બીમારની સેવા કરે છે, તે મને દર્શનથી પામે છે, [અર્થાત્] જે મને દર્શનથી પામે છે તે બીમારની સેવા કરે છે."

અહીં પ્રસ્તુત આવશ્યકસૂત્રના મૂલપાઠની ચૂર્ણિકારે વ્યાખ્યા કરી છે ત્યાં ત્રીસ મોહનીયકર્મબંધસ્થાનોને દર્શાવતી ૩૮ ગાથાઓ આપી છે, જે ઉપર સૂચવેલી આવશ્યકહારિભદ્રીયવૃત્તિગત સંગ્રહણી ગાથાઓથી ભિન્ન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ૩૮ ગાથાઓમાં ૩૫મી ગાથામાં મોહનીયકર્મબંધનાં ૩૦ સ્થાન પૂર્ણ થાય છે. આ પાંત્રીસ ગાથાઓ દશાશ્રુતસ્કંધના નવમા અધ્યયનની છે. એટલે આવશ્યકચૂર્ણિમાં નોંધાયેલાં અને દશાશ્રુતસ્કંધનાં મોહનીયકર્મબંધનાં ૩૦ સ્થાનની રજૂઆત સરખી છે. [ પૂ. પા. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજે આવશ્યકચૂર્ણિને શોધીને તૈયાર કરેલી પ્રેસકોપીમાં દશાશ્રુતસ્કંધગત ગાથાઓના પાઠભેદ નોંધેલ, તેના આધારે દશાશ્રુતસ્કંધ સાથેની તુલના અહીં થઈ શકી છે. ]

આવશ્યકચૂર્ણિમાં ઉદ્ધૃત કરેલી અને દશાશ્રુતસ્કંધગત ગાથાઓમાં જે મોહનીયકર્મબંધનાં ત્રીસ સ્થાનોનો ક્રમ છે, તેનાથી આવશ્યકહારિભદ્રીયવૃત્તિગત સંગ્રહણી ગાથામાં જણાવેલાં ત્રીસ સ્થાનોનો ક્રમભેદ છે. આથી પ્રસ્તુત બીમારસેવાને લગતું સ્થાન આવશ્યકહારિભદ્રીયવૃત્તિમાં છઠ્ઠું છે, જ્યારે આવશ્યકચૂર્ણિગત ગાથાઓમાં તથા દશાશ્રુતસ્કંધમાં બીમારની સેવા સંબંધી સ્થાન પચીસમું છે. અસ્તુ.

આવશ્યકચૂર્ણિગત ગાથામાં તેમ જ દશાશ્રુતસ્કંધમાં બીમારની સેવાસંબંધી સ્થાન આ પ્રમાણે છે—

साहारणम्मि जे केइ गिलाणम्मि उवट्ठिते ।
पभू ण कुव्वती किंचि मज्झं पेस ण कुव्वती ॥ २८ ॥
सढे नियडिपण्णाणे कलुसाऽऽउलचेतसे ।
अप्पणो य अबोधीए महामोहं पकुव्वती ॥ २९ ॥

[ ઉપરની બે ગાથાઓ પૈકી પહેલી ગાથાના પ્રારંભમાં આવેલા साहारणम्मि પદના સ્થાને દશાશ્રુતસ્કંધમાં साहारणट्ठा પાઠ છે. ]

[ કોઈને ] કોઈ પણ પ્રકારની બીમારી થઈ હોય તે પ્રસંગે જે સમર્થ હોય તે કંઈ પણ [સેવા] ન કરે, તે મારી [સેવા] પણ કરતો નથી. આવો–સેવા નહીં કરનાર–શઠ માયાવી કલુષિત ચિત્તવાળો જીવ પોતાના અબોધિના કારણે મહામોહનીય કર્મ બાંધે છે.

ઉપરની બે ગાથાઓમાંની પહેલી ગાથાના અર્થમાં 'તે મારી સેવા પણ કરતો નથી' એમ જણાવ્યું છે, તે ઉપરથી ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીર-વર્દ્ધમાનસ્વામી નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિનીઓને કહે છે તેમ સમજવું. આમ સમજવા માટે આવશ્યકચૂર્ણિમાં તો કોઈ આધાર નથી, પણ દશાશ્રુતસ્કંધમાં આ ત્રીસ મોહનીયકર્મબંધસ્થાનોનો ઉપદેશ ભગવાન આપે છે તેમ સ્પષ્ટ જણાવ્યું છે, તે આ પ્રમાણે—

तेणं कालेणं तेणं समएणं चंपा नाम नयरी होत्था। वण्णओ। पुण्णभद्दे नाम चेइए। वण्णओ। कोणिए राया। धारिणी देवी। सामी समोसढे। परिसा निग्गया। धम्मो कहिलो। परिसा पडिगया। 'अज्जो'त्ति समणे भगवं महावीरे बहवे निग्गंथा य निग्गंथीओ य आमंतेत्ता एवं वदासी—एवं खलु अज्जो! तीसं मोहट्ठाणाइं जाइं इमाइं इत्थीओ वा पुरिसा वा अभिक्खणं आयरमाणा वा समायरमाणा वा मोहणिज्जत्ताए कम्मं पकरेइ। (દશાશ્રુતસ્કંધ, શ્રી મણિવિજયજી ગ્રંથમાળા પ્રકાશિત પત્ર, ૭૨-૧).

[માંદાની સેવાનો મહિમા દર્શાવતી આ આખી નોંધ, મૂળ શાસ્ત્રપાઠો સાથે, મારા મિત્ર અને આગમગ્રંથોના વિદ્વાન પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજકે લખી આપી છે.]

## ૨૮. ગૌતમની વેદના

૧. શ્રી જસવંતલાલ ગિરધરલાલ શાહે પ્રકાશિત કરેલ "શ્રી જૈન સજ્ઝાયમાળા" ભાગ પહેલામાં (પૃ૦ ૨૭૮) "શ્રી મહાવીર સ્વામીની સજ્ઝાય" નામે એક સજ્ઝાય છપાઈ છે. ૧૫ કડીની આ લાગણીસ્પર્શી સજ્ઝાયની શરૂઆતની ૪ કડી અહીં રજૂ કરી છે. આ સજ્ઝાયનું નામ "શ્રી મહાવીરસ્વામીની સજ્ઝાય" એવું આપ્યું છે; પણ એમાં ભગવાન મહાવીરના નિર્વાણના સમાચાર સાંભળીને ગૌતમસ્વામી ભગવાનના વિરહથી કેવી આંતર વેદનામાં ડૂબી જાય છે એનું કરુણ વર્ણન આવતું હોવાથી એને "ગૌતમવિલાપ સજ્ઝાય" કે "વીરવિરહવેદના સજ્ઝાય" એવું કંઈક નામ આપવામાં આવે તો એ સાર્થક ગણાય.

## ૨૯. સફળ મનોરથ

૧. બાર અંગનાં નામ "કેટલાક પ્રસંગો" નામે ૨૪મા પ્રકરણની ૧૬ નંબરની પાદનોંધમાં આપ્યાં છે. ૧૪ પૂર્વનો સમાવેશ વિચ્છિન્ન થયેલ ૧૨મા 'દૃષ્ટિવાદ' નામના અંગસૂત્રમાં થતો હતો; અને એમનાં નામ આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ઉત્પાદપૂર્વ, (૨) અગ્રાયણીયપૂર્વ, (૩) વીર્યપૂર્વ, (૪) અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ, (૫) જ્ઞાનપ્રવાદપૂર્વ, (૬) સત્યપ્રવાદપૂર્વ, (૭) આત્મપ્રવાદપૂર્વ, (૮) કર્મપ્રવાદપૂર્વ, (૯) પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ, (૧૦) વિદ્યાનુપ્રવાદપૂર્વ, (૧૧) અવંધ્યપૂર્વ, (૧૨) પ્રાણાયુપૂર્વ, (૧૩) ક્રિયાવિશાલપૂર્વ અને (૧૪) લોકબિંદુસારપૂર્વ.

## ૩૦. મહાનિર્વાણ

૧. ગૌતમસ્વામી પહેલાં, પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી સિવાયના નવે ગણધરો, ભગવાન મહાવીરની હયાતીમાં જ, નિર્વાણ પામ્યા હતા. એટલે ગૌતમસ્વામીના નિર્વાણ પછી ફક્ત સુધર્માસ્વામી જ હયાત હતા. ભગવાન મહાવીરના નિર્વાણ પછી તરત જ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું, એટલે સંઘની વ્યવસ્થાની અને સાચવણીની જવાબદારી શ્રી સુધર્માસ્વામીને સ્વીકારવી પડી હતી. તેથી જ અત્યારની શ્રમણપરંપરા શ્રી સુધર્માસ્વામીથી શરૂ થાય છે.

## ૩૧. મંગલમય વિભૂતિ

૧. આઠ મહાસિદ્ધિઓ અને અઠ્ઠાવીસ લબ્ધિઓનાં નામ "લબ્ધિતણા ભંડાર" નામે બારમા પ્રકરણની બીજા નંબરની પાદનોંધમાં (પૃ૦ ૧૮૪–૧૮૬ માં) આપ્યાં છે. નવ નિધાનનાં નામ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે એમના "અભિધાનચિંતામણિ" નામે શબ્દકોશમાં સર્વમાન્ય અને જૈનસિદ્ધાંતમાન્ય એમ બે પ્રકારે, નીચે મુજબ, આપ્યાં છે—

સર્વમાન્ય નવ નિધાનનાં નામ—(૧) મહાપદ્મ, (૨) પદ્મ, (૩) શંખ, (૪) મકર, (૫) કચ્છપ, (૬) મુકુંદ, (૭) કુંદ, (૮) નીલ, અને (૯) ચર્ચસ્ (ચર્ચા).

જૈનમાન્ય નવ નિધાન અને એના અર્થ આ પ્રમાણે છે—

૧. નૈસર્પ—ગ્રામ-નગર આદિનો વ્યવહાર જેનાથી થાય તે.

૨. પાંડુક—નાણાં અને મેય દ્રવ્યોનો વ્યવહાર જેનાથી થાય તે.

૩. પિંગલક—પુરુષ, સ્ત્રી, અશ્વ, હસ્તી વગેરેના આભરણવિધિનો વ્યવહાર જેનાથી થાય તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. સર્વરત્ન—ચક્રવર્તીનાં ૧૪ અને અન્ય એકેન્દ્રિયાદિ રત્નોની ઉત્પત્તિ જેનાથી થાય તે.

૫. મહાપદ્મ—શ્વેત અને રંગીન વસ્ત્રોની ઉત્પત્તિ જેનાથી થાય તે.

૬. કાલ—વર્તમાન આદિ ત્રણ કાળનું અને બધી કળાઓનું જ્ઞાન જેનાથી થાય તે.

૭. મહાકાલ—લોહ આદિ સમગ્ર ધાતુઓ તથા સ્ફટિક, મણિ વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય તે.

૮. માણવક—યુદ્ધનીતિ અને દંડનીતિ તથા યોધ, આયુધો વગેરેની ઉત્પતિ જેનાથી થાય તે.

૯. શંખ—સંગીત, નૃત્ય અને વાદ્યોની ઉત્પત્તિ જેનાથી થાય તે.

(શ્રી સ્થાનાંગસૂત્ર, સ્થાન ૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ-૧

## શ્રી ગૌતમસ્વામી સંબંધી કેટલીક કૃતિઓની યાદી

ગણધર શ્રી ગૌતમસ્વામીના વ્યાપક પ્રભાવને કારણે એમની પ્રશસ્તિરૂપે, સૈકે સૈકે, જુદી જુદી ભાષાઓમાં, સંખ્યાબંધ કૃતિઓ રચાઈ છે. એમાંની કેટલીક કૃતિઓ છપાઈ ગયેલી છે અને કેટલીક હજી છપાવી બાકી છે.

અત્યાર સુધીમાં છપાઈ ગયેલી બધી કૃતિઓની યાદી મેળવવાનું મારાથી બની શક્યું નથી; આમ છતાં, છપાયેલ પુસ્તકો તપાસતાં, જેટલી કૃતિઓ જોવા મળી તેની યાદી અહીં આપવામાં આવી છે; એટલે આ યાદીને સંપૂર્ણ માની લેવાની જરૂર નથી.

એક જ કૃતિ જુદાં જુદાં એકથી વધુ પુસ્તકોમાં છપાયેલ હોવાથી કઈ કૃતિ કયા પુસ્તકમાં છપાયેલી છે, એનો ઉલ્લેખ મેં કર્યો નથી.

શ્રી ગૌતમસ્વામી સંબંધી અત્યાર સુધી અપ્રગટ રહેલી કૃતિઓની પૂરી યાદી મેળવવાનું કામ તો છપાયેલ કૃતિઓની પૂરી યાદી મેળવવા કરતાં પણ વધુ મુશ્કેલ છે. હસ્તલિખિત પુસ્તકોના બધા નહીં તો સંખ્યાબંધ અથવા છેવટે મુખ્ય મુખ્ય ભંડારો તપાસવામાં આવે તો જ આ કામ થઈ શકે. આવી તપાસ કરવાનું મારું ગજું ન હોવાથી અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાંથી જે કૃતિઓ જાણવા મળી એની યાદી આપીને મેં સંતોષ માન્યો છે.

આ યાદીમાં શ્રી દિગંબર જૈન સંઘમાં રચાયેલ કૃતિઓનો સમાવેશ નથી થઈ શક્યો.

### છપાયેલી કૃતિઓ

૧. શ્રી ગણધરભાસ : કર્તા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : પહેલો ગણધર વીરનો. (નં. ૨૨ના શ્રી વિજયસેનસૂરિ-શિષ્ય મુનિ વીરવિજયજીકૃત સ્તવનની તથા નં. ૩૦ની શ્રી વિજયસિંહસૂરિકૃત સજ્ઝાયની પહેલી પંક્તિ પણ આ પ્રમાણે જ છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. શ્રી ગૌતમસ્વામીનો છંદ, અપર નામ શ્રી ગૌતમાષ્ટક: કર્તા શ્રી સૌભાગ્યવિજયજી (સુજસ સૌભાગ્ય); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ: માત પૃથ્વીસુત પ્રાત ઊઠી નમો ગણધર ગૌતમ નામ ગેલે.

૩. શ્રી ગૌતમસ્વામીનો રાસ: કર્તા ઉપાધ્યાય વિનયપ્રભ (ઉદયવંત મુનિ); ભાષા ગુજરાતી અને પ્રાકૃત મિશ્રિત; પહેલી પંક્તિ: વીર જિણેસર ચરણકમલ, કમલાકયવાસો.

૪. શ્રી ગૌતમસ્વામી લઘુ રાસ: કર્તા શ્રી પાર્શ્વચંદ્રસૂરિ; ભાષા ગુજરાતી અને પ્રાકૃત મિશ્રિત; પહેલી પંક્તિ: શ્રી વસુભૂઈપુત્તો માયા પુહવીય કુચ્છિસંભૂઓ.

૫. શ્રી ગૌતમસ્વામીનો લઘુ રાસ: કર્તા શ્રી વિજયશેખર ગણિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ: શ્રી ગૌતમ ગુરુ પ્રભાતિયું રે, સમરો ભવિકા જન ચિત્ત ખરે.

૬. શ્રી ગૌતમસ્વામી રાસ: કર્તા શ્રાવકકવિ શ્રી શાંતિદાસ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ: સરસ વચન દાયક સરસતી, અમૃત વચન મુખે વસતી. (૬૬ કડીનો આ રાસ, કવિશ્રી શાંતિદાસે વિ. સં. ૧૭૩૨માં દશેરાને દિવસે રચ્યો છે. એનું પ્રકાશન કપડવંજ સંઘની શ્રી મીઠાભાઈ કલ્યાણચંદ જૈન પેઢીએ કરેલું છે.)

૭. श्रीगौतमस्तोत्रम्: કર્તા શ્રી જિનપ્રભસૂરિજી; ભાષા પ્રાકૃત; પહેલી પંક્તિ: जम्मपवित्तियसिरिमगहदेस।

૮. श्रीगौतमस्वामिस्तोत्रम्: કર્તા ધર્મહંસ; ભાષા સંસ્કૃત; પહેલી પંક્તિ: गौतमं गोत्ररत्नं पवित्रम्।

૯. श्रीगौतमस्वामिस्तोत्रम्: કર્તા શ્રી જિનપ્રભસૂરિ; ભાષા સંસ્કૃત; પહેલી પંક્તિ: ॐ नमस्त्रिजगन्नेतुर्वीरस्याग्रिमसूनवे।

૧૦. श्रीमन्त्राधिराजगर्भितश्रीगौतमस्वामिस्तोत्रम्: કર્તા અજ્ઞાત; ભાષા સંસ્કૃત; પહેલી પંક્તિ: नमोऽस्तु श्रीह्रीधृतिकीर्तिबुद्धि...।

૧૧. श्रीगौतमस्वामिअष्टकम्: કર્તા અજ્ઞાત; ભાષા સંસ્કૃત; પહેલી પંક્તિ: ॐ नमः सकलकल्पच्छिदे।

૧૨. श्रीगौतमस्वाम्यष्टकम्: કર્તા અજ્ઞાત; ભાષા સંસ્કૃત; પ્રથમ પંક્તિ: श्रीइन्द्रभूतिं वसुभूतिपुत्रम्। કુલ ૧૦ શ્લોક; નવે શ્લોકની છેલ્લી પંક્તિ 'स गौतमो यच्छतु वाञ्छितं मे।' એ પ્રમાણે છે. આના ઉપર પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિએ (વર્તમાન આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિજીએ) ટીકા રચી છે, તે છપાઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. श्रीगौतमगणधरस्तुति: કર્તા શ્રી જ્ઞાનસૂરિ (જ્ઞાનવિમલસૂરિ ?); ભાષા સંસ્કૃત; પહેલી પંક્તિ : श्रीइन्द्रभूतिं गणवृद्धिभूतिं।

૧૪. श्रीगौतमस्वामिस्तुति: કર્તા અજ્ઞાત; ભાષા સંસ્કૃત; એક શ્લોકની આ સ્તુતિ આ પ્રમાણે છે :

अक्षिणि महानसीलब्धिः, केवलश्रीः कराम्बुजे ।
नामलक्ष्मीर्मुखे वाणी, तमहं गौतमं स्तुमः ॥

૧૫. શ્રી ગૌતમસ્વામી ગણધર ચૈત્યવંદન : કર્તા શ્રી નયવિજય; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ઇંદ્રભૂતિ પહિલો ગણું, ગૌતમ જસ નામ.

૧૬. શ્રી ગૌતમસ્વામી ચૈત્યવંદન : કર્તા શ્રી નયવિજય; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : જીવ કેરો જીવ કેરો, અછે મનમાંહિ.

૧૭. શ્રી ગૌતમસ્વામી ચૈત્યવંદન : ભાષા ગુજરાતી; કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરિ; પહેલી પંક્તિ : બિરૂદ ધરી સર્વજ્ઞનું.

૧૮. શ્રી ગૌતમસ્વામી ગણધર ચૈત્યવંદન : ભાષા ગુજરાતી; કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરિ; પહેલી પંક્તિ : નમો ગણધર, નમો ગણધર, લબ્ધિભંડાર.

૧૯. શ્રી ગૌતમસ્વામી ગણધરનું ચૈત્યવંદન : કર્તા આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ઇન્દ્રભૂતિ ગણધર નમું, અનંત લબ્ધિનિધાન.

૨૦. શ્રી ગૌતમસ્વામી સ્તવન : કર્તા શ્રી નયવિજય; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : વીર મધુરી વાણી ભાખે, જલધિજલ ગંભીર રે.

૨૧. શ્રી ગૌતમ ગણધર સ્તવન : કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : દુઃખહરણી દીપાલિકા રે લાલ.

૨૨. શ્રી ગૌતમસ્વામીનું સ્તવન : કર્તા શ્રી વિજયસેનસૂરિશિષ્ય મુનિ શ્રી વીરવિજયજી; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : પહેલો ગણધર વીરનો રે, શાસનનો શણગાર. (નં. ૧ના ઉપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત શ્રી ગણધરભાસની તથા નં. ૩૦ની શ્રી વિજયસિંહસૂરિકૃત સજ્ઝાયની પહેલી પંક્તિ પણ આ પ્રમાણે છે.)

૨૩. શ્રી ગૌતમસ્વામી સ્તવન : કર્તા સિદ્ધિમુનિ (?); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગુણગણ ગાઉં ગિરૂવા ગણેશ.

૨૪. શ્રી ગૌતમસ્વામીનું સ્તવન : કર્તા મુનિ શ્રી ઉદયવિજયજી (સ્વ. આ. વિજયનીતિસૂરિશિષ્ય સ્વ. આ. શ્રી વિજયોદયસૂરિજી); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : લબ્ધિ ભંડાર ગુણવંત ગુરુ ગાજતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫. શ્રી ગૌતમસ્વામી ભગવંતનું સ્તવન : કર્તા આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગૌતમસ્વામી જગગુરુ, ગુણગણુનો ભંડાર લાલ રે.

૨૬. શ્રી ગૌતમ નિર્વેદ સ્તવન : કર્તા અજ્ઞાત; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : વીર નિસનેહી હું સસનેહી.

૨૭. શ્રી ગૌતમસ્વામી સ્તવ : કર્તા મુનિ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગૌતમનામ સમરિયે, સુમન જન !

૨૮. શ્રી ગૌતમસ્વામી ગણુધરની સ્તુતિ : કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગુરુ ગણુપતિ ગાઉં, ગૌતમ ધ્યાન ધ્યાઉં.

૨૯. શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ : કર્તા આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગૌતમસ્વામી ગણુધર નમીજે.

૩૦. શ્રી ગૌતમ સજ્ઝાય : કર્તા શ્રી વિજયસિંહસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : પહેલો ગણુધર વીરનો. (નં. ૧ના ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત શ્રી ગણુધરભાસની તથા નં. ૨૨ના શ્રી વિજયસેનસૂરિશિષ્ય મુનિ શ્રી વીરવિજયજી વિરચિત શ્રી ગૌતમસ્વામીના સ્તવનની પહેલી પંક્તિ પણુ આ પ્રમાણે છે.)

૩૧. શ્રી ગૌતમપૃચ્છાસ્વાધ્યાય (સજ્ઝાય) : કર્તા શ્રી રૂપવિજયજી; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગૌતમસ્વામી પૃચ્છા કરે.

૩૨. શ્રી ગૌતમસ્વામીની સજ્ઝાય; કર્તા વાચક કરણુ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : સમવસરણુ સિંહાસને જી.

૩૩. શ્રી ગૌતમ ગણુધર સ્વાધ્યાય : કર્તા ખીમાવિજયજી; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : તોસું પ્રીત બંધાવી.

૩૪. શ્રી ગૌતમસ્વામી ભગવંતની સજ્ઝાય : કર્તા શ્રી ધર્મ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : હે ઇંદ્રભૂતિ ! તાહરા ગુણુ કહેતાં હરખ ન માય.

૩૫. અગિયાર ગણુધરની સજ્ઝાય : કર્તા મુનિ શ્રી ઉદયવિજયજી (સ્વ. આ. શ્રી વિજયનીતિસૂરિશિષ્ય સ્વ. આ. શ્રી વિજયોદયસૂરિજી); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : પટ્ટધર વીરના વંદીયે, એકાદશ કહ્યા હો વિદ્યાબુદ્ધિનિધાન.

૩૬. શ્રી ગૌતમસ્વામીની સજ્ઝાય : કર્તા આચાર્ય શ્રી વિજય-સુશીલસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : નમો નમો ગૌતમ મહામુનિ, ગૌતમ ગુણુ ભંડાર રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭. શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક : ભાષા ગુજરાતી; કર્તા કવિ લાવણ્યસમય; પહેલી પંક્તિ : વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ.

૩૮. શ્રી ગૌતમ અષ્ટક : કર્તા અજ્ઞાત; ભાષા ગુજરાતી; પ્રથમ પંક્તિ : અંગૂઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર. આ કૃતિનો છેલ્લો દુહો આ પ્રમાણે બે પ્રકારનો મળે છે :

ગુરુ ગૌતમ અષ્ટક કહી, આણી હર્ષ ઉલ્લાસ;
ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ. ॥૮॥
શાસન શ્રી પ્રભુ વીરનું, સમજે જે સુવિચાર;
ચિદાનંદ સુખ શાશ્વતા, પામે તે નિરધાર. ॥૮॥

૩૯. શ્રી ગૌતમસ્તવવિંશિકા : કર્તા પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિ (વર્તમાન આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિ); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગૌતમસ્વામી ગુણના દરિયા, ગણધર વીરના એ, ભવિયા ભાવે વંદો.

૪૦. શ્રી ગૌતમપ્રભાતીપદ : કર્તા કવિ સમયસુંદર; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : ગૌતમ નામ જપો પરભાતે.

૪૧. શ્રી ગૌતમ ગુરુવર વિનતિ, અપરનામ શ્રી ગૌતમગુરુ પ્રભાતી છંદ : કર્તા કવિ રૂપચંદ ગણિશિષ્ય મુનિ ચંદ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : જયો જયો ગૌતમ ગણધાર, મહોટી લબ્ધિતણો ભંડાર. છ કડીની આ કવિતાની દરેક કડીને અંતે 'જયો જયો ગૌતમ ગણધાર' – એમ લખ્યું છે.

૪૨. શ્રી ગૌતમસ્વામીના વિલાપનું પદ : કર્તા મુનિ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી); ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : મહાવીરસ્વામી મોક્ષે પધાર્યા, ગૌતમ બોલે રે.

૪૩. શ્રી ગૌતમસ્વામીની ગહુંલી : કર્તા શ્રી માણેકસૂરિ; ભાષા ગુજરાતી; પહેલી પંક્તિ : રાજગૃહી ઉદ્યાનમાં ગુરુ ગુણ ભરીયા.

૪૪. શ્રી ગૌતમસ્વામીની ધૂન : કર્તા આચાર્ય શ્રી વિજયસુશીલસૂરિજી; ભાષા ગુજરાતી; ધૂન એક જ કડીની છે, અને તે આ પ્રમાણે છે :

ઇંદ્રભૂતિ એ ગૌતમ સ્વામ, પ્રભાતે કરું હું પ્રેમે પ્રણામ;
મનોવાંછિત હું માગું તમામ, પાઉં **સુશીલ** શિવ સુખધામ.

## છપાયેલ પુસ્તકો

૧. गौतमीयकाव्यम् (સટીક) : મૂળના કર્તા પાઠક શ્રી રૂપચંદ્ર ગણિ; ટીકાના કર્તા શ્રી ક્ષમાકલ્યાણ ગણિ; ભાષા સંસ્કૃત; સંપાદક મુનિ શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કનકવિજયજી (વર્તમાન આચાર્ય શ્રી વિજયકનકચંદ્રસૂરિજી); પ્રકાશક શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, સુરત.

૨. ગૌતમપૃચ્છા (ગુજરાતી ભાષાંતર) : મૂળ અને ટીકાના આધારે કરવામાં આવેલ ગુજરાતી ભાષાંતર; ભાષાંતરકાર મુનિ શ્રી નિરંજનવિજયજી; પ્રકાશક શ્રી નેમિ - અમૃત - ખાંતિ - નિરંજન ગ્રંથમાલા, અમદાવાદ.

૩. गौतमपृच्छा (સટીક) : મૂળના તથા ટીકાના કર્તા અજ્ઞાત; મૂળની ભાષા પ્રાકૃત; ટીકાની ભાષા સંસ્કૃત; પ્રકાશક શ્રી હીરાલાલ હંસરાજ જામનગર.

૪. गौतमपृच्छा (હિન્દી ભાષાંતર) : મૂળ અને ટીકાના આધારે કરવામાં આવેલ હિન્દી ભાષાંતર. પ્રકાશક શ્રી અમરચંદજી વેદ, આગરા.

૫. इन्द्रभूति गौतम : एक अनुशीलन : લેખક શ્રી ગણેશમુનિ શાસ્ત્રી; ભાષા હિન્દી; પ્રકાશક શ્રી સન્મતિ જ્ઞાનપીઠ, આગરા.

## નહીં છપાયેલી (હસ્તલિખિત) કૃતિઓ

| | | |
|---|---|---|
| ૧. ગૌતમ કુલક વૃત્તિ | : | કર્તા શ્રી જ્ઞાનતિલક ગણિ. |
| ૨. ગૌતમ કુલક બાલાવબોધ | : | કર્તા શ્રી પદ્મવિજય ગણિ. |
| ૩. ગૌતમકુલક સ્તબક (ટબો) | : | કર્તા અજ્ઞાત; કથાઓ સહિત. |
| ૪. ગૌતમપૃચ્છા બાલાવબોધ | : | કર્તા શ્રી સુધાભૂષણ. |
| ૫. ગૌતમપૃચ્છા બાલાવબોધ | : | કર્તા શ્રી જિનસૂર ( ? ). |
| ૬. ગૌતમપૃચ્છા બાલાવબોધ | : | કર્તા શ્રી હર્ષપૂર ( ? ). |
| ૭. ગૌતમપૃચ્છા બાલાવબોધ | : | કર્તા શ્રી મુનિસુંદરસૂરિ. |
| ૮. ગૌતમપૃચ્છા વિવરણ | : | કર્તા શ્રી શ્રીતિલક. |
| ૯. ગૌતમપૃચ્છા વૃત્તિ | : | કર્તા શ્રી મતિવર્ધન. |
| ૧૦. ગૌતમસ્તવ | : | કર્તા શ્રી દેવાનંદસૂરિ. |
| ૧૧. શ્રી ગૌતમસ્તોત્ર | : | કર્તા શ્રી વજ્રસ્વામી. |
| ૧૨. શ્રી ગૌતમ અષ્ટક | : | કર્તા અજ્ઞાત. |
| ૧૩. શ્રી ગૌતમગણધર ગીત | : | કર્તા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી. |
| ૧૪. શ્રી ગૌતમગણધર ગુહલી | : | કર્તા મુનિ શ્રી દીપવિજયજી. |
| ૧૫. શ્રી ગૌતમગણધર ચોપઈ | : | કર્તા અજ્ઞાત. |
| ૧૬. શ્રી ગૌતમસ્વામીનો ભાસ | : | કર્તા અજ્ઞાત. |
| ૧૭. શ્રી ગૌતમસ્વામી સ્વાધ્યાય | : | કર્તા પં. શ્રી વીરવિજયજી. |
| ૧૮. શ્રી ગૌતમસ્વામી ગીત | : | કર્તા શ્રી વિમલવિનય. |

૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯. શ્રી ગૌતમસ્વામી ગીત : કર્તા શ્રી રાજસમુદ્ર.
૨૦. શ્રી ગૌતમકેસીસંધિ : કર્તા શ્રી આણંદ.
૨૧. શ્રી ગૌતમ દિવાલી સ્તવન : કર્તા શ્રી સકલચંદ્ર.
૨૨. શ્રી ગૌતમપૃચ્છા : કર્તા શ્રી નયરંગ.
૨૩. શ્રી ગૌતમસ્વામી ગીત : કર્તા શ્રી સમયસુંદર.
૨૪. શ્રી ગૌતમસ્વામી સ્તવન : કર્તા શ્રી પુણ્યોદય.

ઉપર નોંધેલ બધી કૃતિઓ અમદાવાદના શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના હસ્તલિખિત ગ્રંથભંડારમાં છે.

૨૫. શ્રી गौतमस्वामि भास : કર્તા અજ્ઞાત; ભાષા પ્રાચીન ગુજરાતી; આ પ્રાચીન કૃતિની પાટણનિવાસી સ્વ. મોહનલાલ ગિરધરલાલ ભોજકે કરેલી નકલ એમના સુપુત્ર પં. શ્રી અમૃતલાલભાઈ પાસે છે.

૨૬. શ્રી गौतमचरित्र कुलक : કર્તા શ્રી જિનપ્રભસૂરિ; ભાષા અપભ્રંશ. (પાટણના ભંડારની હસ્તપ્રત ઉપરથી ડૉ. રમણીકલાલ મનસુખલાલ શાહે સંપાદિત કરેલ આ કૃતિ લા. દ. ભા. સં. વિદ્યામંદિરના ત્રૈમાસિક "संबोधि"માં પ્રગટ થવાની છે.)

Jain Education International • For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ-૨

## શ્રી દિગંબર જૈન સંઘની માન્યતા પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર

શ્રી દિગંબર જૈન સંઘમાં માન્ય અને પ્રચલિત હોય તે પ્રમાણેનું શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર, આ પુસ્તકના પરિશિષ્ટરૂપે, વિગતે, આપવાની ઇચ્છાથી મેં આ માટે દિગંબર જૈન સાહિત્યમાંથી જે કંઈ સામગ્રી મળી શકે એમ હોય તે મેળવવા માટે એ વિષયના જાણકાર વિદ્વાનોને પૂછપરછ કરી અને બની શકી તેટલી શોધ પણ કરી. પણ શ્રી ગૌતમસ્વામીના જીવન-પ્રસંગો, ભલે શ્વેતાંબર સાહિત્યની જેમ છૂટાછવાયા પણ, જેમાંથી ઉપલબ્ધ થઈ શકે એવી નોંધપાત્ર સામગ્રી કે માહિતી મને મળી શકી નથી. તેથી, એમ લાગે છે કે, શ્રી ગૌતમસ્વામીના ચરિત્રને લગતી વિશેષ માહિતી કે સામગ્રી દિગંબર જૈન સાહિત્યમાં સંગ્રહાઈ કે ઉલ્લેખાઈ નહીં હોય.

આ બાબતમાં, આ વિષયના અધિકારી જાણકાર અને ભારતીય વિદ્યા, જૈન સાહિત્ય અને ખાસ કરીને દિગંબર જૈન સાહિત્યના વિદ્વાન માન્યવર ડૉ. એ. એન. ઉપાધ્યે સાહેબને પૂછતાં તેઓએ શ્રી જિન-સેનાચાર્યકૃત "આદિપુરાણ" અને શ્રી ગુણભદ્રાચાર્યરચિત "ઉત્તરપુરાણ" જોઈને એમાંથી શ્રી ગૌતમસ્વામી સંબંધી જે કંઈ છૂટીછવાઈ માહિતી મળે એનું સંકલન કરીને સંતોષ માનવા સૂચવ્યું છે.

"આદિપુરાણ" અને "ઉત્તરપુરાણ"માં ત્રેષઠ શલાકાપુરુષોનાં ચરિત્રો આપવામાં આવ્યાં છે. આમાં "આદિપુરાણ"માં તો ફક્ત પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ અને એમના મોટા પુત્ર ભરત ચક્રવર્તી એ બેનાં જ ચરિત્રો આપ્યાં છે; અને બાકીના એકસઠ શલાકાપુરુષોનાં ચરિત્ર "ઉત્તરપુરાણ"માં આપેલ છે. અને આ બન્ને પુરાણોને સંયુક્ત રીતે "મહાપુરાણ"ના નામથી ઓળખવામાં આવે છે. આ બંને ગ્રંથોની રચના કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર"ની પહેલાં થયેલી છે.

આ બે પુરાણગ્રંથોમાંથી "આદિપુરાણ"માં તો ભગવાન ઋષભદેવ અને ચક્રવર્તી ભરતનાં ચરિત્રોની માહિતી સંગ્રહાયેલી હોવાથી એમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ગૌતમસ્વામી સંબંધી કશી માહિતી મળતી નથી; ફક્ત "ઉત્તરપુરાણ"માં જ શ્રી ગૌતમસ્વામીના જીવન સંબંધી કેટલીક માહિતી સચવાયેલી છે; પણ એ એટલી ઓછી છે કે જેથી એ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર અને અનંત લબ્ધિના નિધાન ગણાતા શ્રી ગૌતમસ્વામીના જીવનસંબંધી આપણી જિજ્ઞાસાને સંતોષી નથી શકતી. મેં આ માહિતીનો અહીં ઉપયોગ કર્યો છે. આ ગ્રંથ ભારતીય જ્ઞાનપીઠ, કાશી તરફથી પ્રગટ થયો છે.

વળી, દિગંબર જૈન સાહિત્યમાં "શ્રી ગૌતમચરિત્ર" નામે એક સંસ્કૃત કાવ્ય છે, તેના આધારે પણ મેં શ્રી દિગંબર જૈન સંઘમાં માન્ય શ્રી ગૌતમસ્વામીના ચરિત્રની માહિતી અહીં જુદી આપી છે. આ ચરિત્રની રચના મૂલસંઘ, બલાત્કારગણ, ભારતી ગચ્છના શ્રી ભૂષણ મુનિના શિષ્ય મંડલાચાર્ય શ્રી ધર્મચંદ્ર મુનિએ, વિ. સં. ૧૭૨૬માં, રઘુનાથ મહારાજના રાજ્યમાં, મહારાષ્ટ્ર નામે નાના નગરમાં, શ્રી ઋષભદેવના મંદિરમાં કરી હતી. આ કાવ્યના પાંચ સર્ગ છે; એના કુલ શ્લોક ૧૦૪૪ છે; અને બહુ મોટા ભાગના શ્લોકો અનુષ્ટુપ છંદમાં છે. આ ચરિત્ર-કાવ્યની રચના, મહાકાવ્યોની ઢબે, વર્ણનાત્મક વિશેષ હોવાથી એમાંથી પણ શ્રી ગૌતમસ્વામીના ચરિત્રને લગતી માહિતી પ્રમાણમાં ઓછી મળી શકે છે, છતાં આ માહિતી "ઉત્તરપુરાણ"માં સંગ્રહાયેલી માહિતી કરતાં કંઈક વધારે છે. આ પુસ્તકનું પ્રકાશન શ્રી મૂલચંદ કિશનદાસ કાપડિયાએ, શ્રી દિગંબર જૈન પુસ્તકાલય સુરત વતી, કર્યું છે.

## "ઉત્તરપુરાણ" પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર

આ ગ્રંથમાં ગૌતમસ્વામીનું ચરિત્ર (તેમ જ બીજાં ચરિત્રો પણ) શ્રી ગૌતમસ્વામીના મુખે જ વર્ણવવામાં આવેલ છે.

ગૌતમ* નામના ગામમાં, ગૌતમ ગોત્રના પંડિત ઇંદ્રભૂતિ નામે બ્રાહ્મણ-શ્રેષ્ઠ રહેતા હતા. એમને પોતાની વિદ્યાનું ઘણું અભિમાન હતું. તેઓ સ્વર્ગલોકના આદિત્ય નામના વિમાનમાંથી આવ્યા હતા. (અર્થાત્ પૂર્વભવમાં તેઓ સ્વર્ગમાં આદિત્ય નામે વિમાનમાં દેવ હતા.)

---

* तदैवागत्य मद्ग्रामं गौतमाख्यं शचीपतिः।
तत्र गौतमगोत्रोत्थमिन्द्रभूतिं द्विजोत्तमम् ॥ (પર્વ ૭૪, શ્લોક ૩૫૭.)

આ શ્લોક ઉપરથી શ્રી ગૌતમસ્વામીના ગામનું નામ પણ "ગૌતમ" હતું એમ જાણી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રગટ્યું, છતાં એમના મુખથી વાણી (ધર્મદેશના) વહેવા ન લાગી, ત્યારે દેવોના રાજા ઇંદ્રે વિચાર્યું કે કોઈ પણ યુક્તિથી પંડિત ઇંદ્રભૂતિ ગૌતમને ભગવાનની સમક્ષ લઈ આવવામાં આવે તો ભગવાનની વાણી વહેવા લાગે. તેથી ઇંદ્ર પંડિત ઇંદ્રભૂતિને ભગવાન પાસે લઈ આવે છે અને "જીવ નામનો કોઈ પદાર્થ છે કે નહીં ?" એવી પોતાની શંકાનું સમાધાન ભગવાન પાસેથી મેળવવા એમને કહે છે. ભગવાન પંડિત ઇંદ્રભૂતિ ગૌતમના પ્રશ્નનું પૂરેપૂરું સમાધાન કરે છે; અને એથી પ્રભાવિત થઈ ગૌતમ, પોતાના પાંચસો શિષ્યો સાથે, દીક્ષા લઈને ભગવાનના પ્રથમ શિષ્ય બને છે; એ વખતે એમને સાત ઋદ્ધિઓ પ્રગટે છે.

ભગવાન મહાવીરને વૈશાખ સુદિ ૧૦ના રોજ કેવળજ્ઞાન પ્રગટ્યું; અને તે પછી ૬૬ દિવસે અષાઢ વદિ ૧ (હિન્દી શ્રાવણ વદિ ૧)ના રોજ ભગવાને ધર્મદેશના આપીને ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું અને ઇંદ્રભૂતિ ગૌતમની પોતાના પ્રથમ ગણધર તરીકે સ્થાપના કરી.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ્યું. અને તે પછી અનેક દેશોમાં વિચરીને અને અનેક જીવોને ધર્મોપદેશ આપીને તેઓ વિપુલાચલ પર્વત ઉપર નિર્વાણ પામ્યા. (શ્રી સુધર્માસ્વામી સિવાયના બાકીના નવ ગણધરો ભગવાનની હયાતીમાં જ મોક્ષે ગયા હતા.)

## "શ્રી ગૌતમચરિત્ર" પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનું ચરિત્ર

આ કાવ્ય-ચરિત્રમાં એના કર્તા મુનિવર ભગવાન મહાવીરસ્વામીના મુખે રાજા શ્રેણિકને ગૌતમસ્વામીની કથા કહેવરાવે છે.

મગધ નામનો દેશ છે. એમાં બ્રાહ્મણ નામે નગર છે. એ નગર વેદશાસ્ત્રોનું વિદ્યાધામ છે. એ નગરમાં શાંડિલ્ય નામે બ્રાહ્મણ રહેતા હતા. એ ગુણી, વિદ્વાન, ધનવાન, સુખી અને એમની જ્ઞાતિમાં મુખ્ય હતા. એમને બે પત્નીઓ હતી. એકનું નામ સ્થંડિલા અને બીજીનું નામ કેસરી.

સ્થંડિલાએ બે પુત્રોને જન્મ આપ્યો. એમાં મોટાનું નામ ગૌતમ હતું અને નાનાનું નામ ગાર્ગ્ય હતું. ગૌતમનો જીવ જ્યારે સ્વર્ગમાંથી માતાની કુક્ષિમાં આવ્યો ત્યારે માતાએ શુભસૂચક પાંચ સ્વપ્ન જોયાં હતાં. ગાર્ગ્યનો જીવ પણ સ્વર્ગમાંથી જ આવ્યો હતો. શાંડિલ્યની બીજી ભાર્યા કેસરીને એક પુત્ર અવતર્યો હતો. એનું નામ ભાર્ગવ રાખવામાં આવ્યું હતું અને એનો જીવ પણ સ્વર્ગમાંથી આવ્યો હતો. ત્રણે ભાઈઓમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપસમાં ખૂબ પ્રેમ હતો અને ત્રણે મોટા વિદ્વાનો અને બધી વિદ્યાઓના પારંગત હતા. ગૌતમને પોતાની વિદ્યાનો ઘણો ગર્વ હતો.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રગટવા છતાં જ્યારે ભગવાનની દિવ્ય વાણી ન પ્રગટી ત્યારે દેવોના રાજા ઇંદ્રને વિચાર આવ્યો કે જો અત્યારે પંડિત ઇંદ્રભૂતિ ગૌતમ ભગવાનની પાસે આવી જાય તો ભગવાનની દિવ્ય વાણી વહેવા લાગે.

આ માટે એમણે એક યુક્તિ કરી: તેઓ વૃદ્ધનું રૂપ ધારણ કરીને અને એક અટપટો શ્લોક લઈને, એનો અર્થ સમજવાના બહાને, પંડિત ગૌતમની શાળામાં ગયા; અને એ શ્લોકનો અર્થ પોતાને સમજાવવા એમણે એમને વિનતિ કરી; અને વધારામાં ઉમેર્યું કે મારા ગુરુ આ શ્લોકનો અર્થ સમજાવવા સમર્થ છે, પણ એમને અત્યારે આ માટે સમય નથી તેથી હું તમારી પાસે આવ્યો છું.

પંડિત ગૌતમને થયું કે મારા જેવા સર્વ શાસ્ત્રોના જાણકારને આ શ્લોકનો અર્થ કરતાં કેટલી વાર! અને એમણે ગર્વભર્યો હુંકાર કરીને એ વૃદ્ધ આગળ શરત મૂકી કે જો હું આ શ્લોકનો અર્થ તમને સમજાવું તો તમારે મારા શિષ્ય બની જવું. સામે વૃદ્ધરૂપધારી ઇંદ્રરાજે શરત મૂકી કે, જો તમે આ શ્લોકનો અર્થ ન કરી શકો તો, તમારે, તમારા બંને ભાઈઓ અને પાંચસો શિષ્યો સાથે, મારા ગુરુનું શિષ્યપદ સ્વીકારવું. પંડિત ગૌતમે તરત જ આ શરત કબૂલ કરી. આમાં પોતાનો વિજય થવાની એમને પૂરી ખાતરી હતી: એક સામાન્ય શ્લોકનો અર્થ કરવો એમાં શી મોટી વાત!

પણ જે કામ એમણે રમત કરવા જેવું સહેલું માન્યું હતું, તે બહુ મુશ્કેલ નીકળ્યું; અને અંતે એ શ્લોકનો અર્થ તેઓ ન કરી શક્યા અને એમની હાર થઈ. એટલે, એ વૃદ્ધ જન સાથે નક્કી થયેલ શરત પ્રમાણે, પંડિત ઇંદ્રભૂતિ ગૌતમ, પોતાના પાંચસો શિષ્યો અને બંને ભાઈઓ સાથે, ભગવાનના શિષ્ય બનવા એમની પાસે પહોંચ્યા. ભગવાને એ શ્લોકનો અર્થ અને ભાવ એમને વિસ્તારથી સમજાવ્યો. ગૌતમે ભગવાનના જ્ઞાન અને એમની ઋદ્ધિથી પ્રભાવિત થઈને, પોતાના બે ભાઈઓ અને પાંચસો શિષ્યો સાથે, એમની પાસે દીક્ષા લઈને એમનું શિષ્યપણું સ્વીકાર્યું. અને એ વખતથી ભગવાનની દિવ્ય વાણી વહેવી શરૂ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ચરિત્રકાર આ ત્રણ ભાઈઓનાં ગૌતમ, ગાર્ગ્ય અને ભાર્ગવ—એ ત્રણ નામને બદલે ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ ત્રણ નામો આપે છે. શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરામાં ભગવાન મહાવીરના પ્રથમ ત્રણ ગણધરોનાં આ નામ જ પ્રચલિત છે.

આ ચરિત્રના કર્તાએ આ ત્રણે ભાઈઓના પૂર્વભવની કથા પણ આપી છે, તે આ પ્રમાણે છે—

**ત્રણ ભાઈઓના પૂર્વભવ**—અવંતી નામે દેશ હતો. એમાં પુષ્પપુર નામે નગર હતું. એમાં મહીચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. એની રાણીનું નામ સુંદરી હતું. રાજા અને પ્રજા જૈનધર્મી હતાં. એક વખત અંગભૂષણ નામના મુનિરાજ, ચાર પ્રકારના સંઘ સાથે, એ નગરમાં પધાર્યા. રાજા એમનાં દર્શને ગયો. એ વખતે ત્રણ કદરૂપી શૂદ્ર કન્યાઓ પણ ત્યાં આવીને બેઠી. એમાંની એક કાણી હતી, બીજી લૂલી હતી અને ત્રીજી કાળી હતી. વળી, ત્રણે કન્યાઓ રોગિષ્ટ, દરિદ્ર અને દુ:ખી હતી. એમના દેશમાં દુકાળ પડયો હતો એટલે ધન મેળવવા માટે એ ત્રણે પરદેશમાં ફરવા નીકળી હતી અને ફરતી ફરતી આ નગરમાં આવી પહોંચી હતી. આજે એ ત્રણે મુનિની ધર્મદેશના સાંભળવા એમની પાસે પહોંચી હતી. મુનિએ ધર્મદેશના આપી.

કોણ જાણે કેમ, પણ એ કન્યાઓને જોઈને રાજ મહીચંદ્રના અંતરમાં હર્ષની લાગણી થઈ આવી. આથી એને પોતાને પણ નવાઈ લાગી. એટલે, ધર્મદેશના પૂરી થયા પછી, રાજાએ મુનિવરને આમ થવાનું કારણ પૂછ્યું. મુનિએ પૂર્વે સંચિત કરેલ કર્મના સંસ્કારોનું જ આ પરિણામ હોવાનું જણાવીને એ પૂર્વકથા રાજાને કહી સંભળાવી, જે આ પ્રમાણે છે—

કાશી નામે દેશ હતો. એમાં બનારસ નામે નગર હતું. ત્યાં વિશ્વલોચન નામે રાજા રાજ્ય કરતો હતો. એની રાણીનું નામ વિશાલાક્ષી હતું. રાણીને રાજમહેલના બંધનમાં અને રાજાની આજ્ઞામાં રહેવાનું ગમતું ન હતું. એટલે એક દિવસ કંઈક યુક્તિ રચીને એ, પોતાની ચામરી અને રંગિકા નામની બે દાસીઓ સાથે, મુક્ત વિહાર કરવા માટે, રાજમહેલમાંથી ચાલી નીકળી. પછી ત્રણે, ગેરુઆં કપડાં પહેરીને, યોગિનીના વેશે મન ફાવે ત્યાં ફરવા લાગી અને મન ફાવે તેમ વર્તવા લાગી. એમની સાથે બીજી સ્ત્રીઓ પણ યોગિનીના વેશે ફરવા લાગી. બધી યોગિનીઓ માંસ-દારૂ જેવી ન ખાવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી વસ્તુઓ ખાતી, ન કરવા જેવાં કામો કરતી, અને ગમે તેવા પુરુષો સાથે ભોગ ભોગવતી. એમનાં ચરિત્ર પાપમય બની ગયાં.

એક દિવસ એ ત્રણે સ્ત્રીઓ, ભાન અને વિવેકને ભૂલીને, એક જ્ઞાની અને ત્યાગી-તપસ્વી મુનિવરનું અપમાન કરી બેઠી. એ મહાપાતકથી એ ત્રણેને કોઢ નીકળ્યો અને ત્યાંથી મરીને એ પાંચમી નરકમાં ગઈ. પછી અનેક હલકી યોનિઓમાં જન્મ લઈને અને પોતાના પાપની સજારૂપે અસહ્ય દુઃખો ભોગવીને છેવટે અવંતી દેશની નજીકમાં કોઈ શૂદ્રને ત્યાં આ ત્રણ કદરૂપી અને દુઃખી કન્યાઓરૂપે જન્મી.

આ કન્યાઓ માટે રાજાના મનમાં હેતની લાગણી જન્મ્યાનો મર્મ સમજાવતાં જ્ઞાનવંત અંગભૂષણ મુનિવરે કહ્યું : કાશી દેશ અને બનારસ નગરનો રાજા વિશ્વલોચન પોતાની રાણી વિશાલાક્ષીના વિયોગમાં મરી ગયો. અને, અનેક ભવોમાં ફરીને, કોઈ સુકૃતના યોગે, એ રાજાનો અવતાર પામ્યો. એ રાજા તે, હે રાજન્, તું મહીચંદ્ર પોતે. રાજા વિશ્વ-લોચન તરીકેના તારા પૂર્વભવમાં તને તારી તે ભવની રાણી વિશાલાક્ષી તરફ જે અનુરાગ હતો, તેને લીધે તને આ ત્રણ શૂદ્ર કન્યાઓને જોઈને એમના તરફ હેતની લાગણી થઈ આવી. તમારા બધાંના પૂર્વસંસ્કારોનું જ આ પરિણામ છે.

મુનિવરની વાતો સાંભળીને ત્રણે કન્યાઓ ખૂબ રાજી થઈ અને એમણે આવાં આવાં પાપોથી મુક્ત થવાનો ઉપાય બતાવવા એ મુનિવરને વિનંતિ કરી. કરુણાસાગર અંગભૂષણ મુનિવરે એમને લબ્ધિવિધાન વ્રતનો મહિમા સમજાવ્યો, અને એનો વિધિ બતાવીને, એ વ્રતની શુદ્ધ ભાવથી આરાધના કરવા કહ્યું. ત્રણે કન્યાઓએ ભાવોલ્લાસથી એ વ્રતનું પાલન કર્યું. એના પ્રતાપે એમનાં પાપ નાશ પામ્યાં. અને ત્યાંથી મરીને એમણે પાંચમા દેવલોકનાં સુખો ભોગવીને, છેવટે મગધ દેશમાં, બ્રાહ્મણ નામે ગામમાં, શાંડિલ્ય નામે વિપ્રને ત્યાં ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ—એ ત્રણ ભાઈઓરૂપે જન્મ ધારણ કર્યો અને ભગવાન મહાવીરનું ગણધરપદ પામવા જેવું ગૌરવ મેળવ્યું.

**આ છે ભગવાન મહાવીરના પહેલા ત્રણ ગણધરો ગૌતમ ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિના પૂર્વભવની કથા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપ્ર ગૌતમ ભગવાન મહાવીરના શિષ્ય અને પ્રથમ ગણધર બન્યા તે પછી ગૌતમસ્વામી ભગવાને કહેલ ઉપદેશ પ્રમાણે લોકોને ધર્મોપદેશ દેવા લાગ્યા અને અનેક પ્રકારનું તપ કરવા લાગ્યા.

આ ચરિત્રમાં (પૃ. ૧૪૭) ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાનું અને (પૃ. ૧૭૧) ભગવાન મહાવીર મોક્ષે પધાર્યાનું લખ્યું છે. પણ ગૌતમસ્વામીને ભગવાન મહાવીરના નિર્વાણ પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, એવો સ્પષ્ટ નિર્દેશ એમાંથી મળતો નથી.

ચરિત્રમાં (પૃ. ૨૦૦) ગૌતમસ્વામીના કેટલાક હલકા (દા. ત , બિલાડો, ભૂંડ, કૂતરા જેવા) ભવોનાં નામ પણ આપ્યાં છે. (પૃ. ૧૯૬-૧૯૮માં) એમના મોક્ષે ગયાનો અને દેવોએ ઉત્સવ કર્યાનો ઉલ્લેખ છે. અને (પૃ. ૧૯૮માં) ગૌતમસ્વામીના બન્ને ભાઈ અગ્નિભૂતિ અને વાયુભૂતિને ગૌતમસ્વામીના નિર્વાણ પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થયાનો અને એમના મોક્ષે ગયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વાત શ્વેતાંબર અને દિગંબર બન્નેની માન્યતાથી સાવ જુદી પડે છે. આ બન્ને પરંપરાઓ પહેલા ગણધર ગૌતમ સ્વામી અને પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી સિવાયના બધા ( નવે ) ગણધરો ભગવાન મહાવીરની હયાતીમાં મોક્ષે ગયાનું માને છે.

મંડલાચાર્ય શ્રી ધર્મચંદ્ર મુનિએ સંસ્કૃત ભાષામાં રચેલ આ "શ્રી ગૌતમચરિત્ર"માં પહેલા ત્રણ ગણધરોના પૂર્વભવની કથાઓ તથા બીજી પણ કેટલીક એવી બાબતો આપવામાં આવી છે કે એનું મૂળ કયાં હશે એટલે કે આ ચરિત્ર કયા પ્રાચીન ગ્રંથને આધારે રચવામાં આવ્યું હશે, એવી જિજ્ઞાસા સહજપણે થઈ આવે છે. આ બાબત જે કોઈ મહાનુભાવો જાણતા હોય અથવા કયારેક એમના જાણવામાં આવે, તેઓ મને એની જાણ કરવાની કૃપા કરે.

જો દિગંબર જૈન સંઘમાં પ્રચલિત કે સંગ્રહીત શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ-પ્રશસ્તિની, જુદી જુદી ભાષામાં રચાયેલી, નાની-મોટી કૃતિઓ જોવાનું બની શકયું હોત તો, સંભવ છે, એના ઉપરથી એમના જીવન સંબંધી કેટલીક વિશેષ માહિતી મળી શકી હોત તેમ જ એ સંઘમાં એમનો મહિમા અને પ્રભાવ કેવો છે, એ પણ જાણી શકાયું હોત.

## "ભગવાન મહાવીર" પુસ્તકમાંથી મળતી માહિતી

શ્રીયુત બાબૂ કામતાપ્રસાદજી જૈને, એકાવન વર્ષ પહેલાં, વીર નિ. સં. ૨૪૫૦ની સાલમાં, હિંદીમાં, "ભગવાન મહાવીર" નામે પુસ્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખ્યું હતું અને તે શ્રી મૂલચંદ કિશનદાસ કાપડિયાએ, શ્રી દિગંબર જૈન પુસ્તકાલય સુરત વતી, પ્રગટ કર્યું હતું.

આ પુસ્તકમાં ગૌતમસ્વામી સંબંધી નીચેની માહિતી આપવામાં આવી છે—

(૧) એમના પિતાનું નામ સુમતિ હતું (પૃ. ૧૧૨).

(૨) ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી સિવાયના નવ ગણધરો ભગવાન મહાવીરની હયાતીમાં નિર્વાણ પામ્યા હતા (પૃ. ૧૧૭).

(૩) ભગવાન મહાવીરના નિર્વાણ પછી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. અને ભગવાનના નિર્વાણ પછી ૧૨ વર્ષે એટલે કે ૯૨ વર્ષની ઉંમરે ગૌતમસ્વામી નિર્વાણ પામ્યા હતા (પૃ. ૧૧૫).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# છાપકામની ભૂલો

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૬ | ૨૩ | જોરાવક | જોરાવર |
| ૫૭ | ૧૦ | કાચ | કાથ |

પૃ. ૭૪માની છઠ્ઠી લીંટીની પાદનોંધનો અને પૃ. ૮૦માની બારમી લીંટીની પાદનોંધનો અંક સરતચૂકથી એકસરખો પાંચડાનો રહી ગયા છે, એટલે ૧૯૦મા પાને આપવામાં આવેલ બંને પાદનોંધોનો અંક પણ પાંચડાનો જ આપ્યો છે.

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૬ | ૧૨ | ઉત્સુક્તાથી | ઉત્સુકતાથી |
| ૧૦૮ | ૧૮ | મરી સાથે | મારી સાથે |
| ૧૩૨ | ૪ | હસ્તિથામ | હસ્તિયામ |
| ૧૭૯ | ૧૭ | ૬. | ૧. |


**શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનું એક વિશિષ્ટ પ્રકાશન**
**શ્રીમદ્ રાજચંદ્રની આત્મસાધના અને ગદ્ય તથા પદ્ય કૃતિઓનો મહિમા સમજાવતો પ્રમાણભૂત ગ્રંથમણિ**

**"શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ"**

**[ શ્રીમદ્‌ના જીવન અને સાહિત્યના સર્વાંગીણ અભ્યાસથી તૈયાર કરવામાં આવેલ અને મુંબઈ યુનિવર્સિટીએ પીએચ. ડી. ની ડિગ્રી માટે માન્ય કરેલ મહાનિબંધ. ]**

લેખિકા

**ડૉ. સરયૂબહેન આર. મહેતા**
એમ. એ., પીએચ. ડી.

આ યુગના આત્મસાધક મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની લોકપ્રિયતા અને એમના તરફની જનતાની ભક્તિ ઉત્તરોત્તર વધી રહી છે, ત્યારે એમના ધર્મમય પ્રેરક જીવન અને હૃદયસ્પર્શી કવનને સમજવામાં આ ગ્રંથ ખૂબ ઉપયોગી થઈ રહેશે. ભક્તિભાવથી લખાયેલ આ ગ્રંથની ભાષા અને શૈલી સરળ અને રોચક છે, એ એની વિશેષતા છે.

**નવસો પાનાંના દળદાર પુસ્તકની કિંમત માત્ર સાત જ રૂપિયા**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# લેખકની અન્ય કૃતિઓ

## વાર્તાસંગ્રહો

૧. અભિષેક
૨. સુવર્ણકંકણ
૩. રાગ અને વિરાગ
૪. કલ્યાણમૂર્તિ
૫. હિમગિરિની કન્યા
૬. સમર્પણનો જય
૭. મહાયાત્રા
૮. સત્યવતી
૯. પદ્મપરાગ

## ચરિત્રો

સમયદર્શી આચાર્ય (આ. શ્રી વિજયવલ્લભસૂરિજી)
શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

## ઇતિહાસ

વિદ્યાલયની વિકાસકથા
(શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ૫૦ વર્ષની કાર્યવાહીનો ઇતિહાસ)

## અનુવાદ

દેવદાસ ( શ્રી જયભિખ્ખુના સહકારમાં )
કવિજીનાં કથારત્નો ( લેખક ઉ. શ્રી અમરમુનિજી )

## સંપાદનો

ધૂપસુગંધ (જુદા જુદા લેખકોની વાર્તાઓનો સંગ્રહ)
રાજપ્રશ્ન (કર્તા શ્રી મનસુખલાલ રવજીભાઈ મહેતા)
જૈનધર્મનો પ્રાણ ( પં. શ્રી સુખલાલજીના લેખોનો સંગ્રહ )
( પં. શ્રી દલસુખભાઈ માલવણિયાના સહકારમાં )
શ્રી "સુશીલ"ની સંસ્કારકથાઓ
શ્રી શત્રુંજયોદ્ધારક સમરસિંહ અને બીજા લેખો
( લેખક શ્રી નાગકુમાર મકાતી )
તિલકમણિ ( લેખક શ્રી જયભિખ્ખુ )
શ્રી આનંદઘનજીનાં પદો ભાગ બીજો
શ્રી આનંદઘન ચોવીશી
( બન્ને ઉપર શ્રી મોતીચંદ ગિ. કાપડિયાનું વિવેચન )
જૈનધર્મચિંતન ( લેખક પં. શ્રી દલસુખભાઈ માલવણિયા )
જૈન ઇતિહાસની ઝલક ( લેખક મુ. શ્રી જિનવિજયજી )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનાં
## અગિયાર વર્ષનાં પુસ્તકો

### ૧. વિ. સં. ૨૦૧૩

| | | | | |
|---|---|---|---|---|
| * | ૧. | ભગવાન મહાવીર | શ્રી જયભિખ્ખુ | ૩–૦૦ |
| | ૨. | સદ્વચનમાળા શ્રેણી ૧લી | ,, | ૨–૫૦ |
| | ૩. | સુવર્ણકંકણ | શ્રી રતિલાલ દેસાઈ | ૧–૦૦ |
| | ૪. | સૌરભ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| * | ૫. | સતની બાંધી પૃથ્વી | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |
| | ૬. | સદ્વચનમાળા શ્રેણી ૨જી | ,, | ૨–૫૦ |
| | ૭. | અક્ષય તૃતીયા | ,, | ૦–૪૫ |
| | | | | ૧૩–૪૫ |

### ૨. વિ. સં. ૨૦૧૪

| | | | | |
|---|---|---|---|---|
| | ૧. | ભગવાન ઋષભદેવ | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| | ૨. | વીરડાનાં પાણી | શ્રી ઉષા જોષી | ૨–૦૦ |
| | ૩. | ભવનું ભાતું | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૧–૨૫ |
| * | ૪. | સદ્વાચનમાળા શ્રેણી ૩જી | શ્રી જયભિખ્ખુ | ૨–૫૦ |
| | ૫. | પાપ અને પુણ્ય | શ્રી જયભિખ્ખુ અને સત્યમ્ | ૨–૦૦ |
| | ૬. | કર લે સિંગાર | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| | ૭. | દહીંની વાટકી | ,, | ૦–૪૫ |
| | | | | ૧૩–૨૦ |

### ૩. વિ. સં. ૨૦૧૫

| | | | | |
|---|---|---|---|---|
| * | ૧. | પ્રેમનું મંદિર | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| * | ૨. | જગતશાહ | શ્રી ગુણવંતરાય આચાર્ય | ૩–૦૦ |
| * | ૩. | હવે તો જાગો | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| * | ૪. | શ્રી નેમ-રાજુલ | શ્રી જયાબહેન ઠાકોર | ૨–૫૦ |
| | ૫. | આંબે આવ્યો મોર | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| | ૬. | રાગ અને વિરાગ | શ્રી રતિલાલ દેસાઈ | ૧–૨૫ |
| | ૭. | બિન્દુમાં સિન્ધુ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૭૫ |
| | | | | ૧૪–૫૦ |

### ૪. વિ. સં. ૨૦૧૬

| | | | | |
|---|---|---|---|---|
| * | ૧. | સંસારસેતુ | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| | ૨. | સદ્વાચનમાળા શ્રેણી ૪થી | ,, | ૩–૦૦ |
| | ૩. | માતૃદેવોભવ | શ્રી સુશીલ | ૧–૫૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૪. | ત્યાગની વેલી | શ્રી ચુનીલાલ વ. શાહ | ૧–૫૦ |
| ૫. | મંત્રીશ્વર વિમલ | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૬. | સૂલી પર સેજ હમારી | ,, | ૧–૫૦ |
| ૭. | ચપટી બોર | ,, | ૦–૭૫ |
| | | | ૧૩–૨૫ |

## ૫. વિ. સં. ૨૦૧૭

| | | | |
|---|---|---|---|
| * ૧. | શત્રુ કે અજાતશત્રુ ભા–૧ | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| * ૨ | ,, ભા–૨ | ,, | ૩–૫૦ |
| ૩. | નકલંક મોતી | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૨–૦૦ |
| * ૪. | ધર્મરત્નનાં અજવાળાં | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૩–૫૦ |
| ૫. | પાલી પરવાળાં | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૬. | કલ્યાણમૂર્તિ | શ્રી રતિલાલ દેસાઈ | ૧–૦૦ |
| * ૭. | પ્રેરણાની પરબ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૫૦ |
| | | | ૧૫–૫૦ |

## ૬. વિ. સં. ૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| * ૧. | ચક્રવર્તી ભરતદેવ | શ્રી જયભિખ્ખુ | ૩–૦૦ |
| * ૨. | નરકેસરી | ,, | ૪–૦૦ |
| ૩. | સદ્વાચનમાળા શ્રેણી ૫મી | ,, | ૩–૦૦ |
| ૪. | હિમગિરિની કન્યા | શ્રી રતિલાલ દેસાઈ | ૧–૫૦ |
| * ૫. | મૂઠી માણેક | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૬. | પ્રણવ અને બીજી વાતો | શ્રી ચુનીલાલ વ. શાહ | ૨–૦૦ |
| * ૭. | ઉગમતે પ્રભાતે | શ્રીમદ્ રાજચંદ્ર | ૦–૭૫ |
| | | | ૧૫–૭૫ |

## ૭. વિ. સં. ૨૦૧૯

| | | | |
|---|---|---|---|
| ૧. | ભરત-બાહુબલી | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૨. | ઋણાનુબંધ | શ્રી રમણલાલ સોની | ૨–૨૫ |
| ૩. | માટીનું અત્તર | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |
| ૪. | રંગ કસુંબી | શ્રી ધીરુભાઈ ઠાકર | ૨–૦૦ |
| * ૫. | પ્રેમાવતાર ૧ | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| * ૬. | ,, ૨ | ,, | ૩–૫૦ |
| | | | ૧૬–૭૫ |

## ૮. વિ. સં. ૨૦૨૦

| | | | |
|---|---|---|---|
| ૧. | વહેતું વાત્સલ્ય | શ્રી બાબુભાઈ વૈદ્ય | ૩–૦૦ |
| ૨. | કન્યાદાન | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૩. | વેરનો વિપાક | શ્રી સુશીલ | ૧–૫૦ |
| ૪. | રસોડાનાં રસાયણ | શ્રી વૈદરાજ જદુભાઈ | ૨–૦૦ |
| ૫. | નાથ-અનાથ | શ્રી મોહનલાલ. ચુ. ધામી | ૨–૦૦ |
| ૬. | સદ્‌વાચનમાળા શ્રેણી છઠ્ઠી | શ્રી જયભિખ્ખુ | ૩–૦૦ |
| ૭. | છીપનાં મોતી | ચિત્રકાર દલસુખ શાહ | ૦–૬૨ |
| | | | ૧૪–૧૨ |

## ૯. વિ. સં. ૨૦૨૧

| | | | |
|---|---|---|---|
| ૧. | કામવિજેતા | શ્રી જયભિખ્ખુ | ૪–૦૦ |
| ૨. | ચિત્રાકુમારી | શ્રી ચુનીલાલ વ. શાહ | ૨–૦૦ |
| ૩. | સમર્પણનો જય | શ્રી રતિલાલ દેસાઈ | ૧–૫૦ |
| ૪. | અદ્વૈત | શ્રી અનવર આગેવાન | ૧–૭૫ |
| ૫. | મનઝરૂખો | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |
| * ૬. | ચાર સાધન | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૧–૫૦ |
| ૭. | પ્રભાતનાં પુષ્પો | | ૧–૫૦ |
| | | | ૧૪–૨૫ |

## ૧૦. વિ. સં. ૨૦૨૨

| | | | |
|---|---|---|---|
| ૧. | પૂર્ણિમા પાછી ઊગી | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| ૨. | ઊર્મિ અને ઉદધિ | ,, | ૨–૦૦ |
| ૩. | રેતી ઢીંગલી | શ્રી બાબુભાઈ વૈદ્ય | ૩–૦૦ |
| ૪. | જાણ્યું છતાં અજાણ્યું | મુનીન્દ્ર | ૩–૫૦ |
| ૫. | પગનું ઝાંઝર | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |
| ૬. | નીલમનો બાગ | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |
| ૭. | ડાહ્યોડમરો | શ્રી કુમારપાળ દેસાઈ | ૧–૫૦ |
| | | | ૧૬–૦૦ |

## ૧૧. વિ. સં. ૨૦૨૩

| | | | |
|---|---|---|---|
| ૧. | હાસી જનમ જનમની | શ્રી જયભિખ્ખુ | ૩–૦૦ |
| * ૨. | વિરલ વિભૂતિઓ | આ. શ્રી કીર્તિચંદ્રસૂરિજી | ૧–૦૦ |
| ૩. | તાતી તલવાર | શ્રી ચાંપશીભાઈ ઉદ્દેશી | ૨–૦૦ |
| ૪. | જાણ્યું છતાં અજાણ્યું ભાગ ૨ | શ્રી જયભિખ્ખુ | ૩–૨૫ |
| ૫. | કેડે કટારી ખંભે ઢાલ | શ્રી કુમારપાળ દેસાઈ | ૨–૦૦ |
| ૬. | સત્યવતી | શ્રી રતિલાલ દેસાઈ | ૨–૦૦ |
| ૭. | વેર અને પ્રીત | શ્રી જયભિખ્ખુ | ૨–૦૦ |
| [ ફૂદડી (*)ના નિશાનવાળાં પુસ્તકો નથી મળતાં. ] | | | ૧૫–૨૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અમારાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | વેદનીય કર્મની પૂજા (અર્થ સાથે) પં. શ્રી વીરવિજયજી કૃત | ૧–૦૦ |
| ૨. | અંતરાયકર્મનિવારણ પૂજા (અર્થ સાથે) ,, | ૨–૦૦ |
| ૩. | બાર વ્રતની પૂજા (અર્થ સાથે) ,, | ૨–૦૦ |
| ૪. | શ્રીમદ્‌ની આત્મચર્યા | ૦–૩૦ |
| ૫. | જ્ઞાનાંજન શ્રીમદ્ રાજચંદ્ર | ૦–૩૦ |
| ૬. | પં. શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા (સચિત્ર) | ૦–૯૦ |
| ૭. | સ્થાપનાચાર્ય (નાના પ્લાસ્ટિકના સાપડા સાથે, બોક્સમાં) | ૦–૮૦ |
| ૮. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની છબી | ૦–૭૫ |
| ૯. | શ્રી આદીશ્વર ભગવાનની છબી | ૦–૭૫ |
| ૧૦. | સંતવાણી : ૧૭ મોટાં કાર્ડોનો સેટ | ૩–૦૦ |
| ૧૧. | દર્શનચોવીશી (એક રંગમાં) | ૧–૫૦ |

### છપાય છે

૧. રાજપ્રશ્ન ત્રીજી આવૃત્તિ : સંપાદક શ્રી મનસુખલાલ રવજીભાઈ મહેતા.
શ્રીમદે આપેલા અનેક પ્રશ્નોના જવાબોનો સંગ્રહ

૨. પંચકલ્યાણપૂજા (અર્થ સાથે)

---

**શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટનાં પુસ્તકોના**

**મુખ્ય વિક્રેતા**

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

C/o. જૈન પ્રકાશન મંદિર

૩૦૯/૪, દોશીવાડાની પોળ, અમદાવાદ–૧.

*

**અન્ય પ્રાપ્તિસ્થાનો**

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**

ગોડીજી બિલ્ડિંગ; ૨૦, પાયધુની; મુંબઈ–૩

**સોમચંદ ડી. શાહ**

પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org